પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

ડિસેમ્બર
૧૯૯૯
વર્ષ ૭૨

કુમાર


સળંગ
અંક
૮૬૩-૮૬૪

સંસ્થાપક • રવિશંકર રાવળ

તંત્રી
ધીરુ પરીખ



પરંપરાગત શૈલીમાં શ્રી કાન્તિ કાપડિયાએ તૈયાર કરેલું ૩' x ૪' નું વસુંધરાનું શિલ્પ



બાઇબલના જૂના કરારમાંના સૃષ્ટિની ઉત્પત્તિ વિષેના પ્રથમ પુસ્તક જેનિસિસમાં જણાવ્યા પ્રમાણે સર્જનહારે પ્રથમ મનુષ્ય આદમને સર્જીને ઇડન ઉદ્યાનમાં રહેવા મોકલ્યો. એની જ પાંસળીમાંથી પછી ઈવનું સર્જન કરાયું. ભરપૂર પ્રકૃત્તિ વચ્ચે સહેજ પણ ઓછપ વગર બન્નેને રહેવાનું હતું. પરન્તુ સદાસદના જ્ઞાનવૃક્ષનું ફળ ખાવાની તેમને મનાઈ ફરમાવવામાં આવી હતી. જો આ શરતનો તેઓ ભંગ કરે તો સ્વર્ગોદ્યાનમાંથી પતન થાય. લાલચને ન રોકી શકનાર આ સ્ત્રી-પુરુષે પેલું નિષિદ્ધ ફળ ચાખ્યું અને એમનું પતન થયું. આ લાલચને સર્પના પ્રતીક ચિત્રથી દર્શાવવામાં આવી છે. ઇ. ૧૪૪૦ થી ૧૪૮૨ વચ્ચે થઈ ગયેલ ચિત્રકાર હ્યુગો વૉન દર ગોઝે આ પ્રસંગને પ્રસ્તુત ચિત્રમાં પ્રશિષ્ટ શૈલીએ મૂકી આપ્યો છે.

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

વર્ષ ૭૨મું | અંક ૧૨

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

- કુમાર દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું.
- સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. અંગ્રેજી અક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્ર-વ્યવહારમાં અવશ્ય જણાવવો.

સાંકળિયું

કુમાર સળંગ અંક ૮૯૩-૮૯૪

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દેસાઈ ઑફસેટ, ૪૬, શિવશક્તિ એસ્ટેટ, હોટેલ પ્રેસ્ટિજની પાછળ,નારોલ ચોકડી પાસે, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૭૫૦. અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ.૭૦૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૧૫ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૩ - ૦૦

વાચકો લખે છે

'કુમાર' અંક નં. ૮૬૧ (ઑક્ટોબર-૯૯)માં શ્રીમતી હસુતાબહેન સેદાણીનો લેખ 'સૌરાષ્ટ્રનું વીસરાયેલ રત્ન જેઠીબાઈ'ના અંગે કેટલીક પૂરક વિગતો આપવાની છે.

પ્રથમ તો 'જેઠીબાઈ' સંદર્ભે થોડાં વર્ષો અગાઉ મેં પણ શક્ય સંશોધન કરેલ છે. જેઠીબાઈની યાદમાં દીવમાં સ્મારક બનાવવા પણ મેં દીવના અમલદારો પાસે રૂબરૂ - પત્રોથી રજૂઆત કરી પ્રયત્નો કર્યા છે. આ સંદર્ભે બે લેખો પણ પ્રસિદ્ધ કર્યા છે.

જેઠીબાઈનો પતિ પંજુ નહિ પણ પૂંજા ટાટારિયા નામનો બ્રહ્મક્ષત્રિય જ હતો.

જેઠીબાઈની યાદમાં દીવના બસ સ્ટેશનને 'જેઠીબાઈ બસ સ્ટેશન' નામ આપવામાં આવ્યું છે તે જ રીતે દીવ મ્યુનિસિપાલિટી દ્વારા ચલાવવામાં આવતી શહેરી બસ સેવાને પણ 'જેઠીબાઈ ટ્રાન્સપોર્ટ' નામ આપવામાં આવેલ છે. 'શહેરી બસ સેવા'ની એક નમૂનાની ટિકિટ આ સાથે આપેલ છે.



દીવની શહેરી બસ સેવાની ૫૦ પૈસા તથા ૧ રૂ. ૫૦ પૈસાની ટિકિટ

દીવમાં આવેલા જેઠીબાઈના ખંડેર ઘરના માર્ગને 'જેઠીબાઈ માર્ગ' નામ આપવામાં આવેલ છે. તે જ રીતે જેઠીબાઈની જન્મતિથિ તથા પુણ્યતિથિને ઊજવવાનું પણ સ્થાનિક નગરપાલિકાએ નક્કી કરી ઠરાવ કરેલ છે. પરંતુ દફતરોની યોગ્ય જાળવણીના અભાવે આ અંગેના યોગ્ય પુરાવા મળતા નથી.

જેઠીબાઈના ખંડેર ઘરને સ્થાને તેની યાદગીરીમાં 'જેઠીબાઈ સ્મારક' બનાવવા જયંતીભાઈ ધાંધાએ પ્રયત્નો કરેલા પરંતુ વહિવટી કારણોસર આજે પણ એ કાર્ય બાકી છે. મેં પણ આ માટે શક્ય પ્રયત્નો કરેલ છે. દીવના તત્કાલીન (૧૯૯૩-૯૪)ના કલેકટર શ્રી ભલ્લા સમક્ષ મેં આ અંગે રૂબરૂ રજૂઆત કરેલ ત્યારે તેઓએ આ સંદર્ભે ઘટતું કરવા ખાત્રી આપેલ હતી.

જેઠીબાઈને જે રીતે સૌરાષ્ટ્રનું વીસરાયેલું સ્રી રત્ન તરીકે ઓળખવામાં આવે છે તેમ 'કચ્છી વિરાંગના' તરીકે પણ ઓળખવામાં આવે છે કેમ કે તે મૂળ કચ્છી-માંડવીની વતની છે. આજે પણ તેના વંશજો માંડવી-ભૂજમાં છે. તેઓની માતૃભાષા પણ કચ્છી જ છે. જેઠીબાઈના પરિવારો જે રંગાટ-છપાઈ, બાંધણનું કામ કરતા તે કલા પણ મૂળે કચ્છની જ છે અને આજે પણ તેમના વંશજ પરિવારો આ કલામાં પારંગત છે.

- નરેશ પી. અંતાણી (ભૂજ-કચ્છ)

ઑક્ટોબર ૧૯૯૯-ના દીપોત્સવી અંકમાં 'કંકાવટી'માં જેઠીબાઈનું હિમ્મતભર્યું વૃત્તાંત વાંચીને 'કુમાર'નું એક વર્ષનું લવાજમ વસૂલ થઈ ગયું. ધન્ય છે જેઠીબાઈને! મીઠાના સત્યાગ્રહમાં કેટલાયનાં માથાં ફૂટ્યાં હતાં. જેઠીબાઈએ એકલે પંડે શાસન સામે જે સાહસ કર્યું ને પાર પાડ્યું તે દાદ માગી લે તેવું છે.

તે જમાનામાં દીવથી ગોવા જવું અને વાઈસરોયના બંગલા સામે માથા પર બળતી સગડી અને હાથમાં સળગતી મશાલ લઈ 'ફરિયાદ ફરિયાદ' બૂમ પાડી આંટા મારી વાઈસરોયનું ધ્યાન ખેંચવું તે 'શક્તિ' સિવાય કોઈ ન કરી શકે.

જેઠીબાઈને ઓળખવામાં ઇતિહાસે જે આળસ રાખી તે અક્ષમ્ય છે.

જેઠીબાઈને 'ભારતરત્ન'ની શી જરૂર છે? તે પોતે જ રત્ન છે, અને એવાં જ મહારાણી. બન્નેને સલામ! કચરામાંથી રત્ન શોધી શૉકેસમાં મૂકવા બદલ ડૉ. હસુતા એસ. સેદાણીને ધન્યવાદ.

- કીકુ ઇનામદાર (વલ્લભવિદ્યાનગર)

સુધારો : એક જમાનામાં બૉમ્બે આર્ટ સોસાયટીનો મેડલ શ્રી બેન્દ્રે અને રસિકભાઈ વચ્ચે વહેંચાયેલો. મેડલ તો શ્રી રસિકભાઈને મળેલો જે સાત તોલાનો છે. મેં જોયેલો. પરંતુ રોકડ ઈનામ વહેંચાયેલું બે વચ્ચે. લેખમાં તેર જેટલાં ચિત્રો છાપી તમે તેમનો વિષદ પરિચય કરાવ્યો છે. અસ્તુ. આભાર.

- નટુભાઈ પરીખ

કવિ અને કવિતાની મનસ્વિતા / જયન્ત પાઠક

(શિખરિણી • સોનેટ)

પડે જો બે છાંટા કલમ કર ને કાગળ લઈ
જઉં બેસી નાખું લખી કવિત ધારે મન કવિ.
કશા ગર્જે મેઘો કશી ચમકતી છંદ-વીજળી!
શીળી લ્હેરો કેવી રૂપકઉપમાલંકૃતિ તણી!
ભરી દૌં અર્થોમાં અબઘડી ટકોટક્ક જ ધ્વનિ
ભલે આખેઆખો નખશિખ પછી જાઉં પલળી.

ભલા આવ્યા મેઘો, બહુ દિનથી ના પાડી જ લીટી,
અજંપામાં આંટા, અનુકૂલ ઋતુ આવતી ન'તી.
ચઢો ઊંચે, લો આવરી સકલ આકાશ, ઊતરી
નીચે ધારાઓમાં રસબસ કરો તમ ધરણી
હું બેઠો છું, લૈને કલમ, મસી ને કાગળ વડા
અનેરા ઔત્સુક્યે તન સકલનાં રોમ શું ખડાં!

ન ટીપુંયે વર્ષ્યા ઘન, શ્રમ પસીને દદડતા
કવિશ્રીએ મૂક્યા નિજ કલમના ખેલ પડતા.

કવિ અને કવિતાની મનસ્વિતા : શીર્ષકમાં દર્શાવ્યા પ્રમાણે કવિતાનું અવતરણ મનસ્વી હોય છે. કવિ એને ધારણ કરી શબ્દ-બદ્ધ કરવા કટિબદ્ધ તો થાય, પણ પેલી કવિતાને તો આવવું હોય તો જ આવે. મને તાણતાં જાય : સ્વપ્નમાં નદીજળમાં વહી જવાની અનુભૂતિ અહીં વિવિધ કલ્પના-ઓથી અભિવ્યક્ત કરાઈ છે. એવો કોઈ શૂરો ખરો કે જે નદીઓની કલકલને ઝબ્બે કરી શકે? નાજુક રમ્ય અનુભૂતિનું ગાન. પાંખથી હારું છું : મનુષ્ય જીવનમાં કોઈ સફળતાને વરવા પ્રયત્નશીલ હોય છે. પરન્તુ જ્યારે એમાં અસહાયતાનો અહેસાસ થાય છે ત્યારે સર્વત્ર હારની અનુભૂતિ થાય છે. ત્રિવિધ સ્વરૂપે : જીવનમાં આત્મ-બળથી વિધ્વંસોની સામે સત્ત્વ અને સ્વત્વબળે ઝઝૂમવાની નિસર્ગપ્રેરણા પાતું સોનેટ. ઉન્માદ છે : અ-ભાવોમાં જીવવા છતાં ફરિયાદ નહિ કરી જીવન-ને જીરવી જાણ-વાની ખેવના પ્રકટ કરતી ગઝલ. આદમી : આ વિશ્વમાં આદમ-નો વંશવેલો તો વધતો જ ચાલ્યો છે, પણ જેને અન્ય આદમીની તમા ન હોય તેવા આદમી-અવતારનો અર્થ શો? સંવેદનશીલ હૃદય હોય એ જ આદમીનું અસલ મૂલ્ય છે. પણ એવો અમૂલો આદમી આજ મળવો મુશ્કેલ છે એ દર્દની ગઝલ. પાનખર : મનુષ્યના વિકૃત જીવનવ્યવહારોને તાકતું મુક્તક. - ધી.પ.

ત્રિવિધ સ્વરૂપે / ચન્દ્રકાન્ત સાધુ

(શિખરિણી • સોનેટ)

તમારા સાન્નિધ્યે સુખડવન જાણે ઊગી જતાં,
ચિદાનંદે ગાત્રો પુલકભર જાણે થઈ જતાં,
પડે ડંકા તો યે સમય સ્થિર જાણે થઈ જતો,
વહે ઠંડો ઠંડો અનિલ ઉર આનંદ ભરતો.

વળી ભાનું કેરાં કિરણવરનું દાન ગ્રહીને
દઈ જ્ઞાનામૃતો, તિમિર જગનું દૂર કરવા
પ્રયત્ને સંસ્થિતા, શશિયર સમું હેત દઈને
ઊંડેરી શ્રદ્ધાથી દિક્ સકળ વિસ્તૃત કરવા.

સુષુમ્ણા નાડીનાં કમલદલ ઝંકૃત કરીને,
મહા આત્મા કેરા અડગ બળથી પંથ ગ્રહીને
પ્રયોજી શક્તિઓ સકલ જગ સંતાપ હરવા,
પ્રગલ્ભા સિદ્ધિઓ જનહૃદય ચૈતન્ય ભરવા.

રૂપે-કર્મે-ધર્મે વિમલ ઉરના દિવ્ય બળથી
લડો વિધ્વંસોથી ત્રિવિધ સ્વરૂપે આત્મબળથી.

મને તાણતાં જાય / યશવંત ત્રિવેદી

(ગાન)

સપનાનાં પૂર મને તાણતાં જાય નદીને ઘૂઘરિયે જલ...
કોઈ શૂરો છે ઝબાફ દેતો પકડી લે નદીઓની કલકલ?

કાંઠે ઊભાં કદંબનાં સોનેરી ફૂલની પાંદડીઓ પાણીમાં તરતી
છેક પહોંચતી આદિજલના સોનતરુની ડાળે બેઠાં પંખી ફરતી

પંખી ફરતી પાંદડીઓના ગુચ્છ તરે જાણે સ્તનમંડલ
એક પરી રમવા નીકળી છે ફૂલનદીને ઘૂઘરિયે જલ...

સપનામાં જલ, જલમાં સપનાં-હું દર્પણમાં જલને સજતી
જલ ખુદ ખળખળ ન્હાય નદીમાં-જલમાં લયની ઘૂઘરી બજતી

કોઈ શૂરો છે ઝબાફ દેતો પકડી લે નદીઓની કલકલ?
સપનાનાં પૂર મને તાણતાં જાય નદીને ઘૂઘરિયે જલ...

ઉન્માદ છે / 'રાઝ' નવસારવી

(ગઝલ)

હું અભાવોમાં જીવું છું તોય ક્યાં ફરિયાદ છે?
ના તો કોઈ રંજોગમ છે ના કોઈ અવસાદ છે!

તે પછીની વાતને રહેવા દે તું મારા સુધી,
હું તને ભૂલી ગયો'તો એટલું તો યાદ છે.

રૂબરૂ જોઈશ તને તો દિલની શી હાલત થશે,
જ્યારે તારી કલ્પનાનો આટલો ઉન્માદ છે?

એનો એવો કેફ જે ઊતરે નહીં મરતા સુધી,
જિંદગી શું છે, કહું, મારા ખુદાની દાદ છે!

એવા સૂફીના ચરણની હું ધૂળથી માથું ભરું
'રાઝ' દુનિયામાં રહી દુનિયાથી જે આઝાદ છે.

પાંખથી હારું છું / શંભુપ્રસાદ જોશી

(ગાન)

સાવ લપસણી ધરતી પર હું ચાલું છું,
હાથ કોકના પડછાયાનો ઝાલું છું!

આમતેમ કુટાતો દ્હાડા કાઢું છું,
પાનાં જીવનપોથી કેરાં ફાડું છું!

છોને ભૂલો પડું પંથ ના પૂછું છું,
લોથપોથ શો અશ્રુ ચરણનાં લૂછું છું!

સ્વર્ણજાળ પાણીમાં ઠાલી નાખું છું,
અને પૂંછડી ઊંચી અધ્ધર રાખું છું!

દિશાહીન પંખી સમ ફાંફાં મારું છું,
આવે દ્વાર ન હાથ પાંખથી હારું છું!

પાનખર / મદનકુમાર અંજારિયા 'ખ્વાબ'

(મુક્તક)

પ્રકૃતિની હર છટાને ફાંકડી બનાવે છે,
હે પ્રભુ! તું તો ઘડીને ગુલછડી બનાવે છે!
કિન્તુ માનવને થયું છે શું? અરર! એ તો
છમ્મલીલી ડાળમાંથી લાકડી બનાવે છે!

આદમી / કિરીટ ગોસ્વામી

(ગઝલ)

ભીડમાં લાગે અટૂલો આદમી,
રોજ કરતો લાખ ભૂલો આદમી!

પથ્થરો જેવું હૃદય રાખી અને
પામવા લલચાય ફૂલો, આદમી!

વાત-વાતે એ સતત છલકાય છે,
છે અધૂરો કો' ઘડૂલો આદમી!

આંખ મીંચી હોંશથી ઝૂલ્યા કરે
રોજ બાંધી સ્વપ્ન-ઝૂલો, આદમી!

જાત જેમ જ જાળવે મન અન્યનું;
છે હવે ક્યાં એ અમૂલો આદમી?



લબ્ધપ્રતિષ્ઠ કેળવણીકાર, વિખ્યાત વિવેચક અને સમર્થ વક્તા

યશવંત શુક્લ

ડૉ. નરોત્તમ વાળંદ

યશવંતભાઈનો જન્મ ઈ.સ. ૧૯૧૫ના એપ્રિલની ૮મી તારીખે ઉમરેઠમાં એક રૂઢિચુસ્ત બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. તેમનો જન્મ રવિવારે થયેલો એટલે તેમનું નાનપણનું લાડકું નામ ભાનુ પડેલું. એમના બાળપણનો કેટલોક સમય મોસાળમાં માસીબા પાસે વીત્યો હતો. તેમના અપાર વાત્સલ્ય અને ભાવનાપૂર્ણ જીવનરીતિના સંસ્કારોની બાળક ભાનુ પર ઊંડી અસર પડી.

બા પરસનબહેન કુટુંબવત્સલ અને ઉદ્યમપરાયણ ગૃહિણી હતાં. બાને કેટલાંય આખ્યાનો, ગરબા અને ભજનો કંઠસ્થ હતાં. એ બધું સાંભળતાં સાંભળતાં ભાનુની સાહિત્યરુચિ ખીલી અને ઘડાઈ. પિતા પ્રાણશંકર એક રૂઢિચુસ્ત બ્રાહ્મણ હતા. તેમની કુલપરંપરામાં યજમાનવૃત્તિનો વ્યવસાય હતો, તેથી પોતાનો પુત્ર ગોરપદું કરીને જીવનનિર્વાહ કરે એવી તેમની ભાવના હતી. આથી ભાનુને તેમણે સંસ્કૃત પાઠશાળામાં કર્મકાંડ શીખવા મૂક્યો. તીવ્ર સ્મરણશક્તિ અને વ્યાકરણશુદ્ધ ઉચ્ચારણોના મળેલા વારસાને કારણે કિશોર ભાનુ કર્મકાંડના અભ્યાસમાં ઝળકી ઊઠ્યો.

ભાનુ ૧૧ વર્ષનો થયો એ અરસામાં પિતાને જલોદરની જીવલેણ બીમારી લાગુ પડી. એવા સંજોગોમાં તેમણે ભાનુને યજ્ઞોપવિત ધારણ કરાવ્યું. ઈ.સ. ૧૯૨૬માં પિતાનું અવસાન થયું. વિધવા માતાના શિરે ત્રણ પુત્રો અને એક પુત્રી મળીને કુલ ચાર સંતાનોનાં ઉછેર અને શિક્ષણની જવાબદારી આવી પડી. બધાં સંતાનોમાં ભાનુ સૌથી મોટો હતો એટલે કુટુંબની આંશિક જવાબદારી તેના માથે પડી. ઘરની આર્થિક સ્થિતિ સારી નહોતી એટલે કરકસરથી રહેવું પડતું. ભાનુ કર્મકાંડની પ્રવૃત્તિ દ્વારા મળતી આજીવિકાને આધારે, બાને સહાયરૂપ થઈને ઉમરેઠની શાળામાં અંગ્રેજી ચાર ધોરણ સુધી ભણ્યો. આ ઉંમરે તેની વાચનભૂખ એટલી બધી પ્રબળ બની હતી કે શાળાના પુસ્તકાલયનાં મોટા ભાગનાં પુસ્તકો તેણે વાંચી નાખેલાં! ૧૪મા વર્ષે તો 'ચંદ્રકાન્ત' જેવો મહાગ્રંથ પણ તેણે વાંચી લીધેલો! ઉદરનિર્વાહ માટેની આ યજમાનવૃત્તિ તેને કઠતી હતી, એટલે તેમાં જ પડ્યા નહિ રહેતાં, આગળ અભ્યાસ કરવાનું નક્કી કરીને તે વધુ ભણવા અમદાવાદ આવ્યો.

અમદાવાદના છાત્રાલયમાં પ્રવેશ મેળવીને યુવાન યશવંત ઉત્સાહપૂર્વક અભ્યાસ કરવા લાગ્યો. અભ્યાસનિષ્ઠાની સાથોસાથ તેની સાહસિકતા, નીડરતા અને સંગઠનશક્તિ પણ વિકસી. વેકેશન દરમિયાન પોતાના વતન ઉમરેઠમાં જઈને મિત્રમંડળ સ્થાપ્યું અને વિવિધ વિષયના વિદ્વાનોનાં વ્યાખ્યાનો ગોઠવીને જ્ઞાનોત્તેજક પ્રવૃત્તિ ચલાવી. ૧૯૩૦માં પંડિત મદનમોહન માલવિયાજીની ડાકોરમાં યોજાયેલી સભાના મંચ પર ચડીને ૧૬ વર્ષના યુવા યશવંતે અસહકાર આંદોલનમાં સ્વરચિત ગીત ગાયેલું.

૧૯૩૨માં યશવંતભાઈએ મુંબઈ યુનિવર્સિટીની મેટ્રિક્યુલેશન પરીક્ષામાં ગુજરાતી વિષયમાં ડિસ્ટિંક્શન સહિત પ્રથમ સ્થાન મેળવ્યું. એ માટે તેમને ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનું 'કાન્ત પારિતોષિક' પ્રાપ્ત થયું. તે પછી તે કૉલેજમાં દાખલ થયા. અહીં તેમનો વાચનશોખ વધ્યો. જૂનિયર બી.એ. સુધીમાં તો તેમણે એચ.જી. વેલ્સનું 'આઉટ લાઈન ઑવ્ ધ વર્લ્ડ હિસ્ટરી' તેમજ બર્ટ્રાન્ડ રસેલ તથા બર્નાર્ડ શૉનાં ઘણાં પુસ્તકો વાંચી નાખ્યાં. ૧૯૩૬માં તેઓ ઇતિહાસ અને અર્થશાસ્ત્ર વિષય સાથે બી.એ. થયા. તે પછી પ્રા. અનંતરાય રાવળની સલાહથી, એમ.એ.નો અભ્યાસ કરવા તેઓ સુરત ગયા. ત્યાં ગુજરાતી અને અંગ્રેજી વિષયો લઈને કૉલેજનો અભ્યાસ કરવાની સાથોસાથ શાળામાં શિક્ષકની નોકરી પણ કરવા માંડી. એ વેળાના વિદ્વાન અધ્યાપક વિષ્ણુપ્રસાદ ત્રિવેદી પાસે તેમણે જ્ઞાનતૃષા છિપાવી. તેમનો અભ્યાસ ચાલુ હતો તે દરમિયાન, ૧૯૩૭ના મે માસની ૧૯મી તારીખે લીલાબહેન ખંભોળજા સાથે તેમનાં લગ્ન થયાં. ૧૯૩૮માં તેઓ એમ.એ.માં બીજા વર્ગમાં ઉત્તીર્ણ થયા. એમના વિષયજૂથમાં તેઓ પ્રથમ નંબરે હતા.

તે પછી તેઓ અમદાવાદ આવ્યા અને 'પ્રજાબંધુ' સાપ્તાહિક પત્રના ઉપતંત્રી તરીકે જોડાયા. સાથોસાથ ગુજરાત કૉલેજમાં ગુજરાતીના ખંડસમયના મદદનીશ અધ્યાપક તરીકેની નોકરી

સ્વીકારી. ત્યાંથી ૧૯૪૧માં તેમની બદલી મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં થઈ. એક વર્ષ બાદ, આંખોની નબળાઈનું કારણ દર્શાવીને સરકારે તેમને નોકરીમાંથી છૂટા કર્યા. તેથી તેઓ સીધા જ પોતાના વતન ઉમરેઠ પાછા ફર્યા અને ત્યાંની શાળામાં શિક્ષક તરીકે જોડાઈ ગયા.

૧૯૪૨ના નવેમ્બરમાં તેમને મુંબઈના ભારતીય વિદ્યાભવનમાં અધ્યાપક તરીકે નિયુક્તિ મળી. મુંબઈમાં સ્થિર થવાશે એવી આશાએ તેમણે અંધેરીમાં ઘર ભાડે રાખ્યું. તે અરસામાં કનૈયાલાલ મુનશીએ તેમને સાહિત્ય પરિષદની પત્રિકાના સંપાદક તરીકેની જવાબદારી સોંપી. મુંબઈમાં સાડા ત્રણ વર્ષની નોકરી બાદ તેમણે ભારતીય વિદ્યાભવન છોડ્યું અને અમદાવાદ આવીને 'પ્રજાબંધુ'ના ઉપતંત્રી તરીકેની કામગીરી ફરી સંભાળી લીધી.

૧૯૪૫માં તેઓ ગુજરાત વિદ્યાસભામાં જોડાયા અને ત્યાંના ભો.જે. વિદ્યાભવનમાં માનદ્ અધ્યાપક તરીકેની કામગીરી સંભાળી. તે સાથે પત્રકારત્વના વર્ગો પણ ચલાવ્યા. દરમિયાન, યશવંતભાઈ ૧૯૫૦માં ગુજરાત યુનિવર્સિટીની સેનેટના સભ્ય બન્યા. ત્યાં તેમ જ અન્ય શૈક્ષણિક-વિભાગોમાં તેમણે ૨૩ વર્ષ લગી એક કેળવણીકાર તરીકેની તેજસ્વિતાનો પરિચય કરાવ્યો.

૧૯૫૨માં તેમણે રવિશંકર મહારાજ અને ઉમાશંકર જોશી સાથે ચીનનો, ૧૯૬૫માં અમેરિકાનો, ૧૯૯૦માં યુરોપનો તથા ૧૯૯૧માં ઇંગ્લંડનો એમ વિવિધ પ્રવાસો ખેડ્યા અને ભારતના એક જાગ્રત બૌદ્ધિક તથા સંસ્કારસંપન્ન નાગરિક તરીકેની છાપ ઉપસાવી. લગભગ સમગ્ર ભારતની યાત્રા તો તેમણે કરી જ હતી.

૧૯૫૫માં બ્રહ્મચારી વાડી ટ્રસ્ટના આશ્રયે સ્થપાયેલી રામાનંદ મહાવિદ્યાલયના આચાર્ય તરીકેનો કાર્યભાર તેમણે સંભાળ્યો. ગુજરાતમાં ઉચ્ચશિક્ષણની બોધભાષા તરીકે ગુજરાતી ભાષાનો સ્વીકાર કરીને તેનો ચુસ્તપણે અમલ કરવાની આ કૉલેજે પહેલ કરી હતી. તે પછી રામાનંદ મહાવિદ્યાલયનું હ.કા. આર્ટ્સ કૉલેજમાં રૂપાન્તર થયું અને યશવંતભાઈ ત્યાં પણ આચાર્ય તરીકે ચાલુ રહ્યા. અહીં તેમણે સતત ૨૩ વર્ષ લગી એ પદે રહીને વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ ચલાવી અને એક આદર્શ કૉલેજ તરીકે તેનું નામ અંકિત કરી બતાવ્યું. એ કૉલેજે ગુજરાતના ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે જે ગૌરવ અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કર્યાં, તેનો સઘળો યશ યશવંતભાઈને ફાળે જાય છે. આચાર્ય તરીકેની કામગીરીની સમાન્તરે યુનિવર્સિટીના સેનેટ સભ્ય તરીકે તથા ગુજરાતની અને બહારની શિક્ષણસંસ્થાઓમાં કેળવણીકાર તરીકે પ્રશસ્ય કામગીરી અદા કરી.

યશવંતભાઈની સાહિત્યપ્રતિભા બહુમુખી. તેમણે સાતેક જેટલાં પુસ્તકો લખ્યાં છે. 'વિહંગમ્', 'તરલ' તથા 'સંસારશાસ્ત્રી'નાં વિવિધ ઉપનામો ધારણ કરીને તેમણે લેખો લખ્યા છે. તેઓ કૉલેજમાં અભ્યાસ કરતા હતા તે દરમિયાન ટૂંકી વાર્તાઓના લેખનની શરૂઆત કરી હતી. તે પછી તેમણે 'પ્રજાબંધુ'ના ઉપતંત્રી તરીકે પત્રકારત્વના ક્ષેત્રે સાત વર્ષ લગી કલમ ચમકાવી. ત્યાંથી માંડીને 'સંદેશ' દૈનિકના 'સમયનાં વહેણ' પર્યંત તેમની લેખિનીએ પત્રકારત્વના ઊંચા આદર્શો જાળવ્યા છે. તેઓ ભો.જે. વિદ્યાભવનના અધ્યાપક તરીકે કાર્ય કરતા હતા ત્યારે તેમને પત્રકારત્વનો અભ્યાસક્રમ તૈયાર કરવાનું કાર્ય સોંપાયું. યશવંતભાઈએ આ અંગે પુષ્કળ માહિતી એકત્ર કરીને, તેનો ઝીણવટથી અભ્યાસ કરીને, પત્રકારત્વનો સઘન અભ્યાસક્રમ તૈયાર કર્યો. આ અભ્યાસક્રમ એટલો તો સંપૂર્ણ બન્યો છે કે આજે પણ જ્યાં જ્યાં પત્રકારત્વનું શિક્ષણ અપાય છે, ત્યાં ત્યાં એમનો તૈયાર કરેલો અભ્યાસક્રમ ઉપયોગમાં લેવાય છે. આદર્શ પત્રકાર તરીકેનો ગણનાપાત્ર અવૉર્ડ તેમને આપી શકાય, એવી મૂલ્યનિષ્ઠા તેમણે સિદ્ધ કરેલી છે. 'બુદ્ધિપ્રકાશ' માસિકમાં છેલ્લાં ત્રીસેક વર્ષ લગી અને 'નિરીક્ષક' સાપ્તાહિકમાં તંત્રી તરીકે લખાતી પ્રાસંગિક નોંધો, સમીક્ષાઓ તથા 'મનીષા'માંનાં ચર્ચાપત્રોમાં તેમની એક જાગ્રત તંત્રી અને વિચારશીલ નાગરિક તરીકેની છાપ ઊપસે છે.

એમનું બીજું પાસું વિવેચક તરીકેનું છે. ૧૯૩૫માં તેઓ જૂનિઅર બી.એ.માં હતા ત્યારે તેમણે ચુનીલાલ વર્ધમાન શાહની નવલકથા 'કર્મયોગી રાજેશ્વર' વિષે પહેલો વિવેચન લેખ લખેલો, જેનું શીર્ષક હતું : 'ગુજરાત નવસો વર્ષ પહેલાં.' તે સમયથી તેમની વિવેચનપ્રવૃત્તિનો આરંભ થયેલો. તેમણે વ્યાખ્યાનો, રેડિયો વાર્તાલાપો, ગ્રંથસમીક્ષાઓ તથા પ્રસ્તાવનાઓ નિમિત્તે ઘણા વિવેચનાત્મક નિબંધો આપ્યા છે. તેમના બે વિવેચન સંગ્રહ પ્રકટ થયા છે : 'ઉપલબ્ધિ' (૧૯૮૨) અને 'શબ્દાન્તર' (૧૯૮૪). 'ઉપલબ્ધિ'માંના આઠ લેખો તો નવલકથા વિષે જ છે. એમાં 'સરસ્વતીચંદ્ર' વિષે દસ પાનાંની મર્યાદામાં રહીને તેની સર્વગ્રાહી સમીક્ષા કરી છે. વિવેચનક્ષેત્રમાં તેમની વિશિષ્ટ સિદ્ધિ માટે તેમને ૧૯૯૬માં રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયો છે. આ અગાઉ તેમને નર્મદચંદ્રક મળી ચૂક્યો છે. સાહિત્ય અકાદમીનાં પારિતોષિકો પણ તેમને પ્રાપ્ત થયાં છે. તેમના બે નિબંધસંગ્રહો 'કેન્દ્ર અને પરીઘ' (૧૯૮૦) અને 'ક્રાન્તિકાર ગાંધીજી' (૧૯૮૦) નામે છપાયા છે. સમાજ, સંસ્કૃતિ, ધર્મ, ઇતિહાસ, માનવજીવન, તત્ત્વજ્ઞાન, રાજકારણ આદિ જ્ઞાનવિજ્ઞાનનાં વિશાળ ક્ષેત્રોમાંના વિષયો પરત્વે તેમનું મનન અને ચિંતન રજૂ થયું છે. એમનાં છ સંપાદનોમાં તૉલ્સ્તૉય, ઉમાશંકર અને મેઘાણીની વાર્તાઓનું તથા ગુજરાતી નવલિકાઓનું સંપાદન એમનાં રુચિ-ધોરણોનું નિદર્શન પૂરું પાડે છે.

અંગ્રેજી અને ગુજરાતી એમ બેઉ ભાષાઓ પર તેમનું વર્ચસ્ સારું હતું. એનો લાભ તેમના અનુવાદોને મળ્યો છે. તેમણે ત્રણ અંગ્રેજી પુસ્તકોનો કરેલો અનુવાદ નોંધપાત્ર છે. હેનરિક ઇબ્સનના 'લેડી ફ્રોમ ધ સી' નામના નાટકનો 'સાગરઘેલી'

(૧૯૬૪) નામે અનુવાદ પ્રકટ થયો છે. 'સાગરઘેલી'નું નાટ્યાંતર કરીને ગુજરાત વિદ્યાસભા સંચાલિત નાટ્યવિદ્યામંદિરે એનો નાટ્યપ્રયોગ પણ કરેલો. મૅકિયાવેલીના 'પ્રિન્સ' ગ્રંથનો 'રાજવી' (૧૯૬૯) નામે એમણે કરેલો અનુવાદ સાહિત્ય અદાકમીએ પ્રકટ કર્યો છે. બર્ટ્રાન્ડ રસેલના 'પાવર' ગ્રંથનો 'સત્તા' (૧૯૭૦) નામે અનુવાદ પ્રકટ થયો છે.

ઈ.સ. ૧૯૩૬માં અમદાવાદના પ્રેમાભાઈ હૉલમાં યોજાયેલા ગુજરાતી સાહિત્ય પરિષદના સંમેલનમાં યશવંતભાઈએ પહેલી વાર હાજરી આપી ત્યારથી પરિષદ સાથે તેમનો સંબંધ આજ લગી અતૂટ રહ્યો છે. પરિષદનું કાર્યાલય મુંબઈથી અમદાવાદ ખસેડાતાં, યશવંતભાઈની એચ.કે. આર્ટ્સ કૉલેજમાં તે શરૂ થયું. તેમણે પરિષદના મંત્રી તરીકે કેટલાંક વર્ષો લગી માનદ્ સેવા આપી અને આગળ જતાં એક વાર પરિષદના સંમેલનમાં પત્રકાર વિભાગના પ્રમુખ તરીકે પસંદ થયા. ૧૯૮૩માં ગુજરાતી સાહિત્ય પરિષદના સુરત ખાતેના અધિવેશનમાં તેઓ પ્રમુખ થયા. પરિષદની બધી જ પ્રવૃત્તિઓમાં તેઓ આજ લગી સક્રિય સેવા અને સહકાર આપતા રહ્યા છે. ૧૯૯૧માં ઈંગ્લંડ ખાતે બર્મિંગહામ સાહિત્ય પરિષદના અતિથિ-વિશેષપદે પણ તેઓ બિરાજ્યા હતા. ગુજરાત સાહિત્ય અકાદમી સ્વાયત્ત બની ત્યારથી તેના ઉપપ્રમુખ તરીકે તેમણે જવાબદારી સ્વીકારી હતી. ગુજરાત વિદ્યાસભાના સંયોજક પણ તેઓ રહી ચૂક્યા છે.

યશવંતભાઈને કોઈ પૂછે કે તમારું જીવનધ્યેય શું? તો ઝરાય ખચકાટ વગર તેઓ કહેશે કે શિક્ષક બનવાનું અને એ શિક્ષક જ બન્યા. શિક્ષણનું ક્ષેત્ર જ તેમનાં જીવનનું મુખ્ય ક્ષેત્ર રહ્યું છે અને તેમાં જ તેમણે જીવન સમર્પી દીધું. દેખાવે અને સ્વભાવે કરડા દેખાતા યશવંતભાઈ હૃદયે એટલા જ લાગણીભીના અને પોચા હતા. એમનું શિક્ષકપણું એમને શિષ્યવત્સલ બનાવતું, સાથોસાથ સમાનપણાનો મૈત્રીભાવ પણ વધારી આપે છે. અધ્યાપકીય વ્યવસાયને તેમણે કદી આજીવિકાના સાધનરૂપ ગણ્યો નહોતો, પરંતુ જીવનના એક મિશનરૂપ ગણ્યો હતો. વિષયસજ્જ થયા સિવાય તેઓ કદી વર્ગમાં પ્રવેશ્યા નથી. પુસ્તકનો તો માત્ર આધાર કે ટેકો લીધો હોય, બાકી બધું તો એની મેળે જ સ્વમુખે કહેવાતું હોય. ભણાવતી વખતે વિષય સાથે તદાકાર થવું એમને માટે સહજ બન્યું હતું. યુનિવર્સિટીના અનુસ્નાતકવર્ગમાં ઉમાશંકરના 'વસંતવર્ષા'ની કરુણમધુર કાવ્યકૃતિ ભણાવતાં તેઓ એવા તો તલ્લીન થઈ જતા કે એમનો અવાજ ગદ્ગદિત બની જતો.

અધ્યાપકીય કાર્યની સાથોસાથ વિચારની સુંદર અભિવ્યક્તિની કલા તેમનામાં સાહજિક રીતે આવેલી. ગુજરાતમાં આંગળીના વેઢે ગણી શકાય એટલા જૂજ સારા કુશળ વક્તાઓ છે, તેમાંના પ્રથમ તે યશવંતભાઈ. તેમના



કાર્ટૂનિસ્ટ 'શિવ'ની કલમે યશવન્ત શુક્લ

વક્તવ્યમાં વિચારોની પારદર્શિતા જોવા મળે છે.

કૉલેજના આચાર્ય તરીકે તેમનામાં નિયમનિષ્ઠા અને કર્તવ્યપરાયણતા એ બે ગુણો ખાસ આગળ તરી આવતા. નિયમ એટલે નિયમ. ગમે તે રીતે, મન ફાવે તેમ ના વર્તાય. બધું જ વ્યવસ્થિત અને 'ઈન ઑર્ડર' હોવું ઘટે. નિયમનું પાલન તેઓ કરે અને કરાવે. તેથી કેટલાયે વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને તેઓ યમ જેવા પણ લાગે. તેમના નાનપણના નામ પ્રમાણે તેઓ ભાનુ (સૂર્ય) હતા. સૂર્યપ્રકાશ હૂંફ પણ આપે ને એની તેજસ્વિતાથી આંજી પણ નાખે. કોઈ વાર પોતાની પ્રચંડ ગરમીથી અન્યને દઝાડી પણ દે.

વિદ્યાર્થીઓ પર એમની ધાક ઘણી. એક વખતે એમની કૉલેજનો વાર્ષિકોત્સવ અમદાવાદના પ્રેમાભાઈ હૉલમાં ઉજવાતો હતો. હૉલમાં ચડતા-ઊતરતા ક્રમનાં પગથિયાંવાળી નહિ, પણ એકસરખી સપાટ જગા પર ગોઠવાયેલી બેઠકો હતી. ચાલુ કાર્યક્રમે આગળ બેઠેલા કેટલાક વિદ્યાર્થી ઊભા થઈ ગયા. પાછળ બેઠેલાઓને તકલીફ પડવા માંડી. એટલે શોરબકોર વધી ગયો. યશવંતભાઈ અવાજોના એ જંગલમાં પહોંચી ગયા. ઊભા થઈ ગયેલા વિદ્યાર્થીઓની પાછળ તે ચૂપચાપ ઊભા રહ્યા. એમની હાજરીની ઘણાખરાને જાણ થઈ ગઈ, એટલે બધા ટપોટપ બેસવા માંડ્યા. એક વિદ્યાર્થી હજી ઊભો હતો. યશવંતભાઈએ એના ખભા પર પોતાનો ભારે હાથ મૂક્યો. પેલાએ પાછળ જોયું. યશવંતભાઈને જોતાં જ તે ગભરાઈ ગયો અને પછી પોતાનો બચાવ કરતાં બોલ્યો : 'સાહેબ, બરાબર દેખાતું નથી.'

'હૉલ મેં નથી બંધાવ્યો... બેસી જાઓ!' એટલું જ તેઓ

સત્તાવાહી અવાજે બોલ્યા અને હૉલમાં સન્નાટો છવાઈ ગયો!

કૉલેજમાં સત્રાંત પરીક્ષા આવે ત્યારે કેટલાય વિદ્યાર્થીઓ માંદગીના બહાને, ડૉક્ટરોનાં ખોટાં સર્ટીફિકેટ રજૂ કરીને પરીક્ષા ટાળે. યશવંતભાઈ વિદ્યાર્થીઓની આ યુક્તિ જાણે. તેમણે આવી એક પરીક્ષાના પંદર દિવસ અગાઉ, નોટિસ-બોર્ડ પર એક નોટિસ મૂકી : 'મારા વિદ્યાર્થીઓ પરીક્ષા ટાણે એકાએક બીમાર થઈ જાય છે. આવા વિદ્યાર્થીઓને મારા તબીબ દ્વારા તપાસાવવાનું આ વખતે મેં નક્કી કર્યું છે. તો જે વિદ્યાર્થી ભાઈ-બહેન આ પરીક્ષા વખતે બીમાર પડ્યાં હોય કે બીમાર પડવાનાં હોય, તેમણે મને અગાઉથી જાણ કરવી, જેથી મારા તબીબ દ્વારા તેમને યોગ્ય સારવાર સમયસર આપી શકું અને એ વિદ્યાર્થીઓની પરીક્ષા ના બગડે.'

કોઈ વિદ્યાર્થી અધ્યાપકના પીરિઅડમાં બેઅદબી દાખવે ને અધ્યાપક એ વિષે યશવંતભાઈને ફરિયાદ કરે, તો એ વિદ્યાર્થીને સ્પષ્ટ રીતે કહી દે : 'તમે મારા એક સીનિઅરમોસ્ટ પ્રોફેસરનું અપમાન કર્યું છે. હવે એ પ્રોફેસર એમ કહે છે કે કાં તો આ વિદ્યાર્થી કૉલેજમાં નહિ, અથવા તો હું નહિ. બોલો, મારે શું કરવું?' અને વિદ્યાર્થી નિર્દોષ હોવાનો ફાંકો બતાવે, તો જરા પણ પરવા કર્યા વિના તેઓ એને ડિસમિસ કરી નાખે, પણ કોઈનીય દાદાગીરી સાંખી ન લે.

અધ્યાપક આલમમાં પણ યશવંતભાઈ શિસ્તનો આગ્રહ રાખે. ૧૯૬૨ના સમયની આ વાત છે. કૉલેજનાં એક અધ્યાપિકા આવનારી પ્રસૂતિ નિમિત્તે 'પ્રેગ્નન્સી રિપોર્ટ' પર રજા મંજૂર કરાવવા માટે આચાર્ય યશવંતભાઈ પાસે ગયાં, ત્યારે તેમણે સ્પષ્ટ સમજાવી દીધું કે આવું બધું નિયમબદ્ધ વેકેશનમાં જ 'પ્લાનિંગ' કરીને પતાવી દેવું ઘટે!


આવા કડક શિસ્તપાલક યશવંતભાઈમાં નિર્દંશ નિખાલસતા પણ એટલી જ. ભૂતકાળનો તોફાની વિદ્યાર્થી એમને મળે ત્યારે જરાય કટુતા દર્શાવ્યા વગર તેની ખબરઅંતર પૂછે. જીવનનાં ઉચ્ચ મૂલ્યોના ભોગે કશું જ નહિ, એવો તેમનો દૃઢાગ્રહ રહેતો. ૧૯૭૪-૭૫ દરમિયાન યશવંતભાઈ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ તરીકે નિમાયા. થોડાક અનુભવ પછી, શૈક્ષણિક મૂલ્યોની પ્રતિષ્ઠા જોખમાતાં તેમણે સ્વેચ્છાએ રાજીનામું મૂકી દીધું. તેમની અટક પ્રમાણે તેઓ સદૈવ શુક્લ - શુભ્ર અને ઉજ્જ્વળ - રહ્યા છે. પોતાની મૂલ્યનિષ્ઠા માટે કોઈ તેમને રૂઢિચુસ્ત માને તો ભલે, પોતે એની પરવા ના કરે.

એમનું દામ્પત્યજીવન પ્રસન્ન મધુર હતું. લીલાબહેન એમનાં સુખદુઃખનાં સાચાં સાથી હતાં. પરિષદનાં અધિવેશનો હોય કે અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમો હોય, લીલાબહેન હંમેશાં યશવંતભાઈની પડખે હોય જ. પતિપત્ની એકબીજાંને 'લીલાબહેન' અને 'યશવંતભાઈ' કહીને સંબોધન કરે, ત્યારે એમાં જીવનસાથી પ્રત્યેની નિકટતાનો સ્પષ્ટ ઉદ્‌ઘોષ સંભળાય.

ગણિતગમ્મત

(૧૯૯૯ને વિદાય અને ૨૦૦૦નું સ્વાગત)

નીચેની આકૃતિમાં કુલ ૭ વર્તુળો છે. આ આકૃતિમાં (૧) દરેક વર્તુળની અંદરના ૭ અંકોનો સરવાળો, (૨) દરેક ત્રિજ્યા ઉપરના ૭ અંકોનો સરવાળો તથા (૩) વર્તુળના ત્રિજ્યા ઉપરના ચડતા ક્રમના ◯ કરીને દર્શાવેલા અંકોનો સરવાળો ૧૯૯૯ આવશે.



ઉપરની આકૃતિમાં કોઈ પણ આંકડો બે વાર વપરાયો નથી. જો કે અંકોની પસંદગી પાછળ વૈજ્ઞાનિક રીત એ છે કે ૨૮, ૯૬,૧૭૫,૨૫૪,૩૪૩, ૪૧૨ અને ૪૮૧ એમ ૭ આંકડામાં દરેકમાં છ વાર ૧૦ ઉમેરતાં કુલ જે ૪૯ આંકડાઓ આવે તેનો ઉપયોગ કરવામાં આવેલો છે. થોડીક ગણિતની સમજણથી વર્તુળ જેટલા આવા મૂળ અંકો પસંદ કરી આ રીતે આવા અસંખ્ય વર્તુળોનાં અસંખ્ય યંત્રો બનાવી શકાય.

ઉપરના જ અંકયંત્રમાં કેન્દ્રમાં ૧ નો અંક મૂકતાં, ઉપર જણાવેલ ત્રણે રીતોથી સરવાળો કરીને તેમાં કેન્દ્રનો અંક ઉમેરતાં સરવાળો ૨૦૦૦ આવશે તે તો દેખીતું છે.

- નૌતમભાઈ વખારિયા.

૧૯૯૬માં લીલાબહેનનું અવસાન થયું ત્યારે યશવંતભાઈ પોતાનું અર્ધાંગ લુપ્ત થઈ ગયું હોય એવી વેદના અનુભવી રહ્યા.

યશવંતભાઈ શુક્લ આપણા શૈક્ષણિક જગતમાં સાચે જ, 'યશવંત' અને 'શુક્લ' એવા શિક્ષણકાર તરીકે હંમેશાં આદરણીય રહ્યા હતા. તા. ૨૩મી ઑક્ટોબર ૧૯૯૯ના રોજ તેમનું ટૂંકી માંદગી બાદ ૮૫ વર્ષની પાકટ વયે અવસાન થતાં ગુજરાતના સંસ્કાર જીવનમાં દીર્ઘકાલીન ખોટ વર્તાશે. ◻

સુમિત્રા શ્રીવાસ્તવ

હરિકૃષ્ણ પાઠક

ટપાલીએ એના નામની બૂમ પાડી; અને પછી વરંડામાં બે-ત્રણ મેગેઝિન એકસાથે ફેંકાઈને પડ્યાં હોય એવો અવાજ સંભળાયો. એને થયું કે આ દિવાળીને લીધે ટપાલમાં ભરાવો થઈ ગયો હશે એટલે બધાં મેગેઝિન સામટાં આવ્યાં લાગે છે. એણે મનોમન ગણતરી કરી, ને તરત મનમાં ઊગ્યું કે ત્રણમાંથી બેમાં તો સુમિત્રા શ્રીવાસ્તવની વાર્તા હશે જ.

જ્યારે પણ કોઈ સામયિક આવે કે હાથ ચડે ત્યારે તે પહેલાં અનુક્રમણિકા જોઈ લે, અને જો તેમાં સુમિત્રા શ્રીવાસ્તવનું નામ જુએ તો તરત પાનાં ફેરવીને વાર્તા કે જે કંઈ હોય તે વાંચીને જ જંપે. હમણાં હમણાંથી તો જ્યારે વિવેચકોયે વાર્તા-સાહિત્યની ચર્ચા, સમીક્ષા કે વિવેચના કરતા ત્યારે સુમિત્રા શ્રીવાસ્તવનો ઉલ્લેખ લગભગ અનિવાર્યપણે થતો.

કોણ જાણે કેમ એને મનમાં એવું વસી ગયેલું કે પોતાની સાથે સ્કૂલમાં એક સુમિત્રા ભણતી તે જ આ સુમિત્રા હોવી જોઈએ. આ માન્યતાનું સમર્થન મેળવવા તે સુમિત્રા શ્રીવાસ્તવનો લખેલો શબ્દેશબ્દ ખૂબ ધ્યાનથી, ઝીણવટથી વાંચતો.

એક વાર્તામાં ગામનું વર્ણન આવતું હતું : સ્ટેશન ગામથી દૂર, પહોળો રસ્તો, થોડુંક ગામ તરફ જતાં કપાસના જિનમાં જતા નેરોગેજના પાટા આવે, અને પછી પાણીનો હવાડો... બસ, આટલું આબેહૂબ મળતું હતું, પણ પછીનું બધું બદલાઈ જતું લાગ્યું. એને થયું કે હવાડાનો ઉલ્લેખ જો કોઈ કરે તો ત્યાં ભૂત થતું ને વાર-પરબે કે આંતરે-દહાડે કોઈ કોઈને દેખાતું એ વાત તો કરવી જ પડે... બને કે સુમિત્રા પછીથી રેશનાલિસ્ટ થઈ ગઈ હોય કે પછી પહેલેથી ભૂત-બૂતમાં માનતી ન હોય, પણ તો યે ગામમાં આવો વહેમ પ્રચલિત હતો કે પછી અંધશ્રદ્ધા હતી ને બધાં લોકો તેમાં માનતાં ન હતાં એવુંતેવું તો લખી શકે ને? પણ હવાડાની વાત કરે ને ભૂતની ન કરે તે કેમ ચાલે?

ક્યારેક બીજો યે પ્રશ્ન થતો : આ સુમિત્રાની અટક તો જોશી કે જાની કે એવી કંઈક હતી, અને એ વરસોમાં સ્કૂલમાં એક એવો ચાલ હતો કે કોઈ પણના નામના પહેલા અંગ્રેજી અક્ષરો પ્રમાણે જ બધાનો ઉલ્લેખ થતો, જેમ કે જશવંત પ્રીતમલાલ તો જે.પી., નવીન શિવલાલ તો એન.એસ., તુળજાશંકર પ્રાણશંકર તો ટી.પી. ને કાન્તિલાલ દામોદર તો કે.ડી... આમાં ક્યાંય અટકોનો પ્રથમાક્ષર આવતો નહીં. પણ જે સરખા પ્રથમાક્ષરવાળાં બે નામ ભેગાં થઈ જાય તો તેમને જુદાં પાડીને ઓળખવા માટે આખી અટકનો ઉલ્લેખ થતો, જેમ કે ટી.પી. જોશી ને ટી.પી. દવે, કે.કે. પટેલ ને કે.કે. દોશી. આમાં તે વખતે સુમિત્રાનું આવું કોઈ નામ પાડેલું કે કેમ તે યાદ આવતું ન હતું... એવામાં એક વાર જે.પી.એ ટી.પી.ને પૂછેલું : આપણે આ દાનજી દેશાને ડી.ડી. કહીએ તો કેવું?

ઉત્તર મળેલો : કહેવાય. શું વાંધો છે? પણ પછી એ બધામાં ભળી જાય... દાનજી દેશા બધાથી દૂર રહેતો. સ્કૂલમાં યે એ સેવાદળની ખાદીની ભૂરી ચડ્ડી ને સફેદ ખમીસ પહેરીને આવતો. કપડાંને ડાઘ ન લાગે કે પથારી નીચે રાખ્યા ઈસ્ત્રી કરી હોય તેવાં બનાવેલાં કપડાં ચોળાઈ ન જાય એની કાળજી લેતો હોય એમ બધાંથી આઘો રહેતો ને કંઈક પહોળો પહોળો ચાલતો. ભણવામાં બીજોત્રીજો નંબર જાળવી રાખતો. એને કેટલાક છોકરા હોશિયાર ગણતા પણ મોટા ભાગના કહેતા કે એ હોશિયાર નથી, ગોખણિયો છે! આમ, સુમિત્રાની વાતમાં દાનજી દેશા યાદ આવી જાય ત્યારે એને નવાઈ લાગતી, ને તરત થતું કે આ દાનજી દેશાને તો ક્યારે ય ડી.ડી. કહીને ઓળખ્યો, ઓળખાવ્યો કે બોલાવ્યો નહોતો. પણ આ સુમિત્રાની વાત નીકળે ત્યારે શું કહેતા તે ય સાલું યાદ નથી આવતું. હા, તેની અટક જાની કે જોશી હતી એટલું તો નક્કી. પણ આ શ્રીવાસ્તવ કેમની થઈ ગઈ! કોઈ હિન્દી ભાષીને પરણી ગઈ હશે કે શું?! કોઈ ગુજરાતી છોકરી ઇતરભાષીને પરણે તે એને રુચતું નહીં. અને એમાં યે હિન્દીભાષીઓ માટે તો એને ખાસ પૂર્વગ્રહ હતો. હિન્દીવાળા એને કંઈક આત્મશ્લાઘી ને આક્રમક લાગતા. અને એની આ માન્યતાને એક હિન્દી કવિએ રૂઢ કરી દીધી હતી.

એક વાર એ સાહિત્યના સંમેલનમાં ગયેલો. ત્યાં અનૌપચારિક કવિ-સંમેલન જેવું ગોઠવાઈ ગયું, ને એમાં એક હિન્દીના કવિ આવી ચડ્યા. પોતાની લાંબી-ચૌડી પહેચાન આપી : દેખિયે સાબ, મૈંને દેશભરમેં ચાર હજાર મિલ કી પૈદલ યાત્રા કી હૈ, બારહ સૌ ફીટ તક પહાડોં કી ચોટી પે ચડા હું, ઢાઈ સૌ વી.આઈ.પી.સે પ્રમાણપત્ર પાયે હૈં, કાવ્યપાઠ કે લિયે તીનસૌ ન્યૌતે મિલે હૈં...ને પછી પોતાના કાવ્યની લાંબી ભૂમિકા બાંધેલી : રાશન કી લાઈનમેં બુઢિયા ખડી થી, પુલિસને ઉસે ધક્કા મારા, બુઢિયા બેચારી ગિર ગઈ - તબ મેરા કવિ જાગ ઊઠા, ને પછી એવો ત્રાસ ગુજારેલો કે ન પૂછો વાત!

એને થતું - સુમિત્રા આવા કોઈ બોચિયાને પરણી હશે? હા, એ સ્ટેશન કૉલોનીમાંથી આવતી. એના ફાધર રેલવેમાં હતા. રેલવેવાળાની તો ઠેકઠેકાણે બદલી થયા કરે, એટલે ક્યાંક કોક હિન્દીભાષીના પરિચયમાં આવી ગઈ હોય. બને, એવું યે બને ખરું!

સુમિત્રા શ્રીવાસ્તવની વાર્તાઓ વાંચીને એણે એક મેગેઝિનના તંત્રીને પત્ર લખ્યો ને એનું સરનામું મંગાવ્યું. પણ જવાબ જ ન મળ્યો. પછી બીજો નુસખો કર્યો.

એકબીજાની હરીફાઈ કરતાં હોય એવાં બે વાર્તામાસિકોમાં સુમિત્રા શ્રીવાસ્તવની વાર્તાઓ એકસાથે છપાઈ. બંને વાર્તાઓમાં થોડું થોડું વર્ણન પાછું પોતાના ગામનું હોય એવું હતું... બંને સામયિકોમાં ત્યાર પછીના અંકમાં આગલા અંક વિશે વાચકોના પ્રતિભાવ છપાતા. એણે બંને માસિકોમાં વાર્તાઓ

વિશે પોતાનો અભિપ્રાય લખી મોકલ્યો અને તેમાં સુમિત્રાની વાર્તાઓની તલસ્પર્શી ચર્ચા કરતાં એકંદરે પ્રશંસાત્મક અભિપ્રાય લખી મોકલ્યો. બંને સામયિકોમાં તેના પત્રો છપાયા. પછી તે કાગને ડોળે ટપાલની પ્રતીક્ષા કરતો રહ્યો. એક દિવસ ટૂંકા લખાણવાળું પોસ્ટકાર્ડ મળ્યું :

ભાઈશ્રી,

ગયે મહિને પ્રકટ થયેલી મારી બંને વાર્તાઓ વિશેનો તમારો અભિપ્રાય વાંચીને આનંદ થયો. તમે વાર્તાઓ ઝીણવટથી વાંચી છે ને ખાસ કરીને વાર્તામાં લોકાલની ઉપકારતા અંગે માર્મિક નિરીક્ષણો કર્યાં છે. આભાર.

લિ. સુ.શ્રી.
(સુમિત્રા શ્રીવાસ્તવ)

એણે પત્ર ઉલટાવી-પુલટાવીને વાંચ્યો પણ તેમાં ક્યાંય લખનારનું સરનામું ન હતું. પોસ્ટની છાપ પરથી એ ગામનું નામ ન ઊકલ્યું. છાપમાં કાળો ધબ્બો હતો. એને સરકારી તંત્ર પર ખૂબ ગુસ્સો ચડ્યો. અક્ષરને આધારે સુમિત્રાનો ચહેરો આકારવા મથામણ કરી જોઈ ત્યારે જ તેને સમજાયું કે ખરેખર તો એને સ્કૂલમાં ભણતી તે સુમિત્રાનો ચહેરો પણ યાદ ન હતો! એને તો સ્ટેશનને રસ્તે લીંબુપીળા રંગનું ફ્રોક પહેરીને આવતી-જતી સહેજ ગોરી, નાજુક કન્યાનું તરલ રૂપ જ યાદ હતું. એમાંથી તારવીને જુદો પાડેલો એકલો ચહેરો તો એની સ્મૃતિમાં હતો જ નહીં.

મૂળ ચહેરો જ યાદ ન હોય તો હવે ફેરફાર થયેલો ચહેરો તો ક્યાંથી ઓળખાય? હા, જો ક્યાંક ફોટોગ્રાફ જોવા મળે તો વળી જૂનું કંઈક સંભારી શકાય ને પછી રૂબરૂ મળવાનું થાય ત્યારે કંઈક ખ્યાલ આવે ય ખરો કે આ સુ.શ્રી. એ જ પેલી સુમિત્રા છે.

એને એક કવિ યાદ આવી ગયા. પોતાની સાંભરણને ગમે તેટલી ખેંચી જુએ તો પણ કવિનું પ્રૌઢ વયનું જ સ્મરણ થતું; પણ હજી યે એ કવિ પોતાનો ફોટો ક્યાંયે છાપે કે છપાવે તો પોતાની યુવાન વયનો જ છપાવે છે. જો આ સુમિત્રા યે એવું કરે ને કોઈ મેગેઝિનમાં તેના સ્કૂલના દિવસનો ફોટો છપાવે તો કદાચ પેલી તરલ, નાજુક કન્યાનો ચહેરો ઊકલી આવે!

જો કે એણે ઇચ્છ્યું હતું એવું તો પૂરેપૂરું ન થયું પણ એક વિશેષાંકમાં લેખકોના ફોટા છપાયા છે તેવું જાણ્યું એટલે એ તાબડતોબ અંક ખરીદી લાવ્યો. તેમાં સુ.શ્રી.નો ફોટો હતો. યુવાન, સુંદર ચહેરો. સાઈડપોઝ લીધેલો ને તેમાંયે અર્ધો ચહેરો તો જુલ્ફોથી ઢંકાયેલો. એટલાક શા આધારે સ્કૂલમાં ભણતી તે સુમિત્રા આ જ હશે કે કેમ તે તારવવું કે કશા નિર્ણય પર આવવું મુશ્કેલ હતું... હવે તો રૂબરૂ મળવાનું થાય તો જ જાણી શકાય. પેલું પોસ્ટકાર્ડ સાચવી રાખેલું. એ લઈને સામેથી મળવા જઈ શકાય. અને સુ.શ્રી.ની વાર્તામાં આવતાં વર્ણનોથી પોતે કેવી ધારણા કરેલી તે કહી શકાય, કંઈક જાણી શકાય.

એમાં વળી પાછી એક વાર્તા વાંચવામાં આવી. વાર્તા એક કિશોરની હતી, જે પોતાના કશા વાંકગુના વિના અતડો પડી ગયેલો, તેનું વર્ણન અને બીજી વિગતો વાંચીને તો તે દંગ રહી ગયો : સ્કૂલમાં તે સેવાદળના ગણવેશ જેવી ભૂરી ચડ્ડી ને સફેદ ખમીસ પહેરીને આવતો, કોઈ પોતાની મજાક-મશ્કરી કે ઠઠ્ઠા કરશે તેવા અંદેશાથી બીજા બધા સહાધ્યાયીઓથી દૂર રહેતો. ભણવામાં ખૂબ મહેનતુ ને હોશિયાર, પણ બધા તેને ગોખણિયો કહેતા ને તેના સારા માર્ક્સની યે અવગણના કરતા. તે કશું મન પર ન લેતો. સાદો પણ સાફ ને સુઘડ રહેતો. થોડો ભીને વાન હતો. માથામાં તેલ નાખીને માથું ચપોચપ ઓળતો એટલે કપાળ હતું તે કરતાં વધું મોટું દેખાતું ને ચળકતું.

હવે તો એને ખાતરી થઈ ગઈ કે આ વર્ણન તો દાનજી દેશાને આબાદ મળતું આવે છે ને આ સુ.શ્રી. એ પેલી સુમિત્રા જોશી કે જાની જ હોઈ શકે, બીજું કોઈ નહીં! એવામાં સાહિત્યના કોઈ દ્વિવાર્ષિક અધિવેશનના સમાચાર પ્રકટ થયા. તેને થયું કે આ અધિવેશનમાં સુ.શ્રી. જરૂર આવશે. અગાઉ પણ તે આવાં સંમેલનોમાં ગયેલો. સાહિત્યનું તો જાણે ઠીક; સમજ્યા હવે, પણ લોકોનો મેળો જામે. અનેક લેખકો-લેખિકાઓને મળવાનું બને ને કંઈનું કંઈ જાણવા-જોવા મળે.

આ સંમેલનમાં તો સુ.શ્રી. આવશે જ. નામ છે આજકાલ એનું તો; ને સાહિત્યના સ્વરૂપમાંયે વાર્તાના સ્વરૂપની જ ચર્ચા થવાની છે. હવે તો બસ થોડા દિવસ રાહ જોવાનો જ સવાલ હતો. ને સુ.શ્રી. મળે તો બે-ત્રણ સવાલો પૂછવાના હતા. પહેલું તો એ કે તમારો માધ્યમિક શાળાનો અભ્યાસ ક્યાં થયેલો? (ઉત્તર તો પોતાની ધારણા મુજબ મળવાનો!) બીજું, સાથે ભણતો એ દાનજી દેશા (અતડો રહેતો તે છતાં) યાદ રહી ગયો છે. તો પોતે પણ સાથે જ ભણતો એ યાદ છે કે કેમ? ('હા' કહે તો પોતાનું નામ શું એ પૂછીને સુ.શ્રી.ના મોંએ જ બોલાવવું) અને ત્રીજું : આ 'શ્રીવાસ્તવ' કેમ કરતાં થઈ ગયું? - જો કે આ પ્રશ્ન કેવી રીતે પૂછવો, કયા શબ્દમાં પૂછવો, ક્યારે પૂછવો - એ બધાનું ધ્યાન રાખવું પડે; કેમ કે બાબત તદ્દન અંગત ગણાય. વળી, હિન્દીભાષીઓ તરફ પોતાને અણગમો હતો એ જાહેર ન થઈ જાય એ પણ જોવું પડે... અને આમ ને આમ એને રટણ થઈ ગયું - સુ.શ્રી.ને ક્યારે મળું ને ક્યારે બધું પૂછી લઉં...

અને એક રાતે એને સપનું આવ્યું.

સંમેલનની પ્રથમ દિવસની ઉદ્‌ઘાટનબેઠક પૂરી થઈ છે. લાંબો પ્રવાસ કરીને થાકેલા, હાંફળા-ફાંફળા થતા આવી પહોંચેલા કે આગલી રાતે આવીને વહેલા ઊઠીને બનીઠનીને ફરતા સહેલાણીઓ જેવા મહેમાનો - બધા ભૂખ્યા ડાંસ જેવા થઈને ખુરશીઓ પર ગોઠવાઈ ગયા છે. સામેના ટેબલ પર મોટા મોટા થાળ પડ્યા છે, ને હવે વાનગીઓ પિરસાવાની જ વાર છે. એમાં થયું છે

(અનુસંધાન પૃ.૭૫૮)

એક અદ્ભુત લેસર ટેક્નોલૉજિ

પ્રા. સુરેશ ર. શાહ

ડૉ. થિઓડોર મેઈમેને વિકસાવેલા વિશ્વના સૌપ્રથમ લેસરયંત્રમાંથી બહાર આવેલું રાતું લેસરકિરણ ૬૯૪૩×૧૦^{-૧૦} મીટર તરંગલંબાઈ ધરાવતું હતું. આ કિરણ સતત નહોતું પણ તૂટક તૂટક એટલે કે સ્પંદન (ઝબકારા) સ્વરૂપે ઉત્સર્જિત થતું હતું. આ લેસર ઝબકારા ૩૦૦ માઈક્રોસેકન્ડને સમયાંતર યંત્રમાંથી ઉત્સર્જિત થતા હતા - બહાર ફેંકાતા હતા. એક માઈક્રોસેકન્ડ એટલે સેકન્ડનો દસ લાખમો ભાગ. આ કિરણ અત્યંત તેજસ્વી હતું. આ પહેલાં કોઈએ પણ ના જોયો હોય તેવો તેજસ્વી આ પ્રકાશ હતો.

લેસરના પ્રકારો

સૌપ્રથમ લેસર યંત્રમાં લેસર દ્રવ્ય તરીકે રૂબીનો ઘન સ્ફટિક હતો. રૂબી એ કૃત્રિમ રીતે બનાવેલા માણેકનો સ્ફટિક છે. તેને સિન્થેટિક માણેક કહી શકીએ. હકીકતમાં તેમાં એલ્યુમિનિયમ ઑક્સાઈડ સ્ફટિકમાં કૃત્રિમ રીતે બહુ અલ્પ અંશે એલ્યુમિનિયમના પરમાણુને સ્થાને ક્રોમિયમ પરમાણુને ગોઠવવામાં આવે છે.

લેસર અંગેના એક સામયિકમાં જણાવ્યા પ્રમાણે હવે તો પ્રતિવર્ષે એકાદ નવા પ્રકારની લેસર રચનાની જાહેરાત થતી હોય છે. ગૅસ લેસરની રચનામાં ભારતીય વિજ્ઞાની ડૉ. સી.કે.એન. પટેલ જેઓ અમેરિકાની બેલ લેબોરેટરીમાં સેવાઓ આપી રહ્યા હતા તેમણે અગત્યનો અને નોંધપાત્ર ફાળો આપ્યો છે.

ઈ.સ. ૧૯૬૦માં ડૉ. મેઈમેને લેસરની શોધ કરી તેના બીજા જ વર્ષે ઈ.સ. ૧૯૬૧માં બેલ લેબોરેટરીમાં અલીજવાન (Alijavan) નામના વિજ્ઞાનીએ તેમના સાથીઓની સહાયથી પ્રથમ ગૅસ લેસરનું નિર્માણ કર્યું હતું. લેસર દ્રવ્ય તરીકે અહીં તેમણે હિલિયમ-નિયૉન વાયુ વાપર્યો હતો. જો કે આ ગૅસ લેસર તેના પહેલા બનેલા ઘનસ્વરૂપના રૂબી લેસર જેટલું શક્તિશાળી નહોતું; પણ તેમાંથી ઉત્સર્જિત પ્રકાશ વધુ સુસંબદ્ધ હતો અને તે આવૃત્તિની અપાર શુદ્ધતા ધરાવતું હતું.

ગૅસ લેસરને પરમાણુ ગૅસ લેસરો તરીકે પણ ઓળખવામાં આવે છે. ત્યાર પછી બીજા વર્ષે અર્ધવાહક-સેમિકન્ડક્ટર લેસરો બનાવાયાં. તેને ડાયોડ લેસર પણ કહે છે. આવા અર્ધવાહક લેસરમાં અર્ધવાહકોનાં બે સ્તરોને સૅન્ડવિચની માફક જોડેલા હોય છે. પ્રકાશીય સંદેશાવ્યવહારમાં અર્ધવાહક લેસરોએ અગત્યનો ફાળો આપ્યો છે. સામાન્ય રીતે આવાં લેસરો દેખાવમાં નાનાં અને મધ્યમ કક્ષાનો પાવર ધરાવતાં હોય છે. આવાં ડાયોડ લેસરમાં દ્રવ્ય તરીકે ગૅલેનિયમ આર્સેનાઈડ દ્રવ્ય વપરાય છે.


લેસર ટ્યૂબને ફરતે ઇલેક્ટ્રોડ વીંટાળીને આયન ગૅસ લેસર પણ બનાવાયાં છે. આર્ગૉન - ક્રિપટૉન ગૅસ લેસરમાંથી વાદળી રંગનો લેસર પ્રકાશ મળે છે. ૧૯૬૨માં વિજ્ઞાની વૂડબરી (woodbury)એ પ્રવાહી લેસર બનાવ્યું, જેમાં તેમણે નાઈટ્રોબેન્ઝિન પ્રવાહી લેસર દ્રવ્ય તરીકે વાપર્યું હતું. આ ઉપરાંત ગેલિયમઆર્સેનાઈડ (GaAs) અર્ધવાહક વાપરીને ઇન્જેક્શન લેસર પણ બનાવાયાં છે. તેમજ રાસાયણિક લેસર પણ બનાવાયા છે. આ બધાં વિવિધ પ્રકારનાં લેસરો પોતપોતાના ગુણધર્મો પ્રમાણે વિશિષ્ટ કાર્યોમાં વપરાય છે.

લેસર યંત્રોને ચાર પ્રકારમાં વહેંચવામાં આવે છે તે પ્રમાણે


(૧) ઘન અવસ્થા લેસર, જેવાં કે નિયોડીમિયમવાળું કાચનું લેસર યંત્ર. (૨) ગૅસ લેસરો - વાયુ દ્રવ્યવાળાં લેસરો. (૩) ડાઈલેસરો, જેમાં સામાન્ય રીતે પ્રવાહી દ્રવ્યમાં અમુક રંગોને ઓગાળવામાં આવ્યા હોય છે. અને (૪) અર્ધવાહક કે ડાયોડ લેસરો. વળી, બીજાં કેટલાંક, લેસર યંત્રોને નીચે મુજબના પ્રકારોમાં ગોઠવવાનું વધુ વાજબી ગણાવે છે. જેમકે,

(૧) ઘન સ્ફટિક દ્રવ્યોવાળાં, (૨) ગૅસ લેસર અને ડાઈ લેસર જેમાં પ્રવાહી લેસરોનો સમાવેશ થઈ જાય છે. (૩) આયન લેસર; એક્સીમર લેસર - જે અલ્ટ્રાવાયોલેટ એટલે કે પારજાંબલી પ્રકાશવિસ્તારમાં કાર્યરત હોય છે. ઈ.સ. ૧૯૭૫માં સર્લેસ અને હર્ટ દ્વારા શોધાયેલાં તથા માઈક્રોસર્જરી અને ઔદ્યોગિક માઈક્રોલિથોગ્રાફીમાં અતિ ઉપયોગી છે. (૪) ઘન અવસ્થા - સૉલિડ સ્ટેટ અર્ધવાહક અથવા ડાયોડ લેસરો. આ લેસરો પ્રકાશીય સંદેશ વ્યવહારમાં અગત્યનો ફાળો આપે છે, અને ઘન કદના હોવાથી વાપરવાં વધુ સાનુકૂળ હોય છે.

પચીસથી વધુ જાતનાં લેસરો બનાવાય છે, જેમાંથી મળતા લેસર પ્રકાશની તરંગલંબાઈ ૦.૧૯૩ માઈક્રોમીટરથી ૦.૩ માઈક્રોમીટર જેટલી હોય છે અને તે અલ્ટ્રાવાયોલેટ દશ્યમાન પ્રકાશવિસ્તાર અને ઈન્ફ્રારેડ વિસ્તારનાં એમ વિવિધ રેન્જના હોય છે.




ઊર્જાનું શોષણ અને ઉત્સર્જન



↑
રૂબી લેસરની રચના

રૂબી લેસરની કાર્યવાહી →



લેસરના ઘટકો

આ બધાં વિવિધ પ્રકારનાં લેસરયંત્રો અંગે વિચારીએ તો તેમાં મુખ્યત્વે ત્રણ ઘટકો અવશ્ય હોય છે. સામાન્ય ભાષામાં ઓળખાવીએ તો તેના માટે જરૂરી પ્રબળ પ્રકાશ ઉદ્ગમસ્થાન તે લેસરનું પ્રથમ ઘટક છે. આ ઘટક તે કોઈ પાવરફુલ બલ્બ હોય કે પછી બીજું કોઈ લેસર કિરણ પણ હોય છે.

તેનું બીજુ ઘટક એટલે કે એક્ટિવ મીડિઅમ અથવા ક્રિયાશીલ માધ્યમ. આ એક એવું દ્રવ્ય હોય છે કે જેના ઉપર પ્રબળ ઉદ્ગમસ્થાનમાંથી પ્રકાશ આપાત કરાય છે અને પરિણામસ્વરૂપે તેમાં લેસરપ્રકાશ ઉત્પન્ન થાય છે. આવા ક્રિયાશીલ માધ્યમ તરીકે પ્રથમ લેસરયંત્રમાં વપરાયો હતો તેવો રૂબી સ્ફટિક - ઘન પદાર્થ હોઈ શકે છે. આ સ્થળે આગળ જોયું તેમ અમુક પ્રકારના ડાઈ એટલેકે રંગોમિશ્રિત પ્રવાહી પણ હોઈ શકે છે. આ ઉપરાંત કાર્બનડાયોક્સાઈડ જેવાં વાયુઓ કે અર્ધવાહક ડાયોડ પણ વપરાય છે.


લેસરયંત્રના ત્રીજા અને અંતિમ ઘટકને ફિડબેક વ્યવસ્થા કહી શકીએ. આ માટે જે નળી-ટ્યૂબમાં રૂબી સ્ફટિક જેવું ક્રિયાશીલ દ્રવ્ય મૂક્યું હોય તે નળીના બન્ને છેડે સમતલ અને સમાંતર એક એક અરીસો રાખ્યો હોય છે. ક્રિયાશીલ માધ્યમમાં ઉત્પન્ન કરાયેલાં લેસરને આ ત્રીજા ઘટક મારફતે વારંવાર પરાવર્તિત કરાવીને વિવર્ધિત અને એકદિશ કરાય છે. આના પરિણામે લેસરકિરણ અત્યંત તેજસ્વી અને પ્રબળ પ્રકાશ બને છે.

ઉત્સર્જિત લેસર પ્રકાશનો રંગ અને તેની તરંગલંબાઈ તેમાં વપરાયેલા માધ્યમ (દ્રવ્ય)ની જાત ઉપર આધારિત છે. વળી, કેટલાંક દ્રવ્યોમાંથી મળતો લેસર પ્રકાશ નરી આંખે દશ્યમાન લેસર પ્રકાશ હોય છે. જ્યારે બીજા કેટલાંક દ્રવ્યોમાંથી મળતો આવો લેસર પ્રકાશ નરી આંખે ના દેખાય તેવો અદશ્ય અલ્ટ્રાવાયોલેટ કે પછી ઈન્ફ્રારેડ વિસ્તારનો હોય છે. વળી કેટલાંક પદાર્થોમાંથી ઉત્સર્જિત થતો લેસર પ્રકાશ સતત તરંગમય (continuous wave - CW) હોય છે. જ્યારે રૂબી જેવાં કેટલાંક દ્રવ્યોમાંથી ઉત્સર્જિત લેસરપ્રકાશ અત્યંત અલ્પ સમયાંતરે ઉત્સર્જિત થતો સ્પંદન-તેજસ્વી ઝબકારા સ્વરૂપે મળતો હોય છે. જુદાં જુદાં લેસરોની તીવ્રતા અને પાવર પણ ભિન્ન ભિન્ન હોય છે. કેટલાંકને એટલાં પ્રબળ અને તીવ્ર હોય છે કે તે ધાતુને બાષ્પ બનાવી શકે છે જ્યારે બીજા કેટલાંક ઓછાં પ્રબળ લેસરોને વિજ્ઞાન શિક્ષક વર્ગમાં વિદ્યાર્થીઓ નિર્દેશનાર્થે સલામતીપૂર્વક લઈ શકે છે.


ઘટકોમાં થતી પ્રક્રિયાઓ

લેસરયંત્રમાં લેસર પ્રકાશ કેવી રીતે ઉત્પન્ન થાય છે તે ટૂંકમાં સમજવા પ્રયાસ કરીશું. જ્યારે પ્રબળ તેજસ્વી 'ઉદ્ભવસ્થાનમાંથી પ્રકાશ ક્રિયાશીલ માધ્યમ - લેસર દ્રવ્ય ઉપર પડે છે ત્યારે આ લેસર દ્રવ્યના પરમાણુઓ પ્રકાશકિરણની ઊર્જાને શોષી લે છે. બહુ થોડા સમયમાં જ આવા પરમાણુઓ તે કુદરતી રીતે સંગ્રહી શકે તેનાં કરતાં અધિક ઊર્જા સંગ્રહીત કરે છે. આવી વેળાએ તેણે ઉત્સર્જન દ્વારા આ અધિક ઊર્જાને બહાર કાઢવી પડે છે.'આ પ્રક્રિયાને વિજ્ઞાનની ભાષામાં વસ્તીનું વ્યુત્ક્રમણ (Population Inversion) કહેવામાં આવે છે. તેને વધુ વિગતવાર સમજવા આગળ પ્રયાસ કરીશું. આ ઉત્તેજિત પરમાણુઓ પ્રકાશનો અમુક જથ્થો - ફોટોન - ઉત્સર્જિત કરશે. આમ, એક વાર ઉત્તેજિત થયેલો પહેલો પરમાણુ ઊર્જાનું પ્રકાશ સ્વરૂપે-ફોટોનનું - ઉત્સર્જન કરશે. પછી તે સાંકળ પ્રક્રિયાની માફક વધુ ને વધુ ફોટોનનું ઉત્સર્જન ચાલુ રહેશે.

આ પ્રક્રિયા દરમિયાન ઉત્સર્જન પામતો પ્રકાશ શરૂમાં બધી જ દિશામાં પ્રસરણ કરશે પણ નળીને બન્ને છેડે ગોઠવેલાં



કાર્બન ડાયોક્સાઈડ ગૅસ લેસર



અર્ધવાહક ડાયોડ જંક્શન લેસર

સમતલ અને સમાંતર અરીસાઓ તેને વારંવાર પરાવર્તિત કરીને તેને નળીમાં એક છેડેથી બીજા છેડે - તેને આગળ પાછળ એમ પુનઃ પરાવર્તિત કરાવશે. આથી ક્રિયાશીલ માધ્યમના વધુ ને વધુ પરમાણુઓ પ્રકાશ ઊર્જાનું ઉત્સર્જન કરશે અને તે તીવ્ર બનશે. આવી રીતે લેસર પ્રકાશની તીવ્રતા વધતી જશે અને તે એકદિશ બનશે. અહીં પ્રત્યેક પ્રકાશ તરંગનાં શૃંગ અને ગર્ત એકબીજા સાથે એકમય બને. આમ, પ્રત્યેક કિરણ એકબીજાને સમાંતર પણ બનશે. આ સમગ્ર પ્રક્રિયાને વિવર્ધન કહી શકાય. દ્રવ્ય ભરેલી નળીને બન્ને છેડે રાખેલા સમતલ અને સમાંતર અરીસામાં તે વારંવાર પરાવર્તિત થશે. તેની તીવ્રતા વધશે અને તે એકદિશ બનશે. નળીના બીજા છેડે રાખેલો અર્ધપારદર્શક અરીસો એક બારીનું કાર્ય કરશે અને તેમાંથી અત્યંત પ્રબળ અને એકદિશ લેસરકિરણ સ્પંદન-ઝબકારની માફક અલ્પ સમયાંતરે ઉત્સર્જિત થશે.

લેસરના ત્રણ અગત્યના ઘટકો

લેસરયંત્રનું પહેલું ઘટક તે લેસર માટેનું માધ્યમ, જેને આપણે ક્રિયાશીલ દ્રવ્ય તરીકે ઓળખાવ્યું. ત્યાર પછી બીજું તે પંપનકાર્ય, જેમાં માધ્યમનાં પરમાણુઓને ઉત્તેજિત અવસ્થા (સ્તર)માં લઈ જવામાં આવે છે. ત્રીજામાં ઉત્તેજિત સ્તરમાંનો પરમાણુ આપમેળે જ નીચલા સ્તરમાં આવે અને ફોટોનનું ઉત્સર્જન થાય. આ ફોટોનની ઊર્જા બે સ્તરોની ઊર્જાના તફાવત જેટલી હોય છે. આ પ્રક્રિયાને વિજ્ઞાનની ભાષામાં સ્વતઃ ઉત્સર્જન (Spontaneous Emission) કહેવામાં આવે છે. તેની થોડી વધુ ચર્ચા અને સમજૂતી આગળ ઉપર આપવા પ્રયાસ કરીશું. આ ઉપરાંત પરમાણું ઉત્તેજિત અવસ્થામાં હોય ત્યારે જો તેના ઉપર સાનુકૂળ આવૃત્તિવાળું ફોટોન આપાત થાય તો ઉદ્દીપ્ત ઉત્સર્જન થાય છે. આ ઉદ્દીપ્ત ઉત્સર્જનમાં બે ફોટોન હોય છે : (૧) ઉદ્દીપ્ત કરનાર ફોટોન અને (૨) ઉદ્દીપ્ત થયેલું ફોટોન. બન્ને ફોટોન એકસાથે એક જ દિશામાં પ્રસરણ પામે છે. જ્યારે દ્રવ્યનું તાપમાન સ્થિર હોય છે ત્યારે દ્રવ્ય ઉષ્માજનિત સમતોલન (Thermal Equilibrium)માં હોય છે. આની વધુ જરૂરી સમજૂતી હવે પછીથી આપીશું. (ક્રમશઃ)

અનુ.। સુમિત્રા શ્રીવાસ્તવ ।પૃ.૭૫૫થી

એવું કે સંમેલનમાં આવેલી મહિલાઓએ સાહિત્ય-સર્જકોને પીરસવાનું સ્વીકાર્યું છે. પોતે આતુરતાપૂર્વક જોઈ રહ્યો છે - આટલી બધી સ્ત્રીઓ છે તો તેમાં સુ.શ્રી. તો હશે જ હશે!


તેણે જોયું તો એકસાથે સાત-આઠ યુવિતો-કિશોરીઓ વિધવિધ વાનગીઓ પીરસવા હારબંધ આવી રહી હતી. તેણે ધ્યાનથી જોયું, વધુ ધ્યાનથી જોયું ને તેને ખાતરી થઈ ગઈ કે ચોથા ક્રમે જે છે તે જ સુ.શ્રી. છે. આછા લીંબુપીળા રંગની સાડી, છૂટા કેશ, એક બાજુથી દેખાતો અર્ધોપર્ધો ચહેરો, સહેજ ગોરો વાન, નાજુક કાયા ને તરલ ગતિ... અને હા, તેના હાથમાં શી વાનગી હતી? ગુલાબજાંબુ! પોતાને અત્યંત પ્રિય એવાં ગુલાબજાંબુ! હવે તો નજીક આવે એટલે પૂછી જ લઉં... સુ.શ્રી. ધીરે ધીરે નજીક આવતી જાય છે. તે પહેલાંની યુવતિ-કિશોરીઓએ શું પીરસ્યું, શું પૂછ્યું, કેટલું પીરસ્યું ને એમણે કેવાં વસ્ત્રો પહેરેલાં એ કશામાં એનું ધ્યાન ન રહ્યું. બસ, હવે તો સુ.શ્રી. સાવ નજીક છે, પણ પોતાની આગળ બેઠેલાએ બે ગુલાબજાંબુ વધારે મુકાવ્યા ને બાઉલ ખાલી, સુ.શ્રી. ત્યાંથી જ પાછી ફરી ગઈ!! ને આ આઘાતમાં જ એની આંખ ઊઘડી ગઈ.

જો કે પછીથી એ મનને મનાવતો રહ્યો કે સપનામાં થાય એવું જ બધું કાંઈ ખરેખર ન થાય. સપનામાં તો કશું આપણા હાથમાં ન રહે, ઘણુંબધું આપણી ધારણા બહાર ચાલે ને પાછું સપનું તો ગમે ત્યારે આવે ને ગમે ત્યારે ઊડી જાય. પણ હકીકતમાં કશુંક બનતું હોય ત્યારે તો ધાર્યું થઈ પણ શકે. એણે મનોમન ઠરાવી લીધું કે સાહિત્ય સંમેલનમાં તો જવું જ. સુ.શ્રી. સપનામાં આવી હતી તો સંમેલનમાં પણ આવશે જ. સપનાં તો સંકેત આપે, આગાહી કરે, બાકી બધું સપના જેવું તો ન જ થાય. અને એ ખરેખર સંમેલનમાં ગયો. જોયું તો સ્થળ, મંડપ વ્યવસ્થા, ગિર્દી - બધું લગભગ સપનામાં જોયેલું તેવું જ હતું! પહેલી બેઠક પૂરી થઈ ત્યારે એને અને બીજાં બધાંને કકડીને ભૂખ લાગેલી, ને ભોજનની વ્યવસ્થા યે લગભગ એવી જ હતી. સપનાનો અનુભવ ધ્યાનમાં રાખીને તે હારબંધ ગોઠવેલાં ટેબલોમાં આગળના ટેબલ પર બેસી ગયો, ને યુવતિઓ- કિશોરીઓ પીરસવા આવે તેની રાહ જોવા લાગ્યો. મંડપનાં બધાં ટેબલ રોકાઈ ગયાં હતાં, ખુરશીઓ ભરાઈ ગઈ હતી, ને તેણે જોયું તો યજમાન સંસ્થાના કાર્યકરો ને વિદ્યાર્થીઓ વિધવિધ વાનગીઓ લઈને હારબંધ આવી લાગ્યા. તે જોઈ રહ્યો, જોઈ જ રહ્યો... અચાનક એનું ધ્યાન ગયું. તેના થાળની વાડકી ગુલાબજાંબુથી ભરાઈ જવા આવી હતી, ને સામે ઊભેલો કાર્યકર હસતાં હસતાં પૂછી રહ્યો હતો : 'હજી એકબે વધારે મૂકું? તમે બોલ્યા નહીં એટલે થયું કે તમને ગુલાબજાંબુ...'

તેને ગુસ્સો ચડી ગયો, ને કંઈક અવશપણે તેનાથી ઊંચા અવાજે બોલાઈ ગયું : 'તમને કોણે કહ્યું કે મને ગુલાબજાંબુ ભાવે છે? ને ભાવતાં હોય તો ય કોઈ આટલું બધું ખાય ખરું? મજાક કરો છો મહેમાનોની?! લઈ જાવ બધું પાછું, નથી ખાવાં તમારાં ગુલાબજાંબુ!'

પેલો સહેજ ડઘાઈ ગયેલો લાગ્યો. વાડકીમાંથી ગુલાબજાંબુ પાછાં બાઉલમાં ઠાલવી દીધાં, ને સહેજ ખસિયાણું હસીને આગળ વધ્યો...

એ જોઈ રહ્યો. પેલાનાં ખાદીનાં કપડાં જોઈ એને થયું - દાનજી દેશા તો ન હોય! કદાચ હોય પણ ખરો ને બધા એને ડી.ડી. કહીને બોલાવતાં યે હોય. વળી, થયું કે આમ ગુસ્સે થવાને બદલે પેલાના હાથમાંથી ગુલાબજાંબુનું બાઉલ લઈને પોતે જ પીરસવામાં જોડાઈ ગયો હોત તો કદાચ... તો કદાચ... ◻



પ્રફુલ્લ એ. પરીખ

(ગતાંકથી ચાલુ)

વાર - સાત વારનું અઠવાડિયું

'ભારતીય પંચાંગનાં પાંચ અંગો પૈકી વાર એકલું જ વૃદ્ધિ-ક્ષય વિનાનું અંગ છે. માસ સિવાય દિવસનું અસ્ખલિત વહેતું સાત વારનું અઠવાડિક ચક્ર છે. વર્ષ, માસ અને તિથિ તારીખની જેમ કાળગણના માટે સાત વારનું આ માનવસર્જિત એકમ આજે તો આપણા રોજિંદા જીવન સાથે ગાઢ રીતે સંકળાઈ ગયું છે - મહિના અને તારીખની વચ્ચેના એક કડી બની ગયું છે.

હજારો વર્ષ પૂર્વે અઠવાડિયાનું ચલણ પ્રચલિત હોવાનું જાણમાં નથી, કારણ કે સાત દિવસના આ એકમને કોઈ કુદરતી ઘટના સાથે સંબંધ નથી. સમયના દિવસ જેવા ભાગ પાડ્યા પછી સાત દિવસના આ એકમની રચના કેમ અને ક્યારે થઈ હશે એ જાણવું રસપ્રદ થશે.

યહૂદીઓમાં પાંચ-છ દિવસના સતત રોજિંદા વ્યવહાર અને કામકાજ પછી એક દિવસ ધર્મધ્યાન કે આરામ માટે સમય ફાળવવાની ભાવનામાંથી કે પછી હટાણાં માટે સાત-આઠ દિવસે ભરાતા ગુજરી બજારની પ્રથામાં અઠવાડિયાનું એકમ રચાયું હોય એમ મનાય છે.

કહેવાય છે કે પશ્ચિમ એશિયામાંથી અઠવાડિયાની પદ્ધતિ વિકસીને યુરોપ અને ઉત્તર આફ્રિકાના પ્રદેશમાં ફેલાઈ હતી. કેટલાક ભાગોમાં ત્રણથી માંડી આઠ દિવસનું અઠવાડિયું પ્રચલિત હતું. મધ્ય એશિયામાં પાંચ દિવસનું અને પ્રાચીન મિસર (ઇજિપ્ત)માં દસ દિવસનું અઠવાડિયું પ્રચલિત હતું. બૅબિલોનમાં ચંદ્રની કળાગતિને આધારે મહિનામાં સાતસાત દિવસના ચાર સમયગાળાનું ચલણ હતું. પ્રાચીન રોમમાં દર આઠ દિવસે ગુજરી કે બજાર ભરાતાં એ પરથી અઠવાડિયું ગણાતું થયું હતું. પણ પ્રાચીન ભારતમાં નિશ્ચિત સંખ્યાના દિવસોવાળી અઠવાડિયા જેવા નાના એકમની ગણના પ્રચલિત હોવાનું જાણવા મળતું નથી.

વૈદિક સાહિત્યમાં ત્ર્યહ, પંચાહ, ષહ, નવાહ વગેરે શબ્દો મળે છે, પણ તે કાળે અઠવાડિયા જેવી કોઈ ચોક્કસ ગણના પ્રચલિત હોવાનું જણાતું નથી તેમજ રવિવાર, સોમવાર જેવા દિવસોનાં નામ રખાયાં હોવાની પણ માહિતી મળતી નથી.

આમ, દુનિયાના જુદા જુદા દેશોમાં ત્યાંની પરંપરાઓ અને સગવડ પ્રમાણે ત્રણથી આઠ દિવસના અઠવાડિયાની પ્રથાઓ જુદા જુદા સમયે ઉદ્ભવતી સાત વારનું અઠવાડિયું છેવટે પ્રચલિત થયું હોવાનું મનાય છે.

દુનિયાના જુદા જુદા દેશો અને ત્યાંની પ્રજામાં પ્રચલિત વર્ષના ક્રમાંક જુદા જુદા જોવા મળે છે. મહિનાઓનાં નામોમાં પણ ભિન્નતા જોવા મળે છે. પણ આ અઠવાડિયાના સાત વારમાં તેના આરંભવાર અને દિવસના આરંભમાં ક્યાંક ભિન્નતા હોવા છતાં એનાં નામ બધેય એકસરખાં અને એક જ ક્રમમાં કેવી રીતે આવ્યાં એ જાણવાનું આપણને સહેજે કુતૂહલ થાય.

કહેવાય છે કે ખગોળશાસ્ત્રનો ઘણોખરો વિકાસ ઈ.પૂ. ૭મી સદીથી ઈ.સનની ત્રીજી સદીના ગાળામાં આજના ઇરાક નજીકના પ્રદેશમાં યુફ્રેટીસ અને ટાઇગ્રીસ નદીઓના ફળદ્રૂપ વિસ્તારમાં વસેલી ખાલ્ડિયન પ્રજાના ખગોળશાસ્ત્રીઓને આભારી છે. એ અરસામાં કોઈ ખાલ્ડિયન કે કોઈ ગ્રીક ખગોળશાસ્ત્રીએ જ્યોતિષશાસ્ત્રને લક્ષમાં લઈને સાત વારના અઠવાડિયાની રચના કરી હશે. યહૂદીઓએ ખાલ્ડિયન પ્રજાના સંસર્ગ પછી આ ગણના અપનાવી હતી.

ખાલ્ડિયન પ્રજા માનતી હતી કે સૂર્ય, ચંદ્ર અને પાંચ ગ્રહો એ બધા દેવતાઓનાં સ્વરૂપો છે અને રાષ્ટ્ર તેમજ વિશ્વનાં તમામ લોકોના ભાવિનું તેઓ સંચાલન કરે છે. આ સાત દેવતાઓ કોઈ એક પવિત્ર અજ્ઞાત ગુફામાં રહીને પોતાનું કર્તવ્ય બજાવે છે. આથી ખાલ્ડિયન લોકો સાતના અંકને ગૂઢ-ચમત્કારી અંક ગણતા અને સાત દેવતાઓની કૃપાદૃષ્ટિ સમસ્ત માનવજાતના કલ્યાણ માટે જરૂરી સમજતા તથા એથી એમની ગતિવિધિનો ઊંડો અભ્યાસ કરી તેનાં નિરીક્ષણોમાંથી તારણ કાઢી તેનું અર્થઘટન કરીને ભાવિ નક્કી કરતા.

સૂર્ય, ચંદ્ર અને પાંચ ગ્રહોને દેવસ્વરૂપ ગણીને તેમનું આધિપત્ય સ્વીકારીને એ કાળની પ્રચલિત ગ્રહજ્યોતિષપદ્ધતિ તથા માન્યતાઓને આધારે એમને સાત વાર સાથે સાંકળી લેવાયા હતા. વાર નામનો આ ક્રમ આ ગ્રહો પૃથ્વીથી કેટલા અંતરે દૂર છે તેના આધારે નક્કી કરાયો હતો. નીચેના કોઠામાં એ ગ્રહો અને દેવતાઓનાં નામ તથા એમનાં કર્તવ્યો દર્શાવ્યાં છે, જે બૅબિલોનીઅન માન્યતાઓને આધારે છે.

બૅબિલોનીઅન

ગ્રહ	દેવતાનું નામ	દેવતાનું કર્તવ્ય
Saturn - શનિ	Ninib - નિનિબ	દુર્ભાગ્ય અને મહારોગના દેવ

Jupiter - ગુરુ	Murduk - મર્ડુક	દેવોના રાજા
Mars - મંગળ	Nergal - નેરગલ	યુદ્ધના દેવ
Sun - સૂર્ય	Shamash - શમશ	ન્યાયના દેવ
Venus - શુક્ર	Ishtar - ઈશ્તર	પ્રેમ અને વૃદ્ધિના દેવ
Mercury - બુધ	Nabu - નબૂ	લેખનકળા-સાહિત્ય-સર્જનના દેવ
Moon - ચંદ્ર	Sin - સીન	કૃષિના દેવ

કાળાંતરે દરેક રાત્રિસહિત વાર-દિવસના ચોવીસ સરખા ભાગ પાડવામાં આવ્યા. એ કાળે એવું મનાતું કે ઉપર કહ્યા તે સાત દેવતાઓનું ક્રમવાર આ એકએક ભાગ ઉપર વર્ચસ હોય છે. અને એ રીતે તેઓ પોતપોતાના સમયમાં આ સૃષ્ટિનું સંચાલન કરે છે. દા.ત. પહેલા દિવસના પહેલા ભાગ ઉપર શનિનું, બીજા ભાગ ઉપર ગુરુનું, ત્રીજા ભાગ ઉપર મંગળનું પછી સૂર્ય, શુક્ર, બુધ અને સાતમા ભાગ ઉપર ચંદ્રનું આધિપત્ય આવે અને પછી આઠમા ભાગ ઉપર ફરી શનિનો ક્રમ આવે અને ક્રમવાર આ ચક્ર ચાલતું રહે. આ રીતે આઠમા, પંદરમા અને બાવીસમા કલાક ઉપર શનિનું વર્ચસ આવે, ત્રેવીસમા ભાગ ઉપર ગુરુ અને ચોવીસમા ભાગ ઉપર મંગળનું વર્ચસ આવ્યા પછી આ જ ક્રમ આગળને આગળ લંબાતો રહે છે.

આમ, બીજા દિવસે તેના પહેલા ભાગ ઉપર ક્રમ પ્રમાણે સૂર્યનું. બીજા ભાગ ઉપર શુક્રનું વર્ચસ આવે અને એ જ રીતે આગળ ચાલે. દરેક દિવસના પહેલા ભાગ ઉપર જે ગ્રહનું વર્ચસ આવતું હોય તે ગ્રહના નામ ઉપરથી તે દિવસ ઓળખાય. આ રીતે પહેલો દિવસ શનિ, બીજો દિવસ સૂર્ય, ત્રીજો ચંદ્ર, ચોથો મંગળ, પછી બુધ, ગુરુ અને સાતમો શુક્રના નામથી ઓળખાય અને એમ અઠવાડિયાના સાતેય દિવસ ઓળખાય. નીચેના કોઠા ઉપરથી ઉપર દર્શાવ્યો તે ક્રમ અને દિવસના કયા ભાગ ઉપર કયા દેવતાનું આધિપત્ય આવે તે સરળતાથી સમજાશે. દિવસના ચોવીસ ભાગને આપણે કલાક કહી શકીએ.

કલાક	શનિ	રવિ	સોમ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર
૧ ૮ ૧૫	શનિ	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર
૨ ૯ ૧૬	ગુરુ	શુક્ર	શનિ	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ
૩ ૧૦ ૧૭	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	સૂર્ય	ચંદ્ર
૪ ૧૧ ૧૮	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ
૫ ૧૨ ૧૯	શુક્ર	શનિ	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ
૬ ૧૩ ૨૦	બુધ	ગુરુ	શુક્ર	શનિ	સૂર્ય	ચંદ્ર	મંગળ
૭ ૧૪ ૨૧	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	સૂર્ય
૨૨	શનિ	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર
૨૩	ગુરુ	શુક્ર	શનિ	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ
૨૪	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	સૂર્ય	ચંદ્ર

(આધિપત્ય ક્રમ : શનિ, ગુરુ, મંગળ, સૂર્ય, શુક્ર, બુધ અને ચંદ્ર)

આજે સાત વારનાં જે નામ પ્રચલિત છે તે મૂળ રોમન દેવતાઓનાં નામ ઉપરથી આવ્યાં છે અને તેમાંથી સેક્સન અને અંગ્રેજી ભાષામાં ઊતર્યાં છે.


અઠવાડિયાના વારનાં પ્રચલિત નામ

ગ્રહ	અંગ્રેજી નામ	ભારતીય નામ	નામ શાના ઉપરથી પડ્યાં
૧. Sun સૂર્ય	Sunday	રવિવાર	Sun સૂર્ય } રોમનો બંનેને ગ્રહ તરીકે ઓળખતા
૨. Moon ચંદ્ર	Monday	સોમવાર	Moon ચંદ્ર
૩.Mars મંગળ	Tuesday	મંગળવાર	Tiw યુદ્ધના રોમન દેવ
૪.Mercury બુધ	Wednesday	બુધવાર	Woden મુખ્ય ટ્યૂટોનિક દેવ અથવા ઓડીન
૫.Jupiter ગુરુ	Thursday	ગુરુવાર	Thar મેઘગર્જનાવાળા ટ્યૂટોનિક દેવ
૬.Venus શુક્ર	Friday	શુક્રવાર	Frigg ઓડિનની પત્ની ફ્રિગ
૭.Saturn શનિ	Saturday	શનિવાર	Saturn. Setern

પ્રાચીન ગ્રંથોમાં અઠવાડિયાનો કોઈ ઉલ્લેખ મળતો નથી; ઈ.સ. ૪૮૪ આસપાસના સમય પહેલાં તો નહિ જ. એટલે એવું મનાય છે કે સિકંદરે ભારત ઉપર આક્રમણ કર્યા પછી મૌર્ય રાજવંશીઓ ગ્રીસના સેલ્યુસિડ વંશ સાથે ધીરે ધીરે વધુ સંપર્કમાં આવતા જઈ છેક અંદરોઅંદર લગ્નો કરવાં જેટલા ગાઢ સંસર્ગને લઈને ગ્રીસની અન્ય અસરો સાથે સાથે સાત વારના અઠવાડિયાની પ્રથા પણ ભારતમાં પ્રચલિત બનતી ગઈ હોય.

ભારતમાં પરંપરાગત ધાર્મિક પર્વો, ઉત્સવો વગેરે નક્કી કરવામાં અઠવાડિયની ગણતરી કે પ્રથાનો હિસ્સો નથી, કારણ આપણાં પર્વો, ઉત્સવો, વગેરે પૂર્વનિર્ણિત થયેલાં છે. પણ તે પછી ધાર્મિક તહેવારો અને સામાજિક કાર્યોના આયોજનમાં અઠવાડિયના વારનું પણ મહત્ત્વ વિકસતું ગયું અને આજે જુદાં જુદાં દેવદેવીઓની ઉપાસના ને તેનાં વ્રતો-ઉત્સવો વગેરે માટે અઠવાડિયાના જુદા જુદા વારનું મહત્ત્વ વધતું ગયું છે.

એ જ રીતે જ્યોતિષને લગતી ઘણી બાબતોમાં પણ અઠવાડિયાના જુદા જુદા વારનો મહિમા વધી જવા પામ્યો છે. રાત સહિત ચોવીસ કલાકના દિવસના બાર-બાર કલાકના સમયગાળાને આઠ ભાગમાં વિભાજિત કરી ચોઘડિયાં નક્કી કરાયાં છે અને ચોઘડિયાંની લાક્ષણિકતાઓ સ્થાપી તેના શુભ અશુભ પ્રભાવો કલ્પીને દરેક કાર્યના આરંભમાં તેને પણ લક્ષમાં લેવાય છે.



હવે અઠવાડિયાના સાત વાર જનસમાજમાં કેટલા રૂઢ થઈ ગયા છે તે અંગે થોડી માન્યતાઓ જોઈએ.

ખ્રિસ્તી ધર્મની એક માન્યતા પ્રમાણે અઠવાડિયાના સાત વારનો ક્રમ ગ્રહોના નામ ઉપરથી નીચે દર્શાવેલી આકૃતિ પ્રમાણે અસ્તિત્વમાં આવ્યો હોય એમ મનાય છે.

આ સાત કોણ તારક- ને ખ્રિસ્તી ધર્મની માન્યતા પ્રમાણે 'સીલ ઓવ્ સોલોમન' (સોલોમનની મુદ્રા) કહેવામાં આવે છે. આ સપ્તકોણ તારકની રેખાઓ એવું સૂચવે છે કે મનુષ્ય જીવનની શરૂઆત સૂર્યથી થાય છે. ત્યાંથી આરંભાઈને જીવનરેખા ચંદ્ર તરફ લંબાય છે. ત્યાંથી આગળ મંગળ, મંગળથી બુધ, બુધથી ગુરુ, ગુરુથી શુક્ર અને શુક્રથી શનિ સુધી એ લંબાય છે. શનિ એ મૃત્યુની સંજ્ઞા છે. અહીં જીવનનો અંત આવે છે અને પછી તે સૂર્ય તરફ જાય છે, જ્યાંથી જીવનની શરૂઆત થઈ હતી અને સૂર્યથી ફરી જીવનમરણનો સનાતન ક્રમ ચાલુ રહે છે.

"Monday's child has a smiling face.
Tuesday's child is full of grace
Wednesday's child is full of woe
Thursday's child has far to go
Friday's child is loving and giving
Saturday's child works hard for living
But the child that is born on the seventh day
I merry and good in every way.'

વાર અંગે ભારતમાં પણ ઘણી માન્યતાઓ છે એમાંની એક જોઈએ, જે સળંગ વાંચવાથી ઝટ સમજાશે.

રવિ એટલે તેજ, ગભરામણ, ગરમી, ધર્મ પાળવા માટે, પવિત્ર કર્મ કરવા માટે, જે સહન કરે તેને મળે.
સોમ એટલે શીતળતા, શાંતિ આવે, જેને શાંતિ આવે તેનું મંગળ થાય, મંગળ થયા પછી
બુધ એટલે ડાહ્યો માણસ બુધ થવાનો. એ ડાહ્યો થયો એટલે
ગુરુ થવાનો. લોકો એને ગુરુ કરવાના. ગુરુ પછી
શુક્ર થવાનો એટલે સ્વાર્થ કરવા બેઠો તો પછી
શનિ આવવાનો. શનિ એટલે સાડાસાતની પનોતી થવાની.

(કરસનદાસ માણેક)

આમ, આજે તો જીવનનાં લગભગ બધાં જ પાસાં પર આ વિજ્ઞાનના યુગમાં પણ અઠવાડિયાના સાતેય વારનો પ્રભાવ છવાઈ ગયેલો છે. આશ્ચર્ય તો એ છે કે વર્ષ તેમજ મહિનાની ગણના માફક સાત દિવસના સમયના આ માનવસર્જિત નાના એકમને ખગોળની કોઈ પણ ઘટના સાથે કે સૂર્ય-ચંદ્રની ગતિ-કળા સાથે કોઈ સંબંધ ન હોવા છતાં અને એક કાળે જેનું અસ્તિત્વ જ ન હતું એવું આ સાત વારનું અઠવાડિયું આજે તો આપણા ખ્યાલો, માન્યતાઓ, રસનાં અને રોજિંદા કાર્યમાં - વહેવારમાં ઊંડે સુધી વણાઈ ગયું છે. (ક્રમશઃ)

ધ્યાનકથા

તિમિરદર્પણ

બહાદુરભાઈ જ. વાંક

ગુરુ બજુવાના શિષ્ય આપાજીને તેમની સભામાં પ્રશ્નોત્તરી દરમિયાન એક આખાબોલા અધ્યાપકે પૂછ્યું : 'તમે ધ્યાન વિશે વ્યાખ્યાન આપો છો, પણ તમે પોતે ધ્યાનમાં ઊંડા ઊતર્યા છો ખરા? માત્ર તમારા અનુભવને જ ધ્યાનમાં રાખીને આ અંગે સ્પષ્ટતા કરી શકો?'

'ના, હું ધ્યાનમાં ઊંડો ઊતર્યો નથી. મને ધ્યાનનો નહીં, પણ બેધ્યાનનો તો અનુભવ છે જ.'

અધ્યાપકે દલીલ કરી : 'બેધ્યાનનો તો અનુભવ બધાને જ હોય. એનો શું અર્થ?'

આપાજીએ સ્પષ્ટતા કરી : 'ના, એવું નથી. બેધ્યાનનો પણ કોઈને જરાય અનુભવ નથી. અન્યથા ધ્યાન શું છે એની દરેકને ખબર પડી ગઈ હોત.'

અધ્યાપકે પૂછ્યું : 'તો તમે જ કહોને ધ્યાન એટલે શું?'

'બેધ્યાનમાં ઊંડા ઊતરી જવું એ જ તો કદાચ ધ્યાન હશે.' આપાજીએ પોતાનો જ અનુભવ જણાવ્યો.

'બેધ્યાનમાં ઊંડા ઊતરવું એટલે આધિ-વ્યાધિ-ઉપાધિ અને જીવનની કલુષિતતાનો સાક્ષાત્કાર કરવો એ જ ને ? અધ્યાપકે પૂછ્યું.

'એથી પણ વિશેષ. જીવનના પૂરેપૂરા અંધકારનો સાક્ષાત્કાર કરવો.' આપાજી બોલ્યા.

'પણ અંધકારનો સાક્ષાત્કાર કર્યે શું વળવાનું?'

પાછો અધ્યાપકનો પ્રશ્ન.

'જોતાં આવડે તો અંધકાર પણ દર્પણ બની જાય.' ને આપાજીએ ઉમેર્યું : 'અંધકારમાંથી જ જીવનનું બધું રૂપ પ્રકટે છે.'

વળી અધ્યાપકે વ્યંગમાં પૂછ્યું : 'તો તમે જ કહોને - અંધકારમાંથી તમે તમારા જીવનનું કયું રૂપ પ્રકટ થતું જોઈ શક્યા છો?'

'માતાના ગર્ભમાંના અંધકારમાં મેં જોયું છે - મારા ચહેરાનું પહેલા દિવસનું રૂપ!'

ને અધ્યાપક સાવ ચૂપ થઈ ગયો. □

'તારું નામ તો દશરથ'

રમેશ શાહ

દશીઓ કપરકાબી ખખડાવતો નીકળે ત્યારે કેટલાંયને ચાની તલપ જાગી જતી. એક પછી એક એમ ચાના ઑર્ડર લેતો જાય અને હલકભર્યા અવાજે ઑર્ડર લીધાનું જણાવે એટલામાં જ એના ઘરાકોને સંતોષ થઈ જતો. સવાર, બપોર, સાંજ - રોજનો એનો આ નિયમ. એનો 'ટેમ' પણ ચૂકે નહીં. ચા જેવી તલપ બુઝાવનારી ચીજ વહેલી કે મોડી મળે એ કેમ ચાલે? લારીની આજુબાજુ બધે ઑર્ડર લેવા દશીઓ ફરી વળતો. એના ઑર્ડરની ચા પણ એ જાતે જ બનાવતો. ઑર્ડર લઈ, ડાબા-જમણા હાથના વેઢે કેટલા કપનો ઑર્ડર મળ્યો એનો સરવાળો કરી, સ્ટવને પંપ મારી ધમધમાવતો ત્યારે એ લારીનો શેઠ બાજુના બાંકડે બેસી આરામ કરતો.

દશીઓ ઘરાકોમાં પ્રિય હતો એટલો એના શેઠનોય માનીતો હતો. હોય જ ને ! વહેલી સવારે શેઠથીયે પહેલાં હાજર થતો. લારી ફરતાં લગાવેલાં પતરાં એક પછી એક અળગાં કરી ચાની લારી ધોઈ, ચોખ્ખી ચણાક કરી તૈયારી કરતો. શેઠ આવે ત્યારે એમના માટે ચાનો કપ તૈયાર હોય જ. શેઠ પણ એમાંથી બરાબર અડધી કરી અડાળીમાં કાઢી દશીઆને આપતા ત્યારે - આ નિત્યનું હોવા છતાં - એને રોમાંચ થતો.

દશીઆના જીવનમાં રોમાંચ થાય એવું બીજું હતું પણ શું? લારીવાળા શેઠ જ એનો આધાર! દશીઆની પત્ની રવલાને દોઢ વરસનો મૂકીને મરી ગઈ ત્યારે એ ખાલીખમ થઈ ગયો હતો. રવલાને રાખે-સાચવે એવું કોઈ ન હતું. લારીવાળા શેઠે દયા ખાઈને દૂરના કોઈ સગાની દીકરી સાથે એને ફરી પરણાવ્યો ત્યારે બધું થાળે પડી જશે એમ લાગતું હતું.

પણ દશીઆનાં એવાં નસીબ ક્યાં? બીજી બૈરી ફૂવડ તો હતી જ. રવલાને જરા પણ સાચવતી નહીં. રવલાને માર મારી મારી ઢીબેડતી ત્યારે રવલાની જેમ દશીઓ પણ હીજરાતો. જિંદગી જીવવાનું જાણે અકારું થઈ પડ્યું હતું.

ચાની લારીમાં વહેલી સવારથી તે મોડી રાત સુધી સમય પસાર થઈ જતો. દશીઆની ચાના કેટલાયે બંધાણીઓ સાથેના વાતવ્યવહારમાં એને ખૂબ ગમતું. મહીનો પૂરો થાય ત્યારે દુકાને દુકાને ફરી ચાના પૈસાનો હિસાબ કરવા જતો ત્યારે બધા ખુશ થઈને એને બક્ષિસ પણ આપતા.

જીવનના આવા ચડાવઉતારમાં વર્ષે વર્ષે શિયાળો આવે એની રાહ એ ખૂબ આતુરતાથી જોતો. એની લારી નજીકની શાક માર્કેટમાં દર વરસે રામાયણની કથા થતી. રોજ રાત્રે થતી આ કથા મહિનો સવા મહિનો ચાલતી. કથાકાર બાપજી અને એમનો રસાલો મારકેટની એક ખાલી દુકાનમાં ઉતારો કરતા. કથા રાત્રે મોડેથી થતી. દિવસ આખો આરામ કરતા કથાકાર દશીઆની ચાની લહેજત કલાકે કલાકે માણતા. દશીઓ પણ જતાં-આવતાં ક્યારેક ટેસમાં આવી જઈને બાપજીને ચા પીવરાતાં ઊભે પગે બેસીને વાતે વળગતો. ગઈ કાલે થયેલી કથામાંથી કાંઈ ને કાંઈ પૂછતો રહેતો. ઘણી વાર તો બપોરે જમીને આડે પડખે થયા હોય ત્યારે દશીઓ એમની પાસે પહોંચીને પગ પાસે બેસી જતો. ભક્તિભાવથી બાપજીના પગ પણ દાબતો. બદલામાં એને એટલું બધું સાંત્વન મળતું કે એના ક્લેસમય જીવનમાં પણ ઈશ્વરનો કાંક સંકેત છે એમ સમજતો થયો હતો. દશીઆને બધા દશીઓ કહેતા પણ કથાકાર બાપજી તો એને કહેતા - તારું નામ દશરથ છે. બાપજી એને દશરથ કહી બૂમ પાડતા ત્યારે એ મનમાં ફુલાતો પણ ખરો.

ઘરમાં તો રહેતો રાતનાં થોડા કલાક, પણ ફૂવડ બૈરીનાં કારનામાં સાંભળી એના કાન પાકી જતા. કથામાં સાંભળેલાં મધ જેવાં આખ્યાનમાં જાણે ઝેરનાં ટીપાં ભળતાં. રવલો નવી માના હાથે ટીપાઈ ટીપાઈને દશ વરસનો થયો હતો. એનું આ દુનિયામાં કોઈ નથી એવું એને સતત લાગતું. છતાં બાપા જ્યારે લાચાર નજરે એની સામે જોયા કરતા ત્યારે મનમાં ટાઢક વળતી. બાપની આ અમી નજર તળે એ મોટો થયો હતો. ન સહન થાય એવો નવી માનો ઢોરમાર સહન કરી લેતો, પણ ઉંમર વધવા સાથે સ્વતંત્ર મિજાજી થતો ગયો. હવે સોળસત્તર વર્ષનો થયો ત્યારે ક્યાંક કામે વળગી ગયો હતો. થોડું કમાતો પણ ખરો. આવડા મોટા જુવાનને મા મારઝૂડ કરતી, કોઈ જાતની દરકાર રાખતી નહીં એ એને ખૂબ કઠતું. એટલે તો એ દિવસોના દિવસો ઘર બહાર દોસ્તારોને ત્યાં પડ્યો રહેતો. ઘણી વાર તો મહિના મહિના સુધી ઘરમાં પગ પણ મૂકતો નહીં.

આ શિયાળે દિવસ આખો કામ કરી, રાત્રે કથામાંથી મોડે મોડે દશીઓ ઘરમાં આવે ત્યારે ઘર જાણે ખાવા ધાતું. રવલાને ખોળવા અંધારામાં ઠાલાં ફાંફાં મારતો. પથારીમાં આમતેમ પડખાં ઘસી જેમતેમ એની સવાર પડતી. વળી સવારે ઊઠી લારીના કામમાં ગૂંથાઈ જતો. દિવસ આખો દિલ દઈને કામ કરી રાત થતાં બાપજી પાસે પહોંચી જતો. કથાકાર એને આગળ બેસાડતા અને આરતી થયા પછી આરતીની થાળી ફેરવવા દશીઆને જ બોલાવતા. થોડી વાર પછી કથા શરૂ થતી. 'કાલે કથા ક્યાં સુધી કહી'તી....' એમ ગાનથી રોજની કથા શરૂ થાય. શિયાળાની કડકડતી ઠંડીમાં બધા શાલધાબળા ઓઢી પાસે પાસે બેસતાં તો પણ મારકેટનો ચોક ખીચોખીચ ભરાઈ જતો. દશીઓ પણ તન્મય થઈ ભક્તિભાવે રામકથા સાંભળતો.

ગઈ કાલથી સહુ શ્રોતાઓ સ્તબ્ધ હતાં. હજુ બે દિવસ પહેલાં શ્રીરામ રાજા બનવાના હતા એનો આનંદઉત્સવ અયોધ્યાનાં પ્રજાજનો ઊજવી રહ્યાં હતાં. કોને ખબર હતી કે


(અનુસંધાન પૃ.૭૬૫)

માર્કેટ અને મંદિર

સંમુખ સાગરમઠ-૮



— પ્રીતિ સેનગુપ્તા —



ડ્રેપુન્ગ બૌદ્ધવિહારની ગૂંચવણ ભરેલી ભુલભુલામણીમાં થતાં થતાં નીચે જતાં બહુ સાચવવું પડતું હતું. બધી બાજુ પુરાણા, ઘસાઈને લપસણા બની ગયેલા આડા-અવળા નાના-મોટા, ઊંચા-નીચા પથ્થરો હતા, અને હાથમાં, ખભા પર કેટલીયે ચીજો. માંડ સમતોલન રાખી શકાતું હતું.

જમવાના સમયે હોટેલ પર પહોંચી ગયાં. થોડી શરદી સિવાય બીજી કોઈ વ્યાધિ રહી નહોતી, પણ મારે કશું ખાવું નહોતું. જૂથમાંનાં ચારેક જણ સાથે હું ચાલવા નીકળી પડી. થોડે જ દૂર નોર્બુલિન્ગકા પ્રાસાદ હતો - દસેક મિનિટ થાય ચાલીને જતાં. તડકો સરસ હતો, હવા હૂંફાળી હતી, ચોખ્ખી અને સૂકી હતી. પણ પરંપરાગત દલાઈ લામાઓ માટેનો ગ્રીષ્મપ્રાસાદ બપોરના સાડા ત્રણ વાગ્યા સુધી બંધ હતો. જોકે આસપાસનો ઉદ્યાન-પરિસર ટહેલવા માટે ખુલ્લો હતો. કેટલાંયે સ્થાનિક લોકો પણ ફરવા નીકળેલાં. મોટા ભાગનાં કુટુંબો સાથે એક એક જ બાળક હોય - ભાગ્યે જ બે. ચીની સરકારની એક બાળકની નીતિ વીસ-પચીસ વર્ષથી રહી છે. તે તિબેટમાં પણ જોવા મળી.

બાગના વિસ્તારમાં પાઈન, સાઈપ્રસ, બર્ચ, ઓક જેવાં ઠંડા પ્રદેશનાં વૃક્ષ ગીચોગીચ ઊગેલાં હતાં. ક્યારામાં ઘણાં ફૂલો પણ ખીલેલાં હતાં. એ જગ્યા તિબેટમાંની તો લાગે જ નહીં. એક ભાગમાં આહારગૃહ હતું. બહાર ખુલ્લામાં એક બહુ લાંબું ટેબલ મૂકેલું. એના પર કેટલાંયે વાસણ પડેલાં, અને ઘણાં જણ જમી પણ રહ્યાં હતાં. બાકી તો, પ્રાસાદની ચોતરફ ઊંચી, સફેદ ધોળેલી દીવાલ હતી. એમાં વચ્ચે સરસ, રંગીન શોભાવાળાં, ઢળતાં છાપરાં અને ગોખથી યુક્ત પ્રવેશદ્વાર હતાં. પહેલાંના જમાનાની જાહોજલાલી સાચવી રખાઈ છે, અને એને 'સાંસ્કૃતિક રાષ્ટ્રરત્ન'નું નામ પણ અપાયું છે, પરન્તુ એના જીવને તો ગૂંગળાવી દેવામાં આવ્યો છે. પ્રાસાદના ઉત્તરાધિકારી એવા સાંપ્રત દલાઈ લામાને ક્યાં છૂટ છે ત્યાં પગ મૂકવાની?

હોટેલમાં પાછાં જતાં પહેલાં એની સામે થયેલી બે દુકાનોમાં આંટો માર્યો. ત્યાં થાન્ગ્કા વેચાતા હતા. બંનેમાંનાં દુકાનદારો - ચાર યુવાન સ્ત્રીપુરુષો - એકની અંદર બેઠાં બેઠાં પત્તાં રમી રહ્યાં હતાં. કોઈએ અમારી સામે જોયું નહીં, કે કશું બતાવવા કોઈ ઊઠ્યું નહીં. થાન્ગ્કા ખૂબ જ મોંઘા હતા - નેપાલમાં હોય છે એનાથી પણ વધારે મોંઘા. કદાચ અમે એ ચારને કશું ખરીદીએ એવાં નહીં લાગ્યાં હોઈએ! પણ હોટેલની બહાર ફૂટપાથ પર વસ્તુઓ પાથરીને વેચવા બેઠેલાંનું વર્તન સાવ જુદું જ હતું. એમાં બહુ અધીરાઈ અને જબરાઈ રહેતાં. પેલાં ચાર તો પગારદાર હતાં. જ્યારે આ લોકોનું તો જીવન વેચાણ પર નિર્ભર હશે. એથી, વસ્તુ તમે તરત ને તરત ખરીદો એવી એમની અપેક્ષા રહેતી. તમે હજી જોતાં હો, વિચારતાં હો. ને એ લોકો તમારી પાછળ પડી જાય. તમે ના ખરીદો એટલે ચિડાય ને ગાળો ભાંડવા માંડે. લઈ લઈને કેટલું ખરીદાય? અને વસ્તુઓ જોવાનું કુતૂહલ તો થાય જ ને? પણ એ પછી મેં એમની પાસે ઊભાં રહેવાનું, ને વસ્તુઓ સામે જોવાનું જ બંધ કરી દીધું.



પિરોજાથી આભૂષિત તિબેટી સ્ત્રી

જોક મારે એ સ્ત્રીઓ સામે જોયું હતું. ગોળ, ચપટાં લાલ મોઢાં, ઝીણી આંખો, ગુલાબી ગાલ અને ગળામાં ને વાળમાં મોટાં મોટાં પરવાળાં તથા પિરોજાનાં ચકતાં. કેમેરા જુએ ને મોઢું ફેરવી લે, અથવા હાથથી ઢાંકી દે. બહુ સિફતથી ઝડપથી ફોટા લેવા પડે, ને એવી તક બહુ મળે નહીં. આ સ્ત્રીઓ મને જુએ એટલે હાથમાં વસ્તુઓ લઈ પાસે દોડી આવે, ને 'નેપાલી, નેપાલી' કરી મૂકે. હું જોરથી માથું હલાવી 'ઇન્ડિયન, ઇન્ડિયન' કહ્યા કરું, પણ બીજે દિવસે પાછું એનું એ'

લ્હાસા શહેરના જૂના ભાગ તરફ જવાને રસ્તે નવા શહેરનાં ઊંચાં, આધુનિક મકાનો થયાં છે. બે રાક્ષસી કદનાં યાક પ્રાણીનાં સોનેરી રંગેલા શિલ્પ મૂકેલાં છે. યાક તિબેટની પ્રજાની જીવાદોરી સમાન છે. ગાય, બળદ, ભેંસ, ગધેડું, ઘોડો વગેરે પ્રાણીઓના કામમાં આવે તેવા બધા ગુણો યાકમાં સમાયેલાં છે. પણ એ શિલ્પ ઘણું અજુગતું લાગતું હતું. એમાં ચીની સરકારની કૃત્રિમ આધુનિકતા દર્શાવવાની વૃત્તિ સ્પષ્ટ થતી હતી.

એ પછી તરત લ્હાસાના પ્રાચીન પશ્ચિમ નગરદ્વારની ઇમારતના ભગ્નાવશેષ હતા - ખરેખર તો માટીના સૂના ટેકરા જ રહ્યા હતા. એ પણ ચીનના દયાહીન પંજાનો જ પ્રતાપ. ૧૯૫૯માં આ સ્તૂપમંડિત પ્રવેશપથનો વિનાશ કરીને માર્ગ પહોળો કરવામાં આવ્યો. ડાબી તરફ, એક ટેકરા પર આરૂઢ હતો વિશ્વવિખ્યાત, જાજ્વલ્યમાન પોટાલા પેલેસ. સફેદ દીવાલો પર મરૂન પટ્ટીઓની શોભા. ઝીણી ઝીણી અગણ્ય બારીઓ. એ બધા મઠવાસીઓનાં રહેઠાણના વિભાગ હતા. મધ્યમાં રહેલો, સંપૂર્ણ મરૂન રંગેલો ઉચ્ચ સ્થાપત્યાંશ તે શ્રીદલાઈ લામાના નિવાસ માટે હતો. ચાલીસ વર્ષથી તો એ ખાલી છે, કારણ કે એના વિમલ અધિવાસી તો દેશનિકાલ થયેલા છે.

આખરે મને પોટાલાનાં દર્શન થયાં. તસ્વીરોમાં એને વર્ષોથી જોયેલો. નજરોનજર એને નિહાળવા માટે તો ખાસ તિબેટ જવાનું મન હતું. પછીના દિવસે એની અંદર જવાનો વારો આવવાનો હતો. આજે તો લ્હાસાના જૂના ભાગમાં જવાનું હતું. એ તરફ ભીડ ઘણી હતી. પાછો રવિવાર હતો! જમણી બાજુ ખૂબ જ મોટું પથ્થરજડેલું પ્રાંગણ હતું, અને ફરવા આવેલાં લોકોથી ઉભરાતું હતું. એને એક છેડે ખાવાની ઘણી લારીઓ ઊભેલી હતી. દરેક પર એક એક ખુલ્લી છત્રી હતી. લારીવાળાઓની એ લાક્ષણિકતા હશે. પાસે નાનું એક તળાવ હતું. એમાં થોડી 'પૅડલ-બોટ્સ' ફરતી હતી.

મુખ્ય રસ્તા પરની દુકાનોનાં નામ હંમેશાં તિબેટી અને ચીની લિપિઓમાં તો રહેતાં જ, પણ ક્યારેક અંગ્રેજી અક્ષરોમાં પણ જોવા મળતાં. ત્યારે 'ક્લાઉડ એન્જલ પૅરેડાઈઝ રેસ્તુરાં' અને 'સનલાઈટ રેસ્તુરાં' જેવાં નામ નોંધેલા. જૂના ભાગમાં એવી કોઈ દુકાનો હતી નહીં. એ હતો બર્ખોર બજારનો વિસ્તાર. જાહેર મિનિબસો અને નાની ટૅક્સી તરીકે ફેરવાતી નાની



તિબેટનું સૌથી પવિત્ર ધામ લ્હાસામાં જોખાન્ગ મંદિર

મોટરો અહીં અટકી જતાં હતાં. આગળ ગલીઓમાં જવા માટે સાઇકલ-રિક્ષાઓ તૈયાર હતી. મોટા ભાગનાં લોકો લાક્ષણિક, પ્રથાગત પોષાક પહેરેલાં હતાં. જાડાં, ઘેરા કથ્થાઈ કપડાં. સ્ત્રીઓનાં માથા પર 'બોર' (દામણી)ની જેમ કેસરી પરવાળાં અને પીરોજાના મોટા ટુકડા જોવા મળતા હતા. કેટલાક પુરુષો, તેમજ સ્ત્રીઓએ માથા પર હૅટ પહેરેલી. મને બોલિવિયા યાદ આવી ગયું. ત્યાંની તળજાતિનાં સભ્યોમાં તો એ પ્રથા પૂરેપૂરી દૃઢ બનેલી છે. અંગ્રેજ શાસકોની એ અસર છેક તિબેટ સુધી પડી હશે, એનો ખ્યાલ આ પહેલાં નહોતો.

'બર્ખોર'નો અર્થ 'મધ્યવર્તુળ' જેવો થાય છે. વચ્ચે આવેલા જોખાન્ગ મહામંદિરની પ્રદક્ષિણા કરવા માટેનો એ માર્ગ હતો, જે કાળક્રમે ધીકતા બજારનો પોષક બની ગયો. અત્યારે બર્ખોર જૂના લ્હાસાનું ધાર્મિક તેમજ ધંધાકીય કેન્દ્ર છે. નાની નાની અસંખ્ય હાટડીઓનું બજાર ત્યાં રોજ ભરાય છે. સ્થાનિક પ્રજા માટે રોજિંદી ચીજો, કપડાં, બૂટ, ઉપરાંત પૂજાપો, હાથમાં ફેરવવાની માળાઓ.ને ધર્મગુરુઓના ફોટા ગીચોગીચ ભરેલાં હતાં. જે થોડાંઘણાં પ્રવાસીઓ આવે, એમને માટે ખોટાં ઘરેણાં ને મૂર્તિઓ પણ થોડી હાટડીઓ વેચતી હોય. મંદિરની સામેના ચોગાનમાં એક તરફ લાઈનસર ટેબલો ગોઠવેલાં. એ બધાં પર અગણિત સફેદ ઉપરણા તથા પાંચ રંગના - સફેદ, ભૂરા, પીળા, લાલ, લીલા - પ્રાર્થનાધ્વજ લટકાવેલા. દરેક યાત્રાળુ આ તો ખરીદવાનો જ.

જોખાન્ગ મહામંદિર આખા તિબેટમાં સૌથી પવિત્ર ગણાય છે. લોકોને એને માટે એટલી હદ સુધી શ્રદ્ધા અને ભક્તિભાવ છે કે બંધ દ્વારની સામે બેસીને ધ્યાન, મૂક પ્રાર્થના અને દંડવત્ પ્રણામ કરતાં રહે છે. પ્રણામ કાંઈ એક કે બે વાર નહીં, પણ સો વાર, હજાર વાર, અરે દસ હજાર વાર સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પણ લોકો કરે છે. એ માટે એક પાતળી ગોદડી

હોય. અને હથેળીઓ સાવ છોલાઈ ના જાય એ માટે હાથમાં બે સપાટો હોય. આજુબાજુ કશા પર નજર નહીં. જીવ ફક્ત ઈશ્વરોપસ્થિતિમાં. મંદિરની અંદર જવાનું સહેજ પાછળ થઈને. ત્યાં પણ, કોઈને વચ્ચે ના આવે તેમ, તિબેટી સ્ત્રીઓ અનવરત દંડવત્ કર્યા કરતી જોવામાં આવતી હતી.'

આ મંદિર, સાતમી સદીમાં, નેપાલી રાણી ભ્રિકુતિને દહેજમાં મળેલી અક્ષોભ્ય બુદ્ધની પ્રતિમાના પ્રતિષ્ઠાન માટે બનાવવામાં આવેલું. તિબેટીમાં એ અવતાર 'જોવો મિક્યો દોર્જે' તરીકે ઓળખાય છે. ભ્રિકુતિના પિતાને એ પ્રતિમા બંગાળના એક રાજાએ આપેલી, અને એમ માનવામાં આવે છે કે એના શિલ્પી હતા વિશ્વકર્મા પોતે. ચીની ઊથલપાથલ દરમિયાન કેટલાંયે વર્ષો એને સંતાડી રાખવામાં આવ્યું હતું. મુખ્ય ગર્ભગૃહમાં વિરાજમાન 'જોવો'ની દિશામાં રહીને જ કરાતા હોય છે સર્વ દંડવત્ પ્રણામ.

પચીસ હજાર ચોરસ મીટરના પરિમાણમાં મંદિર વિસ્તૃત છે. એના ચાર માળમાં અતિ અનેક ખંડો છે - ધ્યાન ને પ્રાર્થના માટેના રિક્ત ખંડ, ભક્તિ માટેના મૂર્તિ સાથેના ખંડ, લામાઓને રહેવા માટેના ખંડ તથા વિધવિધ દેવતાઓ માટેના ખંડ. વચ્ચે આવતા, થાંભલાઓથી યુક્ત વરંડાઓમાં છાંયામાં બેસી પાઠ કરતા કિશોર લામાઓ દેખાય. છેક ઉપર અગાશી.

એની એક બાજુ સોનેરી સુશોભિત છત્રશિખરોની નીચે તરફ, વૃદ્ધ લામાઓનાં રહેઠાણની બહાર, કુંડામાં ને ઘીતેલનાં પતરાંના ડબ્બામાં ખૂબ ફૂલો ઊગાડેલાં હતાં - પીળાં ગલગોટા, લાલ જરેનિયમ. કેવાં સંવેદન હશે, ને કુમાશ હશે એમનાં હૈયામાં - ઉજ્જડ ભૂમિમાં અને કઠોર શાસનમાં રહ્યે રહ્યે પણ!

અંદરના પ્રાંગણમાં થઈને આગળ જતાં, પ્રવેશ પાસે એક તરફ પાંચ ભયંકર રાક્ષસનાં પૂતળાં છે, ને બીજી તરફ ત્રણ કરુણામય નાગનાં સ્વરૂપ છે. આ બધાંનો આવિર્ભાવ મંદિરના ખાતમૂહુર્તને સમયે થયેલો. એમને શાંત પાડ્યા પછી કાળાંત સુધી મંદિરના દેવત્વની રક્ષા કરવાનું વચન એમની પાસેથી પ્રાપ્ત થયું હતું. ચોરસ મુખ્યખંડની અંદર પંદરેક સ્થાનક છે જેમાં તારા, સરસ્વતી ને વિજયા જેવી દેવીઓ તથા અવલોકિતેશ્વર, પદ્મસંભવ, મૈત્રેય, અમિતાભ ઇત્યાદિ અનેક બુદ્ધાવતારની પ્રાચીન પ્રતિમાઓ હતી. તદુપરાંત, કેટકેટલાં ચિત્રો, થાન્કા, જાજમો, ને ભિત્તિકળાથી ખચિત હતી એ સમગ્ર જગ્યા. પણ પ્રકાશ કેવળ ટમટમતા દીપકોથી મળતો હતો, તેથી કેટલી બધી સૂક્ષ્મ વિગતો ચૂકી જવાતી! છતાં જોવાનું એટલું બધું રહેતું કે જોતાં રહીએ ને જોવાનું પૂરું જ ના થાય.

અગાશીમાં પ્રહોંચ્યા પછી ચોતરફ સરસ દશ્ય દેખાતાં હતાં. એક તરફ મંદિરનાં સોનેરી છત્રશિખરો; તથા બૌદ્ધ ધર્મચક્ર ને બે બાજુ અક્કેક હરણનાં લાક્ષણિક આકાર; બીજી તરફ બર્ખોર બજાર ને દૂરસ્થ, ઉચ્ચસ્થ પોટાલા પ્રાસાદ, ને ત્રીજી તરફ ઊંચા પર્વતોનો લીલોભૂખરો પથરાટ. અગાશીમાં ચાના ગરમ પાણીની એક નાની હાટડી કરેલી હતી. થોડી ખુરશીઓ ને પ્યાલા મૂકવા માટે વચ્ચે એક પાટ. ત્યાં એક લામા બેઠેલા. એ થોડાં વર્ષ દહેરાદૂન રહેલા, ને થોડું હિન્દી બોલતા શીખેલા. છેલ્લા ત્રણ મહિનાથી તિબેટ પાછા ફરેલા. વાત કરતાં કહે, 'અહીં આ કરાય ને આ ના કરાય - એવાં નિયમો ને નિયંત્રણો બહુ છે.' ભક્તિને ખાતર એવાં કેટકેટલાં જણે મુક્તિને જતી કરી હશે?

નીચે બહાર સૂરજ હતો, ને તડકો ખરો, પણ ગરમી નહીં. 'મધ્યવર્તુળ' પર વસી ગયેલી માર્કેટમાં અમે પણ પ્રદક્ષિણા કરી. ઘણી ભીડ. ખરીદવા જેટલું કશું ગમતું નહોતું. પણ જોવા ઊભાં રહીએ તો આ દુકાનદારો પાછળ પડી ના જતાં. ને ખરીદીએ નહીં તો ચિડાઈ નહોતાં જતાં. એ બધાં ચીની હતાં, તિબેટી નહીં. વળી, ચીનીઓ મને ઈન્ડિયન તરીકે ઓળખી જતાં હતાં, એમ મેં નોંધ્યું. જ્યારે તિબેટીઓ મને 'નેપાલી' કહ્યા કરતાં હતાં.

માર્કેટમાં ફરતાં ફરતાં મેં હિન્દી ભાષા સાંભળી - અચાનક. સંવાદો હતા. કદાચ રેડિયા પર કોઈ હિન્દી ફિલ્મ ચાલતી હતી. પછી ગીત શરૂ થયેલું. નાના ઘરના ઓરડામાંથી આ 'મનોરંજક' અવાજ આવતો હતો. હું અંદર ના ગઈ. એમ કાંઈ દખલ થવાય? હિન્દી ફિલ્મોની ટેવ ચીનીઓને છે - તિબેટીઓને નહીં. (ક્રમશઃ)

અનુ.। તારું નામ તો દશરથ ।પૃ. ૭૬ રથી

આ રંગમાં ભંગ પડશે? હતોત્સાહ રાજા દશરથ પુત્ર વિના ટળવળે છે એ પ્રસંગનું હૃદયદ્રાવક વર્ણન થઈ રહ્યું છે. કથાકાર પણ ક્યારેક ગદ્ગદ થઈ જાય છે. શ્રોતાઓમાંથી તો ડૂસકાંના આવાજ શમતા નથી! દશીઓ તો સાવ ભાંગી જ પડ્યો.

મોડી રાત્રે કથા અટકી. આ પ્રસંગનું વર્ણન કાલે પણ ચાલુ રહેશે. શ્રોતાઓ ગમગીન પગલે વિખરાયાં. દશીઓ પણ ભારે હૈયે ઘરે જવા ઊપડ્યો. તન અને મન બન્ને જાણે રોગગ્રસ્ત બન્યાં હતાં. આખી રાત ઊંઘ ન જ આવી. અજંપામાં કણસતો રહ્યો.

સવાર પડી. રોજની એની રામાયણ પણ શરૂ થઈ. કપરકાબી ખખડાવતાં ખખડાવતાં ચાના ઓર્ડર લેવા દુકાને દુકાને ફરી વળ્યો. ઘરાકોની ચાની તલપ છિપાવી, પછી એક મોટી કિટલીમાં ગરમાગરમ ચા ભરી એ બાપજી પાસે પહોંચી ગયો. આજે બાપજી ચા કરતાં દશિઆને જોવા [illegible] થયા દેખાતા હતા. દશીઓ નીચી નજરે કપમાં ચા રેડતો [illegible] માંથી આંસુઓની ધાર થતી હતી. બાપજીના હાથમાં ચા આપી ગદ્ગદ અવાજે બોલ્યો : 'બાપજી હું દશીઓ ચાવાળો જ ઠીક છું. મારે દશરથ નથી થવું.' ◻

હું અને મારો મહોલ્લો

પ્રફુલ્લ રાવલ

ભૂલવા મથું છું તો પણ હું મારા મહોલ્લાને ભૂલી શકતો નથી. અડધી સદીનો નાતો જલદી કેવી રીતે વિસરાય! મહોલ્લો સતત જૂનાં સ્મરણો સાથે હલ્લો કરે છે. પછી જાણે મને થોડીવાર વળગી પડે છે. હું મહોલ્લાને વળગી પડું છું. જેમ ભૂલું પડેલું બાળક માતાને જોઈને વળગી પડે તેમ! પછી હું મારી જાતને મહોલ્લાથી છોડાવવા મથું છું. પણ હું છોડાવી શકતો નથી; જો કે છોડાવવાનો મારો પ્રયાસ પણ પોકળ છે. હું મનથી મહોલ્લાને મારી જાતને અળગી કરી શકતો નથી. આમ તો હું મહોલ્લાથી વિખૂટો પડી ગયો છું. જાણે ત્યક્ત છું! છતાંય મનથી હું મહોલ્લામાં જ છું. કેટકેટલી ઘટનાઓ મનદ્વારે દસ્તક દે છે! કોને પકડું અને કોને છોડું! એકને પકડું ત્યાં બીજી સરકે. બીજી પકડું ત્યાં ત્રીજી છટકે. પ્રત્યેક ટકોરે હું વ્યાકુળ થાઉં છું. આ મીઠી વ્યાકુળતા મને આંદોલિત કરે છે. મહોલ્લાનો આખો અસબાબ મને છાલક માર્યા કરે છે અને હું છોળાઉં છું.

મહોલ્લો એટલે મહાશાળા. જીવનના બધા જ પાઠ શીખવતી ખુલ્લી નિશાળ. અહીં મન ખુલ્લું હોય તો ઘણું ખુલ્લું શીખાય છે. હું મહોલ્લામાંથી ઘણું શીખ્યો છું - શીખવા જેવું અને ન શીખવા જેવું. સારું-નરસું. અહીં પાટીપેન વગર એકડો શીખાય છે. અને વગર ચોપડીએ વાંચતા પણ શીખાય છે. ચેષ્ટાની ભાષાઓ મહોલ્લો જ શીખવે. અને પછી ખબર પડે કે આપણી પાસે એક ધબકતું હૃદય પણ છે. ક્યારેક એ હૃદય ખોડંગાય પણ ખરું. અને મહોલ્લામાંથી જ કોઈ ભેરુ ભૂલી જવાની શીખ દે. ખોડંગાયેલું હૃદય વળી બધી શોધ આદરે.

મહોલ્લાનું જીવન એટલે સહિયારી યાત્રા, સહિયારું સુખ, સહિયારું દુઃખ, સહિયારો આનંદ અને સહિયારી વેદના. અહીં એકના સુખે સહુ સુખી, એકના દુઃખે સહુ દુઃખી. કોઈની ભેંસ મરે તો આખો મહોલ્લો રડે. કોઈને ત્યાં પુત્ર જન્મે તો આખો મહોલ્લો હર્ષ પામે. અહીં એકલતાને અવકાશ જ નથી. માટે જ મારે ક્યારેક ભીડમાં એકલતા શોધવી પડી છે.

મહોલ્લાએ કાયમ ગુણાકાર શીખવ્યો છે, સરવાળો શીખવ્યો છે; બાદબાકી કે ભાગાકાર નહીં. અહીં સુખનો માત્ર ગુણાકાર થાય છે, દુઃખનો ભાગાકાર કે બાદબાકી. શેષ રહે છે આનંદ. માટે જ હું મહોલ્લાને આનંદધામ માનું છું. મહોલ્લામાં ઝઘડા પણ થાય. પરન્તુ બીજી સવારે બધું જ ગાયબ.

લગ્નનાં ઈતર આનંદ તો નિજી વાત થઈ, પરન્તુ મહોલ્લામાં લગ્ન એટલે ઉત્સવ. મનભરી લગ્ન માણ્યાં તે મહોલ્લામાં. ઢોલ ઢબૂકે અને આખો મહોલ્લો રંગે ચડે. પતાસાં વહેંચાય. સમૃદ્ધ ઘર હોય તો ખારેક વહેંચાય. દોથો ભરીને આપે. ક્યાંય પ્રમાણ નહીં. સહુના હૈયે આનંદ એવો કે ક્યારેક નવા આગન્તુકને ખબર જ ન પડે કે લગ્ન કોને ત્યાં છે. સહુને મંગલ પ્રસંગ. સહુનું મન મંગલ. અને મૃત્યુ... મૃત્યુ ટાણે પણ આખો મહોલ્લો રડે. હવે રડવાકૂટવાનું લગભગ બંધ થઈ ગયું છે. પરન્તુ ચાર દાયકા પહેલાં મૃત્યુ ટાણે મરશિયાં ગવાતા. કાળા સાડલા પહેરીને સ્ત્રીઓ છાતી કૂટતી. મહોલ્લો શોકના દરિયામાં ડૂબી જતો. પણ પછી જેના ઘરે મૃત્યુ થયું હોય તેને જમાડવાની વ્યવસ્થા પણ મહોલ્લો જ કરતો. આમેય વાટકી વ્યવહાર એ મહોલ્લાનું આગવું પાસું ગણાય. ઘરમાં કંઈક સારું બનાવ્યું હોય તો પાડોશીને ત્યાં આપવા જવાનો રિવાજ. અમારો મહોલ્લો તો નાનો હતો એટલે કુટુંબ જેવું લાગતું. નાનપણમાં ઘણી વાર તો પાડોશીને ત્યાં જમી લીધું છે. મહોલ્લામાં માગવું એ સહજ હતું. માગનાર માગે હકથી, અને આપનાર આપે ભાવથી.

મહોલ્લામાં તહેવારની ઉજવણી પણ સહિયારી થતી. તહેવારો જીવતા લાગતા. હું નાનપણમાં એક તહેવાર પૂરો થતો કે બીજાં તહેવારની તારીખ જોઈને પ્રતીક્ષા કરતો રહેતો. દિવાળીના દિવસોમાં મહોલ્લામાં રંગોળીની ભાતીગળ છાબ પથરાઈ જતી. દરેકનું આંગણું રંગોળીથી સુશોભિત થઈ જતું. ક્યારેક રંગોળી બનાવવાની સ્પર્ધા થતી. છતાંય રંગ ખૂટે તો પાડોશીને ત્યાંથી લઈ આવતા.

કાલાંટાણીમાં સાંજે કોઈની ધડી ન થતી તો પોતાની નવી ધડી બાજુએ રાખીને પણ આખો મહોલ્લો કાલાં ફોલાવે. સાંજે ધડીના પૈસા સહુના ઘરમાં આવી જવા જોઈએ. અર્થમાં અનર્થ ન ચાલે. મહોલ્લામાં પૈસાદારના ઘર હોય તો પણ ધૂળેટીમાં સહુ સરખા. રંગ સહુને રંગીન બનાવી દે. નવરાત્રિમાં ગરબો તેડાય. પાડોશીઓને ત્યાં પુત્ર જન્મે એની બાધા રખાય. સહુનાં ઘર અલગ અલગ. પણ મન એક. મહોલ્લાએ વિચારભેદની પૂરી તક આપી છે, પણ મનભેદ થાય તેવી કોઈ સ્થિતિ સરજી નથી. મહોલ્લામાં મતભેદનું કોઈ ગણિત ખપ ન લાગે.

વર્ષમાં એક વાર આખા મહોલ્લાની સ્ત્રીઓ ટાઢું ખાવા જાય. સાથે નાનાં બાળકો હોય. ત્યારે સ્ત્રીઓની રંગીનતા સોળે કળાએ ખીલે. કોઈ નવોઢાના નામે જાતીયતાનું જ્ઞાનઅજ્ઞાન છતું થાય. થોડીક મીઠી કૂથલી પણ થાય. પરન્તુ રસ માત્ર આનંદનો. નિર્દોષ આનંદ એ મહોલ્લાની ખાસિયત.

યુવાન થતાં મહોલ્લો નાનો લાગવા માંડ્યો. નવી દુનિયા જોઈ. બહારનું જગત જોયું. બદલાતા સમયમાં મહોલ્લાનું રૂપ બદલાયું. જૂનાં માણસો ખસતાં ગયાં અને નવાં આવતાં ગયાં. છતાંય મહોલ્લાની ગરિમા તો એવી જ રહી.

મહોલ્લામાં રાત સિવાય મારા ઘરનું બારણું વસાતું નહીં. ઘરમાં હોઉં તો પણ ફળિયું વળગેલું રહેતું. અત્યારે એ ફળિયું શોધું છું. મહોલ્લો શોધું છું. મહોલ્લા વચ્ચેનો તુલસીક્યારો શોધું છું. મહોલ્લાના નાકે આવેલું શિવમંદિર શોધું છું. મહોલ્લા માટે ઝૂરું છું. હું મહોલ્લામાં નથી રહેતો એ ખ્યાલે મારી જાતને

(અનુસંધાન પૃ.૭૭૫)

સંગીતશાસ્ત્ર - ૩૨

ડૉ. હસુ યાજ્ઞિક

સાંગીતિક કૃતિનું સ્વરૂપ

આજે કોઈ પણ રાગને ગાયનમાં કોઈ સાહિત્યકૃતિનો યત્કિંચિત આધાર લઈને રજૂ કરવામાં આવે છે. વાદનમાં આધાર શબ્દને બદલે કેવળ સ્વરનો જ હોય છે. દરેક રાગના સ્વરમાં જ કોઈ શબ્દબદ્ધ રચનાનો આધાર લેવામાં ન આવે તો પણ, રસનિષ્પન્ન કરવાની, ભાવસંવેદન જગાડવાની શક્તિ છે. શબ્દ હોય, કોઈ સાહિત્યની શબ્દાર્થવાળી કૃતિ હોય છે, ત્યારે ગાયકને અને ભાવકને એના ભાવસંવેદનની વિશેષ દિશા મળે છે, આધાર કે ટેકો મળે છે. પરંતુ એ રીતે સંગીત માટે, શબ્દનો આધાર લેવાનું ઉપયોગી છે, અનિવાર્ય નથી. તરાના જેવા ગાયનના પ્રકારમાં માત્ર અક્ષરો અને એના બનેલા શબ્દો છે, જેને કોઈ પ્રકટ એવો અર્થ નથી પરંતુ લયને ઢાળવામાં, વિવિધ સ્વરજૂથોના ઉતારચઢાવમાં એ સહાયક બને છે, એટલું જ. એ રીતે કોઈ વાદ્યની ગતમાં તો કોઈ જ શબ્દ ને એના અર્થ હોતા નથી. પ્રકટરૂપમાં તો એમાં સ્વર પણ નથી, એનું સ્વરૂપ જ છે, અવાજની નિશ્ચિત ઊંચાઈ જ છે. અને એનાં લયયુક્ત સંયોજનો ભાવાનુભૂતિ કરાવે છે. બાંસુરી, ગિટાર, સિતાર, દિલરૂબા, શહનાઈ, સારંગી, વાયોલીન, સરોદ, કે એવાં કોઈ વાદ્યને સાંભળતાં એની સ્વરતાલબદ્ધ રચના, એમાં પ્રયુક્ત સ્વર કયા અને મુખ્ય રાગ કયો કે તાલ કયો તે વિશે કશું જ ન જાણતો હોય એવા રસિક ભાવકને પણ ભાવાનુભૂતિ થાય છે. આમ, જે આનંદ આપે છે તેમાં મૂળ સામગ્રી તો કર્ણરંજક ધ્વનિએકમો અને એનાં સંયોજનો જ છે. શબ્દ માત્ર આનુષંગિક આધાર છે. એ રીતે એનો રાગ પણ વાદકે પોતે જ સ્વીકારેલું પરંપરાગત સ્વરબંધારણ છે. એ ન હોય તો પણ કેવળ સિમ્ફનીનાં સ્વરૂપમાં પણ એ ભાવનો ઉત્કર્ષ કરી, ચિત્તવૃત્તિને કોઈ એક કેન્દ્ર પર સ્થાપિત કરીને રસાનુભવ કરાવે છે.

આ રીતે કોઈ રાગ હોય કે સિમ્ફની હોય કોઈ શાસ્ત્રીય પદ્ધતિ અને શૈલીના ધ્રુપદ-ધમાર-ચતરંગ-છોટા કે બડા ખયાલ-ઠુમરી - હોરી હોય કે કોઈ સંતવાણીનું પરંપરાગત ભજન હોય, સ્ત્રીકંઠે ગવાતાં લગ્નાદિ સંસ્કારનાં કે ઉત્સવાદિનાં હાલરડાંથી માંડીને મરશિયાં જેવાં લોકગીત હોય, રાસરૂપે કે કથાગીત કે રાસડા રૂપે માત્ર પુરુષ-સ્ત્રી બન્નેના દ્વંદ્વમાં કે સમૂહમાં ગવાતી કોઈ પણ લોકગીતની પરંપરાગત રચના હોય, રંગભૂમિ, ભવાઈ કે ફિલ્મનું કોઈ ગીત હોય, રાધાકૃષ્ણ કે કૉલ ઑવ વેલિ જેવી વાદ્યવૃંદની રચના હોય - આ બધાં જ પ્રકારમાં સાંગિતિક આવિષ્કરણનું એક નિશ્ચિત અને રૂઢ એવું માળખું હોય છે, સ્ટ્રક્ચર હોય છે. શબ્દની કલા સાહિત્યના નાટક, વાર્તા અને કવિતાના પ્રકારોના વિવિધ સ્વરૂપને વસ્તુ કે સામગ્રીના સંયોજન અને નિર્વહણનું માળખું હોય છે, રૂઢ એવું, જેની રૂપરેખા આપી શકો એવું, એનાં સાંગોપાંગ અવયવો દર્શાવી શકો એવું સ્ટ્રક્ચર હોય છે તેમ સાંગિતિક અભિવ્યક્તિમાં પણ દરેક પ્રકાર અને સ્વરૂપને એનું રૂઢ એવું માળખું હોય છે. એના વિવિધ ભાગની પરિભાષા અને પર્યાયોના ઊંડાણમાં ન જતાં, હાલ સ્પષ્ટતા માટે કહીએ કે આ માળખું એનાં આરંભ, મધ્ય અને અંત એવા ત્રણ ભાગોથી ઘડાયેલું હોય છે. અને આ ત્રણે ભાગો કોઈ પણ ગાયનવાદનનો પ્રકાર હોય તેમાં હોય છે, પછી એ લોકસંગીત હોય, શાસ્ત્રીય કે ઉપશાસ્ત્રીય સંગીત હોય, સંતવાણી હોય, પદ-ભજન-ધૂન હોય દરેકમાં તે જોવા મળે છે અને એમાં જે સ્વરચલન હોય છે તેમાં વૈશ્વિક સ્તરનો ગણાય તેવો નિહિત નિયમ જણાશે. એનો આરંભ, મુખડો, સીધો જ મર્મને સ્પર્શે એવો હોય. ગાઈડિંગ નોટ કે મુખ્ય સંચાલક કે પ્રાણરૂપ સ્વરની જેમ આ મુખડો જ સમગ્ર રચનાને ઉદ્‌ઘાટિત કરતો હોય છે. ટૂંકી વાર્તાનો આરંભ કે ઊર્મિગીતનો આરંભ જુઓ. બધે જ આરંભ આમુખ છે, એક પ્રકારનો સૂર્યોદય છે અને એ જ પ્રભાત, મધ્યાહ્ન અને સંધ્યામાં પરિણમે છે. સંગીતરચનામાં પણ આ રીતે જે આરંભ છે તેનો વિસ્તાર તે કૃતિ છે, એક ભૂમિકા કે પ્રસ્તાવનાનો પ્રસ્તાર છે, એક સૂત્ર પરનું વિવરણ છે. સાહિત્યની કૃતિમાં જેમ રાઈઝિંગ ઍકશન અન ફોલિંગ ઍકશન વચ્ચે કલાઈમેક્સ છે, એવું જ સાંગિતિક કૃતિમાં પણ છે. અને એક મુખડો, એક ગાઈડિંગ એવું સ્વરજૂથોનું બનેલું ધ્વનિએકમોનું કોઈ એક મુખ્ય વિધાન જેવું કી-ફ્રેઈઝ જ પોતાનો વિસ્તાર કરે છે, પોતે જ પોતાનું વિવરણ કરે છે, વાર્તિક રચે છે, ને એમ સાંગિતિક કૃતિ એક નિશ્ચિત માળખામાં પોતાનું સમગ્રદેહી સૌન્દર્ય જગાડે છે.

સંગીતના સ્વરોના આરોહઅવરોહ ભૌતિક રીતે તો નિશ્ચિત એવા આંદોલનનું ધ્વનિએકમ છે, નાદનો જ દોઢગણો બમણો પોણાત્રણ ગણો વિસ્તાર છે. એ સ્થૂલ કે ભૌતિક પ્રક્રિયા છે. પરંતુ એને માધ્યમરૂપે પ્રયોજીને કલાકાર રૂપનિર્માણ કરે છે. કોઈ શિલ્પી, ચિત્રકાર કે કવિ જે રીતે પોતાના ભાવસંવેદનની મૂર્તિ રચે છે તે રીતે જ સંગીતકાર પણ એક કૃતિરૂપે જ સ્વરનાં શિલ્પ રચે છે. અને આ રચના જ એવી છે જેમાં કશુંક સ્થપાય, પ્રકટ થાય કે એની અપૂર્ણતાની પૂર્ણતાની અપેક્ષા જાગે છે અને આ અપેક્ષાને પૂર્ણ કરતો જવાબી ઉત્તરાર્ધ

જ્યારે કલાકાર આપે છે ત્યારે તે સાથે જ ભાવકના હૃદયમાં પણ આપોઆપ સર્જનક્રિયાનો આરંભ થઈ ગયો હોય છે,જે એણે પણ કલાકારે આપેલા પૂર્વાર્ધને આધારે પોતાના અંતરમાં એના ઉત્તરાર્ધની અપેક્ષા રાખી હોય છે અને એ અપેક્ષાની સાથે જ તેને પૂર્ત કરતા ઉત્તરાર્ધનું રૂપ પણ બંધાઈ જ ગયું હોય છે. અને જેવો કલાકાર અપેક્ષા જગાડતા પૂર્વાર્ધ સાથે જવાબી ઉત્તરાર્ધ જોડે છે તે સાથે જ ભાવકને લાગે છે કે પોતાના ચિત્તમાં જ, મનહૃદયમાં જે રમતું થયું એનું આ આવિષ્કરણ છે, પ્રકટ રૂપ છે. અને તે ઝૂમી ઊઠે છે. વળી પોતાની અપેક્ષા કરતાં, નિર્ધારિત પૂર્વરૂપ કરતાં કશુંક નવું જ, આદ્‌ભુત, અકલ્પ્ય પરંતુ વિશેષ સુંદર પ્રકટ થાય છે ત્યારે ભાવકના હૃદયોદ્‌ગારમાંથી જુદું જ 'આહ-વાહ' પ્રકટે છે. આવી ક્ષણો જ, આવા ટુકડા જ અને એ વડે નિર્માતા ધ્વનિઓમાંનાં સૌન્દર્યરૂપ જ કોઈ પણ ગાયકવાદકની 'ઉપજ' છે. એક કૃતિમાં આવા એકબે સ્થાન જ હોય છે અને એમાંજ કલાકારનું પોતીકું સૂક્ષ્મરૂપનું સૌન્દર્ય હોય છે. મોટા ભાગના બધા જ પ્રથમ કક્ષાના ગાયકો અને વાદકો મધુરતાની દૃષ્ટિએ, રચનાની દૃષ્ટિએ, સમાન હોય છે. બહુ ભેદ આવા કલાકારો વચ્ચે નથી. પરંતુ આવા કલાકારોમાં જેને ઉચ્ચ પ્રતિભાશાળી અને ઉત્તમ સર્જક કહીએ છીએ તે આવાં ઊપજનાં સ્થાનોને આધારે.

કવિતા પણ જ્યારે ગીત-ગઝલ-હઝલ-મુક્તકાદિ રૂપે રજૂ થાય છે ત્યારે પણ આવી જ પ્રક્રિયા થાય છે. સાહિત્યની કૃતિમાં પણ આવા જ પૂર્વાર્ધ-ઉત્તરાર્ધ હોય છે. આરંભનો અંશ જે પોતે જ એના counter partની અપેક્ષા જગાવે, અને એને જે સંતોષે તે તેનો ઉત્તરાર્ધ. આ બન્ને જેટલા સાહજિક એટલી 'વાહ' અને જેટલા અપેક્ષાથી પણ નવું જ, જુદું જ રૂપ લઈ ઊપજ બને તે 'આહ-વાહ', 'દુલારા'. એકદમ સરળ દૃષ્ટાંતથી વાત કરીએ તો 'હતો હું સૂતો પારણે પુત્ર નાનો' એક પૂર્વાર્ધ છે, જે એ કાળે કશુંક બનતું હોવાની અપેક્ષા જગાડે છે. 'રડું છેક તો રાખતું કોણ છાનો?' એ પહેલો ઉત્તરાર્ધ છે જે નવી જ અપેક્ષા, નવો જ પ્રશ્ન જગાડે છે. જેનો જવાબ 'મહા હેતવાળી દયાળી જ મા તું!' છે. ગીત-ગઝલમાં આવું જ બને છે. ગઝલનો મુખડો એક વિશિષ્ટ મનોદશા Men's Rea સર્જે છે, વિશિષ્ટ ભાવપરિસ્થિતિમાં મૂકે છે. એમાં પ્રશ્ન હોય, સમસ્યા હોય, મનોદશા હોય, સ્થિતિ કે ગતિ હોય ને એ વિશિષ્ટ ભાવસ્થિતિમાં ભાવકને લાવી મૂકે છે ને એમાંથી એના પ્લાવિત સંવિત્‌માં અપેક્ષા જાગે છે જે એક પછી એક આવતા શેરમાં પૂર્ણ થતી જાય છે. રસનો મહાલય રચાતો જાય, ગવાક્ષો બંધાતા જાય, કોટકાંગરા મુકાતા જાય ને એ મહાલય પૂર્ણ થતાં. સંતૃપ્તિનો અનુભવ થાય.

કવિતા, શિલ્પ, ચિત્ર અને નૃત્ય તથા સંગીતની કલાની કૃતિઓની રચના વચ્ચે એક મહત્ત્વનો ભેદ છે. આમાં જે પ્રથમ ત્રણ કલાઓ છે તેનું સર્જન તેના કલાકારે એકાંગી રૂપે, વ્યક્તિગત રીતે જ પૂર્ણ કર્યું હોય છે અને પછી તેની કલાની કૃતિ ભાવક સામે આવે છે. નૃત્ય અને સંગીત એ બે એવી કલાઓ છે જેમાં કલાકાર કૃતિનું સર્જન ભાવકના સમક્ષ કરે છે. એ ભાવક સમક્ષ રજૂ કરતો જાય ને ત્યારે જ એની કૃતિનું નિર્માણ થતું જાય છે. આનો અર્થ હરગીઝ એવો તો નથી જ કે ભાવકની ઉપસ્થિતિ અનિવાર્ય છે. સર્જક એકલો રિયાઝ માટે, સંવેદ્ય આત્માભિવ્યક્તિ માટે ગાન, વાદન કે નર્તન કરે છે ત્યારે પણ એની 'કૃતિ' તૈયાર થાય છે. એ સંપૂર્ણ જેવી જ કલાકૃતિ છે ને એને એ ભાવક સામે રજૂ કરે છે ત્યારે ભાવન સાથે જ કૃતિનું નિર્માણ થતું જાય છે. શિલ્પી, ચિત્રકાર અને કવિની કૃતિઓ તો પોતે પૂર્ણરૂપમાં રચાઈ છે અને એની રજૂઆત તથા ભાવન થાય છે, તેમ ગાયક અને નર્તકની કૃતિનું રૂપ તૈયાર હોય તે માળખારૂપ જ હોય છે, કેમ કે એને મૂર્ત ને પૂર્ણરૂપ તો એની રજૂઆત થાય તે સમયે જ મળતું હોય છે અને એક જ કૃતિ એક વખત રજૂ થઈ ત્યારે એનું જે રૂપ છે તે એની બીજી સમયે રજૂઆત થાય ત્યારે યથાતથ આગળની રજુઆત જેવી જ ન હોય. એમાં કેટલાંક પરિવર્તન થાય. ક્રમ બદલાય, તાન-આલાપના પ્રકાર બદલાય. દરેક રજૂઆત એ રીતે કૃતિના નિર્માણ-સર્જનની હોય છે. અને ભાવકની ઉપસ્થિતિ, એની ગુણીજન તરીકેની સમજ, સાચી દાદ ઘણી અસર પાડે છે. આથી જ રેડિયો કે ટિલિવિઝનના માધ્યમે પણ જ્યારે સંગીતરચના કરવામાં આવે છે ત્યારે પણ તેનું આગોતરું ધ્વનિમુદ્રણ કે દૃશ્યશ્રાવ્યમુદ્રણ કેટલાંક પસંદગીના ભાવકોની ઉપસ્થિતિમાં કરવામાં આવે છે. આમ કરવાથી જ કલાકારની કલા નિખરે છે. ભાવકની જે દાદ મળે, રસાનુભવનું સર્જક કલાકાર અને ભાવક. વૃંદને આવરી લેતાં વાતાવરણનું વાદળ રચાય ત્યારે જ કૃતિને અનુપમ એવું રૂપ મળે છે. પરંતુ આવી રજૂઆતના કાર્યક્રમનું ધ્વનિમુદ્રણ, દૃશ્યશ્રાવ્યમુદ્રણ થઈ જાય અને રેકોર્ડ કે કસેટના રૂપમાં એ કૃતિ બંધાઈ જાય ત્યારે તેનું રૂપ હવે શિલ્પ, ચિત્ર અને કાવ્યની જેમ પૂર્ણ નિર્મિત, ઘડાયેલું ને તૈયાર બની જાય છે. પરંતુ આથી કંઈ આ કલાઓ, નૃત્ય અને સંગીતની રજૂઆત પર મદાર રાખતી કૃતિસર્જનની પ્રક્રિયા છે, ચિત્ર, શિલ્પ, કાવ્યથી એની જે મૂળભૂત પૃથકતા છે, તેમાં તાત્ત્વિક તફાવત નથી. એટલું જ કે મુદ્રિત કૃતિ બનીને કૃતિ હવે અ-ક્ષર રૂપમાં જળવાઈ ગઈ. એ રીતે એકની એક કૃતિ કોઈ સર્જક અનેકશઃ રજૂ કરે છે ત્યારે એની કૃતિ પણ મહદંશે મુક્તિ પ્રકારની બને છે. દા.ત. ૐકારનાથ ઠાકુરની 'મૈં નહીં માખન ખાયો', 'પગ ઘૂંઘર બાંધ મીરાં નાચી' જેવી કે પં.જશરાજની અડાણા રાગની માત્ર કાલિકા જેવી રચનાઓ, ખૂબ જ પ્રચાર પામી અને અનેકશઃ કલાકારે રજૂ કરી, એની રજૂઆતમાં એનું સ્વરૂપ

(અનુસંધાન પૃ.૭૭૧)

જ્યોતિર્ધર કનૈયાલાલ મુનશી (૨૬)



— જયન્તીલાલ મહેતા

શ્રીમદ્ ભાગવત તો ભક્તિનું મહાકાવ્ય છે. કૃષ્ણકાળ સુધીના આઠ અવતારોની કથા છે. જો કે તેમાં કૃષ્ણાવતારને શ્રેષ્ઠ ગણી તેના સૌથી વધુ ગુણગાન ગાયાં છે. પરંતુ તેમાં શ્રીકૃષ્ણના વૃંદાવનવાસનાં ચૌદ વરસોનો જીવનકાળ જેટલો વીગતે વર્ણવાયો છે તેટલું સ્થાન શ્રીકૃષ્ણ જીવનકાળનાં બાકીનાં ૧૧૩ વર્ષો (મહાભારત મુજબ શ્રીકૃષ્ણનો કુલ જીવનકાળ ૧૨૭ વર્ષોનો હતો)ને તે ફાળવવામાં આવ્યું નથી. આ ૧૧૩ વર્ષોમાં અતિ દીર્ઘ જીવનકાળનાં જે જે પરાક્રમો અને સિદ્ધિઓથી શ્રીકૃષ્ણે સનાતન આર્યધર્મની પુનઃપ્રતિષ્ઠાનો મહાયજ્ઞ રચ્યો તેની કથાના મુખ્ય અંશો મુનશીને મહાભારતમાંથી અને હરિવંશ તથા વિષ્ણુપુરાણમાંથી મળેલા તેમ મુનશી 'કૃષ્ણાવતાર'ની પ્રસ્તાવનામાં નોંધે છે. મુનશીને સમગ્ર કૃષ્ણજીવનમાં સંપૂર્ણ રસ અને શ્રદ્ધા હતાં તેથી તેમણે કૃષ્ણાવતારના બાકીના ખંડોમાં તે સંક્ષેપમાં ચીતરવાનો ઉપક્રમ સેવ્યો હતો.

'કૃષ્ણાવતાર' ખંડ-૨નું શીર્ષક છે 'સમ્રાટનો પ્રકોપ' - એટલે કે મગધ સમ્રાટ જરાસંઘનો પ્રકોપ અને કુલ ૩૬૩ પૃષ્ઠોમાં શ્રીકૃષ્ણ-જીવનની ઘટનાઓમાં તખ્તા પર કે પડદા પાછળ પણ નિર્ઘૃણ, અધર્મી નીચ જરાસંઘની સાથેનો સતત સંઘર્ષ ઊપસતો રહે છે.

તે પછી ૪૪૧ પૃષ્ઠોનો 'કૃષ્ણાવતાર'નો ત્રીજો ખંડ 'પાંચ પાંડવો' ૧૯૬૮માં પ્રસિદ્ધ થાય છે. તેની પ્રસ્તાવનામાં મુનશી લખે છે : '... બીજો ખંડ રૂક્મિણીહરણ સાથે સમાપ્ત થાય છે... આ ત્રીજો ખંડ દ્રૌપદી સ્વયંવર સાથે પૂરો થાય છે. ... ચોથો ખંડ ભીમનું કથાનક યુધિષ્ઠિરના વચનપાલન સાથે પૂરો થાય છે. તેમાં શ્રીકૃષ્ણના માર્ગદર્શન નીચે ભીમ અને અન્ય પાંડવો ખાંડવપ્રસ્થ પ્રતિ પ્રયાણ કરે છે...' આ ચોથા ખંડમાંથી થોડાંક ઉદ્ધરણો ઉતાર્યા વગર રહી શકાતું નથી. પ્રકરણ ૩૧ : 'ધર્મ શું છે?' કેટલીક કંડિકાઓ વાંચી : 'ફરી પાછી કૃષ્ણ સામે એ જ સ્વપ્નસૃષ્ટિ ઊઘડી. અસંખ્ય સ્ત્રીપુરુષો આક્રોશ કરીને પૂછતાં હતાં : 'ધર્મ શું છે?' - અને પોતે કોઈ સંતોષકારક ઉત્તર આપી શકતા ન હતા. એમણે પોતે જ જાણે એ સૌને પૂછ્યું : 'તમે જાણો છો કે ધર્મ શું છે?'

'...'હા', એમાંના એકે કહ્યું. હું જાણું છું. એ નફાનુકસાનની ગણતરી કરનારા લુચ્ચા વેપારી જેવો દેખાતો હતો. પણ એનો ચહેરો સત્રાજિત જેવો હતો, માત્ર એનું મોં વધારે વિકૃત થઈ ગયું હતું. એણે કહ્યું : 'હું બ્રાહ્મણો પાસેથી, અરે સ્વયં દેવો પાસેથી ધર્મ ખરીદું છું. હું મારા કુટુંબને ભોજન પૂરું પાડું છું તીર્થયાત્રા કરું છું. સંપત્તિ કેમ એકઠી કરવી અને એમાંથી દેવોને શું આપવું એ હું એકલો જ જાણું છું.'

'તારો ધર્મ તો કેવળ લોભનું સંતાન છે. હું તને ઓળખતો નથી.' કૃષ્ણે કહ્યું. અને એ ત્યાંથી પસાર થઈ ગયો.

'હું ધર્મ જાણું છું' એક બીજો અવાજ આવ્યો. 'હું પવિત્ર છું, હું પાપથી દૂર [illegible]. મ ક્યારેય કોઈની હત્યા કરી નથી, ચોરી નથી કરી, દુરાચાર નથી આચર્યો, મારો માર્ગ જ ધર્મનો માર્ગ છે.'

'તારો ધર્મ ભયમાંથી પ્રકટ્યો છે. હું તને જાણતો નથી.' કૃષ્ણે કહ્યું અને એને પસાર થઈ જવા દીધો.

પછી ત્રીજો માણસ આવ્યો. એ સાહસિક લાગતો હતો. 'હું ધર્મને જાણું છું. એણે કહ્યું. 'મેં મારા શત્રુઓનો નાશ કર્યો છે. જે મારો વિરોધ કરે છે એ બધાં પાપનાં મૂળ છે. એને હું ઉચ્છેદી નાખું છું હું યજ્ઞ કરું છું. દાન કરું છું. અને એ રીતે જગતમાં વિજયી તરીકે સૌ મને બિરદાવે છે. હું બ્રાહ્મણોને અન્ન આપું છું - તેઓ મારી સ્તુતિ ગાય છે.'

'તારો ધર્મ અહંકારમાંથી પ્રકટ્યો છે. હું તને જાણતો નથી.' કૃષ્ણે કહ્યું અને એને પણ પસાર થઈ જવા દીધો.

એ પછી એની સમક્ષ એક નમ્ર અને વિરક્ત માણસ આવ્યો. એ માણસે કહ્યું, 'હું ધર્મને જાણું છું. ધર્મ એ નમ્રતા છે. હું પ્રતિરોધ વિના બધા જ અન્યાયો સહી લઉં છું. ભૂખ, તરસ, ઠંડી, અરે દુર્ભાગ્યને પણ હું સહન કરી લઉં છું. આ આત્માનું ગરવું રૂપ છે. ધર્મની ધજાને ફરકતી રાખું છું.

'તારો ધર્મ પરાધીનતામાંથી આવ્યો છે. તું ધર્મની દિવ્યતાને ઓળખતો નથી. હું તને જાણતો નથી.' કૃષ્ણે કહ્યું. અને તેને પસાર થવા દીધો.

પછી એક બીજો માણસ આવ્યો. એના ચહેરા પર શિયાળ જેવી ખંધાઈ દેખાતી હતી. એણે કહ્યું : 'હું જોખમથી દૂર રહું છું અને શાંતિ ને સલામતીનો માર્ગ પસંદ કરું છું. દેવનો ભય રાખું છું.

'તારો ધર્મ કાયરતાનું સંતાન છે. હું તને જાણતો નથી.'

એ પછી કોઈક બીજો આવ્યો. તેણે કહ્યું : 'હું ધર્મ જાણું છું. જે લોકો મારી પાસે નાણાંની કોથળી ખુલ્લી મૂકે છે, તેમના માટે હું ભગવાનના આશીર્વાદ મેળવી આપું છું. જે લોકો પાસે મુક્તિની આશા નથી, એમને હું મુક્તિ આપું છું. લે, તું પણ એ ધર્મનું પાલન કર અને આનંદમગ્ન થા.'

'તારો ધર્મ નર્યું છળ છે. હું તને જાણતો નથી.' કૃષ્ણે કહ્યું.

વળી કોઈએ કહ્યું : 'હું ગરીબોને દાન આપીને ઈશ્વરને

અને ચોપડામાં લખું છું. ચિત્રગુપ્તને ત્યાં એની નોંધ થતી હશે. મૃત્યુ પછી હું ધર્મની ગાદી પાસે જઈ મેં કરેલા દાનનો હિસાબ રજૂ કરીશ. અને એના બદલામાં મને સ્વર્ગનાં સુખો મળશે.' ' તારો ધર્મ વાણિજ્યનું સંતાન છે. હું તને જાણતો નથી.' કૃષ્ણે કહ્યું.

એક વધુ અવાજ આવ્યો : 'હું મારો ધર્મ જાણું છું. હું શું કરું છું એની મને દરકાર નથી - હું ખૂન કરું છું, વેર લઉં છું, પણ ઈશ્વરની ભક્તિ કરું છું. એમની દયા અપાર છે. એ મને જરૂર ક્ષમા [illegible] દશે. મારો ઈશ્વર દયાળું છે.'

'તારો ધર્મ [illegible]નામાંથી [illegible]કટે છે. હું તને જાણતો નથી.'

પછી બીજાએ સ[illegible]મામથી કહ્યું : ' અનિષ્ઠનો પ્રતિકાર ન કરવો એ મારો ધર્મ છે. હું શાંતિથી સહન કરતો રહીશ અને સ્વર્ગ પામીશ. દુષ્ટોનું ભાગ્ય તેઓ જાણે, મારે તેની શી પંચાત? મારી શહીદી મને કીર્તિ અપાવશે.

'તારો ધર્મ નિષ્ક્રિયતાનો ધર્મ છે. હું તને જાણતો નથી.' કૃષ્ણે કહ્યું.

પછી કોઈ બીજું આવ્યું. એના દેહમાં લીંબુના પાન જેવી ગંધ આવતી હતી. એના હોઠ લાલ હતા. એના વાળ તેલ-ફૂલેલથી મઘમઘતા હતા : 'બધા જ ધર્મો માયાજાળ છે. હું યથેચ્છ પીઉં છું, ખાઉં છું, મોજ કરું છું. મારો દેહ એ જ તીર્થ છે. દેહના ભોગ એ જ મારી પૂજા છે. એની પાર કશું નથી. મારા પછી પણ કસું રહેવાનું નથી.'

'તું અસૂરનું સંતાન છો. હું તને ક્યારેય ક્ષમા નહિ કરું. કૃષ્ણ મોં ફેરવી ગયા... અને આ બધું અદૃશ્ય થઈ ગયું.

૧૯૭૦માં 'કૃષ્ણાવતાર'નો પાંચમો ખંડ 'સત્યભામાનું કથાનક' પ્રસિદ્ધ થાય છે. કૃષ્ણદ્વેષી યાદવ અગ્રણી સત્રાજિત પાસેથી ઉઘાડે છોગે કૃષ્ણ સ્વમંતક મણિ લઈ લેવા પડકાર ફેંકે છે અને સત્રાજિતે ડરીને છુપાવી રાખેલ તે અપૂર્વ મણિની શોધમાં સત્રાજિતની સુંદરી, પુત્રી સત્યભામા અને કૃષ્ણનો પ્રેમ કેવો ફૂલીફાલી લગ્નમાં પરિણમે છે અને સત્રાજિત નીચી મુંડીએ હાર સ્વીકારે છે તેની એક સળંગસૂત્ર અદ્દ્ભુત રસથી લથબથ થતી જાસૂસી કથા જેટલી પરિતૃપ્તિ આ 'સત્યભામાનું કથાનક' વાંચતાં અનુભવાય છે. આધુનિક વાચકને તો ક્યારેક હોમ્સ કે અગાથા ક્રિસ્ટીનો હર્ક્યુલ પોઈરોટ પણ યાદ આવી જાય તેટલી સઘન એની વસ્તુગૂંથણી છે. ૮૩ વર્ષની જૈફ વયે પણ મુનશીની શબ્દશક્તિ અને કલ્પનાસમૃદ્ધિ હેરત પમાડે છે. અને રહસ્યકથાનાં અતિ આધુનિક ઉપકરણો ઉપર પણ તેમની સિદ્ધહસ્ત હથોટી સાબિત કરે છે.

આમ પાંચ ખંડો લખ્યા પછી મુનશીને થાય છે કે 'કૃષ્ણાવતારની આ દીર્ઘ મહાનવલ લખતાં લખતાં જે સૌથી મહામુનિ વ્યાસની કથા કૃષ્ણાવતારનો છઠ્ઠો ખંડ પ્રસિદ્ધ થાય બરોબર એક વર્ષે.

હવે આપણે આવી પહોંચીએ છીએ 'કૃષ્ણાવતાર'ના સાતમા પૂરા અને આઠમા અધૂરા ખંડમાં. મુનશી જેને 'પ્રભુનું કાર્ય' કરી બિરદાવતા તે ભારતીય વિદ્યાભવનમાં બેસીને ૨૬મી જાન્યુઆરી ૧૯૭૧ના અંતિમ લેખન દિને સાતમા ખંડ 'યુધિષ્ઠિરનું કથાનક'ની પ્રસ્તાવનામાં લખે છે : '... યુધિષ્ઠિરનું કથાનક નામક આ સાતમો ખંડ શકુનિના પ્રપંચથી ધર્મરાજ યુધિષ્ઠિર દ્યૂતમાં પરાભાવ પામે છે. અને પાંચ પાંડવો બાર વર્ષના અરણ્યવાસ માટે હસ્તિનાપુરનો ત્યાગ કરે છે એ પ્રસંગે પૂરો થાય છે...

આજના વાચકને સૌથી વધુ જચે તેવી વાત તો આ સાતમા ખંડ 'યુધિષ્ઠિરનું કથાનક'માં ખૂબ જ અવનવીન અને છતાં એકદમ તર્કસંગત એવું યુધિષ્ઠિરનું પાત્રાલેખન છે. સદીઓથી ભારતીય નરનારીઓ મનોમન પૂછતા રહ્યા છે કે યુધિષ્ઠિર જેવા ધર્મના રાજાને જુગાર રમવાનું કેમ સૂઝ્યું. અને તે પણ આમ સાવ છેલ્લે પાટલે બેસી સર્વ સંપત્તિ હાર્યા બાદ પોતાના નાના ભાઈઓ અને પ્રિય પત્નીને જુગારના દાવમાં મૂકવાની અનાર્ય લાગતી વાત તેમણે કેમ આચરી? શું ધર્મારાજા સ્વયં સાદો સરળ માનવધર્મ પણ જુગારના વ્યસનમાં વીસરી ગયા? ત્યારે આ ખંડમાં મુનશી ઘટાવે છે તેમ યુધિષ્ઠિર જુગટાના જાણકાર હતા. પણ અવિચારી વ્યસની ન હતા. યુધિષ્ઠિરને તો એક જ જીવનમંત્ર સર્વોપરિ હતો. યુદ્ધની વિભિષીકા કોઈ પણ ભોગે નીવારવી. એટલે જ્યારે દુર્યોધન અને શકુનિએ કાવતરું રચી દ્યૂત ખેલવા તેમને નિમંત્ર્યા છે ત્યારે એ બધું જાણતા હોવા છતાં જાય છે - પોતાનું રાજપાટ, સંપત્તિ અને વહાલામાં વાહાલા બંધુઓ અને પત્નીનો પણ ભોગ આપીને જો શાંતિ મળતી હોય તો તે ખરીદવા. કારણ યુધિષ્ઠિરને દિનરાત એક દુઃસ્વપ્ન સતાવે છે કે કૌરવો-પાંડવો વચ્ચેનું ભ્રાતૃયુદ્ધ એ માત્ર તે બંને વચ્ચેનું ન રહેતાં, સમસ્ત આર્યવર્તના રાજવીઓ વચ્ચેનું બની જશે અને પરિણામે સર્વનાશ જ હશે દેશનો અને જનસમાજનો.

પરંતુ સાથોસાથ મુનશી એ પણ જાણે છે કે યુધિષ્ઠિરની વિચારસરણી એકાંગી અને તાર્કિક છે. હકીકતમાં તો મહાભારતકારે વર્ણવ્યું છે તેમ આ મહાભારત આંતરયુદ્ધ તે માત્ર કૌટુંબિક કલહ કે રાજ્યસત્તા માટેની હિંસા ન હતી. આ યુદ્ધ તો ધર્મ અને અધર્મ વચ્ચે હતું. અને તેથી તે વિધાતાના લેખ જેવું ન ટળી શકે, ન ટાળી શકાય તેવું આકાટ્ય હતું. અને આવી તર્કશુદ્ધ અને અપરિહાર્ય વિચારધારા મુનશી 'કૃષ્ણાવતાર'ના આઠમા ખંડ 'કુરુક્ષેત્ર'માં સ્વહસ્તે રજૂ કરે છે. મુનશીના દેહાંત બાદ પ્રકટ થયેલ આ આઠમા ખંડની પ્રસ્તાવના લખવાનું કાર્ય મુનશીના ભારતીય વિદ્યા ભવનના એક સન્નિષ્ઠ કાર્યકર્તા શાંતિલાલ તોલાટે 'આદિ અને અંત'

નામે કરેલું (૧૫-૭-૧૯૭૮) તેમાંનું થોડુંક :

'...સંપૂર્ણ આઠમા ખંડ સાથે 'કૃષ્ણાવતાર'ની ગ્રંથશ્રેણી સંપૂર્ણ થાય છે. ત્યારે સ્વ. મુનશીની આ બૃહદ્ પૌરાણિક નવલકથા જેણે ગુજરાતમાં, અને ગુજરાત બહાર પણ સારું આકર્ષણ જમાવ્યું છે, તેને લગતી કેટલીક ઉપયોગી માહિતી અત્રે રજૂ કરવી આવશ્યક છે. એની શરૂઆતનો ઇતિહાસ રસિક છે અને અંતનો ઇતિહાસ કરુણ છે.

'... ઈ.સ.૧૯૫૨થી ૧૯૫૭ સુધી મુનશી ઉત્તરપ્રદેશના રાજ્યપાલ હતા ત્યારે એમની શ્રીકૃષ્ણની ભૂમિ મથુરા, વૃંદાવન, વ્રજ, ગોકુલ આદિમાં વિહરવાના અનેક પ્રસંગો સાંપડ્યા હતા. બાળપણથી જ શ્રીકૃષ્ણ એમની કલ્પનાસૃષ્ટિમાં મઢાઈ ગયા હતા. રાજ્યપાલના હોદ્દાની મુદત પૂરી થતાં એઓ મુંબઈ આવ્યા. અને ત્યારથી જ શ્રીકૃષ્ણનાં જીવન અને પરાક્રમોની કથા નવેસરથી રચવાની એમની ઈચ્છા પ્રબળ બની. ૧૯૫૮માં આ કથાની ભૂમિકા એમણે 'હરિવંશ' અને 'શ્રીમદ્ ભાગવતને આધારે તૈયાર કરી. અને લેખનકાર્ય આરંભ્યું. શરૂઆતમાં તો એમનો આશય શ્રીમદ્ ભાગવતના દસમા સ્કંધને કેન્દ્રિત બનાવી શ્રીકૃષ્ણ જન્મની કથાને એમની કલ્પનાશીલ રસવતી શૈલીમાં રજૂ કરવાનો હતો. અને તે માત્ર બે ખંડોમાં જ.

ભારતીય વિદ્યાભવનના અંગ્રેજી પાક્ષિક ભવન્સ જર્નલમાં આ યોજના અનુસાર એના ૨૨-૨-૧૯૫૯ના અંકથી એ વાર્તા (અંગ્રેજીમાં) પ્રકટ થવા માંડી. તે સમયે એ વાર્તાને માત્ર બે ખંડમાં જ મર્યાદિત કરવાના મુનશીના વિચારને લીધે વાર્તાનું અભિધાન રાખ્યું હતું. શ્રીમદ્ ભાગવત કૃષ્ણાવતારથી ડિસેન્ટ ઑવ્ ધ લોર્ડ, પરંતુ વાર્તાના પ્રકરણો જેમ જેમ આગળ ને આગળ લખાતાં ગયા, તેમ તેમ વાચક સમુદાયનું એના પ્રત્યેનું આકર્ષણ વધતું ગયું. અને મુનશીને પણ પુરાણ તથા મહાભારતના શ્રીકૃષ્મના જીવનમાં એક યા અન્ય રીતે અગત્યનો ભાગ ભજવતાં પાત્રોએ આકર્ષ્યાં. કથાલંબાવી અને જીવનના અંતિમ દિવસોમાં પણ આઠમા ખંડ સુધી વાર્તાવપ્રવાહ અસ્ખલિત વહેતો રાખ્યો.

'કૃષ્ણાવતારનું લેખનકાર્ય તેર વર્ષ સુધી ચાલુ રહ્યું એ દરમિયાન મુનશીનું સમગ્ર ધ્યાન એમાં જ કેન્દ્રિત થયું હતું. એમની પ્રથિતયશ આત્મકથાશ્રેણીનો છેલ્લો પ્રકટ થયેલો ગ્રંથ 'સ્વપ્નસિદ્ધિની શોધમાં' ૧૯૨૬ની સાલ સુધી એમના જીવનને નિરૂપે છે. ત્યાર પછી બહુશઃ સામગ્રી તૈયાર હોવાથી એમણે ૧૯૨૬ પછીનાં વર્ષોની જીવનકથા આગળ લંબાવવી એવી મારી વિનંતીઓનો એમનો જવાબ એક જ રહેતો કે 'પ્રથમ મારે કૃષ્ણાવતાર પૂરું કરવું છે. અને પછી સમય હશે તો આત્મકથા.' એમને સમય ખૂટ્યો તે ગુજરાતી સાહિત્યનું દુર્ભાગ્ય જ ને?

૨૬મી જાન્યુઆરી ૧૯૭૧ના દિવસે સાતમા ખંડના પ્રાસ્તાવિકમાં મુનશીએ લખ્યું હતું : 'પ્રભુને મંજૂર હશે તો મારી ઇચ્છા આ સમસ્ત કથાને કુરુક્ષેત્રના રણમાં શાશ્વત ધર્મગોપ્તા શ્રીકૃષ્ણ અર્જુનને વિશ્વરૂપદર્શન કરાવે છે ત્યાં સુધી લઈ જવાની છે.'

પ્રભુને મંજૂર નહિ હોય. કારણ આ લખાયા બાદ માત્ર બાર દિવસ પછી જ મુનશીની જીવનલીલા સંકેલાઈ ગઈ અને જો કે 'કૃષ્ણાવતાર'ની ગ્રંથશ્રેણીના ખંડોનું સંવિધાન એવા કૌશલથી થયું છે કે પ્રત્યેક ખંડ સ્વતંત્ર કથા તરીકે પણ જરાય રસક્ષતિ વિના વાંચી શકાય છે.'

'કૃષ્ણાવતાર સમર્પણમાં ગુજરાતીમાં ધારાવાહિક રૂપે છપાતી હતી ત્યારે તેના તંત્રી મુનશીના માનસપુત્ર જેવા એક સમર્થ કવિ-ગદ્યકાર હરીન્દ્ર દવે હતા. એટલે સાહિત્યની દુનિયામાં એવી વાતો વહેતી થયેલી કે 'કૃષ્ણાવતાર' મુનશી અંગ્રેજીમાં લખે છે તેનું ગુજરાતી હરીન્દ્ર કરે છે. એટલે હરીન્દ્ર જ આઠમા ખંડનાં બાકીનાં પ્રકરણો લખે તો મુનશીનું યોગ્ય તર્પણ થાય પણ આ ન બન્યું કારણ આપણા જનસાધારણમાં કેટલીય કિંવદન્તીઓ જડ ઘાલી ગયેલી હોય છે. તેમાં એક કિંવદન્તી મેં મારા કિશોરકાળ દરમિયાન મારી મોટીબાના મુખે એવી સાંભળેલી કે, ભઈલા મહાભારત અને યાદવાસ્થળીની કથા આપણા હરિકથા કરનારા એ માટે કહેતા નથી કે જો ઠેઠ સુધી કહેવાય તો પરિણામે લડાઈઓ જ થાય. ભોમાંથી ભાલા ઊગે. એટલે આપણા વડવાઓ ભાગવતકથાની પારાયણો બેસાડે છે, પણ મહાભારતનાં પારાયણો બેસાડ્યાં એવું ક્યાંય સાંભળ્યું નથી.

એ જે હોય તે પણ પછી હરીન્દ્ર દવેએ એક કૃતિ રચી : શ્રીકૃષ્ણ અને માનવ સંબંધો જે ધારાવાહિકરૂપે સમર્પણમાં છપાણી. તે વાંચતાં આપણને સતત અનુભવાય છે કે જાણે મુનશીરૂપ ગુરુ હરીન્દ્રરૂપી પટ્ટશિષ્યને મુખપાત્ર બનાવી પોતાનો આત્મા એક ગદ્યકવિતા જેવા અભ્યાસગ્રંથમાં પ્રકટ કરી ન રહ્યા હોય હરીન્દ્ર માટે મનોમન કદાચ આ જ ગુરુદક્ષિણા અથવા મુનશી તર્પણનું એક સમિધ હશે! (ક્રમશઃ)

અનુ.] **સંગીતશાસ્ત્ર** [પૃ.૭૬૮થી

નિશ્ચિત મુક્તિ જેવું થઈ જાય છે. અનેક રજૂઆતોથી આવી કૃતિનુ બહિરંગ પણ એવું સુનિશ્ચિત અને રૂઢ બની જાય છે કે તેના આલાપ, તાન, સમ પર વિવિધ પ્રકાર આવવાની રીત બધું આગળના ક્રમ પ્રમાણે ચાલે.

સાંગીતિક કૃતિઓનું સ્વરૂપ ઘડાયું એ લાંબી પ્રક્રિયાનું પરિણામ છે. જુદી જુદી રચનાઓ લોકપ્રવાહમાં ગવાતી ગઈ અને એમાંથી જ સાંગીતિક કૃતિઓનું અંગ, એનાં અવયવો ઘડાયાં. આરંભનો આલાપ, મુખડો, સ્થાયી, અંતરો અને સમાપન જેવો એનો ક્રમ નિશ્ચિત થયો. સ્થાયીમાં મુખ્યત્વે પૂર્વાર્ધ સ્વર સુધીની રચનાઓ અને પછી ઉત્તરાર્ધના સ્વરોના અંતરાનો ઉઠાવ નિશ્ચિત થયો. કૃતિનાં આનુષંગિક અંગો પરંતુ રાગના સ્વરૂપને પ્રકટ કરવા માટે મહત્ત્વના એવા, આલાપ અને તાન ઉમેરાયા. રાગના વાદી, સંવાદી, અનુવાદી સ્વરો એના અંગભૂત ગ્રહ અને ન્યાસના સ્વરો કોઈ નિયમથી નહીં, પરંતુ કાળક્રમે સાહજિક રૂપમાં જ સિદ્ધ થયા ને એમાંથી જાતિગાન અંતર્ગત પદગાનનો આરંભ થયો અને ધ્રુપદ-ધમાર અને ખયાલ, ઠુમરી વગેરે વિકસ્યાં. (ક્રમશઃ)

પાલીતાણાનું મ્યૂઝીઅમ

— કાન્તિ કાપડિયા —

૧૯૯૬ના એપ્રિલમાં ભરઉનાળામાં મારા મિત્ર શ્રી રાજેન્દ્ર શાહ ઓચિંતા મુંબઈથી મારે ત્યાં આવ્યા અને જણાવ્યું કે તમારા અને આપણા સદ્‌ગત મિત્ર શ્રી યુસુફભાઈએ વર્ષો પહેલાં મારા ઉદ્દેશને અનુલક્ષી ભગવાન મહાવીર અને જૈન ધર્મ અને ફિલોસોફીનાં કેટલાંક ચિત્રો બનાવેલાં તે ભેજ, ગરમી અને નિષ્કાળજીને લીધે ખરાબ થઈ ગયાં છે, જેને ફરી પાછાં જેવાં હતાં તેવાં બનાવવાં છે. એ માટે તમારો અભિપ્રાય અને મદદની જરૂર છે.

યુસુફભાઈ અને મેં સાથે જ કલાજગતમાં પ્રવેશ કરેલો અને તેના સીમાચિહ્નરૂપે કારકિર્દીની શરૂઆત સુરતમાં વીર નર્મદની જન્મશતાબ્દી ઉજવાઈ તેના સ્મારક રૂપે ૧૯૪૦માં તેની પ્રતિમા બનાવેલી. ત્યાર બાદ ડૉ. ભગવાનલાલ ઈન્દ્રજી, ઝંડુ ભટ્ટજી તથા વાડીલાલ સારાભાઈની પ્રતિમાઓ પણ બનાવેલી અને સંજોગવશાત ૧૯૪૩માં બન્નેએ સ્વતંત્ર કારકિર્દી શરૂ કરેલી. એટલે યુસુફભાઈ તો ખૂબ જ નિકટના હતા અને ભાઈ રાજેન્દ્રને એ બાબત મદદ કરવી જોઈએ, એટલે મેં હા પાડી. ચિત્રકાર રમેશ પંડ્યાને એ કામ સોંપવામાં આવ્યું. જે સુન્દર રીતે પાર પડ્યું અને યુસુફભાઈના મહાવીર સ્વામીના જીવનના જુદા જુદા પ્રસંગનાં મોટા કેનવાસ પરનાં ચિત્રો મૂળ હતાં તેવાં જાણે તાજાં જેવાં તૈયાર થયાં.

ભાઈ શ્રી રાજેન્દ્ર કલાના ભારે શોખીન અને કલાકારોના મિત્ર જ નહીં પણ હિતેચ્છુ. ઈશ્વરકૃપાથી અને એમના મૃદુ સ્વભાવથી એમણે અનેક કલાકૃતિનો સંગ્રહ કરી પોતાનું ઘર સજાવેલું. એમને ત્યાં અનેક વાર જૈન સાધુસંતો આવતા અને એમનો કલાપ્રેમ તથા કલાસંગ્રહ જોઈ પ્રભાવિત થતા. ખાસ કરીને શ્રી વિશાલ સેન સૂરીશ્વરજી મહારાજ તથા શ્રી રાજશેખર સૂરીશ્વરજી મહારાજ એમને ત્યાં અવારનવાર આવતા અને કહેતા કે આ તમારો કલાસંગ્રહ તો કોઈ મ્યૂઝીઅમમાં સચવાય એ ઇચ્છવાયોગ્ય છે. ત્યારે રાજેન્દ્રભાઈએ કહ્યું કે 'એ માટે મ્યૂઝીઅમને લાયક જગા જોઈએ ને?' એના પ્રત્યુત્તરમાં મહારાજશ્રીએ કહ્યું કે 'હું જગા આપું, પાલીતાણામાં મેં મ્યૂઝીઅમ તો સ્થાપેલું છે જ. તેમાં તમોને મનપસંદ એક હોલ-વિંગ-કાઢી આપું.' એ રીતે એમણે જગ્યા ફાળવી આપી અને મ્યૂઝીઅમનો પ્રારંભ થયો.

પાલીતાણામાં - ધામમાં જ આ કલાસંગ્રહ સ્થાપિત થાય, એના જેવું બીજું રૂડું શું! પરંતુ રાજેન્દ્રભાઈ પાસે એટલો મોટો કલાસંગ્રહ નહોતો કે આખો હોલ-વિંગ ભરાઈ જાય અને તે પણ સરસ આનંદ આપે એવી કૃતિઓથી.

રાજેન્દ્રભાઈ પોતે જૈન છતાં જૈનધર્મ અને ફિલસૂફી ઉપરાંત હિન્દુધર્મ પ્રત્યે પણ એટલા જ પ્રેમી એટલે ભારતીય કલામાં અત્યાર સુધી જે કાંઈ શ્રેષ્ઠ નિર્મિત થયું તે સર્વ કલાકૃતિના





↑ મહાવીર જન્મ કલ્યાણ - મ્યૂરલ મોઝેક] [ચિત્રકાર : કાર્તિક શુક્લ [મોઝેક પેનલનાં ડાબી બાજુનો ભાગ ↑



મહાવીરની અહિંસા (ચિત્રકાર : ગોકુલદાસ કાપડિયા)

ફોટોગ્રાફ સંગ્રહ મ્યૂઝીઅમમાં સામેલ કરવાનું પણ વિચાર્યું. અને ચિત્રો માટે તથા શિલ્પો માટે, જૈન કલ્પસૂત્રમાંથી તેમજ આકોટા ઉત્ખનન-માંથી ૮મી સદીમાં કંડારાયેલી બ્રોન્ઝ પ્રતિમાઓ, મુખ્યત્વે જૈન તીર્થંકરો તેમજ જગવિખ્યાત ચામર-ધારિણીની પ્રતિકૃતિ-ઓ બનાવવાનું નક્કી કર્યું.

ચિત્ર માટે આધુનિક ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠિત ચિત્રકારો સ્વ.ગોકુલદાસ કાપડિયા, શ્રી દિનેશ શાહ, સ્વ.વાસુદેવ સ્માર્ત, શ્રી રમેશ પંડ્યા, સ્વ.યજ્ઞેશ શુક્લના પુત્ર કાર્તિક શુક્લ, તેમજ શ્રી ડાહ્યાભાઈ ચૌહાણ ઇત્યાદિ ચિત્રકારો પાસે ચિત્ર કરાવવાનું નક્કી કર્યું.

ભાઈશ્રી રમેશ પંડ્યા આ બધા કરતાં યુવાન. પરંતુ સ્વ. બેન્દ્રેના શિષ્ય અને વડોદરા યુનિવર્સિટીની ફેકલ્ટી ઑવ્ ફાઇન આર્ટ્સમાં અભ્યાસ કરી ત્યાં જ અધ્યાપક બની સારી ખ્યાતિ સંપાદન કરી છે. ગુજરાતના પ્રાચીન મ્યૂરલોનો એમણે અભ્યાસ કરી અનેક પ્રતિકૃતિઓ બનાવી છે. અમેરિકા જઈ વધુ અભ્યાસ કરેલો અને ટીચિંગ આસિસ્ટન્ટ પણ બનેલા.

સ્વ.ગોકુલદાસ કાપડિયાએ (૧૯૧૭-૯૮) ભગવાન શ્રી મહાવીરના જીવન અને કાર્ય પર સુન્દર ચિત્રો કર્યાં છે. આજથી લગભગ સાઠ વર્ષ પર આચાર્ય યશોવિજયજી મહારાજે એક સુંદર પોર્ટફોલિઓ બહાર પાડેલો. એ ચિત્રો એટલાં સુંદર છે કે યુનેસ્કોએ એમનાં ચિત્રો જોતાં કોરો ચેક આપી જે કિમ્મત થાય તે કિંમતે લઈ લેવાનું જણાવેલું. પરંતુ આચાર્યશ્રીએ આપેલાં નહીં; એ ઉપરથી એમનાં ચિત્ર વિષે ખ્યાલ આવશે. ચિત્રોના આલ્બમની પણ ત્રણ આવૃત્તિઓ બહાર પાડી, જે એમની કલાનો ખ્યાલ આપે છે. તાજેતરમાં ૮૧ વર્ષની બુઝર્ગ વયે એમનું અવસાન થયું.

આ મ્યૂઝીઅમ માટે એમણે મોટા કદનાં ચાર ચિત્રો બનાવ્યાં છે. (૧) ધન્ના શાલીભદ્રના ધનનો મહિમા, (૨) નેમકુમારનો વરઘોડો, (૩) ૧૬ ભાવનાઓ અને (૪) મહાવીરની અહિંસા.

ઉપરોક્ત ચારે ચિત્રો આપણી પરંપરાગત અજંતા શૈલીનાં છે. રંગરેખા અને સંયોજનની દૃષ્ટિએ અપ્રતીમ ગણાય. જિંદગીની



મીરાંનું જીવનદર્શન (ચિત્રકાર : દિનેશ શાહ)

[illegible] વર્ષ સુધી એમણે પીંછી છોડી નહોતી એટલું જ નહીં. પણ સવારે ૮ થી તે રાત્રે ૧૨ વાગ્યા સુધી સતત કામ કરતા હતા.


સ્વ.યુસુફભાઈ પણ જગવિખ્યાત. ૧૯૦૯થી સ્વયં અહિવાસીભાઈના પટ્ટ શિષ્યોમાંના એક ચિત્રકાર, ઉપરાંત શિલ્પકાર પણ. સ્વભાવે કુસુમથી પણ નરમ અને ઉગ્ર બને ત્યારે દુર્વાસા જેવા. મ્યૂઝીઅમમાં સંઘરાયેલાં મોટા ભાગનાં ચિત્રો એમની જ કૃતિઓ છે. અને રાજેન્દ્રભાઈએ એ બધાંને એક જ જગ્યાએ એકત્ર કરી જાહેર પ્રજા સમક્ષ મૂકી એમને અમર બનાવ્યાં છે. આ રહ્યાં એ ચિત્રો : (૧) ભગવાન મહાવીરનું ચ્યવણ કલ્યાણ, (૨) દીક્ષાકલ્યાણ (મહાવીર), (૩) ભગવાન મહાવીરનું જન્મકલ્યાણ, (૪) ભગવાન મહાવીરના અન્ય ક્ષમાના પ્રસંગો, (૫) ભગવાન પાર્શ્વનાથના પાંચે કલ્યાણકો, (૬) અનેક લાઈન ડ્રોઇંગો ઇત્યાદિ.

દિનેશભાઈ (જન્મ ૧૯૩૦) પણ અહિવાસીભાઈના પટ્ટ શિષ્યોમાંના એક. રેખારંગ અને સંયોજન પર અજબ પ્રભુત્વ. આજ સુધી અનેક ચિત્રો કર્યાં અને ખ્યાતિ મેળવી.

(૧) સ્થૂલિભદ્ર અને રૂપકોશાના જીવન પર એમણે સુંદર ચિત્ર બનાવ્યું છે. એમાં રંગરેખા અને સંયોજનનું અદ્ભુત મિશ્રણ તેમજ પ્રસંગનો સચોટ ખ્યાલ તરત જ આવે છે.

સ્વ.વાસુદેવ સ્માર્ત (૧૯૩૨-૧૯૯૯) પણ અહિવાસીભાઈના પટ્ટ શિષ્યમાંના એક કહી શકાય. ભારતીય પરંપરાગત ચિત્રશૈલીના ખૂબ જ આગ્રહી. બનારસ યુનિવર્સિટીના મહિલા વિદ્યાલયમાં અધ્યાપક તરીકે કામ કરી લગભગ ૧૫ વર્ષથી નિવૃત્ત થઈ માદરેવતન સુરત આવી ચિત્રકાર તરીકેની જિંદગી ગાળી. રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય ખ્યાતિને વરેલા વાસુદેવભાઈએ આ મ્યૂઝિઅમ માટે આપણી પરંપરાગત શૈલીમાં ચંડકૌશિકના જીવન પરથી બે ચિત્રો બનાવ્યાં છે : (૧) ચંડકૌશિકનો પૂર્વભવ અને (૨) ચંડકૌશિકનો ઉત્તરભવ. એ પણ રંગરેખા અને સંયોજનની ઉત્તમ કૃતિ ગણી શકાય. એમની શૈલીમાં અજંતાની રેખા અને રાજપૂતપહાડી કલમનું મિશ્રણ જોવા મળશે.

સ્વ. યજ્ઞેશ્વર શુક્લના ચિરંજીવી ભાઈ શ્રી કાર્તિકે પણ પિતાનો વારસો એટલો જ સાચવ્યો છે. પોતે સ્થાપત્યકલાના





ત્રણ શિલ્પો (શિલ્પકાર : કાન્તિ કાપડિયા અને તપન માં[illegible])

સ્નાતક હોવા છતાં મોઝેકમાં મ્યૂરલો જ બનાવે છે. આ મ્યૂઝીઅમ માટે મોટા કદનું ભગવાન મહાવીરના જીવનને લગતું મ્યૂરલ્ - એમનું કેવળ (કૈવલ્ય) જ્ઞાન કલ્યાણક, સમોવસરણ અને નિર્વાણ કલ્યાણકો - સુંદર રંગ અને સંયોજનથી સુશોભિત કર્યું છે.

ભાઈશ્રી રમેશ પંડ્યાનું કલ્પસૂત્રોની પરંપરાગત શૈલીમાં મોટા કદમાં તૈયાર થયેલું બાહુબલી - બ્રાહ્મીસુન્દરીનું સુન્દર ચિત્ર મ્યૂઝીઅમની સજાવટમાં ખૂબ જ આકર્ષક લાગે છે.

જેના સ્મારક રૂપે આ ગૅલરી સ્થાપિત થઈ છે તે સ્વ.મયારામ ઠાકરસી શાહ તથા એમનાં ધર્મપત્ની સ્વ.માણેકબહેનનાં (ભાઈશ્રી રાજેન્દ્રનાં માતાપિતા) તૈલરંગી પોર્ટ્રેટો કલામહાવિદ્યાલયના નિવૃત્ત આચાર્ય અને ચિત્રકાર શ્રી જશુભાઈ નાયકે બનાવ્યાં છે.

આ સિવાય પેપર કટમાં બે સુન્દર ચિત્રો પણ સંઘરાયેલાં છે, જેના વિષયો છે ૨૪ તીર્થંકરો અને મહાવીર સ્વામી.

ઉપરોક્ત વાત થઈ ચિત્રોની; પરંતુ શિલ્પની જવાબદારી મને સોંપાઈ. તેના પરિપાકરૂપે (૧) વસુંધરા (૩'x૪') (૨) ચામરધારિણી (આકોટાની અનુકૃતિ) (૧'x૩' ઊંચાઈ) (૩) બે, ત્રણ ફૂટ લાંબા સિંહો (૪) આકોટા શિલ્પોમાં એક પુખ્ત કદનું મોટું અને બે નાનાં શિલ્પો (મોટું ૫ ફૂટ ઊંચું) (નાનાં લગભગ બે ફૂટ ઊંચાં) (૫) સુરતમાં સ્થાપિત થયેલી આદિનાથ ભગવાનના ખોળામાં મહાવીર સ્વામીની પુખ્ત કદની પ્રતિમા (૪ ફૂટ ઊંચી બેઠેલી) (૬) ચંડકૌશિકના જીવનના બન્ને પ્રસંગોનાં રિલીફ શિલ્પો (૨'x૨') (૭) અષ્ટગિરિનું શિલ્પ - (૮' ફૂટ ઊંચો) (૮) ભગવાનની પાદુકા (૨'x૨') કમળપત્તીની સુંદર બેઠક પર વગેરે શિલ્પો (મેં શિલ્પની જવાબદારી ૮૭ વર્ષની વૃદ્ધાવસ્થાને લીધે બંધ કરી હોવા છતાં મારા શિષ્યો શ્રી તપન, શ્રી રોહીદાસ તથા શ્રી તુલસીદાસ ઇત્યાદિની મદદથી ફાઈબર ગ્લાસમાં બનાવ્યાં છે. બધી પ્રતિમાઓ આમ તો ફાઈબર ગ્લાસમાં છે, પરંતુ એને રંગ એવો આપ્યો છે કે જાણે બ્રોન્ઝ ધાતુની બનાવી ન હોય.

આ બધી ચિત્રશિલ્પની વાત થઈ. હવે સજાવટની વાત કરીએ. હોલ ઘણો વિશાળ છે. વચ્ચોવચ એક મોટું પ્લેટફૉર્મ બનાવ્યું છે, જેમાં મધ્યસ્થાને આજથી લગભગ બસો વર્ષ જૂનું લાકડાનું મંદિર સ્થાપિત થયું છે. મંદિરમાં દાખલ થવાનાં પગથિયાં આગળ શ્રીલંકામાં મંદિરોમાં દાખલ થતાં જોવા મળતી અર્ધચંદ્રાકાર કમળપત્તી અને હાથીઓથી સુશોભિત શિલ્પપગથાર છે અને ઉપર ભગવાનની પાદુકા સુન્દર રીતે કંડારેલી છે. પ્લેટફૉર્મનાં પગથિયાંની બન્ને બાજુ પુખ્ત કદના આપણી પરંપરાગત ચિત્રકલાનો ખ્યાલ આપતા બે સિંહો બેસાડ્યા છે. મંદિરની બન્ને બાજુ આપણી શિલ્પકલાના સર્વોત્તમ નમૂનાનાં મ્યૂરલો સજાવ્યાં છે.

મ્યૂઝીઅમ-ગૅલરીમાં ડાબી બાજુના દરવાજાથી દાખલ થતાં ડાબી બાજુ રાજેન્દ્રભાઈનાં માતપિતાનાં પોર્ટ્રેટો અને જમણી બાજુ 'વસુંધરા'ની પ્રતિમાનાં આગંતુકને દર્શન થાય છે. પછી તો આગળ ચાલતાં દીવાલ પર યુસુફભાઈનાં મોટા કદનાં ચિત્રો આવે છે. સામે કાર્તિક શુક્લનું મોઝેક મ્યૂરલ પછી શિલ્પો અને વાસુદેવભાઈનાં ચિત્રો તથા યુસુફભાઈના પાર્શ્વનાથ પ્રભુનાં પાંચે કલ્યાણકોનાં ચિત્રો છે. પેપરકટનાં ચિત્રો પછી જમણી બાજુએ દીવાલ પર દિનેશ શાહ અને ગોકુલદાસ કાપડિયાનાં ચિત્રો ગોઠવ્યાં છે. રેઇલિંગ પર મહાવીર સ્વામીના જીવનપ્રસંગનાં રેખાચિત્રો સજાવ્યાં છે. સામે દીવાલ પર મોટા



ત્રીમતી માણેકબહેન મયારામ શાહ • શ્રી મયારામ ઠાકરશી શાહ

કદમાં ભાઈ શ્રી રમેશ પંડ્યાનું બાહુબલીનું ચિત્ર સુન્દર રંગો અને સંયોજનથી ઝળકી ઊઠે છે.

આ મ્યૂઝીઅમની રચના અને ગોઠવણીમાં ભાઈ રાજેન્દ્રે પૈસો અને દિલ રેડ્યાં છે. એમનો મોટો દીકરો પ્રકાશ પોતે આર્કિટેક તથા ઇન્ટિરિઅર ડેકોરેટર છે. તેણે મન મૂકીને સજાવટ કરી ઘન સ્વરૂપ આપ્યું છે. ગેલરીની બહાર અને મ્યૂઝીઅમની અંદર દાખલ થતાં દરવાજામાં અષ્ટાપદગિરિની સુન્દર રચના જોતાં જૈનધર્મની સમગ્ર ફિલસૂફી અને મનુષ્ય જીવનની સફળતા કેવી રીતે થાય એનો સંપૂર્ણ ખયાલ આપે છે. મ્યૂઝીઅમ જોતાં રાજેન્દ્રભાઈની મહેનત સફળ થઈ છે એવી પ્રતીતિ થયા વગર રહેતી નથી. રાજેન્દ્રભાઈ પોતે એકલા નહીં, પરંતુ એમને પ્રોત્સાહન એમનાં ધર્મપત્નીએ (ઇન્દિરાબહેન) આપી, દરેક બાબતમાં ખડે પગે સાથ આપ્યો છે. એમની પ્રેરણા ઉપરાંત એમના અન્ય દીકરા દિવ્યેશ, મૂકેશ અને પ્રમેશે તથા એમની બધી પુત્રવધૂઓએ તથા રસેશ જમીનદારે સંપૂર્ણ સહકાર આપ્યા છે. તદુપરાંત શ્રીમતી ધેનુકાબહેન તથા શ્રીમતી રાજેશ્વરીબહેને યુસુફભાઈના સ્કેચોનું યોગ્ય રીતે પુનઃનિર્માણ કરવામાં મદદ કરી છે.

ઉપરોક્ત મ્યૂઝીઅમ - આર્ટ ગેલરીનું ઉદ્‌ઘાટન તા. ૨૭મી એપ્રિલ ૧૯૯૮ના રોજ જાણીતા જૈન તેમજ ઇતર કલાના પુરસ્કર્તા ડૉ. શ્રીધર આંધારે, શ્રી વિશાલસેન સૂરીશ્વરજી મહારાજ સાહેબના સાન્નિધ્યમાં ખૂબ સરસ રીતે થયું હતું.

ગુજરાતમાં અનેક મ્યૂઝીઅમો છે. તેમાં આ વિશિષ્ટ મ્યૂઝીઅમનો ઉમેરો થયો એટલું જ નહીં, પરંતુ ગુજરાતના જાણીતા કલાકારોનો સારો એવો સંગ્રહ પ્રજા સમક્ષ મુકાયો જે ભવિષ્યની પ્રજાને ખયાલ આપશે, અને વિશાલસેન કલાસંસ્થાન જૈન મ્યૂઝીઅમમાં શ્રી મયાભાઈ ઠાકરસી શાહ તથા શ્રીમતી માણેકબહેન મયારામ શાહ સ્મૃતિ હૉલ (આર્ટ ગેલરી) તરીકે પ્રસિદ્ધિ પામશે. □

લઘુકથા

મૂળિયાં

રેખા સરવૈયા

ખોબા જેવડા ગામની આજે તો છબી જ બદલાઈ ગઈ હતી. દિવસ ઊગતાંમાં તો આખુંય ગામ વળાઈ-ચોળાઈને પાદરે ભેગું થયું હતું. પાદરથી લઈને ઠેઠ અંદરની બાજુ પણ આસોપાલવનાં તોરણ બંધાઈ ગયાં હતાં. આકાશ તરફ જોતાં વિવિધ રંગી પતાકડાંઓની રંગોળી પૂરી હોય એમ જ લાગે. વિશેષ હરખ નિશાળમાં ભણતી બાળાઓને હોય એવું ઉત્સાહી એમનું વર્તન હતું. ઘડી-બ-ઘડીમાં આવી પહોંચનારાં મહેમાનોનાં સ્વાગત માટે એ બાળાઓ પોતાના નાનકડા હાથમાં કંકુ-ચોખા અને ગોળ-ધાણાની થાળી લઈને થનગની રહી હતી.

મહેમાનના સ્વાગતની તમામ જવાબદારી મારા શિરે હતી. હાથમાં ફૂલહાર લઈને મહેમાનની રાહ જોતાંજોતાં હું વિચારે ચડી ગયો. ત્રણ-ત્રણ વરસથી ગામના સરપંચ આમંત્રણ આપતા ને છતાં પોતાની ધંધાકીય વ્યસ્તતાને લીધે ન આવી શકનારા શેઠ બ્રિજેનરાય આ વખતે ઝાલાવાડના તડકાને અવગણીને આવવા તૈયાર થયા હતા! જે ગરમી, જે ગામ ને જે ભણતરથી કંટાળીને અમારો વહાલો બિરજૂ મુંબઈ નાસી ગયેલો તે આજે એની જ નિશાળમાં એના જ રૂપિયાથી ઉમેરાયેલા બે ઓરડાના ઉદ્‌ઘાટનમાં આવી રહ્યો હતો. ગામ છોડ્યા પછી બ્રિજેન બાણમાંથી છૂટેલા તીરની જેમ આગળ વધ્યો હતો. પાછા વળીને જોવાનો એનો સ્વભાવ જ નહોતો. તો શું એ આજે મને ઓળખી શકશે?

વિચારોની સાથે-સાથે એક બીજી પણ બ્રેક લાગી. મહેમાનની ગાડી આવી પહોંચી હતી. ઉષ્માભર્યાં સ્વાગતથી શરૂ થયેલ કાર્યક્રમ મારા દ્વારા થયેલી આભારવિધિથી આટોપાઈ પણ ગયો. શેઠ બ્રિજેનરાય પ્રિન્સિપાલની વિદાય લેવા તૈયાર થયા. મનમાં એક સબાકો ઊઠ્યો... શું બિરજૂ મને ભૂલી... હશે! હોય! આ માથું ફરતું લાગે છે કે? ઘરે જ જવા દે!

'એ...એ... નમસ્કાર... રાજેનબાબુ! આવો... ઘડીક આપણા જૂના અડ્ડા પર જઈએ.'

મારા પગ ઘરને બદલે બ્રિજેનરાયની મોટર ભણી વળ્યા. હાથે બારણું ઉઘાડી, હેતથી પાસે બેસાડતાં બિરજૂએ ડ્રાઈવરને મોટર હંકારવાનો માર્ગ ચીંધ્યો.

ઘડીકમાં મોટર એક ઘડાદાર વડલાના સરનામે જઈ ઊભી. મને ધરપત વળી કે એનાં મૂળિયાં હજીય જમીનને મજબૂતીથી વળગેલાં હતાં! □

અનુ.] હું અને મારો મહોલ્લો [પૃ.૭૬૬થી

નિરાધાર માનું છું. ઓશિયાળાની જેમ ફરું છું. ક્યારેક મધરાતે સફાળો જાગું છું. મહોલ્લો સાદ કરીને મને બોલાવે છે. સરવા કાને હું એ સાદ સાંભળું છું. એ સાદમાં બે સૂર છે. એમાં તિરોહિત થયેલો સાદ પણ સાંભળું છું. એ સાદ તો સખીનો. મને દોડીને મારા મહોલ્લે જવાનું મન થાય છે, પણ જતો નથી. અને સહદેવની જેમ મનમાં બોલું છું - 'અશક્ત જેવો રહું બેસી રોઈને.' □

संस्थापरिचय

શિમલાનું
ભારતીય ઉચ્ચ અધ્યયન સંસ્થાન

ડૉ. ચૈતન્ય દેસાઈ

આપણા પ્રાચીન ઋષિકાળમાં ગિરિકંદરાઓ ને આભે અડતી પર્વતમાળાઓ ઋષિમુનિઓની તપોભૂમિ લેખાતી. ભારતીય સંસ્કૃતિનાં દર્શન, મનન અને ચિન્તનના સાક્ષી ને સાથી આવાં રમણીય પ્રકૃતિસ્થાનો હંમેશાં રહ્યાં છે. એ સૌમાંયે ખાસ હિમાલયનું આકર્ષણ તો, જીવન ને જગત અને તેને ચલાવનાર ઈશ્વરના ગહન ચિંતનકારોને અનેરું રહ્યું છે. આપણે હજી આ સંસ્કૃતિપથથી આજે પણ વિમુખ થયા નથી - એવો અનુભવ કરાવનારું એક આધુનિક અભ્યાસતીર્થ : ભારતીય ઉચ્ચ અધ્યયન સંસ્થાન Indian Institute of Advanced Study - શિમલા - હાલ જોવાજાણવાની તક મળી. શિમલા પહાડોની રાણી અને દેવભૂમિ કે સહેલાણીઓ માટેનું ગિરિમથક તો ખરું જ. પરંતુ દેશના ટોચના અભ્યાસુ સંશોધકો, ચિંતકો ને વિદ્વત્જનોની તપોભૂમિ પણ છે. ખાસ કરીને સાહિત્ય, તત્ત્વજ્ઞાન અને ધર્મના ક્ષેત્રે પીએચ. ડી. બાદનું ઊંડું વાચન, સંશોધન, પ્રકાશન કરવાની સુંદર તક અહીં પ્રાપ્ય છે. તેની થોડી જાણકારી આપણા વાચકોને પાઠવવાનો નમ્ર ઉપક્રમ છે. આજે જ્યારે એક તરફ ભારતની મોટા ભાગની યુનિવર્સિટીઓમાં ગહન અધ્યયન, ચિન્તન-ચર્ચાનું વાતાવરણ ઓછું થઈ રહ્યું છે. કૉલેજોમાં અશિસ્ત અને અભ્યાસ- વિમુખતા વકરતાં જાય છે. યુનિવર્સિટીઓમાં અનુસ્નાતક અભ્યાસભવનો કે ડિપાર્ટમેન્ટ્સ એક યા બીજા કારણસર મૃતપ્રાય બનતાં જાય છે - department are dieing... ત્યારે શિમલાની આ સંસ્થા યુનિવર્સિટી, કૉલેજો, શોધ-સંસ્થાનો અને સ્વતંત્રરૂપે સંશોધન કરનાર વિદ્વાનો, અભ્યાસુઓને નાના-મોટા સમયગાળાના નિવાસ-વાચન-લેખન-મનન માટે આમંત્રે છે. તેમને સર્વ પ્રકારે સ્વાસ્થ્યપ્રદ, સુવિધાપૂર્ણ અને પારસ્પરિક સૌહાર્દપૂર્ણ ચર્ચા-ચિન્તનનું વાતાવરણ પૂરું પાડે છે તે ખૂબ જ સુખદ સંતોષની બાબત છે.

હિમાચલ પ્રદેશની રાજનગરી શિમલાની એક ઊંચી ટેકરી ઑબ્ઝર્વેટરી હીલ ઉપર લૉર્ડ ડફરીનના વાઇસરૉયકાળમાં એક ભવ્ય મહાલય - વાઇસરીગલ લૉજ - બન્યું હતું. તેને કોઈ વિશિષ્ટ શૈલીના ભવનનિર્માણની કક્ષામાં મૂકવું તો મુશ્કેલ છે પરંતુ બ્રિટિશરો ભારતમાં જે કેટલાંક ઉત્તમ મહાલયો મૂકતા ગયા તેમાંનું એક શ્રેષ્ઠ આ વાઇસરીગલ લૉજ લેખી શકાય. અંગ્રેજોની ગ્રીષ્મકાલીન રાજધાની અહીં રહેતી. તેમની વિદાય પછી સ્વતંત્ર ભારતના રાષ્ટ્રપતિનો યે ગ્રીષ્મકાલીન મુકામ અહીં રહેતો. તેનું નામકરણ પણ તેથી 'રાષ્ટ્રપતિ નિવાસ' કરવામાં આવેલું. લગભગ ૧૦૦ એકર જેટલા વિસ્તારમાં પ્રસરેલ આ સંપત્તિ આજે સંપૂર્ણપણે શૈક્ષણિક અને બિનરાજકીય હેતુઓ માટે વપરાય છે. તેના બાગબગીચા પણ આટલી ઊંચાઈએ આવેલા વિશ્વના ઉત્તમ બગીચાઓમાં ગણના પામે તેવા છે. ભવનો સિવાયનો તેનો વનરાજી, દેવદારનાં વૃક્ષો-લતાઓ મઢ્યો વિસ્તાર શુદ્ધ પર્યાવરણના ટુકડા જેવો છે. આ રીતે સંસ્થાનનું વાતાવરણ વિદ્વત્જનો, સારસ્વતો, ચિંતકોને મનન, ચિંતન, લેખન, વાચન માટે ખૂબ જ સાનુકૂળ છે.

Indian Institute of Advanced Studyની સ્થાપના ૧૯૬૪માં માનવવિદ્યાઓ અને સમાજવિજ્ઞાનોમાં ઉચ્ચ સંશોધનના રાષ્ટ્રિય કેન્દ્ર તરીકે થઈ. સાહિત્ય, તત્ત્વદર્શન અને ધર્મમાં સર્જનાત્મક વિચારણા અને ઉચ્ચ માનવીય મૂલ્યોનાં ચિન્તન માટેનું તેનું ધ્યેય છે. ભારતીય સભ્યતા અને સંસ્કૃતિને સ્પર્શતા પ્રશ્નો અંગેનું સંશોધન પણ તેના પરિપ્રેક્ષ્યની બહાર નથી. તેની રચના સોસાયટીઝ રજિસ્ટ્રેશન ઍક્ટ ૨૧ (૧૮૬૦) હેઠળ ભારત સરકાર દ્વારા એક સ્વાયત્ત સંસ્થા તરીકે કરવામાં આવી. તેનું સંચાલન અને વહીવટ એક ગવર્નિંગ બોડી દ્વારા થાય છે. આ ગવર્નિંગ બોડી અને સોસાયટીના સભ્યો તરીકે દેશના વિવિધ ક્ષેત્રોના ખ્યાતનામ વિદ્વાનો અને શૈક્ષણિક વહીવટદારોમાંથી પસંદગી થાય છે. સંસ્થાના ડિરેક્ટર, તેના મુખ્ય એક્ઝિક્યૂટિવ ઑફિસર છે. પત્રવ્યવહાર વગેરે માટે પબ્લિક રીલેશન ઑફિસર પણ ત્યાં છે. આ સંસ્થાનું ઉદ્ઘાટન ભારતના મહાન દાર્શનિક અને ચિન્તક રાષ્ટ્રપતિ સર્વપલ્લી ડૉ. રાધાકૃષ્ણને, ડૉ. ઝાકીરહુસેન અને ડૉ. નિહારારંજન રે જેવા વિદ્વાનોની ઉપસ્થિતિમાં કર્યું હતું. (૬ ઑક્ટોબર, ૧૯૬૪). ભારતના તત્ત્વજ્ઞાની રાષ્ટ્રપતિની ભારતના બુદ્ધિજીવીઓને આ એક અણમોલ ભેટ હતી. ડૉ. રાધાકૃષ્ણને યોગ્ય જ કહ્યું કે 'હિન્દુસ્તાનની લાંબી રાજકીય ગુલામી બાદ આપણા દેશે હવે વૈચારિક અને બૌદ્ધિક ગુલામીમાંથી પણ બહાર આવવું જોઈશે. તે માટે દેશના ચિંતનશીલ વિદ્વાનોને પુનઃ આમંત્રિત કરવામાં રાજકીય પ્રશ્રય, પ્રોત્સાહન અને સુવિધાઓ પ્રદાન કરી ચિંતન નવનીત નીપજાવવામાં આવે તો દેશની મોટી બૌદ્ધિક સેવા ગણાશે.' તત્કાલીન ઉપરાષ્ટ્રપતિ અને શિક્ષણવિદ્ ડૉ. ઝાકિરહુસેનની અધ્યક્ષતામાં એક ઉચ્ચસ્તરીય સમિતિ નીમવામાં આવી હતી. જેના સભ્યો તરીકે શિક્ષણશાસ્ત્રી અને કાનૂનવિદ્ એમ.સી. ચાગલા, ડૉ. ડી.એમ. કોઠારી, શ્રી સી.ડી. દેશમુખ હતા. આ સમિતિએ સંસ્થાની સ્થાપનાના ઉદ્દેશ્યો સ્પષ્ટ કર્યા હતા કે ધર્મ દર્શન, ભાષા, સાહિત્ય, સંસ્કૃતિ, કલા, સમાજશાસ્ત્ર, ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાની ચિંતનમૂલક સમસ્યાઓ, સમકાલીન સામાજિક ચિંતનના રચનાત્મક વિચારોને પ્રોત્સાહિત કરવાના સંશોધન કેન્દ્ર તરીકે આ સંસ્થા કાર્ય કરશે. ૧૯૯૧માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન

- UGC ભારત સરકારે માનવવિદ્યાઓ અને સમાજવિજ્ઞાનોના આંતરયુનિવર્સિટી કેન્દ્ર તરીકે આ સંસ્થાને લેખી દેશભરની કૉલેજો ને યુનિવર્સિટીઓના પ્રાધ્યાપકોને એક સુઅવસર આપ્યો. અને સાચા અર્થમાં એ બૌદ્ધિકોનું મિલનસ્થાન - ચિંતનસ્થાન - તપોભૂમિ બની રહ્યું. સંસ્થાના પ્રાણ છે તેના વિદ્વાનો, જેમને ફેલો, એસોશિયેટ્, વિઝિટિંગ પ્રોફેસર, વિઝિટિંગ સ્કોલર, ગેસ્ટ સ્કોલર વગેરે રૂપે પસંદ કરવામાં આવે છે. ફેલોશિપની લઘુતમ સમયમર્યાદા ત્રણ માસની છે. પ્રારંભે ફેલોશિપ એક વર્ષથી વધુ નહિ તેવા સમય માટે અપાતી. પરંતુ કામના પ્રકાર અને પ્રગતિ જોતાં ૩ વર્ષ સુધી તેમાં વિસ્તરણ મળે છે. University News કે અન્ય એવાં શાસકીય માધ્યમોમાં આની ફલોશિપની જાહેરાત કરી વિદ્વાનોને જે તે ક્ષેત્રમાં પોતાના પસંદગીના વિષય ઉપર સંશોધન કરવા નિમંત્રવામાં આવે છે. ત્યાર બાદ અરજીની ચકાસણી અને વિષય મંજૂર થતાં ત્યાં જવાની તક મળે છે. વિવિધ વિષયોના અન્ય સંશોધકો સાથે તેમણે વાર્તાલાપ, ચર્ચા, ચિંતન ઔપચારિક, અનૌપચારિક રીતે કરવાનાં રહે છે. સામાહિક સેમિનાર રાષ્ટ્રિય-આંતરરાષ્ટ્રિય સંગોષ્ઠિ, કાર્યશાળા, અધ્યયન સપ્તાહ જેવાં વિવિધ આયોજનોના માધ્યમથી દેશવિદેશના વિવિધ વિષયના વિદ્વાનોને એક ધરાતલ પર લાવી ચર્ચા-ચિંતનનો સુઅવસર આપવામાં આવે છે. તથા તેનાં નિષ્કર્ષરૂપ મહત્ત્વનાં પ્રકાશનો સંસ્થા દ્વારા કરવામાં આવે છે. અનેક પ્રાસંગિક વિષયો ઉપર આંતરરાષ્ટ્રિય ચર્ચાઓ ગોઠવાય છે અને તેનાં પરિણામો ગ્રંથસ્થ કરી વિશ્વ સમક્ષ મૂકવામાં આવે છે.

ભારતના ગૌરવસમું આ ઉચ્ચ અધ્યયન સંસ્થાન એકી સાથે લેખક, દાર્શનિક, ઇતિહાસકાર, સમાજશાસ્ત્રી, કલાકાર, પુરાતત્ત્વવેત્તા, વિવેચક, ભાષા વૈજ્ઞાનિક વગેરે ભેગા મળીને વિચાર-સર્જનનું કાર્ય કરે છે શ્રી બી.કે. ભટ્ટાચાર્ય, કૃષ્ણાસોબતી, ભીષ્મ સાહની, રાજી શેઠ, ગોપીચન્દ નારંગ, ભૂપિન્દર પરહાર, પ્રો.વ્રિજવાસીલાલ તથા શ્રી ચિદાનંદ દાસગુપ્તા તેના સુખ્યાત ફેલો છે. હાલમાં દર વર્ષે ૩૦ની સંખ્યામાં ફેલો અને તેટલી જ સંખ્યામાં એસોસિયેટ્સને ત્યાં નિવાસ સુવિધા આપવામાં આવે છે. આ ઉપરાંત વિઝિટિંગ પ્રોફેસર્સ અને ગેસ્ટ ફેલો વિવિધ વ્યાખ્યાનો માટે નિમંત્રવામાં આવે છે. આ ઉપરાંત સંસ્થાના કેટલાક સંશોધન પ્રોજેક્ટ પણ ચાલે છે. જેમ કે - ભારતીય સભ્યતામાં સમાજ-ધાર્મિક આંદોલન અને સાંસ્કૃતિક કાર્યક્રમ, ગાંધીજી સંબંધિત પ્રોજેક્ટ વગેરે. એપ્રિલથી નવેમ્બર સુધી અહીં નિવાસ ખુશનુમા ને મનોહારી હોય છે. જ્યારે ડિસેમ્બરથી માર્ચ બરફને કારણે અતિ ઠંડીની પ્રતિકૂળતાને લીધે ફેલોઝ શિમલા બહાર મુસાફરી દ્વારા ફિલ્ડવર્ક, પુરાતત્ત્વીય સંશોધન ઇત્યાદિ માટે જવાનું હોય છે. પ્રત્યેક ફેલોશિપનો સમય પૂરો થતાં ફેલોએ તેનું કામ ત્યાં પ્રસ્તુત કરવાનું રહે છે. મોનોગ્રાફના સ્વરૂપે રજૂ કરેલ ફેલોનાં આ સંશોધનો આખરે સંસ્થા દ્વારા પ્રકાશન માટે પસંદ થાય છે. જેને પ્રથમ પ્રકાશિત કરવાનો હક્ક પણ શિમલાનો રહે છે.

ફેલોઝની પસંદગી અગાઉ જણાવ્યા મુજબ રાષ્ટ્રવ્યાપી જાહેરખબર દ્વારા અરજીઓ મંગાવી થાય છે. પસંદગી સમિતિની ભલામણો ઉપર ગવર્નિંગ બોડી અંતિમ પસંદગી કરે છે. જે વિદ્વાનોએ ઔપચારિક રીતે અરજી ન પણ કરી હોય તો યે તેમની પ્રતિષ્ઠા અને કામને ધ્યાનમાં લેતાં ડિરેક્ટર, ગવર્નિંગ બોડી કે સોસાયટી તેમને ફેલોશિપ પ્રદાન કરી શકે છે. આ ઉપરાંત (૧) વિઝિટિંગ પ્રોફેસર્સ - ગવર્નિંગ બોડી દ્વારા વ્યાખ્યાન કે સેમિનાર માટે નિમંત્રવામાં આવે છે. એકાદ માસ તેમણે ત્યાં રોકાઈને સંસ્થાના નિવાસી ફેલો જોડે તેમણે અનૌપચારિક મિલન-ચર્ચા-વાર્તાલાપ કરવાનાં હોય છે. (૨) વિઝિટિંગ સ્કોલર્સ - એકાદ સપ્તાહ જેટલા ટૂંકા સમય માટે પ્રતિષ્ઠિત વિદ્વાનોને અહીં વ્યાખ્યાન કે સેમિનાર માટે નિમંત્રવામાં આવે છે અને તેમને પણ તમામ સુવિધાઓ મળે છે. (૩) ગેસ્ટ સ્કોલર્સ - નિવાસ સુવિધાની પ્રાપ્યતા મુજબ આ સંસ્થા મહેમાન-વિદ્વાનોને પણ આમંત્રે છે.

IIAS અને UGC વચ્ચેની સમજૂતી મુજબ આ સંસ્થા Inter-University Centre (IUC) for Humanities & Social Sciences તરીકે કામ કરે છે અને દેશભરની કૉલેજો, યુનિવર્સિટીઓના પ્રાધ્યાપકોને ૩ માસ સુધીના સમયગાળા માટે નિમંત્રે છે. આવા ૧૫ એસોસિયેટ્સને તક મળે છે. તેમને સંસ્થાની શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની જરૂર હોય છે. આવા યુવાન સંશોધકોને માટે સંશોધન સેમિનારો, અભ્યાસ સપ્તાહો ખાસ યોજવામાં આવે છે. રાષ્ટ્ર અને સમાજના તાકીદના પ્રશ્નો અંગે તેઓ સંશોધનમાં વ્યસ્ત રહે છે. હાલમાં જે વિષયો ઉપર સંસ્થા ફેલોશિપ આપે છે તેમાં - સામાજિક, રાજનૈતિક અને આર્થિક દર્શન, તુલનાત્મક ભાષાવિજ્ઞાન, ધર્મ અને તત્ત્વજ્ઞાનનો તુલનાત્મક અભ્યાસ, વિશ્વદષ્ટિનો વિકાસ, શિક્ષણ, સંસ્કૃતિ અને કળા, પ્રાકૃતિક અને જીવ વિજ્ઞાનોની મૌલિક વિચારણા, ગણિતની સમસ્યાઓ, પર્યાવરણ, પ્રકૃતિ અને સમાજનું અધ્યયન, એશિયાઈ સંદર્ભમાં ભારતીય સંસ્કૃતિ, સમકાલીન ભારતની રાષ્ટ્રિય એકતા અને રાષ્ટ્રઘડતરની સમસ્યાઓ, પ્રાચીન મધ્યયુગીન આધુનિક લોકસાહિત્ય અને આદિવાસી સાહિત્યોનું તુલનાત્મક ભારતીય સાહિત્યાધ્યયન જેવા વિષયોનો સમાવેશ થાય છે. છતાં સંસ્થાને યોગ્ય લાગે તેવી વિષયો અંગેની છૂટ લબ્ધપ્રતિષ્ઠિત વિદ્વાનોને મળે છે.

સંસ્થાના સમૃદ્ધ ગ્રંથાલયમાં હાલ લગભગ બે લાખ પુસ્તકો છે. જર્નલ્સ, રાષ્ટ્રિય-આંતરરાષ્ટ્રિય શોધપત્રિકાઓ વગેરે પણ મોટી સંખ્યામાં આવે છે. હાલમાં પુસ્તકાલયને ઇન્ટરનેટ સેવાથી જોડી સંપૂર્ણ કમ્પ્યૂટરીકૃત કરવામાં આવી રહ્યું છે.

(અનુસંધાન પૃ.૭૮૦)

અમેરિકામાં ભારતીયો : આત્મઓળખની ખોજમાં - ૧૫

પ્રા. પ્રવીણ ન. શેઠ

ભારતીય અમેરિકનો - બારાખડીના ચોકઠામાં!

જે તે પ્રજામાં શબ્દો કે ભાષાપ્રયોગો થતા હોય છે, તે ઘણી વાર તે પ્રજાનાં લક્ષણો આબાદ રીતે સ્પષ્ટ કરતા હોય છે, તે જ રીતે એક પ્રજા વિશે બીજી પ્રજા જે પ્રયોગો કે પ્રતીકો યોજતાં હોય છે, તે એમને વિશેની રૂઢ માન્યતાનો ખ્યાલ આપી જાય છે.

અમેરિકામાં વસેલા ભારતીયોની જ વાત લઈએ. ભારતીય અમેરિકનોમાં પરસ્પર યોજાતા કેટલાક શબ્દપ્રયોગો ધ્યાન ખેંચે તેવા, તેમનામાં સૂક્ષ્મરૂપે વહેતા હોય તેના સાંસ્કૃતિક વિભેદનો ખ્યાલ આપી જાય છે, આ શબ્દો તે ABCD એબીસીડી, DCBA ડીસીબીએ અને 'એબીસીડીઈએફજી' અરે આપણે વિશે 'એ'થી માંડીને 'ઝેડ' તરીકે ઉલ્લેખ થાય છે! સાલગા, સમકામી, ત્રિકોણ, માનવી, મૈત્રી, સખી, ગ્રીનકાર્ડ, મોટેલ-પોટેલ, સિનિઅર સીટીઝન્સ, બેબિસિટિંગ કરનારા, દેશી, ગુજ્જુઓ, મસાલા ત્રિશંકુ વગેરે પ્રયોગો ભારતીયોની અહીંની જીવનતરાહને સ્ફુટ કરી આપે છે.

અહીંના ભારતીયો બીજી જાતિઓ વિશે કેટલાક પ્રયોગો વાપરે છે - જેમ કે 'કલ્લુઓ', કાળિયા, 'ભૂરિયા-ધોળિયા'. અમેરિકન મધ્યપ્રવાહ કે ગોરા જાતિનો પ્રભાવક વર્ગ ભારતીયો સહિત એશિયન-અમેરિકનો માટે કઈ સંજ્ઞા વાપરે છે - 'મોડેલ માઈનોરિટી.'

'એબીસીડી' એટલે 'અમેરિકન - બોર્ન કન્ફ્યુઝ્ડ દેશીસ.' ભારતથી આવીને અહીં વસેલી પહેલી પેઢીનાં અહીં જન્મેલાં સંતાનો માટે આ પ્રયોગ મજાકમાં થાય છે. અહીં જન્મીને ઊછરેલ બાળકો નથી પૂરાં અમેરિકન બની શકતાં કે નથી પૂરાં ભારતીય રહી શકતાં. કારણ તેઓ બે પ્રભાવશાળી (અમેરિકન અને ભારતીય) સંસ્કૃતિઓનાં વિરુદ્ધ દિશામાંથી આવતાં પ્રતિદબાણો વચ્ચે અથડાતાં-ઘસડાતાં રહીને પોતાની આત્મઓળખ શું? તે વિશે મૂંઝાતાં અને ગૂંચવાતાં રહે છે. અને તેથી જેઓ પોતે જ 'ભારતીય સંસ્કૃતિને ટકાવી રાખી છે.' તેવું માનતા ભારતીયો તેમને અમેરિકામાં જન્મેલી અને પોતાની નિજી સંસ્કૃતિ વિશે ફાંફાં મારતી હોય, તેવી નવી તરુણ પેઢીને 'એબીસીડી' તરીકે પોતાના જૂથમાં ઓળખાવે છે. ખેદજનક તો એ હકીકત છે કે, એક જ યુનિવર્સિટી કેમ્પસ પર ભારતીય વિદ્યાર્થીઓનાં સાંસ્કૃતિક ધોરણે બે જૂથો છેલ્લાં થોડા સમયથી જોવા મળે છે. જેઓ પોતાને સાચો ભારતીય ગણે છે તેવો એક ભારતથી અહીંની જાણીતી યુનિવર્સિટીમાં આવેલો વિદ્યાર્થી ત્યાં વાર્તાલાપ આપવા આવેલાં જાણીતાં લેખિકા પ્રો. ચિત્રા દેવકારૂણીની સાથે ફરીને કેમ્પસ પર જોવા જેવું બધું બતાવતો હતો ત્યારે ઇન્ડિયન સ્ટુડન્ટ ઓર્ગેનાઇઝેશનની એક ડાન્સ પાર્ટીની જાહેરાત કરતાં ફ્લાયર્સને ચીંધતાં તેણે કહ્યું : 'તે (સંગઠનના) લોકો ખરેખર ભારતીય નથી. તેઓ તો 'એબીસીડી' છે. અમે એમના આવા (ડાન્સના) કાર્યક્રમમાં જતા નથી. અમે તો ભારતનાટ્યમ્ અને કલાસિકલ મ્યુઝિકલ કોન્શર્ટ યોજીએ છીએ. ગયે વર્ષે અમારા (જુદા) મંડળે પંડિત જસરાજને બોલાવ્યા હતા. આ મુદ્દે એક સૂચક લેખનું શીર્ષક અહીં પ્રસ્તુત બનશે. 'ત્રિશંકુ, રૂટલેસ બટ ગ્રીન આર ધી બુલેવર્ડ ટ્રીઝ.'

જ્યારે અહીં જન્મેલા મોટા ભાગના બીજી પેઢીના ભારતીય અમેરિકનો અહીં નવા આવેલા યુવા વિદ્યાર્થીઓ વિશે શું કહે છે? તેઓ તો 'ડીસીબીએ' છે, અમેરિકાની જીવનતરાહથી ડઘાઈ ગૂંચવાઈ ગયેલ દેશીઓ છે - અણઘડ અને કોઈ પ્રકારની સૂઝ વિનાના! એટલે કે 'દેશીઝ કન્ફ્યુઝ્ડ બાય અમેરિકા' 'આવા પોલિસ્ટર પેન્ટવાળા શું બોલે છે, તેનો અડધો ભાગ પણ અમે સમજતા નથી.' આવાં બંને જૂથો બારાખડીના આ ચાર અક્ષરોની ઊલટાસૂલટી રચના દ્વારા અહીં સૂક્ષ્મ પણ કરુણ રીતે વિભાજિત થતા નવા ભારતના સંકેત તો નહીં બની રહે ને? એક જ યુવા પેઢીના બે વિચારફાંટાઓ!' અમેરિકન-બોર્ન કન્ફ્યુઝ્ડ દેશીસ" સામે 'દેશીસ કન્ફ્યુઝ્ડ બાય અમેરિકા' આ વિચાર સંસ્કરણભેદને કારણે વૈચારિક ફિરકા તો નહિ બની જાય ને?

તો ૧૯૮૦ પછી, પોતાના કુટુંબી દ્વારા સ્પોન્શર્ડ થઈને આવેલા ઘણા ગ્રીનકાર્ડધારકો પ્રમાણમાં ઓછા શિક્ષિત છે. તેઓ શરૂઆતમાં અંગ્રેજી બરાબર બોલી શકતા નથી. તેમનો બિનગુજરાતી ભારતીયો વ્યંગમાં 'એબીસીડીઈએફજી' એટલે કે 'અમેરિકા-બ્રોટ કન્ફ્યુઝ્ડ દેશી ઈંગ્લિશ સ્પીકિંગ ફ્રોમ ગુજરાત' તરીકે ઉલ્લેખ કરે છે. જોખમ ખેડીને અને ઉદ્યમ કરીને બીજી રીતે સાધનસંપન્ન થયેલા સ્ટોર ચલાવનાર, છાપાનો ધંધો કરતા કે મોટેલ ચલાવતા આ સમૂહ વિશે તેઓ કેવો તુચ્છકારભાવ ખાનગીમાં વ્યક્ત કરે છે? તેઓ તો તેમને 'એ બી સી ડી ઈ એફ જી એચ આઈ જે કે એલ એમ એન; ઓ પી ક્યૂ આર એસ ટી યુ; વી ડબલ્યુ એક્સ વાય ઝેડ' એમ આખી અંગ્રેજી બારાખડીમાં પણ આવરી લે છે! ન્યૂ જર્સી જેવામાં આવા ગુજરાતીઓ જે રીતે ઉભરાયા છે, તેનું ચિત્ર આવા બિનગુજરાતી ભારતીયોના મનોપટ પર કેવી રીતે અંકાયું છે? તો જુઓ - 'અમેરિકન-બોર્ન કન્ફ્યુઝ્ડ દેશી એસ્કેપ્ડ ફ્રોમ ગુજરાત હાઉસ્ડ

ઇન જર્સી. કીપિંગ લોટસા (Lots-a) મોટેલ્સ. નેઈમ્ડ ઓમકારનાથ પટેલ. કવીકલી રીચ્ડ સકસેસ થ્રૂ અન્ડરહેન્ડેડ વિશીઅસ વેઝ. ઝેનોફોબિક્સ પર ઝેલસ.' 'અન્ડરહેન્ડેડ, વિશીઅસ વેઝ' જેવાં વિશેષણો અને થોડી મારીમચડીને બનાવેલ આ અક્ષર રચના ગુજરાતીઓની સફળતા પ્રતિનો દ્વેષભાવ પ્રકટ કરી જાય છે. ગુજરાતીઓનાં ઉદ્યમ, સાહસ અને સૂઝની કદર કરવા કરતાં દ્વેષજનિત વ્યવસાયવાદીનો અહમ્ આવા પ્રયોગોથી છતો થાય છે. આટલાન્ટામાં ૨૦૦ કોલેજોના ૧૨૦૦ વિદ્યાર્થીઓની પરિષદમાં મારા ફેકલ્ટી સાથી પ્રો.વિજય પ્રસાદે, આ એ ટુ ઝેડ રચનાને રજૂ કરી હતી. મારા ૧૯૬૯-૭૦ના અભ્યાસકાળ દરમિયાન મેં અહીંના કાળાઓ (બ્લેક્સ - કાળા લોકો અગાઉ પોતાની જાતિ વિશે પ્રયોજાતા 'નીગ્રો' શબ્દનો વિરોધ કરતા હતા, અને 'નીગર' શબ્દને તો ગાળ જ ગણતા હતા. તેથી સત્તાવાર માધ્યમમાં તેમનો 'કાળા' તરીકે ઉલ્લેખ થાય છે.) વિશે ગુજરાતીઓ 'કલ્લુ' તરીકે તુચ્છકારભાવથી ઉલ્લેખ કરતા હતા, તેથી અચરજ થયું હતું. બીજા ભારતીયો પણ તેમને 'કાળિયા' તરીકે ઉલ્લેખે છે. અને આવા શબ્દો વાપરનાર ઘણા ગુજરાતીઓ તો સામાન્ય પ્રકારના ગ્રેજ્યુએટ અને 'ફેક્ટરી જોબ' કહેવાતી પરચૂરણ નોકરી કરતા હતા. પણ કાળિયા કહીને પોતાની જાતને ઊંચા ગણતા હતા! એક અંગ્રેજી નવલકથામાં ભારતીય પાત્રકાળાઓનો 'ગોલ્ડ' તરીકે ઉલ્લેખ કરે છે. તે જ પ્રમાણે ગોરી જાતિના અમેરિકનો માટે 'ધોળિયા' કે 'ભૂરિયા' વિશેષણો વાપરીને 'વ્હાઈટ' જેવા નિરપેક્ષ શબ્દને આવા તળપદા શબ્દથી ઉતારી પાડવામાં આવે છે. ભારતીય સમાજસંસ્કારમાં વર્ણભેદ કે ચામડીના રંગને આધારે જે ચઢઊતર શ્રેણી (hierarely of color) ને આધારે વિચારવા અને વર્તવામાં આવે છે, તે અનાયાસે ઉઘાડું પડી જાય છે. આપણે એ ભૂલી જઈએ છીએ કે ઘણા ભારતીયો અને કાળાઓમાં ચામડીના રંગના જ માપદંડથી જોઈએ તો બહુ ફરક હોતો નથી. મીરાં નાયરની ફિલ્મ 'મિસીસીપી મસાલા'માં પટેલ યુવતી મીના આફ્રિકન-અમેરિકન (નીગ્રોને બદલે કાળા અને હવે આ શબ્દ દ્વારા કાળાઓ પોતાની જાતિની ઓળખ વ્યક્ત કરે છે.) ડેમિટ્રીઅસને પરણવાનું નક્કી કરે છે, ત્યારે મીનાનો બાપ ડેમિટ્રીઅસના રંગના સંદર્ભમાં તેનો વિરોધ કરે છે. ડેમિટ્રીઅસ ત્યારે ઉત્તર આપે છે : 'હા, પણ (આપણી વચ્ચે) થોડી રંગછાંયનો જ તફાવત છે હોં!' (ઓન્લી એ શેઈડ ડિફરન્ટ) અને મીરાં આ બાબતને કલાત્મક રીતે સ્પષ્ટ કરે છે. આ ફિલ્મમાં મીના અને ડેમિટ્રીઅસને ગાઢ આલિંગન કરતું દૃશ્ય કેમેરામાં મઢ્યું છે. તેમાં બંને પ્રેમીઓના પીઠ અને ખભાની ચામડીના શ્યામ-કાળી વર્ણછટા પર કેમેરા ફોકસ કરીને, આપણા વર્ણભેદથી ઘડાયેલા સંસ્કારને આબાદ રીતે સ્ફુટ કરે છે.

'સાલગા', 'ત્રિકોણ' અને 'સમકામી' જેવી વિચિત્ર દેખાતી સંસ્થાઓ સજાતીય પુરુષ અને નારીઓની (લેસ્બીગે) સંસ્થાઓ ભારતીયોની પ્રણાલીગત સંસ્કૃતિ સામે સામાજિક મુક્તિવાદના નવા યુવાપ્રવાહને સંકેત આપી જાય છે. એમનો પ્રયાસ એ છે કે ભારતીયોમાં આવો સજાતીય સંબંધો ધરાવતો સારો એવો વર્ગ છે, તે પોતાની ઓળખ છુપાવ્યા વિના, પોતાનો સંકોચ છોડીને બહાર આવે. એમના કેટલાક લેખોનાં નામ પણ કેવાં સૂચક છે? 'ધી મેરેજ ઑવ્ લીલા અને ઊર્મિલા' અને 'એ લોટસ ઑવ્ અનઅધર કલર'. 'ખુશ' ફિલ્મ ગે અને કે લેસ્બીઅન હોય એવા દક્ષિણ એશિયાવાસીઓ પર સારો એવો પ્રકાશ પાડે છે.

ભારતીયો 'માનવી', 'મૈત્રી', 'સખી' વગેરે નારી-સહાયક સંસ્થાઓનાં નામ થોડાં વર્ષો પહેલાં તો જાણતા પણ નહોતા. ન્યૂ જર્સીમાં ઘરમાં - કુટુંબમાં મારઝૂડ અને અવહેલનાનો ભોગ બનતી નારીઓની વહારે ચઢવા ભારતીય અમેરિકન સમાજમાં પહેલી સંસ્થા 'માનવી' ઊભી થઈ ત્યારે ભારતીય મધ્યપ્રવાહનો પ્રભાવક વર્ગ તેને 'દાનવી' કહીને કટાક્ષ કરતો હતો. એક દસકામાં એમાં એવું પરિવર્તન આવ્યું છે કે માનવી અને મૈત્રી જેવી નારી સંસ્થાઓને આ જ વર્ગ આર્થિક સહાય આપતો પણ થઈ ગયો છે. ત્રિકોણ, મૈત્રી જેવી સંસ્થાઓ બે એરીઆ (ઉત્તર કેલીફોર્નીઆ)માં યોજાતી ઇન્ડિયા ડે પરેડમાં ભાગ પણ લે છે 'અવર ફીટ વોક ધી સ્કાય', 'ડ્રેગોન લેડીઝ', 'બેડગર્લ/ગૂડગર્લ', 'કોન્ટુર્સ ઑવ્ ધી હાર્ટ' તથા નતાશા મલ્હોત્રાની વીડીઓ 'દેશી મેન વર્સસ દેશી વુમેન' આ ઘટનાને સુરેખરૂપે બતાવી જાય છે.

આપણી લાક્ષણિકતા પ્રકટ કરતા શબ્દપ્રયોગો

'મોડેલ માઈનોરિટી' એ અમેરિકન મધ્યપ્રવાહના પ્રભાવક વર્ગે એશિયનોમાં ચીના, ભારતીયો, જાપાનીઝો, કોરીઅનો જેવી જાતિક લઘુમતીને શાબાશી આપતો ગોરાઓએ આપેલો શબ્દપ્રયોગ છે. અમેરિકાના મિડીઆએ સિત્તેરના દશકામાં આ પ્રયોગ દ્વારા ભારતીયો વિશે એવું ચિત્ર ઊભું કર્યું છે કે, ભારતીયો ઝઘડાળુ નથી, એક રૂપ છે; તેમજ સારી એવી શિક્ષિત અને આર્થિક રીતે આગળ આવેલી ઉદ્યમી પ્રજા છે, તેઓ કાળાઓની જેમ ગરીબી, કૌટુંબિક અસ્થિરતા, જાતિવાદ, કામમાં એદીપણા જેવાં અપલક્ષણોથી પીડાતા નથી અને આપણે પોરસાઈ ગયા. વર્ષો સુધી અહીંના ભારતીય મધ્યપ્રવાહના સુવેનીર-સાહિત્યમાં આપણે 'મોડેલ માઈનોરિટી' છીએ, તે આપણે યાદ કરતા. પણ આ માત્ર બે પરિભાષાની ગોઠવણ નહોતી. આ શબ્દસંપુટની પણ કેવી મહત્ત્વની અસર પડી!

એક તો ભારતીયો જેવા એશિયનો આર્થિક-શિક્ષણ વગેરે ધોરણે સંપન્ન છે - એવી દલીલને આગળ કરીને અમેરિકાના 'જમણેરી' કે 'રૂઢિવાદી' રાજકીય વર્ગે ભારતીય વગેરે

લઘુમતીઓને રાજ્ય તરફથી મળતી અનામત કલ્યાણ સેવા અને આર્થિક સહાયની યોજનાઓને પાછી ખેંચી લેવા માટે જોરદાર પ્રયાસ કર્યા. બીજું, આવી મોડેલ માઈનોરિટીને અનુરૂપ થઈ રહીએ તે માટે અહીંના ભારતીય સમાજમાં નારીસંસ્થાઓ કે સામાજિક રીતે ઉદ્દામ વિચારો ધરાવતા વર્ગને અલગ પાડવાનો પ્રયાસ થયો. સામાન્ય કામ કે છૂટક ધંધો કરતો કે આર્થિક રીતે નીચલો સ્તર તેમાં ઉભો થતો હતો. તેમના પર તથા નારીમુક્તિવાદી અને બીજી પેઢી પર 'મોનીટરિંગ' કરવાનું કાર્ય ભારતીયોમાં અહીં સંસ્કારરક્ષક બની ગયેલા વર્ગે ઉપાડી લીધું.

બીજું અમેરિકાના મિડીઆએ સિત્તેરના દસકામાં - વિશેષ તો તે પછી જે ચિત્ર ઊભું કર્યું તેને આગળ ધરીને આપણે ભારતીયો જેવા એશિયનો ઝઘડાળુ નથી. પણ સંપીલા છીએ જો કે આપણે શિક્ષિત છીએ અને આર્થિક રીતે આગળ આવેલી ઉદ્યમી પ્રજા (જાતિ) છીએ. એ સાથે ગોરાએ કહ્યું કે સ્પેનીશભાષી હિસ્પેનિકો (લેટિનોઝ અને મેક્સિકનો) વિશે ગરીબી અને એદીપણાથી પીડાતી પ્રજા તથા કાળાઓ (તેઓ પોતાને 'આફ્રિકન અમેરિકન' તરીકે ઓળખાવવાનું પસંદ કરે છે)ને કૌટુંબિક અસ્થિરતા, એદીપણા અને રાજ્યની (કલ્યાણલક્ષી અને અનામતની) નીતિ તથા યોજનાઓનો લાભ લઈને પણ પછાત રહેલી જાતિઓ તરીકે ઓળખાવીને, ભારતીયો અને ચીના-કોરીઅનો એમનાં સદ્‌લક્ષણોથી કેવા જુદા પડે છે એમ કહીને નમૂનારૂપ લઘુમતીઓ તરીકે બિરદાવી; ત્યારે ભારતીયોમાંનો આગળ આવેલો સંપન્ન વર્ગ પણ પોતાનાં આપસી વર્તુળોમાં ગંદી-પછાત અને કૌટુંબિક ભાવના વિનાના તરીકે ગણાવીને એમનો ઉપાલંભ કરતો કે ઠેકડી ઉડાવતો.

પણ અમેરિકન મધ્યપ્રવાહના જમણેરી કે રૂઢિવાદી રાજકીય વર્ગે એવી દલીલ કરી કે ભારતીયો-ચીનાઓ-કોરીઅનો વગેરે આર્થિક શિક્ષણના ધોરણે સંપન્ન છે. તેથી અમેરિકામાં રાજ્ય તરફથી લઘુમતીઓને મળતી કલ્યાણ, સામાજિક સલામતી અને અનામત (એફર્મેટિવ એક્શન) જેવી સહાય આપવાની જરૂર નથી. થોડા સમય માટે તો ભારતીય, કોરીઅન, જપાનીઝ વગેરે લઘુમતીઓને નાના પાયા પરના વેપારધંધા ઊભા કરવા માટે બેન્ક તેમજ રાજ્ય તરફથી મળતી લોન પણ બંધ થયેલી. પછી એશિયનોના રાજકીય દબાણથી તે પાછી ચાલુ થઈ છે.

અને 'મોટેલ-પોટેલ' તો ભારતીયોમાં પણ ગુજરાતીઓનું આગવું પ્રદાન છે. મોટેલ સાથે પટેલો તરત અને સ્વાભાવિક યાદ આવે તેવો અવિનાભાવી સંબંધ છે. ભારતીયોમાં સૌથી વધુ જાણીતા સમૂહ તરીકે પટેલો છે. મોટેલ-હોટેલના માલિક સંચાલકોમાં સૌથી ટોચ પર અને ૯૦ ટકા ઉપર પટેલો છે. ટેલિફોનની ડિરેકટરી, ૧૯૯૯-૨૦૦૦ના છેલ્લા ભારતીય ડૉક્ટરો (આપી - AAPI) ની ડિરેકટરીમાં પણ રેડ્ડી, રાવ, શાહ, ત્રિપાઠી, સિંઘ બધાંથી ય વધુ સંખ્યામાં પટેલો. મોટલ અને ફ્રેન્ચાઈઝ હોટેલની બહુમતી સંપત્તિ તેમના હાથમાં છે ને તેથી તે 'પોટેલ' કહેવાય છે. અમેરિકનોએ આ શબ્દ પ્રયોજ્યો છે. અમેરિકાના અર્થકારણમાં અને હોટેલ-પ્રવાસન, ઉદ્યોગમાં પટેલ-મોટેલ મોડેલ - ગોરાઓ પણ માનપૂર્વક સ્વીકારે છે. અને પોટેલ પ્રયોગ મુંબઈની અમેરિકન કોન્સ્યુલેટના અધિકારીઓ પણ હવે કદરભાવે વાપરે છે તેવો આ લેખકનો અનુભવ છે. દોઢ દાયકા પહેલાં સ્ટુડન્ટ્સ કે વિઝિટર્સ વીસા મેળવવામાં પટેલ અટકવાળા-ઓને જાકારો મળતો હતો. તે દૂર કરીને તેમને વિશે વિધાયક છાપ ઊભી કરવામાં મોટેલ-પોટેલ-ની મનોવૈજ્ઞાનિક અસર છે.

શબ્દ, વાક્યપ્રયોગ, સંજ્ઞા, પ્રતીકો કેટલાં બધાં અર્થસભર બની શકે છે તેમજ આપણી છાપ સુધારી કે બગાડી શકે છે? અને અવનવી અસર જન્માવી શકે છે? હા, જુઓને અહીં ૧૯૧૦-૬૦માં અમેરિકાનાં પુસ્તકો - લેખોમાં 'ઇસ્ટ ઇન્ડિયનો' પછી યુ.એસ. સેન્સસમાં 'એશિયન ઇન્ડિયન્સ' ને હવે 'ઇન્ડિયન-અમેરિકનો' - અહીંનાં છાપાંમાં અને સેમિનાર-વાર્તાલાપોમાં. ને ૨૦૦૦ના સેન્સસમાં આપણે આ રીતે ઓળખાઈશું. ◻

અનુ.] **શિમલાનું સંસ્થાન** [પૃ.૭૭૭થી

મૂળ તિબેટની હસ્તપ્રતો પણ સંગ્રહાઈ છે. ફલો અને એસોસિયેટ્સની પસંદગીની અગ્રિમતા મુજબ પુસ્તકો મંગાવવામાં પણ આવે છે. આધુનિક સુવિધાઓ સાથે જોડાવાથી વિશ્વનાં બધાં મોટાં પુસ્તકાગારો સાથે તેનો સંપર્ક સ્થાપિત થશે.

એક 'બુક ક્લબ' પણ ચાલે છે. લગભગ ૨૦૦ મહત્ત્વપૂર્ણ પુસ્તકો અને બે સામયિકો - Journal of Humanitics and Social Sciences તથા Summer Hillsનું નિરંતર પ્રકાશન થાય છે. સંસ્થાનાં અને અન્યત્રથી આવતાં પુસ્તકોના રિવ્યૂ પણ તેમાં પ્રકાશિત થાય છે.

છેલ્લા કેટલાક સમયથી આ ઉચ્ચ અધ્યયન સંસ્થાન પર હિમાચલ સરકાર અને પર્યટન વિભાગની ગીધ નજર લાગી ચૂકી છે. અરે, ૧૯૭૯માં કમનસીબે આ સંસ્થાને બંધ કરવાનો નિર્ણય એ.કે. દાસગુપ્ત સમિતિએ લીધો હતો. પરંતુ સદ્નસીબે ૧૯૮૦માં એ નિર્ણય પડતો મુકાયો હતો. રાષ્ટ્રના આ ગૌરવને બચાવવાનું, વિકસાવવાનું કામ માત્ર રાજનેતાઓ કે સરકારનું જ નથી, પણ દરેક ભારતીયની ફરજ છે. ભારતને ફરીથી વિશ્વગુરુના પદ ઉપર સ્થાપિત અને પ્રતિષ્ઠિત કરવાનુ ભગીરથ કાર્ય આપણા સૌનું છે. આવી સંસ્થાઓ જ રાષ્ટ્રની સમસ્યાઓનું ચિંતન, નિરાકરણ કરી શકે તેવી છે. આ સંસ્થા બૌદ્ધિક ગુલામી ઉપર બુદ્ધિના વિજયના પ્રતીક સમી છે. બાકી રાષ્ટ્રજીવન અને સાહિત્યકલા સંસ્કૃતિનાં વિવિધ પાસાઓ ઉપર ગંભીર અને ગહન ચિંતન-દોહન-મંથન કરવાની ફુરસદ આજે કયા રાજકીય નેતા કે પદાધિકારી પાસે છે? ડૉ. રાધાકૃષ્ણન, ડૉ. ઝાકિરહુસેન, પંડિત નેહરુ, ડૉ. રાવ જેવા અભ્યાસુ - વિદ્વાન રાજદ્વારીઓ આજે નથી પણ એ સમયે રાષ્ટ્રચિંતન માટે સ્થપાયેલી આવી સારસ્વત-વિદ્યાપીઠો ખરે જ દેશના વિદ્વાનોની તપોભૂમિ સમાન છે. ◻

એક દરબારી ઉતારાનું રહસ્ય

— રવીન્દ્ર ભટ્ટ —

(ગતાંકથી સંપૂર્ણ)

બન્ને સાવધ થઈ ગયા. આગળ કોઈ ધ્યાન રાખવા કદાચ ગયું હોય એમ માની કિરીટ બાજુના ખંડો અંદરથી સંભાળપૂર્વક ઉઘાડી પડશાળમાં આવી ગયો. ત્યાં અંધારામાં એની નજરે થોડી વાર પછી જોઈ લીધું કે એક જ માણસ આંટા મારે છે. લાગ જોઈ એની પાછળ જઈ એક જ છલંગે પાછળથી એને મોઢે હાથ દઈ જમીન ઉપર પાડી એને થોડા કલાકો માટે નકામો કરી દેવાનું કિરીટ જેવી, એવાં પરાક્રમોમાં કેળવાયેલી, વ્યક્તિ માટે સહેલું હતું. પાછો એ અવાજ કર્યા વગર અંદર આવી ગયો.

પાછળ ખોદવાનો અવાજ વધતો જતો હતો. થોડી વારે એ ઓછો થતો ગયો. સંભાળપૂર્વક અવાજ કર્યા વગર હવે મહેન્દ્રસિંહજી અને કિરીટ પાછલી પડશાળમાં આવ્યા. બન્નેએ રસોડાવાળા ભાગની દિશામાં કૉમ્પાઉન્ડની દીવાલથી દસેક ફૂટ અંદર ત્રણ માણસોને પ્રકાશ ફેલાઈ ન જાય એ રીતે ગોઠવેલી બે ટૉર્ચના અજવાળામાં એક ખાડામાંથી માટી કાઢતા જોયા. ત્રણેય એ પ્રવૃત્તિમાં એટલા મશગૂલ હતા અને વળી ઉતારે કોઈ નથી એ ખ્યાલમાં એટલા મસ્ત હતા કે એમને પાછળ ધીરે ધીરે આવતા મહેન્દ્રસિંહજી અને કિરીટની હાજરીનો અણસાર પણ ન ગયો.

અચાનક એક માણસ વધારે વાંકો વળ્યો. એણે માટીમાંથી કંઈક મેળવ્યું હોય એમ લાગ્યું. ચિત્કાર સાથે એ ઊભો થઈ ગયો. એના હાથમાં એક માદળિયું ઝૂલતું હતુ. બીજો એક ટૉર્ચ ઉપાડી એને જોઈ રહ્યો.

એક નાની હથોડીના એક જ ફટકાથી પેલાએ એ માદળિયું તોડી નાખ્યું. ફરી એ ચિત્કાર કરી ઊઠ્યો કે એના હાથમાં એક અસામાન્ય મૂલ્યવાન નાનું રૂપાળું રત્ન ચમકી રહ્યું હતું.

'તમારા હાથમાં જે છે તે મને આપી દો.' પાછળથી મહેન્દ્રસિંહજીનો સત્તાશીલ અવાજ સંભળાયો.

ત્રણેય જણા ચમકીને ફર્યા. મહેન્દ્રસિંહજી અને કિરીટ પાછળ પિસ્તોલ લઈને ઊભા હતા.

જેના હાથમાં રત્ન હતું તેની આંખો અને મોઢું આશ્ચર્યમાં પહોળાં થઈ ગયાં. પછી ક્રોધ અને નિરાશામાં એનાથી ત્રીજો, જુદા જ પ્રકારનો ચિત્કાર નંખાઈ ગયો. કોઈ પ્રબળ આવેશમાં આગળ-પાછળનો વિચાર કર્યા વગર એણે મહેન્દ્રસિંહજી ઉપર ઝનૂની હુમલો કર્યો. મહેન્દ્રસિંહજી સિફતથી ખસી ગયા અને કિરીટને ઉતાવળમાં કંઈક સૂચના કરી બીજા બેને ડારતા ઊભા રહ્યા.

કિરીટે ત્વરાથી કૂદીને એ હુમલાખોરને પાછળથી મજબૂત પકડી લીધો અને હજી શું થાય છે એ એને ખબર પડે ત્યાં તો એના બન્ને હાથ લોખંડની નાની સાંકળમાં પકડાઈ ગયા.

બીજા બે તો પહેલેથી જ ગભરાઈ ગયા હતા, જો કે એ બેમાંથી એકનો ઊંચો કસાયેલો બાંધો ભલભલાને ગભરાવે તેવો હતો, તે બન્નેને પડશાળમાં લઈ જઈ ત્યાં બાંધી દેવામાં આવ્યા. જનરેટર ચાલુ કરી દિવા કરવામાં આવ્યા.

બધાને આગલી પડશાળમાં લાવવામાં આવ્યા અને મહેન્દ્રસિંહજીએ પોતે બધાને ખાવાનું આપ્યું. એનું નિખાલસ, તટસ્થ વર્તન અને પ્રેમથી વાત કરવાની આવડત સૌમાં નિરાંત અને વિશ્વાસ પ્રેરતાં ગયાં અને પછી તો મહેન્દ્રસિંહજી પ્રશ્નો પૂછતા ગયા અને એક રસિક વાત ઉકેલાતી ગઈ. મહેન્દ્રસિંહજીના હાથમાં પેલું રત્ન રમી રહ્યું અને એ રત્નને માટીમાંથી શોધનારો વાત કહેતો ગયો.

'અમે મદારી કોમના. આ ઊંચો છે એ મારો નાનો ભાઈ. અમારી મા જુદી. આ બીજા અમારા સાગરીત છે. અમારે રહેવાનું આપણા રાજ્યના શહેરમાં પણ હું કાળકા માતાનો ભગત એટલે આ ગામે એના મંદિરે આવી જ જાઉં. ત્યાં હું ઠાકોરસાહેબના માનીતા ઝવેરીનો નોકર. એક વાર શેઠ પાસે પરદેશથી કેટલાંક રતન આવ્યાં. એક જોતાં બીજું ભુલાય એવાં પણ થોડાંક હલકાં હતાં. પણ તોય જુદાં પાડી શકાય નહિ. મારા ઝવેરી શેઠ હોશિયાર પણ એમનાથી તારવણી નો થઈ. શેઠ ભારે મૂંઝવાણા. એ તારવણીમાં જ એમને લાખો રૂપિયાનો લાભ થઈ જાય એમ હતું. એમણે બોલાવ્યા આંઈ આ કરુણાશંકર માસ્તર છે ને એના સસરાને. એ ત્યાં પડખે જ રે. ભારે મોટા રતન પારખનારા હતા. વળી મોટા જોષી. ઠાકોરસાહેબેય બોલાવે. એમણે ઘડીકમાં જ રતન જુદાં પાડી દીધાં. તારવણી સાવ સાચી પડી. અને ઈ પરદેશના વેપારમાં મારા શેઠને લાખોનો લાભ થઈ ગયો. ઈ જોષીનાં બધાં વેણેય સાચાં પડતાં આવ્યાં'તાં. અને ઈમના કેવા પ્રમાણે વેપાર કરવામાં શેઠને સારો લાભ થઈ ગયો'તો. એક દિ સારું મૂરત જોઈ એમણે ઈ જોષીને બોલાવી એમણે જ તારવેલું એક કિંમતી રતન એમના હાથમાં મૂકી દીધું. આ રાખો, તમારી કદર ન કરું તો હું નરકમાં પડું. ભારે નેકીનો માણહ. હવે ઈ જોષીનેય ઈ રતન નો ખપે. ભારે રકઝક ચાલી. છેવટે ઈ રતન એને વળગાડ્યા વગર મારા શેઠે જોષીને જાવા નો દીધા. ઈ બેને કે બીજા કાંઈને આ વાતની ખબર નથી પણ હું નસીબજોગે છાનોમાનો બધુંય સાંભળી ગયેલો.

ત્યાર પછી એક વાર આંઈ કાળકામાતાના દર્શને હું આવ્યો. આવું ત્યારે મધરાતે જ ત્યાં જાઉં ઈ નીમ. ગામથી મંદિર આઘું અને રાત વેળાની બધાને બીક લાગે એટલે એવે ટાણે ત્યાં કોઈ હોય નહિ, પણ તે દિ રાતે ત્યાં દિવો બળે. મને નવાઈ લાગી, એટલે છાનોમાનો મંદિરની ઓતરાદી દીવાલે

ગયો અને ત્યાં એક નાની બારી હતી એમાંથી અંદર જોયું. અંદર એવે ટાણે એ જોષી હાથ જોડી બેઠા હતા. અને ખોળામાં જોવું ન ગમે એવું એક છોકરુ સૂતું'તું. મને તો પછી ખબર પડી કે ઈ કરુણાશંકર માસ્તરનો છોકરો હતો. જોષીની દીકરીનો દીકરો થયોને. મને શી ખબર કે જોષીય મારી જેમ માતાજીના ભગત હશે. છોકરાને એક માદળિયું બાંધતાં બોલતા'તા :

'છોકરાની આવરદા ઝાઝી જોવાતી નથી અને ક્યાં કેમ એનો જીવ જાશે ઈ ખબર પડતી નથી એટલે તમારા આશીર્વાદ લેવા આવ્યો છું અને તમારી સાક્ષીએ એને ગળે આ માદળિયામાં મને મળેલું રતન બાંધી દઉં છું. છોકરો જીવે કે ન જીવે, આ રતન એનું અને એના મારગમાં આવનાર સૌનું કલ્યાણ કરો. પણ આ માદળિયું આ છોકરાના ગળાથી આજથી વીસ વરસ સુધીમાં કોઈ છૂટું પાડે નહિ એનાં જવાબદાર તમે રેજો માતાજી.' આ આવું બોલતા જાય, છોકરાને ગળે માદળિયું બાંધતા જાય અને આંખમાંથી શ્રાવણ-ભાદરવો હાલ્યાં જાય.

'ત્યારે આ ખાડામાં શું?' કિરીટથી એક પ્રશ્ન પુછાઈ ગયો. મહેન્દ્રસિંહજીએ એને હાથનો ઇશારો કરી અડધેથી જ અટકાવી દીધો.

વાત આગળ વધી.

'પણ જોષી જબરા. માતાજી પાસે જ રતનનું જતન માગી લીધું અને હું રહ્યો માતાજીનો ભગત. સમજી ગ્યાને? પછી તો મને ખબર પડી કે ઈ છોકરો ખોડવાળો જનમ્યો'તો. અને માદળિયામાં શું છે ઈ જોષીએ કોઈને કીધું નોતું. એક હું જાણું અને બીજાં માતાજી જાણે.

પછી તો દાડા વે'તા ગયા. હું પછી ત્યારના ઠાકોરસાહેબના નાના ભાઈનો નોકર થયો. મારો નાનો ભાઈ ખેલ કરવા લાગ્યો. વાંદરા કેળવે અને ઝેરી સાપ પકડે. મુંબઈ જઈ આવે અને ખેલ કરી પૈસા લેતો આવે. ત્યાં દેશપરદેશના જાદુગરો આવે, એના ખેલ જુએ અને નવું નવું શીખતો જાય ત્યાંથી જ ડાકણ, ભૂત અને રાક્ષસના શરીર ઉપર પેરી શકાય એવા કાળા જાતજાતના ઝબ્બા બનાવવાનું અને પેરવાનું શીખતો આવ્યો. આમ કરતાં કરતાં આઠ વરહ વયાં ગયાં. આ દરબારી ઉતારો પણ બંધાઈને વપરાતો થઈ ગયો.

એક દિ ઠાકોરસાહેબ અને નાના સરકાર - મારા માલિક આંઈ શિકારે આવ્યા. હારે મનેય લેતા આવ્યા. હવે જોગાનુજોગ તે દિ આ માસ્તરનો છોકરો જંગલમાં આવી ચડેલો. અમને કોઈને ખબર નહિ. ઠાકોરસાહેબ એક શિકારમાં રોકાણા'તા તંયે જ એ આડો ઊતર્યો. આઘેરો ઝાડીમાં એટલે ખબર નો પડી કે શું છે અને બંદૂકનો ભડાકો થઈ ગયો. પણ નાના સરકારને વેમ પડેલો. પાછળથી મને હારે લીધો - શું છે ઈ ગોતવા અને છોકરાનું મડદું જોતાં એમનાથી અરેરાટી નીકળી ગઈ. ઠાકોરસાહેબને તો ભડાકા પછી જ સમજાવી દીધેલું કે નિશાન નથી લાગ્યું અને શિકાર ભડાકા પછી હાથમાં નહિ આવે.

પણ છોકરો ગયો એટલે પોતે મૂંઝાણા. નક્કી કર્યું કે કોઈને કે'વું નથી અને રાતે ઉતારાની પાછલી દીવાલ પાસે મારી પાસે દટાવ્યો. પણ એવા હેબતાઈ ગયેલા કે મને રેઢો મૂકે નહિ. પછી તો ઠાકોરસાહેબ દેવ થયા. દાડા વે'તા થયા. મારો નાનો ભાઈ બીજા ધંધા કરવા ગયો એમાં એવો સલવાણો કે મનેય મૂંઝવ્યો. એમાં ઓલુ રતન યાદ આવ્યું. થયું કે દસ વરહ પૂરાં થવા આવે છે પછી શેનો ભે.

ઓલો છોકરો ગયો, ઈ ભલેને આમ નકામા જેવો હતો પણ બાપનો જીવ તો મૂંઝાયને. આંઈ તપાસ કરે, ન્યાં કરે, આને પૂછે, ઓલાને પૂછે પણ કેમ ખબર પડે. એક નવા એના ઓળખીતા વહીવટદાર આવ્યા, એને વાત કરી. ત્યારે મારા માલિક માંદા રે'તા'તા. ગમે તેમ થયું હોય, એનાથી બોલાઈ ગયું હોય પણ ઈ નવા વહીવટદાર આ ઉતારે તપાસ કરવા આવ્યા. થોડો ફેરફાર કરવો છે એમ બાનુ કાઢી ખાડા ખોદાવવા માંડ્યા, અમે મૂંઝાણા. વળી ઓલા રતનનોય મોહ લાગ્યો'તો. એમાં ખબર પડી કે વહીવટદાર બીકણ છે અને પોચા હૃદયના છે. અમે એને ગભરાવવાનું નક્કી કર્યું. મારા ભાઈએ એક વાંદરાને ઠીકઠીક તૈયાર કરેલો. એની પાસે ધારી ચીસ પડાવી શકે. અને અવાજ ફેલાઈ જાય એવું ભૂંગળું રાખી દૂર બધા સાંભળી શકે એવું કરે. વહીવટદારને ગભરાવ્યા. ઉતારે વળી ઉપર અંદર હવા જાવાનાં ભૂંગળાં હતાં. એમાંથી વાંદરા પાસે શ્વાસ લેવરાવે અને માટીની ગંધ અંદર મોકલે. વહીવટદાર તો એવા ગભરાણા. - છાની તપાસ કરવા આવેલા એટલે સાવ એકલા. તોય રાતે આ પાછલી પડશાળમાં તપાસ કરવા નીકળ્યા. અમે તો તૈયાર જ હતા. વાંદરો પાછળને દરવાજે એક નજીક ઝાડ છે ત્યાંથી ઠેકી મોટું દોરડુ બાંધી દે અને અમે અંદર આવી જઈએ. તે દિ રાતે મારા ભાઈએ ભૂતનો વેષ કાઢ્યો અને પેટ્રોલ છાંટી મેં ભડકો કર્યો. વહીવટદારના તો આ જોઈને જ રામ રમી ગયા.

પછી તો અમે બધી ભૂતડાકણની જ વાતો ફેલાવી. આંઈના ગામના પગી હારે જૂની ઓળખાણ. એનેય ભેગો લીધો અને ગામમાં થોડા દાડામાં ધાક બેસી ગઈ.

મારા માલિક પછી વધારે ને વધારે માંદા પડીને દેવ થયા. ઓલ્યું છોકરાનું મોત ખટક્યા કરે ને તે છેલ્લા તાવમાં ગમે તેમ બોલેલ એમાંથી મોટા દાક્તરને વેમ પડ્યો. ઈ છાનામાના તપાસ કરવા આંઈ આવ્યા. અમે તો અમારું ધતિંગ કરવામાં પાવરધા થઈ ગયા'તા. એટલે એનેય ગભરાવ્યા. ઓલ્યો વહીવટદારે કરાવેલો ખાડો લાકડાના પાટિયાથી જ ઢાંકેલો. પણ પાટિયું ઊંડુ નંખાવી ઉપર ઘાસ ઊગે એવું કરેલું, એટલે કોઈને ખબર ન પડે. રાત વેળાના ઈ પાટિયું ઉપાડી લઈએ જયારે મારા ભાઈને ભૂત થાવું હોય ત્યારે ખાડા આગળ

ભડકો કરીએ એટલે એ અંદર ઊતરી જાય. મોટા દાક્તરને જે દિ રાતે બીવરાવ્યા ત્યારે ઈ ગભરાઈ તો ગયા પણ એમ ને એમ પડશાળમાં ઊભા રહ્યા. અમે મૂંઝાણા એટલે અમારા વાંદરાને પડખેથી ઉપર મોકલી દાક્તર ઉપર કૂદવાનું કીધું. અને વાંદરો એવી રીતે એની માથે પડ્યો કે ઈ તો ગભરાઈને ચત્તા પાટ પડી ગયા. પછી દોડીને મારા ભાઈએ એના ભૂતના વેશમાં જ છાતી ઉપર ચડી ગળુ દાબી દીધું.

બસ પછી તો કોઈની હિંમત રઈ નઈ. મારો ભાઈ આ રતન લેવા ઉતાવળ કરવા માંડ્યો પણ મને માતાજીનો ભે એટલે વાર્યો. આમેય વીસ વરહ તો પૂરાં થતાં આવતાં'તાં ને હું યે છૂટો થયો'તો.

આ પછી તમે આવ્યા, પણ તમે પોંચેલા નીકળ્યા અને અમારી મુરાદ બર આવી નઈ.' વાત પૂરી થઈ એટલે કહેનારે પોતાના મનનો છેલ્લે એટલો ઊભરો કાઢ્યો.

'મેલી મુરાદ રાખો તો શેની બર આવે?' મહેન્દ્રસિંહજીએ કહ્યું. 'જરાક બીજાનું ભલું થાય એવી મુરાદ રાખતા હો તો?'

આવી આ વાત પૂરી થવા આવી ત્યારે સવાર પડવાને વાર નહોતી.

સવારે એક નાજુક ક્ષણનો મહેન્દ્રસિંહજીએ સામનો કરવાનો હતો અને તે કરુણાશંકર માસ્તરને એના મરેલા પુત્રની માટી મેળવી આપવાનો.

'તમે મને તમારા પુત્રના અવશેષ મેળવી આપવાનું કહ્યું હતું. એ વિચિત્ર સંજોગોમાં મારાથી થઈ શક્યું છે. એનાથી મને કેવી કેવી લાગણીઓ થાય છે તે હું સમજાવી શકતો નથી પણ તમારા સસરાએ કોણ જાણે કંઈએ ગણતરીથી આ માદળિયામાં તમારા પુત્રને પહેરાવેલું રતન તમને સોંપું છું.' મહેન્દ્રસિંહજીએ કહ્યું અને કરુણાશંકર માસ્તરે હાથ જોડ્યા.

'મારી લાગણીઓ પણ હું સમજાવી શકતો નથી. પુત્રના અવશેષો ગંગામાં હું પધરાવી શકીશ એ સંતોષ મારા માટે બસ છે. બાકી આ રત્નને હું હાથ નહિ અડાડી શકું.'

એ ઊંચા સંસ્કારી બ્રાહ્મણમાં એકસાથે દેખાતાં કારુણ્ય અને ખુમારીને મહેન્દ્રસિંહજી અને કિરીટ જોઈ જ રહ્યા.

એકાએક કોઈ ગણતરી કરી મહેન્દ્રસિંહજી બોલ્યા :

'મારી સાથે ઠાકોરસાહેબ પાસે આવશો?'

'આવીશ.'

*

પકડાયેલાઓ માટેનો ઔપચારિક વિધિ અને બધાયે ગામ છોડી પાછા ફરવાનો કાર્યક્રમ ત્યાર પછી પતાવવાનો હતો. ગામનો પેલો પગી અને બીજા બે ચાર જણને પણ ખોટી અફવાઓ ફેલાવવા માટેની જરૂરી સજા કરવા માટે પકડી લેવામાં આવ્યા.

નમતા પહોરે જ્યારે આખો કાફલો ગામ છોડી ગયો ત્યારે પાછળ હળવું વાતાવરણ ફેલાઈ ગયું હતું.

*

બે દિવસ પછી રાજ્યના શહેરની બહાર ઠાકોરસાહેબના નાના રળિયામણે બંગલે સવારનો તડકો ઊતરી રહ્યો હતો.

ઠાકોરસાહેબ પોતે કરુણાશંકર માસ્તરને કહેતા હતા : 'મારા પિતાશ્રી તમારા ગુનેગાર થયા માસ્તર સાહેબ.' આગલી સાંજે મહેન્દ્રસિંહજીએ એમને બધી વાત ખુલ્લા દિલે કહી હતી અને એક બે સૂચનો પણ કર્યાં હતાં.

'ના, ના, હજૂરશ્રી, આપ એવું ન બોલો. એમને ક્યાં ખબર હતી કે એમની બંદૂકની ગોળી ક્યાં જઈ રહી હતી અને મારો છોકરો જંગલમાં રખડે એ એનોય ગુનો કહેવાય.'

એ દીવાનખાનામાં એ વખતે હાજર દીવાનસાહેબ, મહેન્દ્રસિંહજી અને ઠાકોરસાહેબના સેક્રેટરી રાજા અને પ્રજા વચ્ચેની આ માયાની મોજ માણી રહ્યા હતા.

'નહિ, નહિ. મારા પિતાશ્રીને હાથે તમારો પુત્ર ગયો એનો મને રંજ રહે છે. અને એ એક જ રીતે ઓછો થાય - તમે એક જવાબદારી સ્વીકારો તો.'

'શું જવાબદારી?' કરુણાશંકર માસ્તરે પૂછ્યું.

ઠાકોરસાહેબે પોતાના સેક્રેટરીને સંજ્ઞા કરી. સેક્રેટરી પડખેના ખંડમાં ગયા અને દસેક વર્ષના એક તેજસ્વી બાળકને તેડી આવ્યા 'આ' કહી ઠાકોરસાહેબ ઊભા થયા. અને એ બાળકને દોરી કરુણાશંકર માસ્તર પાસે ગયા. 'આ મારો પુત્ર. એ તમને સોંપું છું. આજથી તમારે અહીં રહેવાનું છે અને એના અભ્યાસની જવાબદારી તમારે લેવાની છે.' કરુણાશંકર માસ્તર ઠાકોરસાહેબને અને એના યુવરાજને જોઈ રહ્યા. થોડી વારે એનો જમણો હાથ ઊંચો થયો અને બાળકને માથે મુકાઈ ગયો. એ હાથ જરા ધ્રૂજતો હતો. 'અને બીજું.' ઠાકોર સાહેબ ફર્યા. 'મહેન્દ્રસિંહજી, લાવો તો પેલું રત્ન.'

મહેન્દ્રસિંહજીએ એ રત્ન એમના હાથમાં મૂકી દીધું.

'આ રત્ન અને રત્નની કિંમત જેટલી રકમ આપણાં રાજ્ય તરફથી મુંબઈમાં ખોડવાળાં બાળકો માટે એક સારવાર કેન્દ્ર સ્થાપવા માટે આપું છું.'

બાળકના મસ્તક ઉપર મુકાયેલો કરુણાશંકરનો ધ્રૂજતો હાથ ત્યાં જ સ્થિર થઈ ગયો.

મહેન્દ્રસિંહજી પોતાનાં સૂચનોને અમલમાં મુકાતાં જોઈ વિચારી રહ્યા કે, પેલા રત્નપારખુ જ્યોતિષીનાં પોતાના દૌહિત્ર માટેનાં વેણ કેવાં સાચાં પડતાં આવતાં હતાં!

*

બીજે દિવસે મુંબઈ જતા મેઈલમાં જનારા મહેમાનો સાફો અને સૂટમાં સજ્જ થઈ સ્ટેશને આવ્યા ત્યારે ત્યાં પ્લેટફૉર્મ ઉપર નમતા બપોરનો તડકો લંબાતો હતો. આગલી રાત્રે એ બન્ને મહેમાનો મહેન્દ્રસિંહજી અને કિરીટને ઠાકોરસાહેબ અને દીવાન

(અનુસંધાન પૃ.૭૮૯)

આવો, શીખીએ અંગ્રેજી (૨૮)

ધનુભાઈ મહેતા

તુલનાની કક્ષા - Degree of Comparison - (1)

Degree - ડિગ્રી - કક્ષા, અંશ, Comparison - કમ્પેરિસન - તુલના, સરખામણી બરાબર તુલના કે સરખામણીની કક્ષા અથવા અંશ.

તો તમને પ્રશ્ન થશે કે તુલના અથવા સરખામણી કોની અને શેની એટલે કે કઈ બાબતની? તો સમજો કે કોઈ એક પદાર્થ/પદાર્થો, પ્રાણી/પ્રાણીઓ, સ્થળ/સ્થળોની, અન્ય પદાર્થ/પદાર્થો, પ્રાણી/પ્રાણીઓ કે સ્થળ/સ્થળોની તેના કે તેમના કોઈ વિશિષ્ટ ગુણ કે કોઈ વિશિષ્ટ થતી કે કરાતી ક્રિયાની. ટૂંકમાં, તુલનાં વિશેષણ કે ક્રિયાવિશેષણની થાય. આ તુલના ત્રણ પ્રકારે એટલે કે ત્રણ કક્ષામાં થાય : (૧) - ના સમાન કે ના સરખું, (૨) - ના કરતાં વધારે, (૩) કે સર્વથી વધારે એટલે કે શ્રેષ્ઠ. ટૂંકમાં, કોઈ પણ વિશેષણ કે ક્રિયાવિશેષણને ત્રણ કક્ષામાં દર્શાવી શકાય. પહેલા વિશેષણની ત્રણ કક્ષા વાક્યો દ્વારા સમજીએ.

રમેશ મહેશ જેટલો ઊંચો છે.

તાડ આંબા કરતાં વધારે ઊંચું છે.

હિમાલય બધા પર્વતોમાં ઊંચામાં ઊંચો છે.

પહેલામાં પ્રાણી (વ્યક્તિ)ના વિશેષ ગુણ 'ઊંચાઈ'ની સમાનતા, બીજામાં પદાર્થના વિશેષ ગુણ 'ઊંચાઈ' કરતાં અધિકતા અને ત્રીજામાં સ્થળની તે જ વિશેષ ગુણની શ્રેષ્ઠતા દર્શાવવામાં આવી છે.

હવે ક્રિયાવિશેષણને આ ત્રણે કક્ષામાં શીખીએ.

મનન પવન જેટલું જ સારું રમે છે.

કાનન આના કરતાં વધારે સારું રમે છે.

બધામાં જયેશ સૌથી સારું રમે છે.

ઉપરનાં ત્રણે વાક્યોમાં અનુક્રમે 'રમવાની' વિશેષતા 'સારું' - ક્રિયાવિશેષણ-ને સમાનતા, અધિકતા અને શ્રેષ્ઠતાદર્શક કક્ષામાં દર્શાવવામાં આવી છે.

આટલી પ્રાસ્તાવિક ભૂમિકાને આધારે એટલું સ્પષ્ટ થશે કે તુલનાની કક્ષા ત્રણ છે.

(૧) સમાનતાદર્શક કક્ષા - The Positive Degree.

(૨) અધિકતાદર્શક કક્ષા - The Comparative Degree.

(૩) શ્રેષ્ઠતાદર્શક કક્ષા - The Superlative Degree.

કોઈ પણ વિશેષણને ત્રણ કક્ષામાં દર્શાવી શકાય છે. તેથી તેનાં ત્રણે કક્ષાનાં રૂપ બને છે. તે રૂપ કેમ બને તેના નિયમો શીખ્યા બાદ ત્રણે કક્ષા કેમ બને તે અનુક્રમે સમજીશું.

મૂળ વિશેષણ પદ તે તેની સમાનતા દર્શક કક્ષાનું રૂપ બને. દા.ત. 'clever', 'tall', 'beautiful', 'happy', 'heavy'.

મોટા ભાગના syllable - સિલબલ - એક સ્વરવાળો શબ્દ કે શબ્દનો ભાગ એટલે કે એકપદી અને કેટલાંક બેપદી વિશેષણોનાં સમાનતાદર્શક અને અધિકતાદર્શક વિશેષણોનાં રૂપ અનુક્રમે 'er' અને 'est' લગાડવાથી થાય છે. જેમ કે -

Positive (સમાનતા)	Comparative (અધિકતા)	Superlative (શ્રેષ્ઠતા)
tall	taller	tallest
clever	cleverer	cleverest
kind	kinder	kindest
great	greater	greatest

આના અનુસંધાનમાં થોડાક નીચેના નિયમો પણ શીખો.

(૧) આ પ્રકારના વિશેષણને છેડે 'e' આવ્યો હોય તો સમાનતા અને અધિકતામાં અનુક્રમે 'r' અને 'st' લગાડવા. જેમ કે -

(૨) brave	braver	bravest
wise	wiser	wisest

(૩) વિશેષણને અંતે વ્યંજન આવ્યો હોય અને તેની પૂર્વે એક જ લઘુ સ્વર આવ્યો હોય તો છેલ્લા વ્યંજનને બેવડાવીને અનુક્રમે 'er' અને 'est' લગાડવા. દા.ત.

wet	wetter	wettest
hot	hotter	hottest

(૪) વિશેષણને છેડે 'y' આવ્યો હોય અને 'y' ની પૂર્વે વ્યંજન આવ્યો હોય તો 'y' નો 'i' કરીને અનુક્રમે 'er' અને 'est' લગાડવા. જેમ કે-

happy	happier	happiest
heavy	heavier	heaviest

કેટલાંક વિશેષણો એકપદી કરતાં વધારે પદી હોય છે. તેનાં અધિકતા અને શ્રેષ્ઠતાદર્શક રૂપ તેની આગળ અનુક્રમે 'more' કે 'the most' વાપરવાથી બને છે. જેમ કે -

Positive	Comparative	Superlative
beautiful	more beautiful	the most beautiful
intelligent	more intelligent	the most intelligent
industrious	more industruious	the industrious
handsome	more handsome	the most handsome

કેટલાંક વિશેષણો એવાં છે કે જે નથી તો 'er' કે 'est' નો નિયમ સ્વીકારતાં કે નથી તો 'more' અને 'the most'નો નિયમ સ્વીકારતાં. તે બધાં અનિયમિત છે. દા.ત.

Positive	Comparative	Superlative
good/well	better	best

bad/ill/evil	worse	worst
little	less	least
much (જથ્થો)	more	most
many (સંખ્યા)	more	most
fore	former	foremost/first
late	later-latter	latest-last

નીચેંના શબ્દોની સમાનતાદર્શક કક્ષામાં ક્રિયાવિશેષણો છે પણ તેની અધિકતા અને શ્રેષ્ઠતાદર્શક કક્ષાનાં રૂપ વિશેષણો છે.

Positive	Comparative	Superlative
far	farther	farthest
out	outer/utter	uttermost/utmost
beneath	nether	nethermost
in	inner	innermost
far	farther	farthest

નીચેનાં સાત વિશેષણો લૅટિન ભાષાનાં અધિકતાદર્શક છે. તે પ્રત્યેકના 'સ્પેલિંગ'માં અંતે 'or' આવે છે, 'er' નહિ તે ખ્યાલમાં રાખશો. વળી, એ પણ સમજજો કે અધિકતાદર્શક કક્ષામાં આ શબ્દો પછી 'than' ને બદલે 'to' વપરાય છે.

(૧) superior to - સુ/સ્યૂપીરિઅર ટુ - થી ચડિયાતું

(૨) inferior to - ઇનફીરિઅર ટુ - ઊતરતી કક્ષાનું

(૩) anterior to - એન્ટીરિઅર ટુ - ની પહેલાનું, વધુ આગળનું

(૪) prior to - પ્રાયર ટુ - પહેલું, આગલું, આગળ થઈ ગયેલું

(૫) posterior to - પોસ્ટીરિઅર ટુ - પછીનું, પાછળના સમયનું

(૬) senior to - સીનિઅર ટુ - ઉંમરમાં, અનુભવમાં, પદવીમાં, પ્રતિષ્ઠામાં કે હોદ્દામાં ચડિયાતા દરજ્જાનું

(૭) junior to - જૂનિઅર ટુ - ઊતરતા પદ કે હોદ્દાનું

આટલાં વિશેષણો અધિકતાદર્શક કક્ષામાં જ વપરાય છે. આમાંનાં કેટલાંકનો નમૂના રૂપે વાક્યપ્રયોગ શીખીએ.

તમે મારા કરતાં ઉંમરમાં મોટા છો.

You are senior to me in age.

કૉલેજમાં તે મારા કરતાં નીચેની પાયરીએ છે.

He is junior to me in the college.

એક્સ માર્કાની ચા વાઈ માર્કાની ચા કરતાં ચડિયાતી છે.

The x-brand tea is superior to the y-brand one.

આ વાનગીઓ પેલી વાનગીઓ કરતા ગુણવત્તામાં હલકી કક્ષાની છે.

These items are inferior in quality to those ones.

નીચેનાં વિશેષણોના પ્રયોગ બાબત આટલું બરાબર સમજો : old - ઓલ્ડ - વૃદ્ધ, જૂનું (વ્યક્તિ અને વસ્તુ બન્ને માટે વપરાય છે.) દા.ત.

તે ઘરડો માણસ છે. He is an old man.

તે જૂનું દેવળ છે. It is an old temple.

મારી ઉંમર સિત્તેર વરસ છે. I am seventy years old.

old - નાં અધિકતાદર્શક અને શ્રેષ્ઠતાદર્શક અનુક્રમે બે બે રૂપો થાય છે. જેમ કે - older/elder, oldest/eldest.

older અને oldest ગમે તે વસ્તુ કે વ્યક્તિ વધારે જૂની કે જૂનામાં જૂની અને વ્યક્તિ વધારે ઘરડી કે ઘરડામાં ઘરડી એમ દર્શાવવા માટે વપરાય છે. જ્યારે 'elder' કે 'eldest' ફક્ત વ્યક્તિ ઉંમરમાં વધારે મોટી કે સૌથી મોટી એમ દર્શાવવા માટે વપરાય છે. વળી એ પણ ખયાલમાં રાખજો કે elder અને eldest લોહીની સગાઈવાળાંઓની વયની તુલના કરવા માટે જ વપરાય છે. આગળ અધિકતા અને શ્રેષ્ઠતાદર્શક કક્ષાનો અનુક્રમે વિગતવાર અભ્યાસ કરીશું ત્યારે તેનો વાક્યપ્રયોગ સમજીશું.

Farther - ફાર્ધર - વધારે દૂરનું, આગળ ગયેલું અંતર દર્શાવે છે, જ્યારે further - ફર્ધર - થોડુંક વધારે એવો ભાવ વ્યક્ત કરે છે. જેમ કે -

મુંબઈ અમદાવાદથી સુરત કરતાં વધારે દૂર છે.

Mumbai is farther from Ahmedabad than Surat.

પરસાળનો વધારે આગળનો ભાગ વિશાળ છે.

The further part of the verandaha is wide.

Later, Latest સમયનો ક્રમ બતાવે છે. જ્યારે latter અને last સ્થાનનો ક્રમ બતાવે છે. જેમ કે -

આ છેલ્લામાં છેલ્લી આવૃત્તિ છે.

This is the latest edition. (an edition - ઇડિશન - આવૃત્તિ)

૩૧મી જુલાઈ એ મહિનાની આખર તારીખ છે.

31st July is the last date of the month.

તુલનાની કક્ષા વિશે આટલી પાયાની સમજ અનિવાર્ય છે. હવે તુલનાની ત્રણે કક્ષાને અનુક્રમે શીખીએ.

(૧) સમાનતાદર્શક કક્ષા - The Positive Degree

એક પદાર્થ, પ્રાણી કે સ્થળની અન્ય પદાર્થ, પ્રાણી કે સ્થળની અમુક ચોક્કસ વિશેષતાની સમાનતા અથવા અસમાનતા દર્શાવે છે. આ કક્ષાની હકાર વાક્યરચનામાં બે 'as'ની વચ્ચે વિશેષણનું સમાનતાદર્શક રૂપ એટલે કે જે તે વિશેષણનો મૂળ શબ્દ વપરાય છે. અને નકાર વાક્યરચનામાં 'so' અને 'as'ની વચ્ચે તે જ રૂપ વપરાય છે. નીચેનાં ઉદાહરણોથી આ વ્યાખ્યા બરાબર સમજાશે. પહેલાં હકારદર્શક વાક્યો શીખીએ :

કનુ મનુ જેટલો ડાહ્યો છે. Kanu is as wise as Manu.

ભાવનગર રાજકોટ જેટલું મોટું છે.

Bhavnagar is as big as Rajkot.

આ દેવળ પેલા દેવળ જેટલું જ જૂનું છે.

This temple is as old as that one.

અપલા ચપલા જેટલી જ વયમાં મોટી છે.

Apla is as old as Chapla.

પહેલા, બીજા અને ત્રીજા વાક્યમાં અનુક્રમે as Rajkot, as that one, as Chapla એ ત્રણે તુલનાદર્શક ક્રિયાવિશેષણ ઉપવાક્યો છે અને પ્રત્યેકમાં છેડે 'is' મુખ્ય ક્રિયાપદ અધ્યાહાર રહે છે તે ખ્યાલમાં રાખશો.

હવે નકારવાક્યો શીખીએ :
રાજકોટ અમદાવાદ જેટલું મોટું નથી.
Rajkot is not so big as Ahmedabad.
સાબરમતી નર્મદા જેટલી લાંબી નથી.
The Sabarmati is not so long as the Narmada.
વિભા આભા જેટલી ભલી નથી.
Vibha is not so good as Abha.

(૨) અધિકતાદર્શક કક્ષા - The Comparative Degree

કોઈ પદાર્થ, પ્રાણી કે સ્થળના અમુક ગુણની અન્ય કોઈ પદાર્થ, પ્રાણી કે સ્થળના તે જ ગુણ કરતાં અધિકતા દર્શાવતું વાક્ય તે અધિકતાદર્શક કક્ષા કહેવાય. સમાનતાદર્શક કક્ષામાં 'જેટલું', 'જેવું' કે 'સમાન' દર્શાવવા માટે 'as' વપરાય છે, તો અધિકતાદર્શક કક્ષામાં 'ના કરતાં અધિક' એમ દર્શાવવા માટે 'than' વપરાય છે.

સાતપૂડા ગિરનાર કરતાં વધારે ઊંચો છે.
Satpuda is higher than Girnar.
નીતા મીતા કરતાં વધારે સુંદર છે.
Nita is more beautiful than Mita.
મારો મિત્ર ઉંમરમાં મારા કરતાં વધારે મોટો છે.
My friend is older than I.
રીટા તેની બહેન કરતાં ઉંમરમાં વધારે મોટી છે.
Rita is elder than her Sister.
અમદાવાદ મુંબઈ કરતાં વધારે ગંદું છે.
Ahmedabad is dirtier than Mumbai.
હું તમારા કરતાં વધારે ડાહ્યો નથી.
I am not wiser than you.

આ પાઠમાં તુલનાની કક્ષા ત્રણ પ્રકારની છે એમ શીખ્યા. તેમાંના પ્રથમ બે પ્રકાર તે સમાનતાદર્શક અને અધિકતા-દર્શક. એ બે વિષે ઉદાહરણરૂપ વાક્યો દ્વારા નિયમો શીખ્યા.

ખ્યાલમાં રાખશો કે જ્યારે ફક્ત બે જ પદાર્થ, પ્રાણી કે સ્થળ વચ્ચેની તુલના કરવાની હોય ત્યારે સમાનતાદર્શક કક્ષાનું રૂપાંતર અધિકતાદર્શક કક્ષામાં અને અધિકતાદર્શકનું સમાનતા દર્શક એમ બે કક્ષામાં જ થઈ શકે; શ્રેષ્ઠતાદર્શક કક્ષામાં થાય નહિ. પણ બે કરતાં વધારે વચ્ચેની તુલના કરવામાં આવી હોય ત્યારે તેવાં વાક્યોને ત્રણે કક્ષામાં દર્શાવી શકાય.

વળી, એક કક્ષામાંથી બીજી કક્ષામાં વાક્યનું રૂપાંતર કરવાનું હોય ત્યારે ધ્યાન રાખશો કે વાક્યનું રૂપ બદલાય પણ ભાવ કે અર્થ નહિ. આ પ્રકારનું રૂપાંતર કેમ કરાય તે ઉદાહરણ-રૂપ વાક્યો દ્વારા શીખીએ.

Positive (સમાનતા)	Comparative (અધિકતા)
Nina is as wise as Mina.	Mina is not wiser than Nina
Akbar was as great as Ashok.	Ashok was not greater than Akbar.
Bhavnagar is not so big as Ahmedabad.	Ahmedabad is bigger than Bhavnagar.

Comparative (અધિકતા)	Positive (સમાનતા)
Prevention is better than cure.	Cure is not so good as prevention.
She is more intelligent than I.	I am not so intelligent as she.
My friend is not older than I	I am as old as my friend.

આ પાઠમાં વિશેષણની સમાનતાદર્શક અને અધિકતાદર્શક એમ બે કક્ષા શીખ્યા. વિશેષણની શ્રેષ્ઠતાદર્શક કક્ષા અને ક્રિયાવિશેષણની ત્રણે પ્રકારની કક્ષા વિષે હવે પછીના પાઠમાં શીખીશું. (ક્રમશઃ)

અનુ.] એક દરબારી ઉતારાનું રહસ્ય [પૃ.૭૮૩થી

સાહેબ સાથે જમવાનો લ્હાવો મળ્યો હતો. ત્યારે જ ઠાકોરસાહેબે પોતાના એક દરબારી ઉતારા માટે મહેન્દ્રસિંહજીએ લીધેલી મહેનતની કદરનો પ્રસ્તાવ મૂક્યો હતો. મહેન્દ્રસિંહજીએ તે વિનયપૂર્વક સ્વીકારવાની ના પાડી હતી પણ એમાંથી અડધી રકમ મુંબઈમાં પોતે પોલીસ કમિશનર પાસે શરૂ કરાવેલ લોકરક્ષક દળના વિકાસ અને પ્રગતિ માટે માગી લીધી હતી અને બાકીની રકમ તેવા જ પ્રકારનું એ રાજ્યમાં લોકરક્ષક દળ શરૂ કરવા માટે અનામત મૂકી એક જુદું ફંડ ઊભું કરવાની સૂચના કરી હતી.

સ્ટેશને મહેન્દ્રસિંહજીને ઠાકોરસાહેબના છેલ્લા, વિદાય વખતના શબ્દો યાદ આવતા હતા : 'તમે મહેનત લઈ મારા માટે ભૂતકાળની એક ન ગમે એવી ક્ષણને મારા ઉતારાના રહસ્યને ઉકેલતાં વીણી કાઢી પણ હવે ભવિષ્યની ક્ષણો નિરાંતના આવી રહી છે એ વિચારે જીવને જંપ વળી જશે ખરો.'

ઠાકોરસાહેબના સેક્રેટરી, દીવાનસાહેબના સેક્રેટરી અને કરુણાશંકર માસ્તર મહેમાનોને વળાવવા સાથે સ્ટેશને આવ્યા હતા. બધાથી જુદા પડતા એ સૌ બીજા પ્રવાસીઓનું અને સ્ટેશન સ્ટાફનું ધ્યાન ખેંચી રહ્યા હતા.

જેવો મેઈલ આવી ઊભો રહ્યો એટલે કરુણાશંકર માસ્તરે હાથ જોડ્યા. એ બન્ને હાથ મહેન્દ્રસિંહજી અને કિરીટે હાથમાં લીધા. વાણી વગરની ઊમળકાની એ ક્ષણ હતી.

'આવજો ત્યારે.' દીવાનસાહેબના સેક્રેટરીના છેલ્લા શબ્દો બન્ને મહેમાનો સાંભળી રહ્યા. 'હવે તમે અમારા મહેમાન મટતા નથી પણ રહો છો. જ્યારે નિરાંત કરવાનું મન થાય ત્યારે અહીં પધારવા વિનંતી છે.'

મેઇલ ઊપડ્યો. મેઈલ-એન્જિનના ધુમાડા કરુણાશંકર માસ્તર જોઈ રહ્યા.

સ્ટેશન માસ્તરના આસિસ્ટન્ટ આ વખતે સ્ટેશન માસ્તરને કહી રહ્યા હતા : 'તમે તે દિ કે'તા તા ને કે કેટલાક મહેમાનથી મોટર શોભે પણ એવા મ[illegible]નથી આખું સ્ટેશન અને આખી ગાડીય શોભી ઊઠે હોં!' (સંપૂર્ણ)

પસ્તીનાં પાનાં

— ડૉ. પ્ર. ચુ. વૈદ્ય —

બેસતું વર્ષ અને હૂણ-વૃત્તિ

તા.૨૫-૧૦-૭૦. ૩૦મી ઑક્ટોબરને દિવસે દિવાળી છે અને ૩૧મીએ બેસતું વર્ષ છે. તે દિવસથી વિક્રમ સંવત ૨૦૨૬ શરૂ થશે. મધ્ય એશિયામાંથી આવતા હૂણ જાતિના જંગલી લોકોનાં આક્રમણને રાજા વિક્રમે હઠાવ્યું તેની યાદમાં આ સંવત શરૂ થયો છે. એવડું મોટું તે એ કેવું પરાક્રમ ગણાયું હશે કે આજે ૨૦૨૬ વર્ષે પણ આપણે તેને યાદ કરીએ છીએ? આ પ્રસંગને ઊંડાણથી સમજવા જેવો છે. તે વખતનો ભારતનો સમાજ સંસ્કાર અને સભ્યતાની ટોચ પર પહોંચેલો હતો. આ સંસ્કારી લોકોને તદ્દન જંગલી અને તેથી જ કદાચ વધુ બળિયા હૂણ લોકો રંજાડવા લાગ્યા. સંસ્કારી લોકો ત્રાસી ગયા હશે. આ જંગલી લોકો સમજાવ્યા સમજે નહિ. ભારે બળિયા છે..જો કાયમ આવીને બળજબરીથી સમાજ ઉપર સત્તા કરવા જેવું જોર જમાવશે તો આપણે પાળીપોષી, જતન કરી ઊભી કરેલી આ સંસ્કૃતિનું આવી બનવાનું. આ અસંસ્કારી લોકો સાથે પાનો પડ્યો તો મુશ્કેલી! આવા સંજોગોમાં રાજા વિક્રમે સંગઠન સાધી હૂણ લોકોને હાંકી કાઢ્યા હશે એટલે સંસ્કૃતિના સંરક્ષણની યાદમાં આ સંવત શરૂ થયો હશે!

આ કલ્પના જો સાચી હોય તો બેસતા વર્ષનું મહત્ત્વ ઘણું વધી જાય છે, કારણ કે જંગલી હૂણ લોકોનું આક્રમણ ભલે ૨૦૨૬ વર્ષ પહેલાં હઠાવ્યું હોય પણ હજુ આપણામાં હૂણવૃત્તિ ઓછી થઈ છે? મને તો બેસતા વર્ષે એ યાદ આવે કે હું કોણ, મારી સંસ્કૃતિ કેવી, કયો વારસો લઈને હું આ દેશમાં, આ સંસ્કારી વાતાવરણમાં જન્મ્યો અને પછી હું હિસાબ લગાવું છું કે એ સંસ્કાર વારસો મારાથી જળવાયો છે, મારું જીવન મારાં એ સંસ્કાર વારસાને અનુકૂળ ગોઠવાયું છે કે પછી મારા જીવન પર હૂણઆક્રમણની અસર પડી છે?

આગલા વર્ષની સઘળી મારી પ્રવૃત્તિઓ ઉપર વિચાર કરી તેમાંની કેટલી પ્રવૃત્તિઓ સંસ્કારપોષક હતી અને કેટલી પ્રવૃત્તિઓ હજુ પણ મારામાં રહેલા હૂણની અસર નીચે થઈ હતી તેનો હું મનોમન ક્યાસ કાઢું અને આવતા વર્ષની પ્રવૃત્તિઓમાંથી હૂણ-અસર દૂર કરવાના પ્રયત્ન કરું તો મેં જ મારી જાતને શિક્ષણ આપ્યું તેનો મને સંતોષ થાય અને મારા દિલમાં એ સ્વયં-ચાલિત શુદ્ધિતંત્ર ઊભું થાય.

મારે બેસતા વર્ષના આશિષ આપવા હોય તો કહું કે બેસતા વર્ષનો ઉપયોગ તમે પણ તમારા શિક્ષક થવામાં કરો. હૂણોનું આક્રમણ તો સમજુ અને સંસ્કારી વ્યક્તિઓ પર થતું જ રહે છે પણ આપણામાં વિક્રમતેજ પ્રકટે અને આવા આક્રમણથી અસર પામ્યા વગર જીવન નિર્મળતાથી વ્યતીત કરી શકીએ એ જ જીવનનું મોટામાં મોટું કાર્ય છે. તેથી સજાગ રીતે 'હૂણ-આક્રમણ' હટાવી નિર્મળ, રસમય તથા સહેતુક જીવન ભોગવો તેવા શુભાશિષ હું તો પાઠવું.

ચમત્કાર કે જાદુના ખેલ

તા. ૪-૧૧-૭૦. હમણાં અહીં રાજકીય વાતાવરણ પ્રમાણમાં શાન્ત છે. ચોમાસુ ઘણું સારું ગયું છે. વરસાદ સારો થયો છે અને ખેતપેદાશ ઘણી જ સરસ થવાની છે તેથી બધે જ આશાવાદ વર્તાય છે.

પણ નાણાની જરા જેટલી પણ છોળની પરિસ્થિતિ ઊભી થતાં કેટલાક નવા ભયો ડોકીઆં કરવા લાગ્યા છે. લૉટરી લગાડવી, જ્યોતિષમાં શ્રદ્ધા, જોગીજતિમાં અંધશ્રદ્ધા આ બધું વધતું જતું હોય એવું લાગે છે. આ દિવાળી પ્રસંગે બેસતા વર્ષનું અમારું ગુજરાતી છાપું લગભગ ૧૬ પાનાંનું નીકળ્યું. તેમાં એક પાનું સમાચારનું, ૧૧ પાનાં જાહેરખબરનાં અને ૪ પાનાં રાશિવાર ભવિષ્યનાં! ઇન્દિરા ગાંધીની કુંડલી અને મોરારજી દેસાઈની કુંડલી, ભારતની કુંડલી અને વિશ્વની કુંડલી, દુનિયાનું બધું ભાવિ અમારા ટીડા જોશી કાગળ ઉપર કુંડલી કાઢીને નક્કી કરે છે અને ગુજરાતનો ઘણો મોટો વાચકવર્ગ તે ભવિષ્યવાણી રસથી અને શ્રદ્ધાથી વાંચે છે. આ અનિષ્ટ થોડું ભણેલા કે અભણ લોકોમાં છે તેમ નથી. વચ્ચે જ્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વાઇસ ચેન્સેલર પદ માટે મારા નામની વાત ખૂબ ચાલતી હતી ત્યારે ત્યાંના વનસ્પતિ-વિજ્ઞાનના પ્રોફેસર (જે અમારી સોસાયટીમાં પહેલાં રહેતા હતા)નો મારા ઉપર કાગળ આવ્યો કે, 'મેં આજે સવારે ઊઠીને થોડી ગ્રહોની ગણતરી કરી છે અને તે ઉપરથી મને સ્પષ્ટ દેખાય છે કે અમારી યુનિવર્સિટીના વાઇસ ચેન્સેલર તમે જ થશો.' Ph.D. થયેલો વિજ્ઞાનનો પ્રોફેસર પણ ગ્રહોની ગણતરી કરે છે! (અલબત્ત, તે ખોટો પડ્યો તે તો સૌ જાણે છે.)

વચ્ચે અહીં મણિનગરમાં એક ભાઈને ઘેર 'ચમત્કાર' થયો. સત્ય સાંઈબાબાની છબીમાંથી કંકુ ઝરવા માંડ્યાં. લોકોનાં ટોળેટોળાં દર્શન માટે ઊપડ્યાં. છાપાંવાળાઓએ એ ભાઈના ઇન્ટર્વ્યૂ લીધા અને ચમત્કારના ફોટા છાપામાં આવ્યા. એક છાપામાં તો આખું છેલ્લું પાનું આ સાંઈબાબાના ચમત્કાર માટે ભરેલું હતું. પણ આ બધાં ગાંડપણમાં એક શુભચિહ્ન નજરે ચઢ્યું. જ્યારે આ ગાંડપણ પૂર બહારમાં ખીલ્યું હતું અને ગુજરાતનાં છાપાંઓ તેને ખૂબ જ મહત્ત્વ આપી રહ્યાં હતાં ત્યારે કેટલાક પ્રોફેસરોએ છાપાંમાં જાહેરખબર છપાવી અને તેમાં જણાવ્યું કે સાંઈબાબાના આ ચમત્કાર તો કે.લાલના જાદુ જેવા છે. અમે ચેલેન્જ કરીએ છીએ કે અમદાવાદની ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીના બે વૈજ્ઞાનિકો સમક્ષ આ ચમત્કારોની સત્યતા સાબિત કરો અને નહીતર જાદુના ખેલ જેવો આ પ્રચાર બંધ કરો આ જાહેરખબરની વિદ્યુતવેગી અસર થઈ

અને સાંઈબાબાના ચમત્કારની વાતો છાપાંમાં આવતી બંધ થઈ ગઈ અને પછી કોઈ તે ચમત્કારની વાત કરે તો કે.લાલના જાદુની ઉપમા જરૂર આપે. તેવી આ શિક્ષકોએ, જાહેરખબરનું ખર્ચ ભોગવીને સુંદર અસર ઊભી કરી.

પ્રો. દાવરના ત્રણ ગુરુઓ

તા.૨૧-૩-૭૧. ૧૯મી માર્ચનો દિવસ ગુજરાત માટે શુકનવંતો દિવસ છે. પંડિત જવાહરલાલ નેહરુએ ૧૯મી માર્ચે (સાલ બરાબર યાદ નથી) અંકલેશ્વરના પહેલા તેલકૂવાનું ઉદ્‌ઘાટન કર્યું હતું. ગયે વર્ષે ૧૯મી માર્ચે ભાવનગરથી ૪૬ કિલોમીટર દૂર ખંભાતના અખાતમાં દરિયાનાં ઘૂઘવતાં પાણી વચ્ચે તેલખોજ માટે શારકામ કરવાના પ્લેટફૉર્મનું શુભ મુહૂર્ત થયું હતુ અને આ વર્ષની ૧૯મી માર્ચે (એટલે પરમ દાડે) આ શારકામને સફળતા મળી. સમુદ્ર નીચે તેલકૂવામાંથી તેલ મળી આવ્યું!

પરંતુ મારે આ પત્રમાં ૧૯મી માર્ચે થયેલા એક અન્ય પ્રસંગની વાત વિગતે લખવી છે. ૧૯મી માર્ચે ગુજરાત યુનિવર્સિટીએ કનૈયાલાલ મુનશી, કાકાસાહેબ કાલેલકર અને પ્રો. ફિરોઝ દાવરને ડી.લિટ.ની માનાર્હ પદવીઓ આપી. પદવી આપવાનં નક્કી તો વહેલું થયું હતું પણ અપાય તે પહેલાં



↑ ડૉ. રાધાકૃષ્ણન્



આચાર્ય આનંદશંકર ધ્રુવ →



↑ કાકાસાહેબ કાલેલકર



↓ ક.મા. મુનશી

મુનશી ગુજરી ગયા. આમ જુઆં તો વ્યક્તિની ખૂબી સમજી તેને સન્માન કરવાનું હંમેશાં આપણને ઘણું મોડું સૂઝે છે. જે ત્રણ વ્યક્તિઓને ગુજરાત યુનિવર્સિટીએ માનદ પદવી આપી તેમાંના એક તો ગુજરી ગયા, બીજા ઉંમરને કારણે જરાયે સાંભળી શકતા નથી (કાકાસાહેબ) અને ત્રીજા ઉંમરને કારણે દેખી શકતા નથી (દાવરસાહેબ). સન્માન્યા પણ કેટલા બધા મોડા? પણ તોયે થાય છે કે મોડા મોડા યે સન્માન્યા તો ખરા ને!



પ્રો. ફિરોઝ દાવર

સામાન્ય રીતે વિલાયતી ઢંગે થતા આપણા પદવીદાન સમારંભોમાં હું જતો નથી. પણ આ વખતે ગયો, કારણ કે સમારંભમાં થયેલાં બધાંનાં ભાષણો તો છાપામાં આવશે પણ પ્રો. દાવર તો નર્યો શિક્ષક. તેમની News Paper Value (સમાચારની દૃષ્ટિએ) કાંઈ જ નહી તેથી તેમનું ભાષણ છાપામાં નહિ આવે એટલે તે સાંભળવા માટે હું સમારંભમાં ગયો હતો. થયું પણ એમ જ. બધાંનાં ભાષણો છાપાંમાં આવ્યાં. પ્રોફેસર દાવરનો ઉલ્લેખ માત્ર આવ્યો અને છતાં સૌથી સરસ ભાષણ તો પ્રો. દાવરનું હતું. આખી જિન્દગી શિક્ષક તરીકે રહેલા પ્રો. દાવરે આ પ્રસંગે તેમના ત્રણ ગુરુઓને સંભાર્યા. ૧. આચાર્ય આનંદશંકર ધ્રુવ, ૨. મહાત્મા ગાંધી, ૩. રાધાકૃષ્ણન્. ધ્રુવસાહેબનાં પુસ્તકોમાંથી તેઓ શીખ્યા. દરેક પ્રશ્નને જોવાનાં અનેક દૃષ્ટિબિન્દુઓ હોય પણ તેમાં હંમેશા પસંદ કરવા જેવું દૃષ્ટિબિન્દુ તે નૈતિક દૃષ્ટિબિન્દુ. અમુક કાર્ય વ્યાવહારિક રીતે કરવા જેવું હોય પણ નૈતિક રીતે કરવા જેવું ન હોય તો ન કરવું - ગાંધીજીનાં લખાણો ઉપરથી પ્રો. દાવર શીખ્યા કે વ્યવસાય માત્ર ધર્મની શાખા છે. તમે ગમે તે વ્યવસાય કરો પણ તે વ્યવસાય કરતી વખતે તમે ધર્મનું આચરણ કરો છો. વેપાર, શિક્ષણ, વહીવટ, દાકતરી ગમે તે વ્યવસાય લો. દાકતરી વ્યવસાય માટે તો દાવરસાહેબે બહુ જ સ્પષ્ટ કહ્યું, 'હું દવા વગરનો દાકતર કલ્પી શકું છું પણ દયા વગરનો દાક્તર કલ્પી શકતો નથી.' - રાધાકૃષ્ણન્‌નાં લખાણમાંથી દાવરસાહેબે પાઠ લીધો કે The joul of progress is the progress of the joul (પ્રગતિનો આત્મા આત્માની પ્રગતિમાં રહેલો છે.)

દાવરસાહેબે આ ત્રણે મુદ્દાઓને વિગતે સમજાવ્યા અને છેલ્લે કહ્યું કે મારા ગુરુઓ પાસેથી મેળવેલું આ શિક્ષણ મારા વિદ્યાર્થીઓને આપવાનો મેં યત્કિંચિત પ્રયત્ન કર્યો છે. અને આ રીતે ગુરુ-શિષ્ય પરંપરાવાળી ભારતીય પરંપરાને હું અનુસર્યો છું અને તેથી જ કદાચ યુનિવર્સિટીના આ બહુમાનને હું લાયક ગણાયો હોઈશ.

કેવા ઉમદા વિચારો!

(ક્રમશઃ)

એક ગાંધીવાદીનો માનવીય અભિગમ

મહાત્મા ગાંધીએ દેશભાવના અને સત્કર્મનો જે રાહ ચિંધ્યો, એ માર્ગે વીસમી સદીના પ્રથમ પાંચ-સાત દસકામાં અનેક નરનારીઓ ગાંધીયુગના પ્રભાવને જીવનનો મંત્ર બનાવી અંતિમ ક્ષણ સુધી સત્કર્મ અને આચાર-વિચારના માર્ગે ચાલી રહ્યાં હતાં.

આવા જ એક હતા મારા મોટાભાઈ સ્વ. પ્રભુદાસભાઈ પટવારી. કોલેજકાળથી જ ગાંધીપ્રેરિત વિચારધારાને અપનાવીને જીવનના અંત સુધી પોતે સેવેલા સિદ્ધાંતમાં અચલ રહીને જીવન વ્યતિત કર્યું.

તેઓ અભ્યાસકાળથી જ સત્યાગ્રહની ચળવળમાં જોડાયા હતા. ખાદી ધારણ કરી અને સત્યાગ્રહી ઝુંબેશમાં કાર્યશીલ રહેતા હોવાથી તે કાળના ગુજરાત કોલેજના આચાર્યે તેમને કોલેજમાંથી કમી કર્યા, તે પછી તેઓ ભાવનગરની શામળદાસ આર્ટ્સ કોલેજમાં દાખલ થયા અને બી.એ. થયા.

આ કાળ દરમિયાન અમારા પિતાજી સાયલાના દેશી રજવાડામાં દીવાન હતા. ખાદીધારી મોટાભાઈ દિવાળીની રજાઓમાં સાયલા આવ્યા. સાયલાના દરબારશ્રીને એ કાળે ખાદી પહેરનાર પ્રત્યે કંઈક અભાવ હોવાથી પોતાના રાજમાં ખાદી પહેરવાની મનાઈ જેવું હતું. મોટાભાઈનો ખાદીનો પોશાક જોઈને માતાપિતાએ તેમને સમજાવ્યા કે, 'ભાઈ, આ રાજમાં ખાદી પહેરનાર પ્રત્યે રાજ નારાજગી દર્શાવે છે, એથી તું અહીં ખાદી પહેરે છે એ આપણા માટે સારું ન ગણાય, માટે તું અહીં રહે ત્યાં સુધી ખાદી પહેરવાનું બંધ રાખ.'

એ વખતે ભાઈએ કહેલું કે, 'હું તો ખાદી પહેરું છું અને હવે તો પહેરતો જ રહીશ. ખાદી છોડીને અન્ય પ્રકારનાં કપડાં તો હવે નહિ પહેરું, એ મારો સિદ્ધાંત છે.'

માતા રડી પડ્યા. ભાઈને સમજાવ્યા પણ તેઓ ઘર છોડીને ચાલ્યા ગયા. આ પ્રમાણે યુવાનવયથી જ મોટા ભાઈએ પોતે સ્વીકારેલ સિદ્ધાંતમાં જરાય બાંધછોડ કરી નહોતી.

સ્વરાજ્ય હાંસલ થયા પછી શ્રી પ્રભુદાસભાઈ તામિલનાડુના ગવર્નર તરીકે નિમાયા અને તેમના સન્માનાર્થે મદ્રાસના અમલદારો, પ્રતિષ્ઠિતજનો વગેરે વિમાની મથકે તેમને આવકારવા ઉપસ્થિત હશે, તેનો મોટાભાઈને ખ્યાલ હતો, તેથી તેમણે પોતાના સેક્રેટરીને કહી રાખેલું કે, 'મારું સૌથી પ્રથમ સન્માન હરિજન બાળાના હાથે થાય, તે પછી સરકારી રીતરસમ મુજબ કાર્યક્રમ થવો ઘટે, એવો મારો સિદ્ધાંત છે.'

મદ્રાસમાં ગવર્નરપદે હતા. એ વખતે રાજભવનમાં ઘણા બધા V.I.P. મહેમાનો આવતા હતા. જુદા જુદા દેશોના એલચીઓ તેમની મુલાકાતે આવે, ત્યારે તેમના સેક્રેટરી તેમને અગાઉથી જણાવી દેતા કે, 'આપ તૈયાર થઈ જાઓ.' પણ એ વખતે તેઓ કહેતા કે, 'હું ઝભ્ભો-ધોતી પહેરું છું એ જ મારો તો ઑફિસ્યલ પોશાક છે.' એ જ પોશાક પહેરીને તેઓ સહુને મળતા.



પોતે વૈષ્ણવ હોવાથી દર અગિયારસે હવેલીદર્શનનો ક્રમ પોતે જાળવતા અને દર્શનાર્થે જાય એ વખતે ગવર્નરની મોટરકાર અને માત્ર એક જ પોલીસ રક્ષક સિવાય કોઈ નહિ. પરમનાં દર્શનાર્થે જતા હોવાથી બાહ્ય સ્થૂળ આડંબર ન ઘટે, એથી સાયરન પણ વગાડવાનું બંધ કરીને હવેલીદર્શનનું માહાત્મ્ય જાળવતા હતા. પોતે વૈષ્ણવી સંસ્કારના હિમાયતી અને ગાંધીવાદના અનુયાયી હોવાથી રાજભવનમાં માંસ, મચ્છી, ઈંડાં અને દારૂ પીરસવાની સંપૂર્ણ મનાઈ કરી હતી.

એક વખત રાજભવનમાં ગુજરાતનાં ગવર્નર શ્રીમતી શારદાબહેન મુખરજી આવેલાં ત્યારે બાજુના ઓરડામાં મહેફિલ થઈ, મોટાભાઈને ખબર પડી એટલે બીજે દિવસે સવારમાં જ કહી દીધું, 'રાજભવનમાં માદક પીણાં કે શાકાહારી સિવાય ખાવાપીવાનું નહિ રખાય. એ જ રીતે એક વખત રાષ્ટ્રપતિ શ્રી સંજીવ રેડ્ડી મદ્રાસ પધારેલા ત્યારે રાજભવનમાં જમવા માટે તેઓ બહારથી બિનશાકાહારી ખોરાક મંગાવીને આરોગ્યો ત્યારે તેમને ગવર્નર પ્રભુદાસભાઈ સાથે ચડભડ થઈ ગઈ હતી. ગવર્નરને તેમણે કહી દીધું કે 'રાજભવન એ ગવર્નરનું ઘર છે, અને ત્યાં શું કરવું, એ એની સત્તાની વાત છે.'

એક વખત તેઓ રાજ્યમાં ઑફિસ્યલ પ્રવાસમાં ગયેલા એ જ વખતે દિલ્હીથી રાષ્ટ્રપતિએ તેમને મદ્રાસના ગવર્નર તરીકે ફારેગ કરી દીધા.

મદ્રાસના વિમાનઘર ઉપર તેમને વિદાયમાન આપવા ત્યાંનાં અનેક મંડળોના પ્રતિનિધિઓ, ગુજરાતી સમાજનાં સભ્યો તેમજ ત્યાંની આમપ્રજા પણ ઊમટી પડી હતી. એ દિવસે વિમાન ત્રણ કલાક મોડું હોવાથી તેમના સેક્રેટરીએ રાજભવનમાં જઈને આરામ લેવાનું કહ્યું ત્યારે તેમણે કહ્યું કે, 'એક વખત રાજભવન છોડ્યું પછી ત્યાં જવાનો કોઈ પ્રશ્ન જ નથી રહેતો.'

પૂજ્ય ગાંધીજી અને વૈષ્ણવમાર્ગને અનુસરનાર સ્વ. પ્રભુદાસ પટવારીએ પોતાના સિદ્ધાંતને કદી છોડ્યા નથી.

- ડૉ. ઈન્દુલાલ પટવારી.

ગ્રાહકોને વિનતિ : પત્રવ્યવહાર કે લવાજમ મોકલતી વખતે આપનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું લખવું અગત્યનું છે. મનીઑર્ડરની સ્લિપમાં ગ્રાહકનંબર અને પૂરું સરનામું લખવાનું રહી ન જાય એની ચોકસાઈ કરવી જરૂરી છે.

ભારતની સૌથી વધુ મૂલ્યવાન દુર્લભ ટપાલટિકિટ

ધર્મેન્દ્ર મ. માસ્તર 'મધુરમ્'

ઈ.સ.૧૮૫૪ના વર્ષમાં ભારત સરકારે મહારાણીના ચિત્રવાળી ચાર આનાની કિંમતવાળી રંગીન ટપાલટિકિટ કાઢી હતી. દુર્ભાગ્યે શરતચૂકતથી એમાં મહારાણીનું ચિત્ર ઊલટી રીતે એટલે કે માથું નીચે ને શરીરનો બાકીનો ભાગ ઉપર એ રીતે અંકિત થઈ ગયું. આવી ટિકિટને ટપાલની દુનિયામાં Head Inverted અર્થાત્ ઊલટા માથાવાળી ટિકિટ કહેવામાં આવે છે. આજે ભારતની બધી ટપાલટિકિટોમાં આ ટિકિટ ઘણી મહત્ત્વની ને રૂા. ૧,૮૦,૦૦૦/-ના મૂલ્યવાળી ગણાય છે.

ભારતની આઝાદી પછીની સૌથી વધુ મૂલ્યવાન ને મહત્ત્વની ગણાતી ટપાલટિકિટોની એક અલગ જે વાત છે, એવી એક ટિકિટ તે મહાત્મા ગાંધીજીના ચિત્રવાળી રૂા.૧૦/-ની કિંમતની છે. એના પર 'સર્વિસ' શબ્દો અંકિત છે. આવી ટિકિટ પ્રચલિત કરવાનો નિર્ણય ગાંધીજીના જીવન દરમિયાન જ તત્કાલીન ભારત સરકારના સંચારવ્યવહાર ખાતાના પ્રધાન માન.શ્રી અહમદ કીડાવઈએ કરીને તા. ૨ ઑક્ટોબર ૧૯૪૮ના રોજ દાંડીકૂચના મીઠા સત્યાગ્રહના ચિત્રાંકન સાથે ગાંધીજીની ૮૦મી વર્ષગાંઠ પર તે પ્રચલિત કરવા ઠરાવ્યું હતું.

આ માટે તેમણે સરકારી ઇંડિયા સિક્યોરિટી પ્રેસને અઢી આના, સાડા ત્રણ આના, આઠ આના ને એક રૂપિયાની આવી ટિકિટો માટે એક જ ઢબની ભાત નિયત કરવા આદેશ આપ્યો હતો. અને તદનુસાર એ ભાત (Design) પ્રચાર પણ કરાઈ હતી અને ખુદ ગાંધીજીની સલાહસહાય પણ એ અંગે લેવાઈ હતી.

પરંતુ દુર્દૈવને લીધે અચાનક જ તા.૩૦ જાન્યુઆરી ૧૯૪૮ના રોજ ગાંધીજીની હત્યા થવાથી આખી પરિસ્થિતિ વિપરીત થઈ ગઈ અને માનાંજલિને બદલે શ્રદ્ધાંજલિ રૂપે બે ટિકિટ ઇંડિયા સિક્યોરિટી પ્રેસે નવીન ભાત ને રંગો સાથે તૈલી રંગયુક્ત બે જાતની અઢી આના તથા બાર આનાવાળી ટપાલટિકિટ માટેનાં ચિત્રાંકનો તા. ૧૭ ફેબ્રુઆરી ૧૯૪૮ના રોજ ભારત સરકાર સમક્ષ રજૂ કર્યાં. એમાં તત્કાલીન વડાપ્રધાન શ્રી જવાહરલાલ નેહરુએ ફેરફાર સૂચવીને તા. ૧૬ માર્ચ ૧૯૪૯ના રોજ તે પ્રસ્તુત પ્રેસને પાછાં સોંપાયાં. એમાં દ્વિરંગી એવી રૂા.૧૦/-ની કિંમતવાળી ટપાલટિકિટ પણ પછી ઉમેરવામાં આવેલી.

બીજી આશ્ચર્યજનક વાત એ છે કે ત્યારે વિદેશી સિક્યોરિટી પ્રિન્ટર્સ તરીકે સ્વીટ્ઝર્લેન્ડની Helio Courvoisiers S.A. La chause - De-Fonds નામની કંપની-પેઢીને પણ આ ટિકિટ માટે ભાત-ચિત્ર તૈયાર કરી આપવાનો ઑર્ડર અપાયો હતો. અને એણે એ માટે બે ભાતચિત્રો રજૂ કરેલાં. એ પૈકીનું એક 'લાઈફ' મેગેઝીનમાંનુ ને બીજું ગાંધીજીના ચિત્રસંગ્રહમાંનું હતું.


મહારાણીની ઊલટા માથાની છબિવાળી ટપાલટિકિટ

વિદેશમાં ટપાલ-ટિકિટ છપાઈ હોય એવો આ પહેલ-વહેલો ને વળી અંતિમ કિસ્સો હતો. જો કે ભારતના ઇંડિયા સિક્યોરિટીના નાસિકના પ્રેસે તો ટપાલટિકિટો છાપવાની કામગીરી ઈ.સ. ૧૯૨૫ થી શરૂ કરી દીધી હતી, છતાં આ ટિકિટ વિદેશમાં છપાવવામાં આવી હતી. આ ટપાલટિકિટ છાપવા માટેના બે ટન વજનવાળા કાગળનાં બંડલ તા.૧૧ જૂન, ૧૯૪૮ના રોજ એરઇંડિયા ઈન્ટરનેશનલના વિમાન દ્વારા જિનીવા પહોંચાડાયાં હતાં, જેથી ભારતીય આઝાદીની તા.૧૫ ઑગસ્ટે પહેલી વર્ષગાંઠની ઉજવણી પ્રસંગે બે ટિકિટ બહાર પાડી શકાય. એ ટિકિટો હેલીગ્રેવર પ્રોસેસ દ્વારા સિલ્ક ૫૯૫ના કોટિંગવાળા કાગળ પર છાપવામાં આવી હતી. વળી ઓછી સંખ્યામાં આવી ટિકિટો ઇંડિયા સિક્યોરિટી પ્રેસમાં પણ 'સર્વિસ' શબ્દાંકન સાથે છાપીને તત્કાલીન ગવર્નર જનરલ રાજગોપાલાચારી માટે તૈયાર કરવામાં આવેલી. એમાં દોઢ આનાવાળી ૧૫૯૫૦ જેટલી, સાડાત્રણ આનાવાળી ૧૩૫૦ જેટલી, બાર આનાવાળી ૨૫૦ જેટલી તથા દસ રૂપિયાવાળી સો સર્વિસ શબ્દાંકન સાથેની ટપાલટિકિટો હતી. એ પૈકીની છેલ્લી ઢબની ટપાલટિકિટ આજે દુર્લભ હોવાથી અતિશય મૂલ્યવાન અને તેય આશરે રૂા. ૯૦,૦૦૦/-ની કિંમતની ગણાય છે. એક બીજી વાત પણ એ અંગે જાણી લેવી જોઈએ કે એ છેલ્લી ઢબની ટિકિટ ઘણી જ ચતુરાઈથી નકલ કરીને નકલી - બનાવટી રીતે ય છાપવામાં આવી છે, પણ એ અસલીનકલીનો ખ્યાલ આવી શકે તેમ છે, કેમ કે એ અસલી ટપાલટિકિટ ઓફસેટ લિથોગ્રાફીથી છાપવામાં આવી છે, જ્યારે નકલી ટિકિટ મામૂલી ટાઈપોગ્રાફીથી છાપવામાં આવી છે, પણ આજે એ ભારતની સૌથી વધુ મૂલ્યવાન ને દુર્લભ ટપાલટિકિટ ગણાય છે. ◻

કંકાવટી

એણે સર્વસ્વનું દાન કર્યું ને કીર્તિ દોડતી આવી

માણસને પ્રસિદ્ધિ ક્યારેક રાતોરાત મળી જાય છે. અમેરિકામાં મિસિસિપીમાં આવેલા હેટિસબર્ગ શહેરમાં રહેતી અને લોકોનાં કપડાં ધોવાનું કામ કરતી એક મહિલાનો આ અંગેનો કિસ્સો બહાર આવ્યો છે.

રાતોરાત પ્રસિદ્ધિ મળવાનું કારણ એ જ કે એણે હેરિસબર્ગ શહેરની કૉલેજને ૧૫૦,૦૦૦ ડૉલરનું દાન છાત્રવૃત્તિ માટે કર્યું હતું. એ દાને એના એકાકી જીવનના ગુમનામ અંધકારમાંથી એને બહાર કાઢી ને એને ઉન્નતિના શિખરે પહોંચાડી દીધી.

એક દિવસ 'ન્યૂ યૉર્ક ટાઇમ્સ' અખબારના પહેલા પાને ઓસીઓલા મેકકાર્ટીનું ચિત્ર છપાયું અને સાથે તેની વિસ્તૃત વિગતો છપાઈ. એ મહિલા ત્યારે વૃદ્ધાવસ્થાને આરે હતી. એને આર્થરાઇટ્સ રોગે ભરડો લીધો હતો. તેથી એનું શરીર દિવસે દિવસે નબળું પડતું જતું હતું. ક્યારેક શરીર એટલું તો જકડાઈ જતું કે માંડ માંડ એ ઊભી થતી. તેણે આથી



વિચાર્યું કે પોતાના સમગ્ર જીવનની આજ સુધી જમા થયેલી મૂડીને કોઈ ઉત્તમ કાર્યમાં રોકવી. તેણે એ વિચાર અમલમાં મૂક્યો ને એ દ્વારા પોતાની અપ્રતિમ ઉદારતાનો પરિચય આપ્યો. ગુડમોર્નિંગ અમેરિકા કાર્યક્રમમાં દૂરદર્શન પર લોકોએ એને વર્ષ ૧૯૯૫ની સહુથી મહત્ત્વની દસ વ્યક્તિઓ સાથે જોઈ ત્યારે જોનારા દર્શકો આશ્ચર્યમાં ડૂબી ગયા. ઓસીઓલા મેકકાર્ટીને પોતાને પણ નવાઈનો પાર ન રહ્યો.

ઓસીઓલા મેકકાર્ટી સને ૧૯૬૭થી લોકોનાં કપડાં ધોવાનું કામ કરતી હતી. એ શરમાળ પ્રકૃતિની હતી. એનું આખું જીવન કપડાં ધોઈને તાર પર ગોઠવી સૂકવવામાં વીત્યું. એના ૮૮ વર્ષના જીવનમાં એ ઘણાને ઘણું બધું કહેવા માગતી હતી, પરંતુ મિલર સ્ટ્રીટના એના નાનકડા શાંત ઘેર એની વાત સાંભળનારું કોઈ નહોતું. એ વિચારતી કે પોતાની જિંદગીભરની કમાણી કોને આપે? આથી ભારે જહેમતથી એક એક ડૉલર ભેગા કરીને રાખેલ રકમનો સહેજ પણ મોહ રાખ્યા વિના દાનમાં આપી દીધી.

એની નિષ્કામ ભાવના તો એથીય વિશેષ એમાં જોવા મળી કે, એણે પોતાના નામની એક તકતી પણ મુકાવવાની ચોખ્ખી ના પાડી છે. આ ઉદારતા જનમાનસને રોમાંચિત કરી ગઈ. એની અપ્રતિમ દાનભાવના ને નામ નહીં કમાવાની નિઃસ્પૃહ વૃત્તિને કારણે ઠેરઠેરથી તેને નિમંત્રણ મળવા લાગ્યાં. તેના માનસન્માન માટે પડાપડી થવા લાગી. અમેરિકાના ઉચ્ચ હોદ્દા પર બિરાજતા લોકો સાથે એની મુલાકાતો ગોઠવાવા લાગી. પ્રેસિડેન્ટ બિલ ક્લિન્ટને એની સાથે ફોટો પડાવ્યો. ઠેરઠેર એના અભિનંદનસમારંભો યોજાયા અને સ્વાગતસમારંભો થયા.

ઓસીઓલા મેકકાર્ટીનું બાળપણ એની નાની, મા અને માસી સાથે વીત્યું હતું. એણે એ ત્રણેની ઘડપણમાં ખૂબ જ સેવાચાકરી કરી. ઓસીઓલાએ ફક્ત આઠ વર્ષની વયે શાળા છોડીને લૉન્ડ્રીનું કામ સંભાળવું પડ્યું. સન ૧૯૩૭માં તેનાં દાદી મરણ પામ્યાં. ૧૯૪૪માં મા મરણ પામી અને ૧૯૬૭માં માસી ગયાં. એ પછી ઓસીઓલા એકલી પડી ગઈ. લોકો એની પાસે કપડાં ધોવડાવવા આવતા હતા, પણ ભાગ્યે જ કોઈ તેની સાથે વધુ વાત કરવા રોકાતું. તેનાં કાયમી સાથી હતાં એક કૂતરું, એક ભૂંડ અને એક ગાય. તે ત્રણે મૂંગાં પ્રાણી સાથે વાત કરી લેતી. આરામની ઉંમરે એણે પરિવારના ભરણપોષણ માટે કામ કરવું પડતું હતું. ત્રણે પ્રાણી એનાં સ્વજન જેવાં બની ગયાં હતાં. એ અનાજ-કરિયાણું લેવા પાંચ માઈલનું અંતર પગપાળા કાપીને જતી.લગભગ ત્રીસ વર્ષ સુધી એની જિંદગીનો સંઘર્ષ ચાલતો રહ્યો.

પણ નિયતિની એક કૃપાભરી દૃષ્ટિ તેના પર પડી ને મિસ ઓસીઓલાએ નહિ ધારેલાં, કલ્પેલાં માનઅકરામ ને સુખસગવડો મળવા લાગ્યાં. એને વિશ્વાસ પણ નહોતો આવતો કે અચાનક આ શું બની ગયું?

વૈભવ-દેખાડાથી સાવ દૂર સીધુંસાદું જીવન જીવનારી ઓસીઓલાએ એના લાંબા જીવનમાં પૈસાનો ખર્ચ બહુ ઓછો કરેલો. ક્યારેક તો એના રેશનનાં બિલો બેચાર ડૉલરનાં માંડ બનતાં. સન ૧૯૯૫ની તા. ૨૬મી જુલાઈએ એણે પોતાની બચત બૅંકમાંથી ૧૫૦,૦૦૦નો ચેક બનાવડાવ્યો અને તેને દક્ષિણ મિસિસિપી યુનિવર્સિટીના છાત્રવૃત્તિ કોષમાં દાન આપી દીધો.

૮૮ વર્ષની ઉંમરે ઓસીઓલામાં નવો ઉત્સાહ, નવા ઉમંગો જાગી ઊઠ્યા - દુનિયા જોવાના. એના ઉદાસ જીવનમાં આનંદની વર્ષા થવા લાગી છે.

એ એના જીવનમાં મિસિસિપીની બહાર ફક્ત એક જ વાર ગઈ હતી. પ્લેનમાં બેસવું, કોઈ ફાઈવ સ્ટાર હોટેલના રૂમમાં દરેક પ્રકારનું સુખ મેળવવું તે તેનાથી માઈલો દૂર હતું. શરૂઆતમાં

એ પ્લેનમાં બેસતાં ગભરાતી. પણ પછી તો ઓસીઓલાને દર અઠવાડિયે ક્યાંક ને ક્યાંક પ્લેનમાં જવાનું વધી ગયું. એની સીટની વ્યવસ્થા સેવાભાવી સંસ્થાઓ કરે છે. તેણે પ્લેનની પહેલી મુસાફરીમાં જાણ્યું કે પ્લેનમાં ભોજનની પણ વ્યવસ્થા હોય છે.

હજીય તે તો તેના નાના મકાનમાં જ રહે છે. લોકો એને ઘેર આવે છે ત્યારે જ એ એરકંડિશનરનો ઉપયોગ કરે છે. અત્યારે એની પાસે એક પોર્ટેબલ રંગીન ટી.વી. છે. આજેય એ તેની પાસે વર્ષોથી રહેલા બાઈબલનો પાઠ કરે છે. શરૂઆતમાં જ્યારે છાપાના રિપોર્ટરો એની મુલાકાતે આવતા ત્યારે અથવા તો ટેલિવિઝનવાળા આવતા ત્યારે એ એટલી તો શરમાઈ જતી હતી કે, તે બે-ચાર શબ્દો સિવાય કશું બોલી નહોતી શકતી. હાર્વર્ડ યુનિવર્સિટીએ એને માનદ્ 'ડૉક્ટર ઑવ્ હ્યૂમન લેટર્સ'થી સન્માની છે. જો કે એ મેળવીને એ ગૌરવ જરૂર અનુભવે છે. પણ એને એ ખબર નથી કે એ શું છે?

ધ નેશનલ આર્બન લીગે એને 'કમ્યુનિટી હીરો' કહીને બિરદાવી છે. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑવ્ સોશિયલ સાયન્સીઝ દ્વારા સુવર્ણચંદ્રક પણ એનાયત થયો છે. સન ૧૯૯૬માં એટલાન્ટામાં યોજાઈ ગયેલી ઓલેમ્પિક રમતોત્સવમાં ઓલેમ્પિક શટલ લઈને ગઈ ત્યારે ય એને 'વેલેન બર્ગ હ્યૂમેનિટોરિયમ' એવૉર્ડ અપાયો હતો. ન્યૂ યૉર્કમાં જ્યારે પ્રસિદ્ધ ગાયિકા રૉબર્ટ ફ્લેકે એક ભોજનસમારંભમાં એમેઝિંગ ગ્રેસ ગીત તેને માટે ગાયું ત્યારે તેની આંખમાં હર્ષાશ્રુ છલકાયાં હતાં, કેમ કે એ ગીત કાયમ તેનું માનીતું હતું.

એક માતબર દાતા બનેલી ઓસીઓલાને અમેરિકાના વિવિધ પ્રદેશો જો સન્માનતા હોય તો એનું શહેર પાછું પડે? આજે તો દક્ષિણ મિસિસિપી યુનિવર્સિટીના વહીવટી ભવનમાં તેની એક મોટી તસવીર પણ મુકાઈ છે. એવું સન્માન અગાઉ એક આફ્રો અમેરિકનને પ્રથમ વાર પ્રાપ્ત થયેલું. એને મળવા ઘણા ધનાઢ્યો ને પ્રતિભાવંતો આવે છે. આ બધાં સન્માનો ને આદર કરતાંય તે બિલ ક્લિન્ટન અને તેમનાં પત્ની હિલેરીએ ભોજન માટે નિમંત્રીને જે ભેટસોગાદો આપેલી છે તે ભૂલી નથી. દક્ષિણ મિસિસિપી યુનિવર્સિટીના પુસ્તકાલયમાં તો તેના વિષે નાનકડો જુદો વિભાગ પણ શરૂ કરાયો છે. ઓસીઓલાની ભાવના છે કે તેની ગેરહાજરીમાંય દેશનાં વિદ્યાર્થીઓ પેલા વિભાગને જાળવે.

ઓસીઓલાની દાનભાવથી પ્રેરાઈને અન્ય લોકોના દિલમાં પણ દાનભાવનાની જ્યોતો ઝળહળી છે ને યુનિવર્સિટી સમક્ષ દાનનો પ્રવાહ રેલાવી રહ્યા છે. ઓસીઓલા આ યુનિવર્સિટીની સાવ નજીક રહે છે તેથી જ તેને દાન અપાયું છે. તેની દાનભાવનાની માણસાઈ જોઈને લોકો 'પવિત્ર આત્મા' તરીકે તેને ઓળખે છે. આ જે તો તેના વિષે પુસ્તકો લખાઈ રહ્યાં છે. તેમાં નોંધપાત્ર પુસ્તક 'સિમ્પલ વિઝડમ ફૉર રિચ લિવિંગ'. તેમાં વિશ્વાસુ, પવિત્ર જીવન, કર્મઠતા, માનસિક શાંતિ મિતવ્યયતા વગેરે વિષયો પરનાં કથનો છે. એની વિભાવના એના જ કથનમાં જુઓ : 'મૃત્યુનો મને જરાય ભય નથી. ઈશ્વર જ્યારે મને બોલાવશે ત્યારે જવા તૈયાર છું. મને મારાં કાર્યો ને જીવનથી પૂરાં સંતોષ ને શાંતિ છે. હું માનું છું કે મારો કોઈ દુશ્મન નથી.'

લોકહિતાર્થે જીવનભરની મૂડી ન્યોછાવર કરી દેનારાને દુશ્મન હોય પણ શાના?

– ('જનસત્તા'માંથી)– બંસી કંસારા ☐

સ્રીઓ માટેનાં તિલક

કપાળમાં કરેલું કેસરનું નાનું વર્તુળ લક્ષ્મીનું પ્રતીક છે. સ્વામીનારાયણ સંપ્રદાયની શિક્ષાપત્રીમાં સ્રીઓએ કપાળમાં લાલ વર્તુળાકાર તિલક કરવાનું જણાવ્યું છે. જો કે સામાન્ય રીતે બધી સ્રીઓ લાલ વર્તુળાકાર તિલક કરે છે.

નિર્ણયસિંધુમાં દુર્ગાની મૂર્તિની પ્રતિષ્ઠા વખતે ધાર્મિક વિધિમાં તિલક કરવાનું બતાવેલું છે. દુર્ગાની મૂર્તિની પ્રતિષ્ઠા આસો મહિનામાં કરવામાં આવે છે. પ્રતિષ્ઠા પછીના ચોથા દિવસે કપાળમાં તિલક કરવાની ભવ્ય વિધિ બતાવેલી છે. આ રીતે દસ દિવસની દુર્ગાપૂજામાં ચોથો દિવસ તિલક માટે અગત્યનો અને માંગલિક ગણવામાં આવે છે.

સ્રીઓના જીવનમાં તિલક - કુમકુમનું અગત્યનું સ્થાન છે. જૂની રૂઢિમાં માનનારો વર્ગ સૌભાગ્યવતી સ્રીનું કપાળ એક મિનિટ પણ તિલક વગરનું રહે તેને વાંધાજનક-અમંગળ ગણાવે છે. માટે તેઓ કાયમને માટે કપાળની મધ્યમાં એક ગોળ છૂંદણું તિલકના પ્રતીક તરીકે કરાવે છે. આ છૂંદણાનો ઘા રૂઝાતાં પંદરેક દિવસ થાય, તેની પીડા ઘણી થાય તોપણ સ્રીઓ કોઈ પણ જાતની ફરિયાદ વગર કાયમી તિલક માટેનું છૂંદણું કપાળની મધ્યમાં કરાવે છે.

મહાભારતકાર જણાવે છે કે સ્રીઓ વેદાધ્યયન ન કરી શકે. તેને માટે ઉપનયન સંસ્કાર પણ નથી. તેની પ્રાથમિક ફરજ તેના પતિ પ્રત્યે હોય છે. પોતાની ફરજ પ્રામાણિકપણે બજાવીને સ્રી સ્વર્ગ પામી શકે; આમ હોવા છતાં પણ સ્રી પોતાની રીતે ધાર્મિક જીવન વ્યતિત કરતી. જેમ કે, સવારના કૃષ્ણ અને શિવ ભગવાનનાં પ્રભાતિયાં ગાતી, ઊગતા સૂર્યની પૂજા કરતી, સ્નાન કર્યા પછી તરત જ તિલક લાલ રંગનું (સૂકા કંકુનું) કરતી, તુલસીપૂજા કરતી, દિવો કરતી, આરતી ઉતારતી વગેરે.

અગિયારમા સૈકાના ભુવનેશ્વર (ઓરિસ્સા)ના એક શિલ્પમાં અરીસામાં જોઈને સ્રી પોતાના જમણા હાથની વચલી આંગળી વતી તિલક કરે છે. આહ્નિક સૂત્રાવલિ પ્રમાણે સ્રીએ પોતાની મધ્યમિકા (આંગળી) વડે કપાળમાં તિલક કરવું તેવી સૂચના આપેલી છે. આ શિલ્પ તિલક કરવાની પદ્ધતિ અને આહ્નિકસૂત્રાવલિના સૂચન સાથે મેળ ખાય છે તે ઘણું અગત્યનું છે. સૌભાગ્યકલ્પદ્રુમમાં પરિણીત સ્રીઓ માટેની ફરજો બતાવેલી છે. તેમાં કેશપ્રસાધનમાં વેણી ગૂંથવી, કપાળમાં

(અનુસંધાન પૃ.૭૯૮)

સાહિત્યસંપર્ક

ડૉ. નગેન્દ્રનું નિધન

૨૬મી ઑક્ટોબરની રાત્રે દિલ્હીની 'ઑલ ઇન્ડિયા મેડિકલ ઇન્સ્ટિટ્યૂટ'-માં ડૉ. નગેન્દ્રનું દેહાવસાન થયું. તેઓ ૮૪ વર્ષના હતા. દોઢેક માસની માંદગી



પછી હિન્દીના આ મૂર્ધન્ય સાહિત્યકારની લગભગ ગુમનામ વિદાય થવાથી ઘણાંને તેનો આંચકો પણ લાગ્યો જ, કેમ કે, શુકલોત્તર હિન્દી આલોચનાના એક યશસ્વી આલોચકની અંતિમ વિદાય તકવાદી યુગમાં સાધારણ પ્રકારની જ રહી. હિન્દીના તેઓ એક પ્રખર આલોચક, રસસિદ્ધાંતના લેખક, પદ્મભૂષણ, ભારત-ભારતી તથા સાહિત્ય અકાદમીથી પુરસ્કૃત વ્યક્તિ હતા.

કેવળ ૨૧ વર્ષની વયે સુમિત્રાનન્દન પન્તીના 'છાયાવાદ' પર એમણે (૧૯૩૭) સમીક્ષાત્મક પુસ્તક લખ્યું જેની હર્ષભેર નોંધ તે સમયે આચાર્ય રામચન્દ્ર શુક્લે લીધેલી. ત્યાર પછી 'સાકેત એક અધ્યયન', 'હિન્દી નાટક', 'વિચાર ઔર વિશ્લેષણ' જેવાં પુસ્તકોએ તેમને એક યશસ્વી સમીક્ષક તરીકે પ્રસિદ્ધિ અપાવેલી. તે પછી 'રસસિદ્ધાંત' નામક પુસ્તકનું પ્રકાશન થતાં જ તેઓ આચાર્ય અને શાસ્ત્રજ્ઞ તરીકે ખ્યાતનામ બન્યા. મૂળે તેઓ રસવાદી આલોચક હતા. ફ્રોઈડના મનોવિશ્લેષણ શાસ્ત્રને તેમણે એક ઉપકરણ તરીકે જ સ્વીકાર્યું. જે રસસિદ્ધાંતના વિશ્લેષણમાં સમર્થક બની રહ્યું. કાવ્યમાં તેઓ રસસિદ્ધાંતને અનિવાર્ય માનતા.

ડૉ. નગેન્દ્રજી ભારતીય આચાર્યોમાંના ભટ્ટનાયક અને અભિનવગુપ્તથી પ્રભાવિત હતા અને પાશ્ચાત્ય આલોચકોમાં ક્રોચે તથા આઈ.એ. રિચર્ડ્સથી. આથી તેમણે બંનેના તુલનાત્મક અભ્યાસ પછી કહ્યું . સૈદ્ધાંતિક આલોચનાના ક્ષેત્રે ભારતીય કાવ્યશાસ્ત્ર પશ્ચિમી કાવ્યશાસ્ત્રથી ક્યાંય આગળ રહ્યું છે. જો કે તેમણે શક્યતઃ સમન્વય પદ્ધતિનો માર્ગ અપનાવ્યો હતો. 'ભારતીય કાવ્યશાસ્ત્ર' (૧૯૫૫)ની વિદ્વત્તાપૂર્ણ ભૂમિકા આપીને તેમણે હિન્દી સાહિત્યને સમૃદ્ધ કરી આપ્યું છે. સાથે સાથે તેમણે 'પાશ્ચાત્ય કાવ્યશાસ્ત્ર'નો અનુવાદ પણ આપ્યો છે.

આધુનિક હિન્દી નાટકમાં ડૉ. નગેન્દ્રજીએ નાટક અને નાટકકારોની આલોચના લખી છે. તેમજ 'રીતિકાવ્ય કી ભૂમિકા' તથા 'દેવ ઔર ઉનકી કવિતા' (૧૯૫૦ શોધગ્રન્થ)માં ભારતીય કાવ્યશાસ્ત્ર પરત્વેનું તેમનું ઊંડું ચિંતન ઊપસી આવે છે.

માર્ચ ૧૯૧૫માં અહરૌલી (અલીગઢ)માં જન્મેલા નગેન્દ્રજીએ અંગ્રેજી અને હિન્દીમાં એમ.એ. કર્યા પછી હિન્દીમાં ડી.લિટ્.ની પદવી મેળવી. તેમનું સાહિત્યિક જીવન કવિ તરીકે આરંભાયું. ૧૯૩૭માં 'વનમાલા'ના નામે તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ પ્રકાશિત થયેલો, જેમાં વિદ્યાર્થીકાળની તેમની રચનાઓ સંકલિત છે. એમ.એ. થયા પછી દસ વર્ષ સુધી દિલ્હીની કૉમર્સ કૉલેજમાં તેઓ અંગ્રેજીના અધ્યાપક રહ્યા. ત્યાર બાદ થોડોક સમય તેઓ 'આકાશવાણી'માં રહ્યા અને તે પછી વર્ષો સુધી દિલ્હી વિશ્વ વિદ્યાલયના હિન્દી વિભાગના અધ્યક્ષ તરીકે તેમણે પોતાની વિદ્વત્તા, વાક્છટા, કર્મઠતા તથા સચ્ચાઈ દ્વારા હિન્દી જગતમાં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું. હિન્દી વિભાગના અધ્યક્ષ તરીકે તેમણે જાતિવાદ, ક્ષેત્રવાદ ને સાંપ્રદાયવાદને સ્થાને કેવલ પ્રતિભા તથા ગુણવાદીને જ મહત્ત્વ આપેલું. તેમના આવા ઉમદા સાહિત્યિક વ્યક્તિત્વને કારણે જ દિલ્હીના હિન્દી વિભાગમાં સર્વશ્રી દેવીશંકર અવસ્થી, રામદરશ મિશ્ર, મન્નૂ ભંડારી, કૈલાશ વાજપેયી, અજિતકુમાર, લક્ષ્મીનારાયણ લાલ, સ્નેહમયી ચૌધરી, ઇન્દુ જૈન, વિશ્વનાથ ત્રિપાઠી, નિત્યાનંદ તિવારી જેવા વિદ્વાનોને સ્થાન મળેલું. સુપ્રસિદ્ધ નાટ્યલેખક મોહન રાકેશને પણ તેઓ જ પોતાના વિભાગમાં લઈ આવેલા.

આમ, 'સાહિત્યસંદેશ' સામયિકમાં આલોચનાત્મક લેખોથી સહુનું ધ્યાન ખેંચનાર ડૉ. નગેન્દ્ર હિન્દી જગતમાં એક 'શિખર પુરુષ' તરીકે સ્થાન પામ્યા. ડૉ. નગેન્દ્ર શ્યામ સુંદરદાસ, આચાર્ય રામચન્દ્ર શુક્લ, ધીરેન્દ્ર વર્મા, હજારીપ્રસાદ દ્વિવેદી અને આચાર્ય નંદદુલારે વાજપેયીની પરંપરાના સારસ્વત હતા. - ડૉ. રજનીકાન્ત જોશી

પ્રાપ્ત પ્રકાશનો

ગુજરાતી સાહિત્ય અકાદમી, ટાઉન હૉલ કેમ્પસ, ગાંધીનગર ૩૮૨૦૧૭નાં પ્રકાશનો : **રવીન્દ્ર પૂર્વચરિત્ર** (જીવનચરિત્ર) લે. નગીનદાસ પારેખ, ડિમાઇ સાઇઝ, પૃ.૨૫૬, પાકું પૂંઠ, કિં.રૂ.૧૨૫. **સાસુવહુની લઢાઈ** (નવલકથા) લે. મહીપતરામ રૂપરામ નીલકંઠ. ડિમાઇ સાઇઝ, પૃ.૧૯૨, પાકું પૂંઠ, રૂ.૯૦. **ઇંગ્લાંડની મુસાફરીનું વર્ણન** (પ્રવાસકથા) લે.ઉપર મુજબ, ડિમાઇ સાઇઝ, પાકું પૂંઠ, રા.૭૫.

ઇમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ. ૧-૨, અપર લેવલ, સેન્ચ્યૂરી બજાર, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬નાં પ્રકાશનો : **કાવ્યવિશેષ-કરસનદાસ માણેક** (કાવ્યસંગ્રહ), ડિમાઇ સાઇઝ, પૃ.૮૦, રૂ.૫૦. **કાવ્યવિશેષ-હરિશ્ચંદ્ર ભટ્ટ** (કાવ્યસંગ્રહ), ડિમાઇ સાઇઝ, પૃ.૪૦, રૂ.૩૦, બંનેના સંપાદક : સુરેશ દલાલ. **બાળઉછેરની બારાખડી** (લેખો) લે. ડૉ. રઈશ મનીઆર, ડિમાઇ સાઇઝ, પૃ.૮૦, રૂ.૫૦. **એક હાથે ચપટી** (બાળકાવ્યો) લે.સુરેશ દલાલ, ડિમાઇ સાઇઝ, પૃ.૩૨, રૂ.૨૦. **બાની વાતું** (બાળવિષયક લેખો), લે. હાજરાબેન વીજળીવાળા, ડિમાઇ સાઇઝ, પૃ.૬૪, રૂ.૪૦. **બખડજંતર** (બાળકાવ્યો), લે. સુરેશ દલાલ, ડિમાઇ સાઇઝ, પૃ.૫૬, રૂ.૪૦.

અન્ય પ્રકાશકોનાં પ્રકાશનો : **લક્કડપગી માસી** (બાલ લોકકથાઓ), રૂપાંતરકાર : શ્રદ્ધા અશ્વિન ત્રિવેદી, પ્રકાશક : આર.આર. શેઠની કંપની, મુંબઈ-૨,અમદાવાદ-૧, ક્રાઉન સાઇઝ, પૃ.૬૪, રૂ.૨૫. **બંધ ઓરડાની ભીતરમાં** (ટૂંકીવાર્તાઓ) લે. શ્રદ્ધા ત્રિવેદી, પ્ર. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરોડ, અમદાવાદ-૧, ક્રાઉન સાઇઝ, પાકું પૂંઠું, પૃ.૨૨૦, રૂ.૮૨. **યાદનું એક લીલું પાન** (કાવ્યસંગ્રહ) લે. કિરીટ ગોસ્વામી, પ્ર. લેખિની પ્રકાશન, ચેલા-૩૬૧૦૧૨ (જિ. જામનગર), ક્રાઉન સાઇઝ, પૃ.૫૦, રૂ.૨૦. **નીડને ફૂટી મ્હેક** (કાવ્યસંગ્રહ) લે. ડૉ.ઈશ્વર સુથાર 'શિલ્પી', પ્ર.પોતે, નીડ, ૩૯, નંદ બંગ્લોઝ, જનતાનગર રોડ, ઘાટલોડિયા, અમદાવાદ-૬૧, ડિમાઇ સાઇઝ, પૃ.૮૦, રૂ.૪૮. **પ્રાર્થના-આધ્યાત્મિક માર્ગ** (પ્રવચનો) લે. વિનોદ ઠાકર, પ્ર. પોતે, 'પ્રાર્થનાધામ', ૪૯, કામેશ્વર ટ્વીન્સ, યોગાશ્રમ સોસાયટી પાસે, માણેકબાગ, અમદાવાદ-૧૫, ડિમાઇ સાઇઝ, પૃ.૮૦, રૂ.૧૨-૫૦. **કૃષ્ણમાધુરી** (લેખો) સં. ગંગાદાસ પ્રાગજી મહેતા, પ્ર. કુસુમ પ્રકાશન, ૬૧ એ, નારાયણનગર સોસાયટી, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭, ડિમાઇ સાઇઝ, પાકું પૂંઠું, પૃ.૨૮૮, રૂ.૧૦૦. **સર્પસંદર્ભ** (સર્પવિષયક સચિત્ર લેખો) લે. અજય મ. દેસાઈ, પ્ર. પ્રકૃતિ મિત્રમંડળ, દાહોદ, ડિમાઇ સાઇઝ, પાકું પૂંઠું, પૃ.૧૫૨, રૂ. -. **એક ચમકતો તારો** (જન્મકથા) લે. નીતા રામૈયા, પ્ર. પોતે, ૨૦, લીલાગૃહ, સર વિઠ્ઠલદાસનગર, સાંતાક્રુઝ (વેસ્ટ), મુંબઈ, ક્રાઉન સાઇઝ, પૃ.૨૦, રૂ.૧૦. **જાજમ પાથરજો** (કાવ્યસંગ્રહ) લે. જયંતી પટેલ, પ્ર. મુદ્રા પ્રકાશન, ઇન્દિરા મારકેટ પાસે, અમરેલી, ડિમાઇ સાઇઝ, પૃ.૭૨, રૂ.૬૦. **સ્રગ્ધરા** (કાવ્યસંગ્રહ) લે. રક્ષા દવે, પ્ર. કેદારનાથ દીપકકુમાર દવે, જીવન કોટેજ, ૪૩૯/એ, 'અજવાસ', પ્રભુદાસ તળાવ ચોક, ભાવનગર-૩૬૪૦૦૧, ક્રાઉન સાઇઝ, પૃ.૯૬, રૂ.૫૦. **લીલુંછમ આકાશ** (બાળકાવ્યો) લે. ભરત પાલ, પ્ર. પોતે, અડાજણ પાણીની ટાંકી સામે, મૈત્રી સોસાયટી નં-૧૭, સુરત-૯, ડિમાઇ સાઇઝ, પૃ.૪૮, રૂ.૨૦. **મૃગજળ ઝરણાં** (કાવ્યસંગ્રહ), લે. ભાનુભાઈ શુક્લ, પ્ર. સમય કાર્યાલય, કોઠારી માર્ગ, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧, ડિમાઇ સાઇઝ, પાકું પૂંઠું, પૃ.૧૬૮, રૂ. -. **થનગનતા મોરલા** (કાવ્યસંગ્રહ) લે. ગોવિન્દભાઈ, પ્ર. પ્રણવ પ્રકાશન, બી/૩૩, પ્રિયદર્શિની એપાર્ટમેન્ટ્સ-૨, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૧૫, ફૂલસ્કેપ સાઇઝ, પૃ.૫૬, રૂ.૨૫. **આખરી કસબનો ઉઘાડ** (નાટ્ય વિષયક) લે. શ્રીમતી સાંનિયામૂર, અનુવાદક : જનક દવે, પ્ર. પાર્શ્વ પબ્લિકેશન, નિશાપોળ, ઝવેરીવાડ, રીલીફ રોડ, અમદાવાદ-૧, ડિમાઇ સાઇઝ, પાકું પૂંઠું, પૃ.૧૩૬, રૂ.૭૫. **અધીત** (પ્રવચનો) સંપાદક ચંદ્રકાન્ત શેઠ, જયદેવ શુક્લ, ભરત મહેતા, જગદીશ ગૂર્જર, પ્ર. ગૂર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, ગાંધીરોડ, અમદાવાદ-૧, ડિમાઇ સાઇઝ, પાકું પૂંઠું, પૃ.૩૪૮, રૂ.૨૦૦. **એક સ્વાતંત્ર્ય સેનાનીનાં સંભારણાં** : લે. જેરામભાઈ ફકીરભાઈ પટેલ 'જે ભાઈ', પ્ર. આનંદ પ્રકાશન મંદિર, દાંડી-૩૯૬૪૩૯ (જિ. નવસારી) ડિમાઇ સાઇઝ, પૃ.૧૫૬, રૂ. -. **કવિ ખબરદારના ગદ્યલેખો** : સં. ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર 'મધુરમ' પ્ર. કવિ અ.ફ.ખબરદાર જન્મશતાબ્દી પ્રકાશન, વિક્રેતા : ગૂર્જર સાહિત્ય ભવન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧, ડિમાઇ સાઇઝ, પાકું પૂંઠું, પૃ.૩૫૨, રૂ.૧૨૦. **અજવાળાં આથમતાં** (લેખો) લે. છોટુભાઈ ર. અનડા, પ્ર. અનડા ટ્રસ્ટ, ૨૩, પંચવટી, મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮, ડિમાઇ સાઇઝ, પૃ.૧૨૮, રૂ. -. **વહાલો મારો દેશ** : લે. એલન પેટન, અનુવાદક : જયન્ત પંડ્યા, પ્ર.સંસ્કૃતિ, ૭૦૮, સાંકડીશેરી, અમદાવાદ-૧, ડિમાઇ સાઇઝ, પાકું પૂંઠું, પૃ.૩૦૮, રૂ.૧૩૦. **ફિલ્મ-કલા વિચાર** : લે. અભિજિત વ્યાસ, પ્ર. યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુ. રાજ્ય, અમદાવાદ-૬, ડિમાઇ સાઇઝ, પાકું પૂંઠું, પૃ.૩૦૮, રૂ.૭૫.



પક્ષીવિદ્ સલીમ અલી
(કેરિકેચર : નિર્મિશ ઠાકર)

કલાવાર્તા

કલાકાર વણકર રાજેન ચૌધરી

હરદ્વાર પાસે રૂરકી નજીકના એક ગામમાં કિસાન પરિવારમાં ૧૯૩૪ના



માર્ચની ૧૬મી તારીખે જન્મેલા રાજેન ચૌધરીનું પ્રાથમિક શિક્ષણ ગુરુકુળ કાંગડીમાં થયું એટલે સ્વાભાવિકપણે અહીંના રમ્ય વાતાવરણમાં ભારતીય સંસ્કૃતિનાં મૂળ તેમના મનમાં ઊંડે સુધી રોપાઈ ગયાં. વેદોના સૂત્રોચ્ચાર સાથે તેઓ આસપાસનાં જંગલોમાં ફરતા અને ત્યાંથી તેમણે પ્રાકૃતિક સૌંદર્ય અને વૈભવ મનભર માણ્યાં.

બનારસમાં ગંગાના પવિત્ર લહેરાતા જળના સાંનિધ્યમાં તેમણે વણાટકામની તાલીમ લીધી. સૂતર વણતાં વણતાં તેમાં નવીનતા લાવવા માટે તેમણે ચિત્રકલા શીખવાનો નિર્ણય લીધો. મુંબઈની જે.જે સ્કૂલ ઑવ્ આર્ટ્સમાં દાખલ થયા અને ત્યાંથી ફાઈન આર્ટ્સ અને મ્યૂરલ ડેકોરેશનમાં ડિપ્લોમા મેળવ્યો. અલ્મોડામાં તેમનું પોસ્ટિંગ થતાં ત્યાં તેમણે ટેક્સ્ટાઈલ ડિઝાઇનર તરીકે કામ કર્યું. ૧૯૬૬માં તેઓ અમદાવાદ આવ્યા. અહીં એન.આઈ.ડી.માં અધ્યાપક તરીકે જોડાયા. એ દરમિયાન સંસ્થા તરફથી રોયલ કોલેજ ઑવ્ આર્ટ્સ - લંડન, આર્ટ્સ સ્કૂલ ઑવ્ હેલસિંકી અને સ્ટૉકહોમમાં તેમણે વિશિષ્ટ તાલીમ લીધી. ત્યાં જ યુનાઇટેડ નેશન તરફથી ટેપેસ્ટ્રી પર કામ થઈ રહ્યું હતું તેમાં ભાગ લીધો. છેલ્લાં કેટલાંક વર્ષોથી તેમણે રાયપુર દરવાજા બહાર આવેલા તેમના વિશિષ્ટ, સુંદર પરિસર ધરાવતા વર્કશૉપ યા સ્ટુડિયોમાં સાતઆઠ કર્મચારીઓને સાથે શાળો પર વણાટકામ શરૂ કર્યું છે.

મૂળ તો રાજેન ચૌધરી કલાકારના જીવ. તેમના મનમાં પરંપરાગત તથા આધુનિક અમૂર્ત એવી અવનવી અનેક ડિઝાઇનો પડેલી હતી. આ બધી ડિઝાઇનોને તેમણે કુદરતી રંગોમાં વણાટકામમાં આકારિત કરવા માંડી. પરંપરાગત લઘુચિત્ર કલા પર આધારિત ડિઝાઇનોવાળી ટેપેસ્ટ્રી તો શૉખીનો ખરીદે, પરંતુ આધુનિક અમૂર્ત ડિઝાઇનોવાળી સર્જનાત્મક ટેપેસ્ટ્રી કોણ ખરીદે? પરંપરાગત વિષયો તો અજંતા શૈલીનાં



ચિત્રોમાંથી તથા મુગલ અને રાજપૂત લઘુચિત્રોમાંથી તથા નાથદ્વારાની પિછવાઈઓમાંથી મળ્યા. વણાટના મધ્યમાં આ ચિત્રોને હૂબહૂ સુંદર રંગોમાં લાલિત્યપૂર્ણ ડિઝાઇનોમાં ઉતારવામાં તેઓ ખરેખર સફળ રહ્યા છે. તેમની બધી જ લઘુચિત્રોવાળી ખાસ કૃષ્ણ પરની ટેપેસ્ટ્રી વેચાઈ ગઈ. વળી ટેપેસ્ટ્રીનો તેમનો જાણીતો અને પ્રિય વિષય છે 'જીવનવૃક્ષ'. આ વિષય પર તેમણે અનેકવિધ ડિઝાઇનોમાં ટેપેસ્ટ્રી યા વૉલ હેંગિંગ તૈયાર કર્યાં. નસીબ જોગે રાજેનને મુંબઈના જાણીતા નરી ગાંધી અને સદરૂદ્દીન ડાયા



← ફ્લેમિંગો

↓ સાંધ્ય પક્ષીઓ





[illegible]



હનુમાન (ટપેસ્ટ્રી)



આધુનિક અમૂર્ત ડિઝાઇન

જેવા કલાચાહકો અને કલાસંગ્રાહકો મળ્યા. તેમના તરફથી તેમને વૉલ પીસ બનાવવાનું કામ મળ્યું. પછી તો રાજેને તેમના વર્કશૉપમાં જે ચાદરો, સાડીઓ અને ટેપેસ્ટ્રી બને તેમાંથી અમુક નમૂનાઓ પસંદ કરી તેમણે તે તેમનાં વૈયક્તિક પ્રદર્શનોમાં દિલ્હી, મુંબઈ, બેંગ્લોર, અમદાવાદ જેવાં સ્થળોએ મૂક્યા. આને કારણે પણ તેમને વધુ નામના મળી અને તેમની કીર્તિ આંતરરાષ્ટ્રિય કક્ષાએ ફેલાઈ ગઈ.

રાજેને ચિત્રકલાના તેમના અભ્યાસ અને શોખને કારણે સર્જનાત્મક સ્કેચિંગ કરવાનું શરૂ કર્યું. શરૂઆતમાં તેમણે ગણપતિનાં ત્વરાલેખનોની એક શ્રેણી તૈયાર કરી. આમાંનાં ગણપતિનાં ત્વરાલેખનો તેમણે ટેપેસ્ટ્રી પર ઉતાર્યાં. ત્યાર પછી તેમનાં ન્યૂડ શ્રેણીનાં ઘણાં ચિત્રો વેચાઈ ગયાં. તદુપરાંત સૂત્રો, સુવાક્યો, ચિંતનકણિકાઓને રંગીન પશ્ચાદ્ભૂમાં જાંબુના રસમાંથી તૈયાર કરીને રજૂ કર્યાં.

રાજેન સ્વયં અચ્છા સંગીતકાર પણ છે. ચિત્ર સર્જતાં સર્જતાં સંગીતની કોઈ ધૂન પણ ગણગણતા હોય. તેથી કેટલાક વિવેચકોને રાજેનની ટેપેસ્ટ્રીમાં કવિત તથા સંગીતનાં દર્શન થાય છે.

તેમની ટેક્નિક વિશે વાત કરતા રાજેન કહે છે : 'સૌપ્રથમ ડિઝાઇન દોરી આલેખ તૈયાર કરું, વેજિટેબલ તેમજ કેમિકલ ડાઈઝનો ઉપયોગ કરું છું. ડ્રોઇંગ અને પેઇન્ટિંગ કરતાં ડિઝાઇન ગૂંથવાનું કામ કપરું છે.'

તેમનો કલાકાર તરીકેનો મુક્ત, મસ્ત જીવ છેવટે તો આપણને સમયાતીત, કલાત્મક ટેપેસ્ટ્રી કૃતિઓ આપે છે!

સ્વભાવે નિર્દંભી, સૌમ્ય, નિખાલસ રાજેન સાચા અર્થમાં કલાકાર-વણકર છે. તેમણે તેમનાં સપનાં - સર્જનશક્તિને ટેપેસ્ટ્રીમાં વણી લીધાં છે.

- બંસીલાલ દલાલ

કલાવૃત્ત

શ્રીનિવાસ સફારનાં તૈલચિત્રો

૧૯૫૭માં શોલાપુર, મહારાષ્ટ્રમાં જન્મેલા કલાકાર શ્રીનિવાસ સફારે જી.ડી.



આર્ટ ડ્રોઇંગ એન્ડ પેઇન્ટિંગ સર જે.જે. સ્કૂલ ઑવ્ આર્ટ - મુંબઈથી પસાર કરી. તેમણે વધુમાં ઇલસ્ટ્રેશનમાં એમ.એસ.



[illegible]



ક્રૉસ પર ઈસુનાં સાદાં આકાર

યુનિવર્સિટી - વડોદરામાંથી પોસ્ટ ડિપ્લોમા પ્રાપ્ત કર્યો. ૧૯૯૭, ૧૯૯૮માં તેમના ચિત્રોનો શો અમદાવાદની કન્ટેમ્પરરી ગેલરીમાં યોજ્યા બાદ હાલમાં ૧૯૯૯માં ગુજરાત વિઝ્યુઅલ આર્ટિસ્ટ એસોસિયેશન, અમદાવાદ દ્વારા યોજિત સંયુક્ત પ્રદર્શનમાં પણ તેમણે ભાગ લીધો.

વર્તમાન ચિત્રોનાં પ્રદર્શનના મુખ્ય કથાવસ્તુનું શીર્ષક તેમણે 'મનના પ્રતિબિંબો' રાખ્યું છે. આમ પણ તેમના ચિત્રો આપણા અસંપ્રજ્ઞાત મનને અપીલ કરે છે. અધિવાસ્તવવાદી લાગતાં આ ચિત્રોમાં બે પ્રકારની શૈલીનાં દર્શન થાય છે. ગતિશીલ ઊભી, આડી, વહેતી રંગીન રેખાઓ જિન્સ પર જોવા મળતા ચટાપટાઓની માફક સાદી માનવઆકૃતિઓ તથા અમૂર્ત વળાંકોવાળાં રૈખિક રંગરૂપો અવકાશમાં સર્જાઈ છે. એક ચિત્રમાં તેમની રૈખિક શૈલીમાં ક્રોસ પર ઈસુનો લગભગ અમૂર્ત લાગતો, સાદગીયુક્ત આકાર નજરે પડે છે. અન્ય એક ચિત્રમાં જમીન પર બેઠેલી ત્રણ સાદગીયુક્ત રંગીન માનવાકૃતિઓ દીવાલ જેવી આકૃતિ પર આકાશમાં સૂર્ય પર આડી ત્રણ રેખાઓ દેખાય છે. ગતિશીલ વૃક્ષ જેવા સ્તંભની ડાબી બાજુએ લીલા રંગનું માનવ મસ્તક એક સુંદર રચના છે. - બંસીલાલ દલાલ

વૉલ્ટર એમિલિયો ડિ'સુઝાની સશક્ત રીલિફ પ્રિન્ટ્સનું પ્રદર્શન

સુખ્યાત અમદાવાદની ગુફાની બાજુમાં સ્થિત હરવિટ્ઝ ગેલરીમાં તારીખ ૨ ઑક્ટોબર, ૧૯૯૯થી ૮ ઑક્ટોબર, ૧૯૯૯ સુધી જાણીતા ગ્રાફિક કલાકાર અને ચિત્રકાર વૉલ્ટર ડિ'સુઝાની સુંદર સશક્ત રીલિફ પ્રિન્ટ્સનું ધ્યાનપાત્ર અને નોંધનીય પ્રદર્શન યોજાયું. રીલિફ પ્રિન્ટ્સમાં ખાસ તો એમાંના વિવિધ રંગોની પાછળનાં દશ્યકલ્પનો એક ધ્યાનપાત્ર શ્રેણી બની છે.

કનોરિયા ગ્રાફિક સ્ટુડિયોમાં વર્ષોથી



સવારનું પેપર-વાચન (વાલ્ટર અમિલિયો [illegible]

સર્જનાત્મક વિવિધ માધ્યમોમાં ગ્રાફિક પ્રિન્ટ્સ કાઢતા વૉલ્ટરને મેં એક પ્રિન્ટમેકર તરીકે જોયા છે. વૂડકટમાં તેમણે ખૂબ જ વિશાળ કદની પ્રિન્ટ્સમાં માનવાકૃતિઓ, માનવીય પ્રવૃત્તિઓ, સંબંધોને સાંપ્રત સંવેદના દ્વારા સશક્ત સ્ટ્રોક્સ દ્વારા સુંદરતા, ભવ્યતા, ગતિશીલતા તથા ઊંડાણ આપ્યાં છે. તળાવની કુમુદિનીના આકારોની સામે બે છાપાંની પાછળ મોં છુપાવી વાચન કરતી બે વ્યક્તિઓ ને નીચે ટેબલ પર ચાનાં કપ્સ દર્શાવતી કૃતિ છે. - બંસીલાલ દલાલ

અનિલ ચરણદાસની મહાન ચિત્રકારોની અનુકૃતિઓ

૧૯૯૬માં બજાજ આર્ટ ગેલરીમાં અનિલભાઈ ચરણદાસે યોજેલા તેમની



અનુકૃતિઓના પ્રદર્શનને મુંબઈના જાણીતા અંગ્રેજી તથા ગુજરાતી સમાચારપત્રોમાં સારો, પ્રશંસાયુક્ત પ્રતિભાવ સાંપડ્યો. તેમણે ચિત્રકલાની કોઈ વિધિવત્ તાલીમ ભલે ન લીધી હોય, કિંતુ સ્વશિક્ષિત કલાકારની માફક તેમણે તેમની મનપસંદ મહાન યુરોપીય કલાકારોની કૃતિઓની અનુકૃતિઓ ઘણા સમય પૂર્વેથી કરવા માંડેલી. સદ્ગત રવિશંકર રાવળને તેમણે ગુરુ અને આદર્શ તરીકે જોયેલા. મૂળકૃતિઓને અનિલભાઈ



માખણચોર



એક મુઘલ બેગમ

રંગ યોજના, આકૃતિ-યોજના તથા સંરચનાની દૃષ્ટિએ ખૂબ જ વફાદાર રહ્યા છે, તેમાં તેમની કલાદૃષ્ટિ તો દેખાશે.

વળી તેમણે હિમાલયનાં કરેલાં દૃશ્યચિત્રોમાં તેમની નિજી દૃષ્ટિ દેખાય છે. એક લઘુચિત્રમાં તેમણે સંરચનામાં (મૂળ) છૂટ લઈ અન્ય તત્ત્વો પણ ઉમેર્યાં છે. - બંસીલાલ દલાલ

યુવા કલાકાર રાહીલ પટેલની ચિત્રકલા

રાહીલ ડી. પટેલનો જન્મ ૧૯૭૮માં ૨૧મી ઑક્ટોબરે થયો. તેમણે વિજ્ઞાન શાખામાં બેચલર ઑવ્ સાયન્સ ડિગ્રી મેળવી છે. તેમના શોખના વિષયો છે : ચિત્રકલા, શિલ્પ, વણાટકામ અને સંગીત. તેઓ પર્યાવરણમિત્ર છે.



રાહીલ પટેલ (સેલ્ફ પોર્ટ્રેટ)



અગ્નિ (રાહીલ પટેલ)

કોઈ પણ પ્રકારની વિધિવત્ ચિત્રકલાની તાલીમ લીધા વિના, કેવળ શોખ તરીકે જ જાતે તેમાં ઊંડો રસ લઈ રાહીલે તેને વિકસાવી. તેનાં ચિત્રસર્જનો, તેના વિચારો, ચિંતનમાંથી રંગ, રેખાઓમાં કેન્વાસ પર ક્રેયોન રંગોમાં રચાયાં છે. જો કે તેમણે તૈલ રંગોનો ઉપયોગ પણ તેમના એક અગ્નિ ચિત્રમાં કર્યો છે. છતાં તેમની અનુકૃતિઓનું મહત્ત્વ કેવળ અભ્યાસ પૂરતું સીમિત રહે છે. તેમનાં ગણપતિનાં ચિત્રોની શ્રેણી પણ નોંધપાત્ર છે. ખાસ તો હારમોનિયમ વગાડતા ગણેશજી. હવે જેમાં તેમની સર્જકતા ઝળકે છે એવી 'અગ્નિ' શ્રેણી પછી 'જળ' શ્રેણી કરશે. - બંસીલાલ દલાલ

અનુ.। કંકાવટી [પૃ.૭૯૨થી

તિલક ધારણ કરવું વગેરે સ્ત્રીઓનાં અગત્યનાં માંગલિક કામોમાં ગણાવેલાં છે. ઉપરાંત સ્ત્રીઓની કેટલીક ફરજો બતાવેલી છે તે નોંધનીય છે. અલંકાર જેટલું જ મહત્ત્વ કુમકુમ અને હરિદ્રાને આપેલું છે. ઉપરાંત સ્ત્રીઓ માટેની સંપૂર્ણ વિશભૂષાનો ખ્યાલ આપેલો છે. માર્કણ્ડેય પુરાણ તેમજ સ્કન્દ પુરાણ પણ સ્ત્રીઓ માટે નીચેની આવશ્યકતા બતાવે છે : જેવાં કે હરિદ્રા, ચંદન, કુમકુમ, કાજલ, કંચુકી, તાંબુલ, માંગલિક અલંકારો, કેશપ્રસાધન, કંકણ, કુંડળ, વગેરે. ઉપરાંત સ્ત્રીઓ માટે તિલકને ધાર્મિક અગત્ય તરીકે બતાવે છે. પદ્મપુરાણના ઉત્તરખંડમાં માત્ર એક જ ઉલ્લેખમાં તિલકને સ્ત્રીના સૌન્દર્ય કે સુશોભનમાં સ્થાન આપેલું જણાય છે. તેમાંનો ઉલ્લેખ નોંધવા જેવો છે : 'બ્રાહ્મણોએ સતત તિલક ધારણ કરવું જોઈએ પરંતુ સ્ત્રીઓએ સુંદર દેખાવા (શુભદર્શન) માટે.' વધારામાં વર્ણ પ્રમાણે તિલક મૂકવાનું બતાવેલું છે, જેમ કે, બ્રાહ્મણોએ બાર તિલક કરવાં, ક્ષત્રિયોએ ચાર, વૈશ્યે બે અને શૂદ્રો તેમજ સ્ત્રીઓએ એક એક તિલક કરવાં. એક તિલક માત્ર કપાળમાં કરવાનું, સૌભાગ્યવતીના શ્રાદ્ધમાં સિંદૂર (કુમકુમ) પરિણિત સ્ત્રીઓને દાનમાં આપવાનું. મૃત પતિની પાછળ સતી થનાર સ્ત્રી કપાળમાં તિલક ધારણ કરીને પોતાની આહુતિ આપતી તેમજ સૌભાગ્યવતી સ્ત્રીઓને કુમકુમ દાનમાં આપતી. પરંતુ તેમાં સ્પષ્ટ સૂચના છે કે વિધવાના શ્રાદ્ધમાં તિલક અર્થાત્ સૌભાગ્ય દ્રવ્યનો ઉપયોગ ન કરવો જોઈએ. વિષ્ણુધર્મોત્તર પુરાણમાં કુમકુમનું તિલક દરેક શુકનવંતાં કામોમાં કરવાનું જણાવે છે. એટલું યાદ રાખવાનું કે સફેદ તિલક (ગોપીચંદન) કદી પણ કરવું નહીં. શુભકાર્યોમાં ગોપીચંદન વર્જ્ય ગણ્યું છે. અહીં ઉલ્લેખ મંગલ કાર્યોનો છે. અર્થાત્ દરેક મંગલ કાર્યમાં તિલકની સૌપ્રથમ જરૂરિયાત ગણાવી છે. - ડૉ. પ્રિયબાળા શાહ

('ચાંદલો-બિંદી-તિલક'માંથી)

આ અંકનો સળંગ બેવડો નંબર : ઈ.૧૯૮૭માં 'કુમાર'નું પ્રકાશન સળંગ અંક ૭૪૯-૭૫૦ (મે-જૂન) સાથે સ્થગિત કરાયું હતું. એનું પુનઃ પ્રકાશન ઑગસ્ટ ૧૯૯૦માં શરૂ થયું ત્યારે જુલાઈ ૧૯૮૭નો સળંગ નંબર ૭૫૧ સંપાદકની સરતચૂકથી ઑગસ્ટ ૧૯૯૦ના અંકને અપાઈ ગયેલો. પરિણામે વર્ષ પૂરું થાય ત્યારે સળંગ અંકની સંખ્યા એકી આવીને ઊભી રહેતી. આ ક્ષતિને નિવારવા આ અંકને સળંગ અંક ૮૬૩ અને ૮૬૪ આપવામાં આવ્યો છે, જેથી સળંગ અંકની અખંડિતતા જળવાઈ રહે. - તંત્રી.

પિંડારી ગ્લેશિયર (દેશાટન-૧૧)

હિમાલય ક્ષેત્રની નંદાદેવી પર્વતમાળાની મધ્યમાંના નંદાકોટ અને ત્રિશૂલ પર્વતોને



પિંડારી ગ્લેશિયરના નામથી ઓળખવામાં આવે છે. દેવી દુર્ગાના નામ પર આધારિત નંદા કોટ પર્વત ૭૮૧૬ મીટર ઊંચો છે. આ એક અદ્‌ભુત સૌન્દર્યવાળો પર્વત છે જેનાં બે શિખરો વચ્ચે ૪ કિ.મી. લંબાઈની પર્વત શ્રેણી છે.

નંદાકોટ પર્વતમાં રહેતી રાજકુમારી નંદાદેવી સાથે લગ્ન કરવાની એક લૂંટારાએ ઇચ્છા કરી પણ નંદાદેવીના પિતાશ્રીએ વિરોધ કરતાં લૂંટારો ક્રોધિત થયો તેથી નંદાદેવીએ ભાગીને આ પર્વતના શિખર પર આશ્રય લીધેલો. તેથી આ પર્વત નંદાદેવી નામે ઓળખાય છે. આ પર્વતમાળામાં ૫૦૦૦ મી.થી પણ ઓછી ઊંચાઈવાળો ઋષિ-દર્શ નામે એક પર્વત છે, જે દુનિયાનાં દુર્ગમ સ્થાનોમાંનું એક છે અને ઋષિમુનિઓનું સ્થાન મનાય છે.

૩.૨૨ મીટર લાંબો અને ૪૭૫ મીટર પહોળો પિંડારી ગ્લેશિયરની ભવ્યતા પર્યટકોનાં હૃદયમાં છવાઈ જાય છે. કોઈ પણ પદયાત્રી સહેલાઈથી છ-સાત દિવસમાં ત્યાં પહોંચી જાય છે. મે-જૂન અને સપ્ટેમ્બર-ઑક્ટોબરમાં અહીંની યાત્રા કરવી જોઈએ. જવા-આવવાનો રસ્તો એક જ છે અને માર્ગમાં ઉત્તરપ્રદેશ પર્યટન વિભાગ દ્વારા ધર્મશાળાઓ પણ આવેલી છે. મોટરનું છેલ્લું સ્ટેન્ડ સોંગ છે જ્યાંથી ૬૬ કિ.મી. ચાલીને પહોંચાય છે. અલ્મોડાથી સોંગ જવા માટે મોટર મળે છે. સોંગથી સાડાસાત કિ.મી. દૂર આવેલા ધાંખુરી જતાં માર્ગમાં ૪૦૦ ફૂટની ઊંચાઈએ બરફનું અલૌકિક સૌન્દર્ય નજરે પડે છે. છેલ્લું ગામ ખાટી છે જે પ્રાકૃતિક સૌન્દર્યથી આકર્ષક છે. ('યોગક્ષેમ'ને આધારે)



સત્ત્વને સૂત્રે વણી રજ ને તમસ એક કર્યાં,
ઘૂંટી ઘૂંટીને સકળ રૂપ ને રસ એક કર્યાં;
ના રહી સાંજ વચાળે, ન રહી વચ્ચે સવાર,
શોધમાં તારી અમે રાતદિવસ એક કર્યાં.

– અમૃત 'ઘાયલ'

નારાયણ દેસાઈ પંચોતેરમે

ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય સાહિત્યકાર, સર્જક શ્રી મનુભાઈ પંચોલીએ એક ગોષ્ઠિ દરમિયાન વાતવાતમાં કહેલું, 'અધ્યાત્મ ને સંસ્કૃતિ કદી વારસામાં આપી શકાતાં નથી હોતાં.' વાત પણ સાચી છે. સમાજે સદીઓથી આ વાતને જોઈ છે, અનુભવી પણ છે. મહાપુરુષોનાં સંતાનોમાં, માતા કે પિતાનું સાતત્ય જોવા ઇચ્છતાં આપણને સૌને કલ્પી ન શકાય તેવી નિરાશા સાંપડતી હોય છે. આના આશ્વાસન તરીકે એવું પણ કહેવાતું હોય છે કે એક મહાન વ્યક્તિત્વનાં ઘડતર પાછળ કુદરતની એટલી શક્તિ ખરચાતી હોય છે કે પછીથી એને એકત્ર કરવામાં કુદરતનાં ખાસ્સાં વર્ષો નીકળી જતાં હોય છે. પણ માનવજાતના સદ્‌ભાગ્યે આ બાબતમાં ક્યાંક અપવાદ પણ જડી આવે છે ખરો. ચાલુ વર્તમાનકાળમાં આવો અપવાદ આપણી વચ્ચે શ્વસે છે, વસે છે પિતા મહાદેવ દેસાઈ અને માતા દુર્ગાબહેનના એકમાત્ર પુત્ર શ્રી નારાયણ દેસાઈ.

નારાયણભાઈ, ભારતના સાંસ્કૃતિક પૂર્વજો શ્રી મહાત્મા ગાંધી, સરદાર પટેલ, આચાર્ય વિનોબા ને જયપ્રકાશ નારાયણની નિશ્રામાં પાંગર્યા છે. મહાદેવભાઈનું તો લોહી જ તેમની રગોમાં. એમાં ભળી આ પ્રમુખ સાંસ્કૃતિક પૂર્વજોની સંસ્કારધારા. પરિણામે, નારાયણ દેસાઈ નિરામય, સ્વસ્થ પ્રસન્નતાના મનુષ્ય તરીકે વિકસી શક્યા છે એવું તેમને મળેલા સૌ જરૂરથી કબૂલશે.

ઈ.સ. ૧૯૨૪ની ચોવીસમી ડિસેમ્બરે ગુજરાતના વલસાડમાં જન્મેલા નારાયણભાઈનું જીવન અનેક મધુર ઘટનાઓથી સભર બનેલું છે. પિતાના તેત્રીસમે વર્ષે નારાયણનો જન્મ. આપણને સહેજે કુતૂહલ થાય તેવો મુદ્દો એ કે પિતાપુત્રનો સંબંધ કેવો હશે? નારાયણભાઈ તેનો ઉત્તર આપતાં નોંધે છે : 'પિતા અને પુત્ર વચ્ચે જો તેત્રીસ વર્ષનું અંતર હોય તો



બે પ્રકારના સંબંધ બની શકે – કાં તો પિતાપુત્ર વચ્ચે એટલી આમન્યાઓનો સંબંધ હોય કે બાપની સામે દીકરો બોલતાં સંકોચ કરે. ગઈ પેઢીનું એ લક્ષણ હતું. કાં તો બાપ દીકરાને એટલું લાડ લડાવે કે દીકરો બાપની ભાંગ્યે જ કોઈ વાત માને – નવી પેઢીનું એ લક્ષણ છે. કાકા અને મારી વચ્ચે આ બંને પ્રકારના સંબંધો નહોતા. હા, નાનપણમાં મને એમના ખભા પર ચડતો કે પીઠ પર વળગતો જોઈને એક ધનવાન કુટુંબની દીકરીએ કહેલું કે, 'એકનો એક દીકરો છે, એટલે મહાદેવભાઈએ લાડ લડાવીને દીકરાને બગાડી મૂક્યો છે.' કાકાએ એના જવાબમાં કહેલું કે, 'આ

દીકરા પાસે રમવાનું સાધન બાપની પીઠ જ છે. બગાડવાનો તો મને અવકાશ જ ક્યાં મળે છે?'

નારાયણભાઈએ ઔપચારિક શિક્ષણ લીધું જ નથી. ભુજ આવેલા ત્યારે એમની આગવી ઢબે આ વાત એમના મોઢે જ સાંભળેલી. તેમણે રમતિયાળ શૈલીમાં જણાવ્યું તે મુજબ, તેઓ એક જ દિવસ શાળાએ ગયા ને તે જ દિવસથી શાળાએ ન જવાનું પણ લીધું. આ નિર્ણય કરતી વખતે તેમની ઉંમર બાર વર્ષની હતી! પિતા મહાદેવભાઈએ પુત્રને પૂરું સ્વાતંત્ર્ય આપ્યું પણ ગાંધીજી સાથે વિચારવિમર્શ કરવાનું પણ સૂચવ્યું. ત્યારે બાળક નારાયણે મહાત્મા પર લાંબો પત્ર લખ્યો જેનો ઉત્તર એક જ શબ્દમાં સાંપડ્યો 'શાબાશ!' નારાયણના આચાર્ય આર્યનાયકમ્ ઉત્તરમાં હાજર થયા. મહાત્મા પાસે તેમની લાંબી દલીલો ચાલી. આ દરમિયાન મહાત્મા ને આર્યનાયકમ્‌ની લાંબી લાકડીઓ વચ્ચે અટવાયેલા નારાયણના કાનમાં બાપુએ કહેલું, 'ચિંતા ન કરીશ. હું તારો વકીલ થઈશ.' ને આ મફતમાં મળેલા વકીલે કોને ખબર શી દલીલો કરી કે આર્યનાયકમે રાજીનામું આપીને નઈ તાલીમમાં જોડાવાનું પસંદ કર્યું!

અલબત્ત, નારાયણભાઈનું અનૌપચારિક શિક્ષણ જેના પાસે ચાલેલું એ અમૂલ્ય શિક્ષકો હતા મહાત્મા ગાંધી, મહાદેવ દેસાઈ, રાજકુમારી અમૃત કૌર, સી. રાજગોપાલાચારી, નરહરિ પરીખ ને કાકાસાહેબ કાલેલકર. આ શિક્ષકોએ નારાયણને જીવનનો આશય પસંદ કરવાની દૃષ્ટિ આપી, તેની પ્રતીતિ નારાયણભાઈ ને મહાત્માના એક સંવાદ પરથી થાય છે. છાપાં વાંચતા નારાયણને એક વાર મહાત્માએ પૂછ્યું : 'તું શું કરવા માગે છે?' નારાયણનો ઉત્તર હતો: 'તમારા બે પ્રકારના અનુયાયીઓ છે - એક તો, રાજકારણના સાથીદારો ને બીજા રચનાત્મક કાર્યકરો. મારે એ બંનેના સેતુ થવું છે.' સાંસ્કૃતિક પૂર્વજોના અચ્છા વારસદારની હેસિયતનો આ ઉત્તર એમાં દેખાઈ આવે છે.

નારાયણભાઈએ ૧૯૩૬થી ૧૯૪૬ની દશાબ્દી ગાંધીજી સાથે ગાળી. આ પછી ૧૯૪૬-૪૭ના ગાળામાં સેવાગ્રામની શાળામાં કામ કર્યું. ૧૯૫૨થી ૧૯૬૦ દરમિયાન આચાર્ય વિનોબાને સહયોગ આપ્યો. ભૂદાન પ્રવૃત્તિમાં કુલ આઠ વર્ષમાં તેમણે ૧૨,૦૦૦ કિ.મી.નો પગપાળો પ્રવાસ કર્યો અને ગુજરાતમાં ૩,૦૦૦ એકર જમીન પ્રાપ્ત કરી.

આ પ્રકારનાં કાર્યો સાથે તેઓ અનેક હોદ્દાઓને પણ સંભાળતા રહ્યા, જેવા કે 'ભારતીય શાંતિ સેના'ના સેક્રેટરી; વર્લ્ડ પીસ બ્રિગેડના કાઉન્સિલ મેમ્બર; પીસ બ્રિગેડ્સ ઇન્ટરનેશનલના ડાયરેક્ટર, 'ભૂમિપુત્ર' પાક્ષિકના સંપાદક વગેરે. હાલમાં તેઓ વેડછીની તેમણે જ આરંભેલી શાળા સંપૂર્ણ ક્રાન્તિ વિદ્યાલયના ડિરેક્ટર છે; વેડછી સ્વરાજ આશ્રમના પ્રેસિડેન્ટ છે; 'સર્વ સેવા સંઘ'ની એક્ઝિક્યૂટિવ કમિટીના મેમ્બર, ગાંધી પીસ ફાઉન્ડેશન, નવી દિલ્હીના મેમ્બરની પદવી પણ ધરાવે છે.

આ ઉપરાંત, લેખન પણ નારાયણભાઈનો પ્રિય વિષય રહ્યો છે. 'સંત સેવતાં સુકૃત વાધે' અને 'મને કેમ વીસરે રે' જેવા ચરિત્રગ્રંથો; 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ' પિતા મહાદેવ દેસાઈ વિશેનો ચરિત્રગ્રંથ છે જેને ભારતીય સાહિત્ય અકાદમીનો ૧૯૯૩નો એવોર્ડ, ૧૯૯૨નો દર્શક એવોર્ડ ને ગુજરાતી સાહિત્ય પરિષદનો ૧૯૯૪નો એવોર્ડ સાંપડેલ છે. હિન્દી ને અંગ્રેજી ભાષામાં પણ તેમનાં પુસ્તકો થયાં છે. લેખન ઉપરાંત નાટકોના દિગ્દર્શનમાં પણ તેમને ઊંડો રસ છે. તાજેતરમાં જ તેમણે 'ત્રિકાળ સંગમ' નામનું ગીતિકા પ્રકારનું કહી શકાય તેવું નાટક રચ્યું છે જેમાં ભૂત, વર્તમાન ને ભાવિનું નિદર્શન દર્શાવવાનો યત્ન કરીને જીવનની હકારાત્મક ગતિવિધિ અપેક્ષી છે.

યુવાનો માટે નારાયણભાઈ સતત ઉદ્યત રહ્યા છે. તેમણે તૈયાર કરેલી 'તરુણ શાંતિ સેના' ભારત-ચીન સરહદ પર સામાજિક કાર્યો કરી રહી છે. અશિક્ષિત લોકોને શિક્ષિત કરવા જેવાં અનેક કાર્યો કરવા માટે ૬૫,૦૦૦ જેટલાં યુવાનયુવતીઓને નારાયણભાઈએ સજ્જ કર્યાં છે. બાંગ્લાદેશના હિજરતીઓ માટે પણ નારાયણભાઈએ કરેલું કામ ભારે નોંધપાત્ર બને તેવું છે.

નારાયણભાઈનાં આવાં અનેક કાર્યોની પરદેશના લોકોએ પણ નોંધ લીધી છે. તેમણે લેટિન અમેરિકા અને અન્ય દેશોમાં પ્રવાસ કરીને એમના શાંતિ-વિચારનો સતત પ્રચાર કર્યો છે. આ અંગેના પણ એવોર્ડ્સ તેમને સાંપડ્યા છે. જેવા કે, દિલ્હીનો કોમ્યુનલ ફાર્મની એવોર્ડ, ગાંધીઅન કન્સ્ટ્રક્ટિવ વર્કનો નાગરદાસ દોશી એવોર્ડ; પીસ એજ્યુકેશનનો આંતરરાષ્ટ્રિય એવોર્ડ વગેરે.

હૃદયની બીમારી ને નાનાં-મોટાં શારીરિક દર્દોની વચ્ચે સસ્મિત રહીને જીવતા આ યુવાનને સૌ પૂછે છે કે, થાકી ગયા છો? ત્યારે જવાબ મળે છે : 'હોય કાંઈ! હજુ તો ઘણું જીવવું છે. ગાંધી વિશે એક પુસ્તક તૈયાર કરવું છે. આ માટે તેઓ કમર કસી રહ્યા છે. તેમને વિસ્મય એ વાતનું છે કે મહાત્મા પાસે એવું કયું તેલ, કઈ વાટ, કઈ ચાવી હતાં કે જેથી કરીને એ માણસ, પોતા પાસે આવનાર સૌને મિશન આપી શક્યો? આ પુસ્તક માટે તેઓ પ્રથમ ગાંધીજી વિશે લખાયેલી ટીકાઓમાંથી પસાર થવા ઇચ્છે છે, પછી પ્રશંસામાંથી. આ માટે તે બીજાં પણ ઘણાં કારણોસર તેમનું નિરામય આયુષ્ય, ઇચ્છવાનું મન થાય છે.

મહાત્મા ને મહાદેવભાઈ પાસેથી તેમને સાંપડેલું તટસ્થ દર્શન નોંધવા માટે એક અંગત ઉદાહરણ ટાંકવાની ઇચ્છા રોકી શકાતી નથી. 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ, મારે અનુસ્નાતક કક્ષાએ ભણાવવાની આવેલી. એ પછી મેં નારાયણભાઈને પત્રમાં 'મહાદેવભાઈ ન હોત તો ગાંધીજીનું જીવન ને કદાચ મિશન પણ અધૂરાં રહેત' એ મુજબની મારી લાગણી જણાવેલી ત્યારે ઉત્તરમાં ઉષ્માપૂર્વક મારા મહાદેવપ્રેમને વધાવ્યા પછી, મહાદેવના ખભે બેઠેલા નારાયણનો ઉત્તર હતો : 'તોય, ગાંધી પિતાના મહાદેવ એકડા વિનાનું શૂન્ય જ રહેત!' આ પુત્ર નારાયણનો નહીં, દ્રષ્ટા નારાયણનો ઉત્તર હતો. પછીથી રૂબરૂ મળવાનું થયેલું ત્યારે ડરતાં ડરતાં મેં મારી વાત ફરીથી દોહરાવી ત્યારે એક પિતાનાં માર્દવથી મને સમજાવતાં વિનોબાજીને ટાંકીને તેમણે કહેલું : 'વિનોબા કહેતા : આપણે ત્યાં કેટલાક ન્યાય છે : કાકતાલીય ન્યાય, નીરક્ષીર વિવેકન્યાય વગેરે. તેમ મારે મતે બીજો એક ન્યાય છે 'રામ-અહલ્યાન્યાય.' રામ અનેક જગાએથી પસાર થયેલા ને તેમની ચરણરજ ઊડેલી પણ તેનાથી અહલ્યા જ પાષાણમાંથી સ્ત્રી થઈ શકે. તેવી જ રીતે અહલ્યા પાસેથી અનેક લોકો પસાર થયા પણ

રામની મહોર જ ઝીલવાનું તેને જ ભાગ્ય મળ્યું. બરોબર આ જ રીતે ગાંધી ને મહાદેવનું થયું. તેમણે મૂકેલાં પૂર્ણવિરામ પાસે કોઈને પણ સંતોષ થાય.

આટઆટલાં કાર્યો વચ્ચે વિદ્યાર્થીઓને, મિત્રોને, નાનામોટાં સઘળાં મનુષ્યોને મનભરીને ચાહતા નારાયણભાઈમાં નામને શોભતી વિશાળતા ને અખિલાઈને જોઈને તેમને સંસ્કારપુરુષ તરીકે પોંખતાં ધન્ય થવાય છે. - દર્શના ધોળકિયા

રાષ્ટ્રની સંપત્તિ

બીજા વિશ્વયુદ્ધના સમયે જર્મની-ઈટાલી-જપાન વગેરે દેશો સામે અમેરિકા-બ્રિટન-ફ્રાન્સ વગેરે દેશોની ધરી હતી. વિશ્વયુદ્ધ ઘમાસાણ ચાલ્યું. કોઈ રાષ્ટ્રસમૂહ એકબીજાને વશ થતા નહોતા. નાનકડું જપાન તો શૌર્ય દાખવી ચીન અને એશિયા જેવાં વિશાળ રાષ્ટ્રોને હંફાવી રહ્યું હતું. આપણા સુભાષબાબુને પણ જપાને સાથ આપી બ્રિટિશ આર્મી વિરુદ્ધ ભીડાવ્યા હતા. આવા જપાનને કાબૂમાં લાવવા તથા વિશ્વયુદ્ધનો તત્કાળ અંત લાવવા અમેરિકાએ મહાવિનાશક અણુબૉમ્બનો ઉપયોગ કરવાનું નક્કી કર્યું. અતિભીષણ તારાજી ફેલાવતો અણુબૉમ્બ જપાનના હિરોશીમા અને નાગાશાકી શહેરો પર ઝીંકાયો. જપાનનાં મુખ્ય બે શહેરોનો સંપૂર્ણ વિનાશ થયો. માનવ વસાહતો વિકિરણની અસરથી પાંગળી બની ગઈ. જપાન શરણે આવ્યું. હાર સ્વીકારી. વિશ્વયુદ્ધનો અંત આવ્યો.

યુદ્ધમાં સંપૂર્ણ તારાજ થયેલા જપાનને ફરી ચેતનવંતુ કરવાની વિચારણા ચાલી, યુદ્ધનો આર્થિક બોજ, વિજેતાં રાષ્ટ્રો દ્વારા ભારે રકમની વસૂલાતની ધોંસ, માનવની અને સમૃદ્ધિની સંપૂર્ણ તારાજીથી જપાન ભાંગી પડ્યું હતું. વિદેશોની સહાય મળવાની ન હતી. ફરી બેઠા થવાની કોઈ દિશા સૂઝતી નહોતી. જપાન સરકારે વિદેશોમાંથી નિષ્ણાતોની પેનલ બોલાવી દિશાસૂચનો માગ્યાં. વિદ્વાનો પણ જપાનની તે સમયની સ્થિતિ જોઈ દિગ્મૂઢ બન્યા. તેમને પણ અત્યારપણે કોઈ રસ્તો ન સૂઝ્યો. અંતે તેમણે જપાન સરકાર પાસે એક નુસખો કરવા માટે, સો નંગ સોનાની લગડીની માગણી કરી. સોનાની લગડીઓ પર 'જપાન સરકાર' છપાવેલું હતું. વિદેશી મહાનુભાવોએ આ સો લગડીઓ 'જપાનનાં મુખ્ય શહેરોમાં જુદાં જુદાં જાહેર સ્થાનો પર રઝળતી મૂકી દીધી. એક સપ્તાહ પછી મહાનુભાવોએ જપાન સરકાર પાસે જાહેરમાં છોડી દેવાયેલી સો લગડીઓની જાણકારી માગી. આશ્ચર્ય સાથે જાણવા મળ્યું કે જપાની રિઝર્વ બેન્કમાં સો એ સો લગડીઓ જમા કરાવાઈ હતી. (આ વાર્તા નથી હકીકત છે.) વિદેશી મહાનુભાવોએ કહ્યું, 'અમારે કોઈ દિશાસૂચન કરવાનું નથી. તમારા દેશ પર છવાયેલાં વિપદાનાં વાદળો થોડા જ સમયમાં આપમેળે વિખેરાઈ જશે. જે રાષ્ટ્રની સામાન્ય પ્રજાનું નૈતિકસ્તર આટલું ઊંચું હોય તેને વિશ્વની કોઈ તાકાત વિકાસ સાધતાં અટકાવી ન શકે.

આ બોધ કથામાંથી ઊભરતી ભાવનાને સાંપ્રદાયિકતામાં ઓળઘોળ થઈ મૂઢ જીવન જીવતા આપણે વિચારી જવી જોઈએ. નૈતિકતાની ચેતનામાં આપણે ક્યાં છીએ, તે આત્મઅવલોકન કરવું જોઈએ. અત્યાર સુધી નિર્માલ્યપણા અને દંભમાં ગાળેલ માનવજીવનને ઢંઢોળવું જોઈએ. મહાન હોવાની આત્મવંચના કરતાં પહેલાં ઇઝરાયેલ-જપાન-જર્મની જેવી ખુમારીવાળી પ્રજાની જીવનપદ્ધતિનું અવલોકન કરવાની વિશાળ દૃષ્ટિ ખોલવી જોઈએ. સાંપ્રદાયિકતાને સ્થાને મૂલ્ય આધારિત આ અધ્યાત્મને જગવવાથી વધુ સારું માનવજીવન જીવી શકીશું. મહાન સંસ્કૃતિના વારસદાર હોવાને કારણે, સોનામાં સુગંધ મેળવી શકીશું. ('પદ્મલક્ષ્મી પરિવાર'માંથી)

ગણિતગમ્મત

બીજી સહસ્રાબ્દી અને વીસમી શતાબ્દીનું છેલ્લું વર્ષ ૧૯૯૯ છે. આ સાલ ૧૯૯૯ માટેની નાનામાં નાની હર્ષદ સંખ્યા શોધેલ છે તે નીચે મુજબ છે. તે બાદ ૧૯૯૯ માટેની કેટલીક આથી મોટી હર્ષદ સંખ્યાઓ આપેલ છે.

(૧) : $૭(૯)_{૨}\ ૮(૯)_{૨}\ ૮(૯)_{૨૦૩}\ ૮(૯)_{૨}\ ૯૯૮(૯)_{૨}\ ૮$
→ ૨૨૩ આંકડાની સંખ્યા

નોંધ : (i) $(૯)_{૨}$ એટલે બે નવડા અને $(૯)_{૨૦૩}$ એટલે બસોસાત નવડા (ii) હર્ષદ સંખ્યા એટલે એવી સંખ્યા કે જેના સઘળા આંકડાઓનો જે સરવાળો થાય તે સરવાળાની સંખ્યા વડે તે સંખ્યા (હર્ષદ સંખ્યા)ને નિઃશેષ ભાગી શકાય. દા.ત. ૪૭૬ એ ૧૭ માટેની નાનામાં નાની હર્ષદ સંખ્યા છે.

ઉપરોક્ત ૨૨૩ આંકડાની સંખ્યા કરતાં મોટી અનેક હર્ષદ સંખ્યાઓ ૧૯૯૯ માટે મળશે, પરંતુ નાનામાં નાની ઉપરોક્ત (૧)માં બતાવેલ હર્ષદ સંખ્યા છે.

આથી મોટી ૧૯૯૯ માટેની કેટલીક હર્ષદ સંખ્યાઓ નીચે મુજબ મળશે :

(૨) : $(૯)_{૩}\ ૫(૯)_{૨૧૦}\ ૮(૯)_{૨}\ ૮૯૮(૯)_{૨}\ ૮$
(૩) : $(૯)_{૩}\ ૭(૯)_{૨}\ ૮(૯)_{૨૦૭}\ ૬(૯)_{૪}\ ૮(૯)_{૨}\ ૮$
(૪) : $(૯)_{૩}\ ૭(૯)_{૨}\ ૮(૯)_{૨૦૩}\ ૮(૯)_{૨}\ ૮૯૬(૯)_{૩}$
ઉપરની ત્રણે હર્ષદ સંખ્યાઓ ૨૨૩ આંકડાઓની

(૫) : $૧(૯)_{૨૧૩}\ ૬(૯)_{૭}\ ૭૫$
(૬) : $(૯)_{૨૧૭}\ ૮૮૧૨૯$
બંને હર્ષદ સંખ્યાઓ ૨૨૪ આંકડાઓની

(૭) : $૫(૯)_{૨}\ ૭(૯)_{૨૧૧}\ ૮(૯)\ ૫૮૫૧૭$ → ૨૨૫ આંકડાની હ.સં.
(૮) : $૩(૯)_{૨૧૧}\ ૭૧૯૮૬૭૦૫૯$ → ૨૨૬ આંકડાની હ.સં.
(૯) : $૮૯૬૯૫૧૩[(૯)_{૩}\ ૮(૯)_{૪}]_{૨૨}$ → ૨૨૭ આંકડાની હ.સં.
નોંધ : $[(૯)_{૩}\ ૮(૯)_{૪}]_{૨૨}$ એટલે ૯૯૯૮૯૯૯૯ એ બ્લોક બાવીસ વખત પુનરાવર્તિત]
(૧૦): $૭(૯)_{૧૨}\ [૮(૯)_{૮}]_{૨૦}\ ૮(૯)_{૮}\ ૬૨૮૧૬૧$ → ૨૨૮ આંકડાની હ.સં.
(૧૧): $[(૯)_{૨}\ ૪૯૮(૯)_{૨૨}]_{૮}\ (૯)_{૪}\ (૮)_{૩}\ ૭૭૫૬$ → ૨૨૯ આંકડાની હ.સં.

- અમૃતલાલ રા. પટેલ

હિંસા વિશે ઘોર કુરૂપતા ભરી,
સૌન્દર્ય તો માત્ર જિવાડવામાં.

— સુન્દરમ્

૧૯૦૪થી ૧૯૧૭ સુધી ન્હાનાલાલ રાજકોટની રાજકુમાર કૉલેજમાં અધ્યાપક હતા ત્યારે ૧૯૦૯માં સર ફ્લોડ હિલ નામના સંપર્ક અધિકારી ત્યાં આવેલા અને સહુ શિક્ષકો પાસે કબૂલાતનામા પર સહી લેતા કે કોઈ પણ જગ્યાએથી કોઈ પણ પ્રકારની રાજકીય વાત જાણવા-સાંભળવા મળે તો તેની જાણ કૉલેજના આચાર્યને કરવી. ન્હાનાલાલે એ કબૂલાતનામા પર સહી કરવાની ના પાડી ને કહ્યું કે, મારો અંતરાત્મા ના પાડે છે માટે હું કબૂલાતનામા પર સહી નહીં કરું. ફ્લોડે આગ્રહ કર્યો ત્યારે ન્હાનાલાલે જણાવી દીધું, 'સરકાર મારા અંતરાત્માનું ગૌરવ ના કરતી હોય તો નોકરી નથી કરવી. સ્વમાન વેચી શકાય નહિ.' ફ્લોડે કશું જ કહ્યું નહિ. ન્હાનાલાલની સત્યપ્રિયતા અને તેને રજૂ કરવાની આ હિમ્મતથી તે સંપર્ક-અધિકારી ડઘાઈ ગયો.

*

શબ્દકથા : **'પુસ્તક'** શબ્દ ઇરાનની પ્રાચીન ભાષા પહલવીના 'પોસ્ત' શબ્દ પરથી આવ્યો છે. 'પોસ્ત'નો અર્થ છે ચામડું. પહેલાં ઇરાનમાં ચામડા પર લખાતું હતું એટલે સમયાંતરે પહલવીમાં 'પોસ્ત'નો અર્થ ચામડું થવા પામ્યો. 'પોસ્ત'માં સમૂહવાચક પ્રત્યય 'ક' જોડવાથી 'પોસ્તક' શબ્દ થવા પામ્યો. અને એનો અર્થ થયો જેમાં કંઈ પોસ્ત હોય અર્થાત્ પુસ્તક. આ જ 'પોસ્તક' શબ્દ સંસ્કૃતમાં 'પુસ્તક' શબ્દ થયો.



શબ્દચિત્ર
(મહેબૂબ એ. સૈયદ)
ઝાડના આકારમાં તમે 'ઝાડ' શબ્દ વાંચી શકશો.

*

ધોળો હાથી : ઉપયોગમાં નહીં લેવાતાં કિંમતી સાધનો કે મશીનો અને કામ કર્યા વિના તગડો પગાર અંકે કરી જતા કર્મચારીઓને (મુખ્યત્વે સરકારી) આપણે ધોળા હાથી તરીકે ઓળખીએ છીએ. દક્ષિણ અને દક્ષિણ-પૂર્વ એશિયામાં આવા હાથી જોવા મળે છે. આ હાથી ધાર્મિક દૃષ્ટિએ પવિત્ર મનાય છે. જેથી તેના માલિકનો સામાજિક દરજ્જો ઊંચો ગણાય છે. પણ હાથી પાસેથી કાંઈ કામ લઈ શકાતું ન હોઈ તેની જાળવણી ખૂબ જ મોંઘી પડે છે. એક કથા પ્રમાણે વર્ષો પૂર્વે સીઆમનો (હાલનું થાઇલેન્ડ) રાજા જ્યારે તેના કોઈ દરબારીથી નાખુશ થતો ત્યારે તેને ધોળા હાથીની ભેટ ધરતો. દરબારી બિચારો ના ન પાડી શકતો પણ આ હાથીને ખવડાવવા અને રાજકુંવરની જેમ જાળવવા અને શણગારવામાં તે પૈસેટકે ખુવાર થઈ જતો. અને ધોળા હાથીની ભેટ તેને સજારૂપ બની જતી. - ધીરુભાઈ એન. શાહ

*

ભારતની સૌથી મોટામાં મોટી લાયબ્રેરી 'વિક્ટોરિયા મેમોરિયલ લાયબ્રેરી' કલકત્તામાં આવેલી છે.

*

ગુરુના સૌથી વિરાટ ચન્દ્ર ગેનીમેડ ઉપર ઑક્સિજનનો પાતળો થર મળી આવ્યો હોવાનું વૈજ્ઞાનિકોએ જાહેર કર્યું છે. જોકે આમ છતાં ત્યાં કોઈ પ્રકારનું જીવન અસ્તિત્વમાં હોવાનો સંભવ નથી. બાલ્ટીમોરની જૉન હૉપકિન્સ યુનિવર્સિટીના ખગોળશાસ્ત્રી ડોયલ હૉલના નેતૃત્વ હેઠળની સંશોધક ટુકડીએ આ પ્રમાણે જણાવ્યું છે. ચંદ્રની સપાટી રહેવા માટે બિલકુલ અનુકૂળ નથી. આ વૈજ્ઞાનિકોએ હબ્બલ અંતરીક્ષ દૂરબીન દ્વારા આવું તારણ કાઢ્યું છે. એ ચંદ્રના ઉત્તર અને દક્ષિણ છેડા ઉપર તેજપૂંજની આભા જોવામાં આવતી હતી.



કાતર જેવી જીભ
(આચાર્ય)

'पचात्रान्युपवासश्च व्यायामश्चेति लङ्घनम्।
चतुष्प्रकारा संशुद्धि पिपासा मारुतातपौ ॥'
જે સ્વાસ્થ્યને ઝંખે છે તેણે પ્રાચક આહાર (ફળ, શાક, દૂધ, છાસ વગેરે) લેવો, વ્યાયામ કરવો, ઉપવાસ કરવા, વમન, વિરેચન, બસ્તિ (એનિમા), સ્વેદન (સ્ટીમબાથ) લેવાં, જળપાન- સ્નાન કરવું, વાયુ અને પ્રકાશનું સેવન કરવું.

*

ભાઈ : 'પેલી લાઈટ બંધ કર, મારી આંખમાં આવે છે.'

બહેન : 'તારી આંખ બંધ કરી દેને!'

ભાઈ : 'સારું પણ પંખો તો બંધ કર મને શરદી થઈ છે!'

બહેન : 'ધાબળો ઓઢી લેને!'

ભાઈ : 'કોઈ આવ્યું છે દરવાજો ખોલ.'

બહેન : 'બે કામ તો મેં કર્યાં, હવે આ કામ તો તું કર!'



કલાકણિકા : ૧૬મી સદીનું મિંગ વંશનું ચીનનું રંગીન ફૂલદાન. મુખ્યત્વે વાદળી, લીલો અને પીળો રંગ વાપરી આના પર વેલબુટ્ટાની ભાત કરવામાં આવતી. જપાનમાં આ પાત્રને 'સમર ક્લોથિંગ' તરીકે ગણાવી તેનો 'મિઝુસાશી' એટલે કે ટી સેરિમની માટે ચાદાની તરીકે પણ ઉપયોગ થાય છે.